સાપ્તાહિક સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૪ વર્ષ

# મુંબઈ સમાચાર

R.N.I. No. GUJ GUJ /2013/58486 *

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 18 ■ વિક્રમ સંવત ૨૦૮૨

વૈશાખ વદ- ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20

રવિવાર, ૩ મે ૨૦૨૬, (૧૫ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૩

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## પુણેમાં પાપ

# પિશાચે બાળકીને પીંખી નાખી, મારી નાખી

**નાનીના ઘરે વૅકેશનમાં આવેલી ચાર વર્ષની બાળકી સાથે ૬૫ વર્ષના વૃદ્ધની હેવાનિયત**

**કુકર્મ કરી પથ્થરથી હત્યા કરી લાશ તબેલામાં છાણમાં છુપાડી**

**લોકો વીફર્યા, મુંબઈ-બેંગ્લૂરુ હાઈવે પર રસ્તારોકો**

**આરોપીની માનસિકતા વિકૃત!** ૧૮

પુણેઃ પુણેના ભોર તાલુકામાં બનેલી કમકમાટીભરી ઘટનામાં ૬૫ વર્ષના મજૂરે ચાર વર્ષની બાળકી સાથે અમાનુષી કૃત્ય આચર્યા બાદ તેની કરપીણ હત્યા કરી હતી. સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે પકડાયેલા આરોપીની ગામવાસીઓએ મારપીટ પણ કરી હતી. આરોપીના આવા અધમ કૃત્યથી વીફરેલા ગામવાસીઓએ પોલીસ સામે દેખાવ કરી મોરચો કાઢ્યો હતો અને મુંબઈ-બેંગલુરુ હાઈવે પર રસ્તારોકો કર્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના પુણેના ભોર તાલુકામાંના નસરાપુરમાં શુક્રવારની બપોરે બની હતી. ચાર વર્ષની બાળકી સાથે દુષ્કર્મ આચર્યા પછી માથા પર પથ્થર ફટકારી તેની હત્યા કરવામાં આવી હતી.

આ કેસમાં પોલીસે ૬૫ વર્ષના આરોપીની ધરપકડ કરી હતી. પકડાયેલા આરોપીની ઓળખ ભીમરાવ કાંબળે તરીકે થઈ હતી.

શાળામાં રજા હોવાથી વૅકેશન ગાળવા બાળકી નાનીને ઘેર આવી હતી. શુક્રવારની બપોરે અઢી વાગ્યાની આસપાસ બાળકી ઘર નજીકના મંદિર પાસે રમવા ગઈ હતી. છેલ્લે ત્રણ વાગ્યાની આસપાસ તે મંદિર પાસે નજરે પડી હતી. જોકે બાદમાં પોણો કલાક વીત્યા છતાં બાળકી ઘરે પાછી ન ફરતાં નાની તેને શોધવા નીકળી હતી. જોતજોતાંમાં બાળકી ગુમ થયાની વાત ફેલાતાં ગામવાસીઓ પણ બાળકીની શોધમાં નીકળ્યા હતા. ખાસ્સો સમય શોધખોળ કર્યા છતાં બાળકીની કોઈ ભાળ મળી (જુઓ પાનું ૨) ▶▶





જનાક્રોશ જાગ્યોઃ પુણેમાં લોકોનો રોષ ફાટી નીકળ્યો હતો ડાબી બાજુના ફોટોમાં એ સીસીટીવી ફૂટેજ છે જેમાં બાળકીને ફોસલાવીને લઈ જતો નરાધમ નજરે પડે છે.

## બંગાળમાં ફેરમતદાનમાં પણ ઊંચી ટકાવારી નોંધાઇ

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણા જિલ્લામાંની વિધાનસભાની બે બેઠકના ૧૫ બૂથ ખાતે શનિવારે યોજાયેલા ફેરમતદાનમાં પણ ઊંચી ટકાવારી નોંધાઇ હતી. સાંજે પાંચ વાગ્યા સુધીમાં સરેરાશ ૮૭ ટકા જેટલું મતદાન થયું હતું. મગ્રાહાટ પશ્ચિમ વિધાનસભા મતવિસ્તારના ૧૧ મતદાન કેન્દ્ર અને ડાયમંડ હાર્બરના ચાર પૉલિંગ બૂથ ખાતે યોજાયેલું મતદાન એકંદરે શાંતિથી પાર પડ્યું હતું.

વિધાનસભાની આ બેઠકો ખાતે મતદાનમાં ગેરરીતિ થઇ હોવાની ફરિયાદને પગલે શનિવારે ત્યાં ફેરમતદાન કરાયું (જુઓ પાનું ૨) ▶▶

## તૃણમૂલની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી

નવી દિલ્હીઃ ચૂંટણી પંચ દ્વારા પશ્ચિમ બંગાળમાં મતગણતરી માટે કેન્દ્ર સરકારના કર્મચારીઓની કરવામાં આવનારી ગોઠવણીને પડકારતી તૃણમૂલ કૉંગ્રેસની અરજીના સંબંધમાં શનિવારે સર્વોચ્ચ અદાલતે વધુ કોઇ આદેશ આપવાનો ઇનકાર કરીને આ અરજી કાઢી નાખી હતી.

ન્યાયાધીશ પી. એસ. નરસિંહ અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીની બનેલી ખાસ બૅન્ચે જણાવ્યું હતું કે ચૂંટણી પંચના ૧૩ એપ્રિલના પરિપત્રમાં (જુઓ પાનું ૨) ▶▶

## મોબાઈલ રણકયા કુદરતી આફતની ઍલર્ટ સાથેઃ નવી સિસ્ટમ થઈ લૉન્ચ



નવી દિલ્હીઃ કેન્દ્રના ટેલિકોમ મિનિસ્ટર જ્યોતિરાદિત્ય સિંધિયાએ શનિવારે કટોકટી અને વિસ્તારમાં કુદરતી આફત હોય તો નાગરિકોને સાબદા કરવાની સેલ બ્રોડકાસ્ટ એલર્ટ સિસ્ટમ લોન્ચ કરી હતી અને એને પગલે દેશના મોબાઈલ ફોન રણકવા માંડ્યા હતા.

ટેલિકોમ વિભાગે ગ્રાહકોને ૨૯ એપ્રિલની ટ્રાયલ અંગે જાણ કરી હતી જેથી કોઈ ગભરાટ ન ફેલાય. વિભાગે નાગરિકને મળેલા સંદેશાની અવગણના કરવાનું કહ્યું હતું.

ટેસ્ટ મેસેજમાં લખવામાં આવ્યું હતું કે 'અતિશય તીવ્ર એલર્ટ. ભારતે દેશી ટેક્નોલોજીથી બનાવેલી સેલ બ્રોડકાસ્ટ એલર્ટ સિસ્ટમ લોન્ચ કરી છે. આ તંત્રજ્ઞાન નાગરિકોને તત્કાળ આફતની ચેતવણી આપે છે. આ સંદેશો મળવા બાદ કોઈ એક્શનની જરૂર નથી. આ ભારત સરકારનો ટેસ્ટ મેસેજ છે.

આ સંદેશો ટેલિકોમ ઑપરેટરની નેટવર્ક પર મોકલવામાં આવ્યો હતો. જોકે જ્યાં ચૂંટણી હતી (જુઓ પાનું ૨) ▶▶

## કચ્છમાં જિહાદ માટે લોકોને ઉશ્કેરતો આઇએસઆઇએસનો નરાધમ પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ અવારનવાર બહાર આવતી રહે છે. ભુજ તાલુકાના લોડાઈ ગામમાં પ્રતિબંધિત ખતરનાક આતંકી સંગઠન આઇએસઆઇએસની કટ્ટરપંથી વિચારધારાનો પ્રચાર કરવા અને યુવાનોને જિહાદ માટે ઉશ્કેરવાના ગુના હેઠળ પશ્ચિમ કચ્છ સ્પેશ્યલ ઓપરેશન ગ્રૂપે એક શખસને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી વિગતો મુજબ, પશ્ચિમ કચ્છ એસઓજીને બાતમી મળી હતી કે, લોડાઈ ગામનો રહેવાસી ફકીરમામદ ઈસા ગગડા સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર શંકાસ્પદ અને દેશવિરોધી પ્રવૃત્તિઓમાં સંલગ્ન છે. તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે કે, આરોપી છેલ્લા ચાર વર્ષથી સતત દેશની એકતા અને અખંડતા જોખમાય તેવું કન્ટેન્ટ પીરસી રહ્યો હતો. તે ઇસ્લામિક યુદ્ધ, ખિલાફત તેમજ જિહાદના નામે એકઠા થવા માટે ઉશ્કેરણીજનક પોસ્ટ મૂકી આતંકવાદી સંગઠન આઇએસઆઇએસની વિચારધારાને પ્રોત્સાહન આપતો હતો. આ ગંભીર મામલે પશ્ચિમ કચ્છ (જુઓ પાનું ૨) ▶▶

## રાજકોટના આજી ડેમમાં ચાર ડૂબ્યા



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના આજી ડેમમાં ત્રણ લોકોના ડૂબી જવાથી મોત નિપજ્યા હતા, આ કરુણ ઘટના બનતા સમગ્ર શહેરમાં અરેરાટી મચી ગઈ હતી. આંજી ડેમના કાંઠા પર આવેલા મોગલ માતાજીના મંદિરે દર્શન કરવા આવેલા ચાર લોકો ડૂબી જતા પિતા પુત્ર સહિત ત્રણના મૃતદેહ મળી આવ્યા હતા. જ્યારે એક વ્યકિતની શોધખોળ આ સમાચાર લખાય છે ત્યાં સુધી ચાલી (જુઓ પાનું ૨) ▶▶

## ભારતની ચિંતા વધીઃ પાકિસ્તાનનાં એફ-૧૬ને અપગ્રેડ કરશે અમેરિકા

વૉશિંગ્ટનઃ અમેરિકાના હવાઇ દળે એફ-૧૬ યુદ્ધ વિમાનોની રડાર સિસ્ટમ્સના લાંબા-ગાળાના એન્જિનિયરિંગ અને ટૅક્નિકલ સપોર્ટ માટે નોર્થરોપ ગ્રુમેનને ૪૮.૮ કરોડ ડૉલરનો કૉન્ટ્રેક્ટ અપાયો છે. આ પ્રૉગ્રામમાં પાકિસ્તાનને પણ આવરી લેવાયું હોવાથી ભારતની ચિંતા વધી છે.

અમેરિકા દ્વારા પાકિસ્તાન ઉપરાંત અનેક દેશને અપાયેલા એફ-૧૬ વિમાનોને પણ અપગ્રેડ કરવામાં આવશે.

'ઇન્ડેફિનાઇટ ડિલિવરી / ઇન્ડેફિનાઇટ ક્વૉલિટી' એન્જિનિયરિંગ સપૉર્ટ સ્ટ્રક્ચર હેઠળ આ વિમાનોને અત્યાધુનિક બનાવાશે.

અમેરિકા પોતાના દ્વારા પાકિસ્તાનને વેચવામાં આવતા યુદ્ધ વિમાનોનો ભારતની સામે ઉપયોગ નહિ કરાય, એવી બાંયધરી આપે છે, પરંતુ પાકિસ્તાન અવારનવાર ભારત સાથેની લડાઇમાં આ વિમાનો વાપરે છે. ભારતે થોડા સમય પહેલાં પાકિસ્તાન સામે હાથ ધરેલી લશ્કરી કાર્યવાહી 'ઑપરેશન સિંદૂર' વખતે પાકિસ્તાને એફ-૧૬નો ઉપયોગ કર્યો હતો. નોર્થરોપ ગ્રુમેન દ્વારા એફ-૧૬ અપગ્રેડ કરવાનું કામ ૨૦૩૬ની ૩૧ માર્ચ સુધીમાં પૂરું કરાય એવી આશા રખાય છે.

સંરક્ષણ ક્ષેત્રના ભારતીય નિષ્ણાતોનું માનવું છે કે પાકિસ્તાનના એફ-૧૬ યુદ્ધ વિમાનો અપગ્રેડ કરવાથી તે ઘણી દૂરના ભારતીય વિમાનોને ટ્રેક કરી શકશે અને અનેક લક્ષ્ય પર એકસાથે નજર રાખી શકશે.

અમેરિકા દ્વારા પાકિસ્તાનની જૂની રડાર સિસ્ટમ્સને પણ અપગ્રેડ કરવામાં આવી રહી છે. તેના સૉફ્ટવેરને પણ અત્યાધુનિક બનાવાશે.

આમ છતાં, ભારતીય હવાઇ દળ પાસે દુશ્મનોની રડાર સિસ્ટમ્સને 'જૅમ' કરવાની ક્ષમતા દ્વારા 'જૅમર્સ' છે અને ઑપરેશન સિંદૂર વખતે તેનો ઉપયોગ કરાયો હતો. (એજન્સી)

## અમેરિકાને નથી ગમતું ભારત?: વેપારના પ્રાયૉરિટી વૉચ લિસ્ટમાં રાખ્યું

નવી દિલ્હીઃ યુનાઇટેડ સ્ટેટ્સ ટ્રેડ રિપ્રેઝન્ટેન્ટિવ (યુએસટીઆર)એ ભારતને ચીન સહિત અન્ય પાંચ દેશની સાથે 'સ્પેશ્યલ ૩૦૧ પ્રાયોરિટી વૉચ લિસ્ટ'માં ચાલુ રાખ્યું હતું. તેણે પોતાના વાર્ષિક અહેવાલમાં જણાવ્યું હતું કે અમે નવી દિલ્હીની સાથે દ્વિપક્ષી વેપાર કરાર માટેની મંત્રણા સહિતની વેપારને લગતી વાટાઘાટ ચાલુ રાખીશું. ભારત ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટીની સુરક્ષા અને તેને લગતા કાયદાના અમલમાં અસંગત અભિગમ અપનાવી રહ્યું છે.

યુનાઇટેડ સ્ટેટ્સ ટ્રેડ રિપ્રેઝન્ટેન્ટિવે વિયેતનામને 'પ્રાયોરિટી ફૉરેન કન્ટ્રી'ની યાદીમાં રાખ્યું છે. વિયેતનામને છેલ્લાં ૧૩ વર્ષમાં પ્રથમ વખત આ કેટેગરીમાં રાખવામાં આવ્યું છે.

વિયેતનામની સામે ૧૯૭૪ના વેપાર ધારા (ટ્રેડ ઍક્ટ)ની કલમ ૩૦૧ હેઠળ તપાસ હાથ ધરવી કે નહિ, તે યુએસટીઆર દ્વારા બાદમાં નક્કી કરાશે.

યુએસટીઆર દ્વારા આર્જેન્ટિનાને 'પ્રાયોરિટી વૉચ લિસ્ટ'માંથી બહાર કાઢવામાં આવ્યું છે, પરંતુ તેને સ્થાને યુરોપિયન યુનિયનનો આ યાદીમાં સમાવેશ કરાયો છે.

અમેરિકાએ યુરોપિયન યુનિયનના જનરલ ફાર્માસ્યૂટિકલ લૅજિસ્લેશનને લગતા (કામચલાઉ) કરાર અંગે તાજેતરમાં ચિંતા વ્યક્ત કરી હતી.

યુએસટીઆર દ્વારા ભારત, ચીન ઉપરાંત રશિયા, ઇન્ડોનેશિયા, ચીલી અને વેનેઝુએલાને 'સ્પેશ્યલ ૩૦૧ પ્રાયોરિટી વૉચ લિસ્ટ'માં રખાયા છે. તેના અહેવાલમાં ભારતને વિશ્વના સૌથી મોટા અર્થતંત્ર ધરાવતા દેશોમાંનો મોટો પડકાર ગણાવ્યો હતો અને જણાવ્યું હતું કે ઇન્ડિયન પેટન્ટ ઍક્ટ ચિંતાનો મુખ્ય મુદ્દો છે અને અમેરિકાની કંપનીઓ, ખાસ કરીને દવાની મોટી કંપનીઓ દ્વારા કરાતી અનેક અરજીની સામે આ કાયદા હેઠળ સવાલ ઉઠાવવામાં આવે છે. (એજન્સી)

## ઈરાનને કોઇ પણ સંજોગોમાં અણુશસ્ત્રો હાંસલ કરવા નહીં દેવાયઃ ટ્રમ્પની આકરી ચેતવણી

તહેરાન/ન્યૂ યોર્કઃ અમેરિકા અને ઇરાન ફરી યુદ્ધ માટે તૈયાર હોય તેવું લાગી રહ્યું છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે મધ્ય-પૂર્વની સ્થિતિને સામાન્ય અને હોર્મુઝ સ્ટ્રેટમાં ગતિવિધિને ખતમ કરવા માટે ઇરાને અમેરિકાને નવો શાંતિ પ્રસ્તાવ આપ્યો હતો પરંતુ અમેરિકા દ્વારા તેને નકારી દેવામાં આવ્યો છે.

અમેરિકી પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે નાટો દેશો સામે વૈશ્વિક સુરક્ષા મુદ્દે અત્યંત આક્રમક વલણ અપનાવ્યું છે. ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે, ઇરાનને કોઈ પણ સંજોગોમાં અણુહથિયાર મેળવવા દેવામાં આવશે નહીં. ટ્રમ્પના મતે, જો ઇરાન પાસે પરમાણુ શક્તિ આવશે તો તે સૌ પ્રથમ ઇઝરાયલ, ત્યારબાદ મધ્ય-પૂર્વ અને યુરોપ પર હુમલો કરશે, અને અંતે અમેરિકા તેનો શિકાર બનશે. એટલે ઇરાનને પરમાણુ હથિયાર ના આપવા માટે ચેતવણી આપી છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ઈરાનનો આ શાંતિ પ્રસ્તાવ પસંદ આવ્યો નથી. એટલે સ્થિતિ વધારે વિકટ બની શકે છે. કારણ (જુઓ પાનું ૨) ▶▶

## અમેરિકા મધ્ય-પૂર્વના દેશોને ૮.૬ અબજ ડૉલરનાં શસ્ત્રો વેચશે

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના નેતૃત્વ હેઠળના વહીવટીતંત્રે મધ્ય-પૂર્વના દેશોને કુલ ૮.૬ અબજ ડૉલરનાં શસ્ત્રો વેચવા મંજૂરી આપી હતી.

મધ્ય-પૂર્વના ઇઝરાયલ, કતાર, સંયુક્ત આરબ અમીરાત (યુએઇ), કુવૈત અને કતારને આપવામાં આવનારા શસ્ત્રોમાં ઍર ડિફેન્સ મિસાઇલ્સથી લઇને લૅઝર ગાઇડન્સ સિસ્ટમ્સનો સમાવેશ થાય છે. અમેરિકા અને ઇઝરાયલના ઇરાન સાથેના યુદ્ધને નવ અઠવાડિયાં થયા હોવા છતાં હજી સુધી યુદ્ધવિરામનો કોઇ કરાર (જુઓ પાનું ૨) ▶▶

મુંબઈ સમાચાર

જો 'મુંબઈ સમાચાર' ન મળતું હોય કે 'મુંબઈ સમાચાર'ને સબ્સ્ક્રાઇબ કરવું હોય તો...
કૃપા કરીને અમારા સર્ક્યુલેશન વિભાગ સાથે સંપર્ક કરોઃ
લૅન્ડલાઈનઃ 022 22045531/33, Ext. 22.
મોબાઈલઃ +91 98923 43106.
અમે આપના સહકારના આભારી છીએ અને દરરોજ આપની સાથે રહેવા માટે પ્રતિબદ્ધ છીએ

In case of non-delivery of Mumbai Samachar or to subscribe Mumbai Samachar
please contact our Circulation Department:
Landline: 022 22045531/33, Ext. 22.
Mobile: +91 98923 43106.
Email: dygm.samachar@gmail.com
We value your readership and are committed to your daily connection.

**ઊંઘની કટોકટીઃ** ટેક્નોલોજીની દૃષ્ટિએ ખૂબ જ આગળ નીકળી ગયેલા દક્ષિણ કોરિયામાં અત્યારે એક મોટી કટોકટી ઊભી થઈ છે અને એ છે ઊંઘની. હા, લોકો પૂરતી ઊંઘ લેતા નથી અને એનું આરોગ્ય પર પરિણામ થાય છે. આથી જ સિઉલમાં યોજાઈ હતચી પાવર નેપ સ્પર્ધા જેમાં ભાગ લેનારાઓની ઊંઘની ગુણવત્તા પણ ચકાસવામાં આવી હતી. ઘણાં લોકોએ આ હરિફાઈમાં ભાગ લીધો હતો. (એજન્સી)



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૩-૫-૨૦૨૬ થી તા. ૯-૫-૨૦૨૬

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં મેષ રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ મીન રાશિમાં સમગતિએ માર્ગીભ્રમણ કરે છે. બુધ મેષ રાશિમાં શીઘ્ર ગતિએ માર્ગીભ્રમણ કરે છે. ગુરુ મિથુન રાશિમાં ભ્રમણ કરે છે. શુક્ર વૃષભ રાશિમાં શીઘ્ર ગતિએ ભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે વૃશ્ચિકમાં, તા. ૫મીએ ધનુમાં, તા. ૮મીએ મકરમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના વાયદાના વેપારમાં કામકાજ લાભદાયી જણાશે. નોકરી માટે તા. ૬, ૮, ૯ શુભ જણાય છે. નોકરીમાં હરીફાઈમાં અગ્રેસર સ્થાન, સફળતા અનુભવશો. સ્વતંત્ર કારોબાર માટે તા. ૪, ૬, ૮ શુભ જણાય છે. નિજી પ્રવૃત્તિઓમાં પ્રગતિ જળવાશે. નાણાવ્યવસ્થા જાળવવા માટે સફળતા અનુભવશો. મહિલાઓને કુટુંબમાં માન–પાનનો અનુભવ થાય. વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે સફળતા અનુભવશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના વાયદાના વેપારમાં ગોચરફળ શુભ ફળદાયી નથી. નોકરીમાં તા. ૩, ૫ સિદ્ધિદાયક પુરવાર થશે. નોકરી વિશેના ધાર્યા મુજબના નિર્ણયો લઈ શકશો તથા અધિકારીનો સહયોગ પણ મેળવશો. નાણાંવ્યવસ્થા વધુ સફળ બની રહેશે. આર્થિક જરૂરિયાતો સંપન્ન થાય. કુટુંબીજનોમાં મહિલાઓને પ્રસંગોમાં યશસ્વી અનુભવ થશે. વિદ્યાર્થીઓને અભ્યાસ માટે જરૂરી સાધન સામગ્રી પ્રાપ્ત થતી જણાશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના વાયદાના વેપારમાં તથા રોકાણના કામકાજ અનુકૂળ બની રહેશે. નોકરી માટે તા. ૪, ૫, ૭ શુભ જણાય છે. અકારણ વિવાદ ટાળી શકશો. કાર્યક્ષેત્રે મિત્રો ઉપયોગી થશે. ભાગીદારનો આર્થિક સહયોગ પ્રાપ્ત થાય. કુટુંબમાં મહિલાઓના જવાબદારીના કામકાજ સંપન્ન થતાં જણાય. આરોગ્ય જળવાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં સફળતા તથા સિદ્ધિપ્રાપ્તિનો અનુભવ થાય.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરીના કામકાજ અર્થે પ્રવાસ શક્ય છે. નોકરીમાં અધિકારી ઉપયોગી થશે. નોકરીના ધાર્યા મુજબના કામકાજ સમયાનુસાર પૂર્ણ કરી શકશો. રાજકારણ જાહેર જીવનની પ્રવૃત્તિઓમાં સફળતા અનુભવશો. મહિલાઓને રાજકીય સામાજિક સેવાની પ્રવૃત્તિઓમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના ઉચ્ચ અભ્યાસના પરિણામ સફળ બનતા જણાશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારનાં દૈનિક વેપાર અનુકૂળ બની રહેશે. તા. ૭, ૮, ૯ નોકરીની પ્રવૃત્તિઓ માટે શુભ પુરવાર થશે. નોકરીના અનુભવો ઉત્સાહપ્રેરક પુરવાર થશે. કોર્ટ–કેસો કાયદાના કામકાજ પૂર્ણ થાય. મુસાફરી દ્વારા આ સપ્તાહમાં નવા કામકાજનો પ્રારંભ થઈ શકે તેમ છે. મહિલાઓને કુટુંબીજનોનો સહયોગ પરિવારની જવાબદારીઓમાં પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના નિર્ણયો એકંદરે પરિણામલક્ષી પુરવાર થશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણની તકો મેળવશો. નોકરી માટે તા. ૩, ૪ શુભ જણાય છે. નોકરીના અધિકારી સાથેના મતભેદોનો ઉકેલ આવશે. નવા કામકાજનો પ્રારંભ શક્ય જણાય છે. ભાગીદાર સાથેના મતભેદોનો ઉકેલ આવશે. સામાજિક પ્રવૃત્તિઓ યશસ્વી પુરવાર થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસના પ્રારંભ માટે પ્રોત્સાહન પ્રાપ્ત થાય.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં ધાર્યા મુજબના દૈનિક સાપ્તાહિક વેપારના કામકાજ અનુકૂળ બની રહેશે. તા. ૬, ૭ નોકરી માટે ફળદાયી જણાય છે. નોકરીના કઠિન કામકાજ જવાબદારીપૂર્વક પૂર્ણ કરી શકશો. નોકરી માટે આ સપ્તાહ સફળતાસૂચક જણાય છે. નવી પ્રવૃત્તિઓનો પ્રારંભ પણ શક્ય જણાય છે. મહિલાઓને કુટુંબીજનોથી પ્રોત્સાહન, સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહના અભ્યાસના નિર્ણયો એકંદરે સફળ બની રહેશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણ અને સાપ્તાહિક વેપારના કામકાજ પ્રગતિસૂચક જણાય છે. નોકરી માટે તા. ૪, ૫, ૮, ૯ શુભ જણાય છે. નોકરી અર્થે પ્રવાસ પણ સફળ પુરવાર થશે. નોકરીના સહકાર્યકરો સાથેના વિવાદ્નો ઉકેલ આવશે. મુસાફરી દ્વારા સ્વતંત્ર કારોબારના કામકાજ સંપન્ન થતાં જણાશે. નાણાઆવકની વૃદ્ધિ થશે તથા અર્થવ્યવસ્થા વધુ દૃઢ બની શકશે. મુસાફરી દ્વારા મહિલાઓના નોકરીના કામકાજ પૂર્ણ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટેની તકો પ્રાપ્ત થતી જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારની કામકાજ પદ્ધતિમાં પરિવર્તનો આવે તેમ છે. નોકરી માટે તા. ૫, ૬, ૭ શુભ છે. વાહન, કાર્યાલય માટે સગવડતાના સાધનો ઈત્યાદિ મેળવી શકશો. પ્રવૃત્તિઓમાં નિયમિતતા જાળવી શકશો. નાણાઆવક અનુકૂળ બની રહેશે. મહિલાઓને આ સપ્તાહમાં નવા કામકાજ માટેની તક પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસમાં સફળતાનો અનુભવ કરશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારનું નાણાંરોકાણ અનુકૂળ પુરવાર થશે. તા. ૩, ૪, ૬ નોકરી ક્ષેત્રે શુભ ફળદાયી જણાય છે. નોકરીમાં અધિકારીનો સહયોગ મેળવશો. પરિશ્રમ છતાં સફળતા મેળવશો. નાણાં ખર્ચ વિશે સાવધાની દાખવવી જરૂરી છે. નાણાંની આવકમાં વૃદ્ધિ થાય. મહિલાઓને કુટુંબીજનોનો નાણાંકીય સહયોગ પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અભ્યાસના કામકાજ નિયમિત જળવાઈ રહેશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણારોકાણની તક મેળવી શકશો. નોકરી માટે તા. ૩, ૪, ૭ શુભ ફળદાયી જણાય છે. નોકરીના અધિકારી સાથેનો મતભેદ્નો ઉકેલ આવશે. નવા કામકાજનો પ્રારંભ થઈ શકશે. વેપારની પ્રવૃત્તિઓ વધશે. નાણાંના આવકના સાધનો વધુ સક્ષમ બની રહેશે. મહિલાઓને હુન્નરલક્ષી પ્રવૃત્તિઓમાં સફળતાનો અનુભવ થાય. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં કુટુંબીજનોનું પ્રોત્સાહન પ્રાપ્ત કરશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં ધાર્યા મુજબનું નાણાંરોકાણ શક્ય જણાય છે. નોકરી માટે આ સપ્તાહ પ્રગતિના ગોચરફળ દર્શાવે છે. તા. ૫, ૭, ૮ નોકરીની પ્રવૃત્તિઓમાં યશપ્રાપ્તિ દર્શાવે છે. મુસાફરી માટે આ સપ્તાહ શુભ ફળદાયી જણાય છે. નવા કામકાજનો પ્રારંભ થાય. મહિલાઓના નોકરીના કામકાજ પ્રગતિસૂચક જણાય છે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસના પ્રારંભની તક પ્રાપ્ત થતી જણાશે. ■

## આજનું પંચાંગ

### ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મ ઋતુ, રવિવાર, તા. ૩-૫-૨૦૨૬

ભારતીય દિનાંક ૧૩, માહે વૈશાખ, શકે ૧૯૪૮

વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, વૈશાખ વદ–૨

જૈન વીર સંવત ૨૫૫૨, માહે વૈશાખ, તિથિ વદ–૨

પારસી શહેનશાહી રોજ ૨૨મો ગોવાદ, માહે ૯મો આદર, સને ૧૩૯૫

પારસી કદમી રોજ ૨૨મો ગોવાદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫

પારસી ફસલી રોજ ૧૪મો ગોશ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫

મુસ્લિમ રોજ ૧૫મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭

મીસરી રોજ ૧૭મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭

નક્ષત્ર વિશાખા સવારે ક. ૦૭–૦૯ સુધી, પછી અનુરાધા

ચંદ્ર વૃશ્ચિકમાં

ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૭, સ્ટા.ટા.,

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૯, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૬, સ્ટા. ટા.

–: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–

ભરતી : સવારે ક. ૦૭–૩૧, રાત્રે ક. ૨૦–૦૭

ઓટઃ બપોરે ક. ૧૩–૩૬, મધ્યરાત્રિ પછી ક. ૦૨–૪૫

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, વૈશાખ કૃષ્ણ – દ્વિતીયા. વિંછુડો.

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.

મુહૂર્ત વિશેષઃ ભગવાન સૂર્યનારાયણનું વિશેષ પૂજન, ગાયત્રી જાપ પૂજા, હવન,અગ્નિદેવતાનું પૂજન,નાગકેશરનાં ઓષધિય પ્રયોગો ,મુંડન કરાવવું નહીં. નિત્ય થતાં દુકાન,વેપાર ,પશુ લે–વેચનાં કામકાજ,બી વાવવું,શાંતિ પોષ્ટિક,સર્વ શાાંતિ પૂજા.શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા.

આચમનઃચંદ્ર–હર્ષલ પ્રતિયુતિ , ચંદ્ર–નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર–રાહુ ચતુષ્કોણ

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–હર્ષલ પ્રતિયુતિ, ચંદ્ર–નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર–રાહુ ચતુષ્કોણ

ગ્રહગોચરઃ સૂર્ય–મેષ, મંગળ–મીન (સૂર્યોદય પહેલા પૂર્વમાં દેખાશે) માર્ગી બુધ–મેષ (બુધ અસ્ત), માર્ગી ગુરુ–મિથુન(પશ્ચિમમાં સૂર્યાસ્ત પછી દેખાશે), શુક્ર–વૃષભ (શુક્ર સૂર્યાસ્ત પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ–મીન (શનિ સૂર્યોદય પહેલા દેખાશે) રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૩-૫-૨૦૨૬ થી તા. ૯-૫-૨૦૨૬

રવિવાર, વૈશાખ વદ–૨, વિ. સં. ૨૦૮૨, તા. ૩મે, ઈ. સ. ૨૦૨૬, નક્ષત્ર વિશાખા સવારે ક. ૦૭–૦૯ સુધી, પછી અનુરાધા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. વિંછુડો. શુભ કાર્ય વર્જ્ય છે.

સોમવાર, વૈશાખ વદ–૩, તા. ૪થી. નક્ષત્ર અનુરાધા સવારે ક. ૦૯–૫૭, પછી જયેષ્ઠા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. વિંછુડો, ભદ્રા પ્રારંભ સાંજે ક. ૧૬–૧૧. સામાન્ય દિવસ

મંગળવાર, વૈશાખ વદ–૪, તા. ૫મી, નક્ષત્ર જયેષ્ઠા બપોરે ક. ૧૨–૫૪ સુધી, પછી મૂળ. ચંદ્ર વૃશ્ચિકમાં બપોરે ક. ૧૨–૫૪ સુધી, પછી ધનુ રાશિ પર જન્માક્ષર. અંગારકી સંકષ્ટી ચતુર્થી, ચંદ્રોદય રાત્રે ક. ૨૨–૧૯, ચતુર્થી વૃદ્ધિ તિથિ છે. વિંછુડો સમાપ્તિ બપોરે ક. ૧૨–૫૪, ભદ્રા સમાપ્તિ મધ્યરાત્રિ પછી ક. ૨૯–૨૫ (તા. ૬). શુભ કાર્ય વર્જ્ય છે.

બુધવાર, વૈશાખ વદ–૪, તા. ૬ઠ્ઠી, નક્ષત્ર મૂળ બપોરે ક. ૧૫–૫૩ સુધી, પછી પૂર્વાષાઢા. ચંદ્ર ધનુ રાશિ પર જન્માક્ષર. લગ્ન, વાસ્તુ, ખાત, ઉપનયન, પ્રતિષ્ઠા. સામાન્ય દિવસ.

ગુરુવાર, વૈશાખ વદ–૫, તા. ૭મી, ૨૦૨૬, નક્ષત્ર પૂર્વાષાઢા સાંજે ક. ૧૮–૪૫ સુધી, પછી ઉત્તરાષાઢા. ચંદ્ર ધનુમાં મધ્યરાત્રિ પછી ક. ૨૫–૨૫ સુધી (તા. ૮મી) પછી મકર રાશિ પર જન્માક્ષર. ભુવનેશ્વરી માતાનો પાટોત્સવ (ગોંડલ). લગ્ન, ખાત, ઉપનયન, પ્રતિષ્ઠા, શુભ દિવસ.

શુક્રવાર, વૈશાખ વદ–૬, તા. ૮મી, નક્ષત્ર ઉત્તરાષાઢા રાત્રે ક. ૨૧–૧૯ સુધી, પછી શ્રવણ. ચંદ્ર મકર રાશિ પર જન્માક્ષર. ભદ્રા પ્રારંભ બપોરે ક. ૧૨.૧૨. લગ્ન, ખાત, ઉપનયન, સર્વદેવ પ્રતિષ્ઠા, શુભ દિવસ.

શનિવાર, વૈશાખ વદ–૭, તા. ૯મી, નક્ષત્ર શ્રવણ રાત્રે ક. ૨૩–૨૪ સુધી, પછી ઘનિષ્ઠા. ચંદ્ર મકર રાશિ પર જન્માક્ષર. કાલાષ્ટમી, વસુમડાપંચક (ઘનિષ્ઠા નવક) પ્રારંભ ૨૩.૨૪, ભદ્રા સમાપ્તિ મધ્યરાત્રિ પછી ક. ૨૫–૧૫. લગ્ન, વાસ્તુ ખાત, સર્વદેવ પ્રતિષ્ઠા. શુભ દિવસ. ■

# બંગાળમાં ટીએમસી કાર્યકરોએ ધમકીઓ આપતા સેંકડો લોકોનું વિરોધ પ્રદર્શન

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના ફાલ્ટામાં શનિવારના રોજ સેંકડો ગ્રામજનોએ મત ગણતરી બાદ સુરક્ષાની માગણી કરતાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. ગ્રામીણોએ વિસ્તારમાં ટીએમસી કાર્યકરો તરફથી જીવથી મારી નાખવાની ધમકીઓ મળી રહી હોવાનો આરોપ લગાવ્યો હતો. પ્રદર્શનકારીઓમાં ઘણી મહિલાઓ પણ હતી, તેમના હાથમાં ભાજપના ઝંડા હતા. તેમણે હાસિમનગર ગામમાં રસ્તા બ્લૉક કરી દીધા હતા. તેમણે સ્થાનિક પંચાયત પ્રધાન ઇસરાફિલ પર ચૂંટણી પરિણામો જાહેર થયા પછી તેઓને હુમલાની ધમકી આપી હોવાનો આરોપ લગાવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ઇસરાફિલ ટીએમસી ઉમેદવાર જહાંગીર ખાનનો નજીકનો સહયોગી છે. સીઆરપીએફના ડેપ્યુટી કમાન્ડર મોટી સંખ્યામાં સુરક્ષા દળો સાથે વિસ્તારમાં પહોંચ્યા હતા. તેમજ પ્રદર્શનકારીઓને તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવાની ખાતરી આપી હતી. ખાને આરોપોને ફગાવતા કહ્યું કે ભાજપે આ મહિલાઓને વિરોધ કરવા માટે મોકલી હતી. તેમનો હેતુ મતગણતરી પહેલા વિસ્તારમાં ટીએમસીના પદાધિકારીઓની ધરપકડ કરાવીને ટીએમસી સમર્થકોનું મનોબળ તોડવાનો હતો. તેમણે કહ્યું કે જો આરોપો સાબિત થાય છે તો હું કાનૂનનો સામનો કરવા માટે તૈયાર છું. વિરોધ પ્રદર્શનમાં સામેલ ભાજપ મહિલા મોરચાના સભ્ય ફાતિમા બીબીએ દાવો કર્યો કે ઇસરાફિલ અને તેના માણસો ૩૦ એપ્રિલથી આ વિસ્તારમાં આવી રહ્યા છે અને અમને ધમકી આપી રહ્યા છે કે પાંચમી મેથી લોહી વહેશે. અમે આ વિસ્તારમાં સીઆરપીએફ તહેનાત રહે તેવી માંગ કરીએ છીએ. સીઆરપીએફ અધિકારીએ કહ્યું કે અમે સ્થાનિક પોલીસના સહયોગથી લોકોમાં વિશ્વાસ પેદા કરવા માટે આવ્યા છીએ. અમે તેમને સંપૂર્ણ સુરક્ષાની ખાતરી આપી છે. ■

# ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં વધુ કાઉન્ટિંગ અને પોલીસ નિરીક્ષકો નિમ્યા

નવી દિલ્હીઃ સોમવારે પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણીની મતગણતરી થવાની છે એ પહેલાં ચૂંટણી પંચે શનિવારે ગણતરી માટે વધારાના ૧૬૫ નિરીક્ષકો અને ૭૭ પોલીસ નિરીક્ષકોની નિમણૂક કરી હતી. પંચે આ અગાઉ દરેક મતદારક્ષેત્રમાં ૨૯૪ નિરીક્ષકોની વરણી કરી હતી. ચૂંટણી પંચે કહ્યું હતું કે વધારાના પોલીસ નિરીક્ષકો ગણતરીના કેન્દ્રોની બહાર કાયદો અને વ્યવસ્થાની જાળવણીનું ધ્યાન રાખશે.

અધિકારીએ કહ્યું હતું કે સામાન્ય રીતે મતગણતરી વખતે પોલીસ નિરીક્ષકોની નિમણૂક કરવામાં આવતી નથી. જોકે, પોલીસ નિરીક્ષકો મતગણતરીના કેન્દ્રોની બહાર કાયદો અને વ્યવસ્થા પર દેખરેખ રાખશે. ચૂંટણી પંચે વધુમાં કહ્યું હતું કે ગણતરી સુરક્ષિત, શાંતિમય, નિર્ભય અને પારદર્શી રીતે પાર પડે એ માટે વધારાના ગણતરીના અને પોલીસ નિરીક્ષકોની નિમણૂક કરવામાં આવી છે.

ચૂંટણી પંચે કહ્યું હતું કે તેણે બંધારણની ૩૨૪મી કલમ હેઠળ મળતા બંધારણીય અધિકાર તથા લોકપ્રતિનિધિ ધારાની જોગવાઈઓ અનુસાર આ નિમણૂક કરી છે. વધારના નિરીક્ષકો વિધાનસભાની ૧૬૫ બેઠકના નિયિમત નિરીક્ષકોને મદદ કરશે. (એજન્સી) ■

# હોર્મુઝ ખાડીમાંથી પસાર થવા માટે ઈરાનને ટોલ ચૂકવશો નહિઃ અમેરિકાની ચેતવણી

બૈરુતઃ અમેરિકાએ શિપિંગ કંપનીઓને ચેતવણી આપી છે કે જો તેઓ હોર્મુઝ સામુદ્રધુનીમાંથી સલામત રીતે પસાર થવા માટે ઇરાનને ટોલ ચૂકવશે તો તેઓએ પ્રતિબંધોનો સામનો કરવો પડી શકે છે.

હોર્મુઝ સામુદ્રધુની પર નિયંત્રણને લઇને અમેરિકા અને ઇરાન વચ્ચે ચાલી રહેલી ટક્કર વચ્ચે યુએસ ઓફિસ ઓફ ફોરેન એસેટ્સ કંટ્રોલ(ઓએફએસી) દ્વારા શુક્રવારના રોજ આપવામાં આવેલી ચેતવણીએ દબાણ વધારી દીધું છે. સામાન્ય રીતે વિશ્વના તેલ અને કુદરતી ગેસના વેપારનો લગભગ પાંચમો ભાગ આ ખાડી માર્ગ વાટે પસાર થાય છે.

૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઇઝરાયલના હુમલાઓ પછી ઇરાને જહાજો પર હુમલો કરવાની ધમકી આપીને વધુ હુમલા કરતાં સામુદ્રધુનીને સામાન્ય અવરજવર માટે લગભગ બંધ કરી દીધી હતી. બાદમાં તેણે કેટલાક જહાજોને તેના દરિયાકાંઠાની નજીકના વૈકલ્પિક માર્ગેથી વાળીને સલામત માર્ગ પૂરો પાડવાનું શરૂ કર્યું હતું અને કેટલીક વખત આ સેવા માટે નાણાં પણ વસૂલ્યા હતા. અમેરિકાની પ્રતિબંધોની ચેતવણીનું મુખ્ય કેન્દ્ર આ 'ટોલબૂથ' જેવી વ્યવસ્થા છે. ઓએફસીના જણાવ્યા મુજબ ચૂકવણીની માગણીઓમાં માત્ર રોકડ જ નહીં, પરંતુ ડિજિટલ સંપત્તિ, ઓફસેટ્સ, અનૌપચારિક અદલા–બદલી કે અન્ય પ્રકારની વસ્તુ–આધારિત ચૂકવણીઓ પણ સામેલ હોઇ શકે છે. જેમાં સખાવતી દાન અને ઇરાની દૂતાવાસોમાં કરવામાં આવતી ચૂકવણીઓ પણ સામેલ છે. ઇરાન દ્વારા સામુદ્રધુની બંધ કરવાના જવાબમાં ૧૩ એપ્રિલના રોજ અમેરિકાએ નૌકાદળ નાકાબંધી લાદી હતી. જેના કારણે કોઇપણ ઇરાની તેલ ટેન્કરને ત્યાંથી જતા અટકાવવામાં આવતા હતા. ■

# આપમાંથી ભાજપમાં ગયેલા સાંસદ સંદીપ પાઠક સામે પંજાબમાં કેસ

ચંડીગઢ/નવી દિલ્હી : પંજાબ પોલીસે તાજેતરમાં ભાજપમાં જોડાયેલા રાજ્યસભાના સાંસદ સંદીપ પાઠક સામે કેસ નોંધાવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

સૂત્રોએ શનિવારે જણાવ્યું હતું કે પાઠક સામે બિન–જામીનપાત્ર કલમો હેઠળ બે એફઆઈઆર દાખલ કરવામાં આવ્યા છે.

એફઆઈઆર વિશે હજુ સુધી કોઈ વધુ વિગતો જાહેર કરવામાં આવી નથી.

આમ આદમી પાર્ટી (આપ) છોડીને ભાજપમાં જોડાયેલા સાત રાજ્યસભાના સાંસદમાં પાઠકનો પણ સમાવેશ થાય છે.

૨૪ એપ્રિલના રોજ, તેના ૧૦ રાજ્યસભાના સાંસદમાંથી સાતે રાજીનામું આપ્યું ત્યારે આપને એક ઝટકો લાગ્યો હતો, એમણે આરોપ લગાવ્યો હતો કે અરવિંદ કેજરીવાલની પાર્ટી તેના સિદ્ધાંતો, મૂલ્યો અને મુખ્ય નૈતિકતાથી ભટકી ગઈ છે.

સાત સાંસદ - જે પાઠક, રાઘવ ચઢ્ઢા, અશોક મિત્તલ, હરભજન સિંહ, રાજેન્દ્ર ગુપ્તા, વિક્રમજીત સાહની અને સ્વાતિ માલીવાલ હતા - તેમાંથી છ પંજાબના હતા.

રાજ્યસભાના અધ્યક્ષ સી પી રાધાકૃષ્ણને બાદમાં સત્તાવાર રીતે ભાજપમાં તેમના વિલિનીકરણનો સ્વીકાર કર્યો હતો, જેનાથી ઉપલા ગૃહમાં આપની સંખ્યા ઘટીને ત્રણ થઈ ગઈ.

દરમિયાન, ભાજપે શનિવારે પાઠક પર નોંધાયેલા એફઆઈઆર પર પ્રતિક્રિયા આપી છે, જેમાં અરવિંદ કેજરીવાલ પર બદલાની રાજનીતિ કરવાનો અને પંજાબ પોલીસનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે. તેમણે એવો પણ આરોપ લગાવ્યો છે કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા કથળી છે.

ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ દાવો કર્યો હતો કે પોલીસની કાર્યવાહી ખોટી પ્રાથમિકતાઓને પ્રતિબિંબિત કરે છે.

કેજરીવાલ અને પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માન પર નિશાન સાધતા ત્રિવેદીએ કહ્યું કે, ''જે લોકો નવા પ્રકારના રાજકારણનું પ્રતિનિધિત્વ કરવાનો દાવો કરે છે તેઓએ સમજવું જોઈએ કે તેમના રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા કેવી રીતે સંપૂર્ણપણે પડી ભાંગી છે.'' ■

## પહેલા પાનાનું ચાલુ

### પિશાચે બાળકીને.

નહોતી. આખરે ગામમાં એક ઘર બહાર લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ જોતાં બાળકી આરોપી સાથે જતી નજરે પડી હતી. આરોપી બાળકીને તબેલાની દિશામાં લઈ ગયો હતો, પરંતુ પછી બાળકી અને આરોપી ક્યાં ગયા તેની જાણકારી મળી નહોતી.

ગામવાસીઓએ ગામની બહાર પણ તપાસ કરતાં આરોપી કાંબળે બનેશ્વર ફાટા પાસેથી મળી આવ્યો હતો. ટોળાએ કાંબળેને ફટકારતાં તેણે ગુનો કબૂલ્યો હતો અને બાળકી અંગે માહિતી આપી હતી. દરમિયાન બનાવની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે બાળકીના મૃતદેહને તાબામાં લઈ પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલમાં મોકલી આપ્યો હતો. આ ઘટનાને પગલે ગ્રામજનોનો આક્રોશ ફાટી નીકળ્યો હતો. ઘટનાસ્થળે પોલીસને ઘેર્યા પછી રાજગડ પોલીસ ચોકી સામે દેખાવ કરવામાં આવ્યા હતા. સેંકડોની સંખ્યામાં નાગરિકો રસ્તા પર ઊતર્યા હતા. મુંબઈ–બેંગલુરુ હાઈવે બંધ કરાવવામાં આવતાં ટ્રાફિક જૅમની સ્થિતિ સર્જાઈ હતી.

દરમિયાન એનસીપી (એસપી) નેતા અનિલ દેશમુખે આરોપીને મૃત્યુદંડ આપવાની માગણી કરી હતી. કેન્દ્ર અને રાજ્ય સરકાર જાતીય ગુના રોકવા શક્તિ ઍક્ટનો અમલ કરવામાં વિલંબ કરી રહ્યા છે, એવો આરોપ તેમણે કર્યો હતો.

આ બાબતે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે શક્તિ બિલ ૨૦૨૦માં રાજ્ય વિધાનસભામાં મંજૂર કરાયું હતું અને રાષ્ટ્રપતિની સંમતિ માટે મોકલવામાં આવ્યું છે. ■

### બંગાળમાં ફેરમતદાનમાં

હતું. આમ છતાં, ડાયમંડ હાર્બરની બેઠકના ચંદા પ્રાથમિક શાળાના મતદાન કેન્દ્ર ક્રમાંક ૧૭૯ ખાતે તૃણમૂલ કૉંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે અહીં એક વિકલાંગ મતદાર અને તેની માતાને કેન્દ્રીય દળો દ્વારા હેરાન કરાયા હતા. પક્ષના કાર્યકરો અને સ્થાનિક લોકોએ આ ઘટના બાદ વિરોધ પ્રદર્શન કર્યું હતું.

તૃણમૂલ કૉંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે વિકલાંગ મતદારને મદદ કરવા તેની સાથે ગયેલી માતાને કેન્દ્રીય દળો દ્વારા લાંબા સમય સુધી અટકાયત હેઠળ રાખવામાં આવી હતી.

મગ્રાહાટ પશ્ચિમ વિધાનસભા મતવિસ્તારમાં તૃણમૂલ કૉંગ્રેસના મોહમ્મદ સમીમ અહમદ મૌલાની વિરુદ્ધ ભાજપના ગૌરસુંદર ઘોષ ચૂંટણીમાં ઊભા છે. પશ્ચિમ બંગાળ વિધાનસભાની મતગણતરી ચોથી મેએ યોજાશે. (એજન્સી) ■

### તૃણમૂલની અરજી

ચોથી મેની મતગણતરી માટે કેન્દ્ર અને રાજ્ય સરકારના સંયુક્ત કર્મચારીઓને રાખવાનો આપેલો આદેશ કાયદેસર છે.

બૅન્ચે જણાવ્યું હતું કે ચૂંટણી પંચ પોતાની મુનસફી મુજબ મતગણતરી માટે કેન્દ્ર કે રાજ્યના કર્મચારીઓને ગોઠવી શકે છે. આ કિસ્સામાં કોઇ વધુ આદેશ આપવાની જરૂર નથી.

પશ્ચિમ બંગાળ વિધાનસભાની ૨૯૪ બેઠકનું મતદાન બે તબક્કામાં ૨૩ અને ૨૯ એપ્રિલે યોજાયું હતું અને તેની મતગણતરી સોમવારે થશે. અગાઉ, કલકત્તા હાઇ કોર્ટે પણ તૃણમૂલ કૉંગ્રેસની સંબંધિત અરજી કાઢી નાખી હતી.

કેન્દ્ર સરકાર કે જાહેર ક્ષેત્રના ઉપક્રમોના કર્મચારીઓને મતગણતરીમાં રખાય, તો કેન્દ્ર સરકારનો તેઓ પર પ્રભાવ રહેશે, એવો તૃણમૂલ કૉંગ્રેસનો આક્ષેપ પણ વડી અદાલતે નકારી કાઢ્યો હતો.

તૃણમૂલ કૉંગ્રેસના વકીલ કપિલ સિબલે આક્ષેપ કર્યો હતો કે ચૂંટણી પંચનો સંબંધિત પરિપત્ર ૧૩ એપ્રિલનો હતો, પરંતુ અમારા અસીલને તેની જાણ ૨૯ એપ્રિલે થઇ હતી. સિબલે જણાવ્યું હતું કે ચૂંટણી પંચના મુખ્ય અધિકારીએ પણ મતગણતરીમાં સંભવિત ગેરરીતિ થવાનો ભય વ્યક્ત કર્યો હતો. (એજન્સી) ■

### મોબાઈલ રણક્યા

એ રાજ્યોમાં આ ટેસ્ટ સંદેશો મોકલવામાં આવ્યો નહોતો. સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે સંદેશવ્યવહાર ને ઈશાન ભારતના વિકાસ ખાતાના પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયાએ શનિવારે સેલ બ્રોડકાસ્ટ એલર્ટ સિસ્ટમ લોન્ચ કરી હતી. આને સી–ડોટે નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી સાથેના સહકારથી ગૃહપ્રધાન અમિત શાહના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવી છે. નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે કુદરતી આફતો, કટોકટી અને લોકોની સુરક્ષાને સંબંધિત જરૂરી માહિતી આ સિસ્ટમ વાટે નાગરિકોને મોબાઈલ ફોનના માધ્યમથી સીધી અને તત્કાળ આપવામાં આવશે. (એજન્સી) ■

### કચ્છમાં જિહાદ

એસઓજી દ્વારા પદ્ધર પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસ હાલ આરોપીના ડિજિટલ ઉપકરણો અને સોશ્યલ મીડિયા અકાઉન્ટ્સની ઝીણવટભરી તપાસ કરી રહી છે. મુખ્યત્વે એ દિશામાં તપાસ તેજ કરવામાં આવી છે કે આ શખસ કોઈ વિદેશી હેન્ડલર્સ કે અન્ય આતંકી નેટવર્કના સીધા સંપર્કમાં હતો કે કેમ.

અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ પૂર્વે ગુજરાત ત્રાસવાદ વિરોધી દળે અમદાવાદથી 'ગઝવા–એ–હિંદ' સ્થાપવાના નાપાક મનસૂબા સાથે હુમલાની તૈયારી કરતા બે શખસોની ધરપકડ કરી હતી. સિદ્ધપુરના ઇરફાન પઠાણ અને મુંબઈના મુરશીદ દ્વારા સંચાલિત વોટ્સએપ ગ્રૂપોના તાર પણ આ પ્રકારની કટ્ટર માનસિકતા સાથે જોડાયેલા હોવાનું બહાર આવ્યું હતું. ત્યારે કચ્છમાં ઝડપાયેલા આ શખસના કોઈ તાર તે નેટવર્ક સાથે જોડાયેલા છે કે કેમ તે પણ તપાસનો વિષય છે.

દરમ્યાન, પશ્ચિમ કચ્છ પોલીસ હાલ સોશ્યલ મીડિયા પર બાજ નજર રાખી રહી છે. પોલીસ તંત્રએ નાગરિકોને અપીલ કરી છે કે કોઈપણ રાષ્ટ્રવિરોધી કે ઉશ્કેરણીજનક સામગ્રી શેર કરવી નહીં. આવી પ્રવૃત્તિમાં સામેલ તત્ત્વો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ■

### રાજકોટના આજી ડેમમાં

રહી હતી. આ સમાચાર વાયુવેગે પ્રસરતા ડેમ કાંઠે લોકોના ટોળેટોળા ઊમટી પડ્યા હતા અને વાતાવરણ ગમગીન બની ગયું હતું.

મળતી માહિતી અનુસાર, આજી ડેમમાં શનિવારે બપોરના સમયે ચાર વ્યક્તિઓ ડૂબ્યા હોવાની જાણકારી મળતા જ સ્થાનિકોમાં દોડધામ મચી ગઈ હતી. ઘટના અંગે ફાયર વિભાગને જાણ કરવામાં આવતા ફાયર ફાઈટરો અને તરવૈયાઓની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરીને ત્રણ વ્યક્તિઓને પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા, પરંતુ કમનસીબે તેઓને બચાવી શકાયા નહોતા. ડેમમાં મૃત્યુ પામેલા ત્રણ લોકોની ઓળખ ભરત જાદવ, ધવલ જાદવ અને ધ્રુવ મકવાણા તરીકે કરવામાં આવી છે. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડવાની તજવીજ હાથ ધરી છે. ■

### ઈરાનને કોઇ પણ

કે, થોડા સમય પહેલા જ અમેરિકાએ ફરી ઈરાન પર હુમલો કરવાની ધમકી આપી હતી. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે ઇરાન શાંતિ પ્રસ્તાવમાં એવી માગ કરી છે જેના પર અમેરિકા ક્યારેય સહમત ન થઈ શકે. અમેરિકી પ્રમુખ પ્રસ્તાવને સંપૂર્ણ રીતે નકારી દેવામાં આવ્યો છે.

અમેરિકાનું કહેવું છે કે, ઇરાને પ્રસ્તાવમાં વિગતે કોઈ વાત કરી નથી. આશરે ૪૦ દિવસ સુધી ચાલેલા ભીષણ યુદ્ધ બાદ અમેરિકા અને ઇઝરાયલે ઇરાનની લશ્કરી શક્તિને ગંભીર રીતે નબળી પાડી હોવાનો દાવો કર્યો હોવા છતાં, હવે ચિત્ર કંઈક અલગ દેખાય છે. હજી પણ બંને દેશો લડી લેવાની મૂડમાં લાગી રહ્યાં છે. અમેરિકાએ ફરી એકવાર શાંતિ પ્રસ્તાવને ફગાવી દીધો છે. હવે જો હુમલો થશે તો તેમાં અમેરિકા હાઈપરસોનિક મિસાઈલો અને ડાર્ક ઈગલનો ઉપયોગ કરવામાં આવી શકે છે. સામે ઇરાનની સૈના પર કોઈ પણ પ્રકારની હુમલાનો જવાબ આપવા માટે તૈયાર છે તેવું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

ટ્રમ્પે દાવો કર્યો કે, તાજેતરના સંઘર્ષમાં ઇરાનને ભારે નુકસાન થયું છે. તેમણે કહ્યું, ''ઇરાન પાસે ૧૫૯ જહાજો છે અને અત્યારે દરેક જહાજ સમુદ્રના તળિયે ડૂબી ગયું છે.''

ટ્રમ્પે વધુમાં ઉમેર્યું કે ઇરાન અપેક્ષિત સમજૂતીનું પાલન નથી કરી રહ્યું, તેથી અમેરિકા કોઈ ઉતાવળિયો નિર્ણય લેવાને બદલે લાંબાગાળાના ઉકેલ પર ભાર મૂકશે. આ નિવેદન આપીને ટ્રમ્પે ફરી એકવાર વૈશ્વિક ફલક પર ઇરાનની મજાક ઉડાવી છે. ■

### અમેરિકા મધ્ય-પૂર્વના

નથી થયો. અમેરિકા દ્વારા ઇઝરાયલને ૧૦,૦૦૦ ઍડવાન્સ્ડ પ્રીસિઝન કિલ વૅપન સિસ્ટમ્સ - ટૂ અને અન્ય લશ્કરી સાધનસામગ્રી વેચવામાં આવશે. તેનું કુલ મૂલ્ય ૯૯.૨૪ કરોડ ડૉલર છે.

કતારને ૨૦૦ પેટ્રિઅટ ઍડવાન્સ્ડ કૅપૅબિલિટી - ટૂ, ગાઇડન્સ ઍનહૅન્સ્ડ મિસાઇલ - ટૅક્ટિકલ ઇન્ટર્સેપ્ટર્સ અને ૩૦૦ પેટ્રિઅટ ઍડવાન્સ્ડ કૅપૅબિલિટી - થ્રી સૅગમેન્ટ ઍનહેન્સ્ડ ઇન્ટર્સેપટર્સ તેમ જ સંબંધિત સાધનસામગ્રી પૂરી પડાશે. તેની કુલ કિંમત ૪.૦૧ અબજ ડૉલર છે.

અમેરિકા દ્વારા યુએઇને ૧,૫૦૦ ગાઇડન્સ સૅક્શન્સ, સિંગલ વૅરિયન્ટ (આકાશમાંથી આકાશમાં છોડવા માટે) ઍડવાન્સ્ડ પ્રીસિઝન કિલ વૅપન સિસ્ટમ - ટૂ વેચવામાં આવશે, તેની કુલ કિંમત ૧૪.૭૬ કરોડ ડૉલર છે.

કુવૈતને ઇન્ટિગ્રેટેડ બેટલ કમાંડ સિસ્ટમ્સ અને સંબંધિત સાધનસામગ્રી વેચવામાં આવશે. તેનું કુલ મૂલ્ય અઢી અબજ ડૉલર છે. (એજન્સી) ■

# વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ સુરતમાં ₹ ૩.૫૩ લાખ કરોડનાં ૨૭૯૨ એમઓયુ થયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતની ઓરો યુનિવર્સિટીમાં તા.૧ અને ૨ મે દરમિયાન આયોજિત બે દિવસીય ‘વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ- દક્ષિણ ગુજરાત’નું ૨ મે શનિવારના રોજ સમાપન થયું હતું. આ કોન્ફરન્સ દરમિયાન રૂ.૩.૫૩,૩૦૬ લાખ કરોડના ૨૭૯૨ એમ.ઓ.યુ. થયા હોવાની જાહેરાત નાયબ મુખ્યપ્રધાન હર્ષ સંઘવીએ કરી હતી.

આ કોન્ફરન્સની સફળતા અંગે માહિતી આપતા હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ‘‘વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ’’ દક્ષિણ ગુજરાતની ક્ષમતાને દેશ અને દુનિયા સમક્ષ ઉજાગર કરનાર મહત્ત્વપૂર્ણ પ્લેટફોર્મ બની છે. દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્રના સર્વાંગી વિકાસ અને રોજગારી સર્જન માટે આ બે દિવસીય કોન્ફરન્સ ઐતિહાસિક સાબિત થઈ છે. આગામી ત્રણ વર્ષમાં એમઓયુ મુજબ પ્રોજેક્ટ્સ કાર્યરત થવાથી દક્ષિણ ગુજરાતના ૨.૮૨ લાખથી વધુ યુવાનોને પ્રત્યક્ષ રોજગારી પ્રાપ્ત થશે.

આ પ્રસંગે કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ પ્રધાન જે.પી.નડ્ડાએ સમાપન સત્રમાં જણાવ્યું હતું કે, આ કોન્ફરન્સ દ્વારા દક્ષિણ ગુજરાતના વિકાસ માટે જે પાયો નંખાયો છે, તેનાથી આ પરિક્ષેત્ર આગામી સમયમાં મોટી આર્થિક છલાંગ લગાવવા તૈયાર થયો છે.

તેમણે ગુજરાતની આર્થિક તાકાતને બિરદાવતા ઉમેર્યું હતું કે, ગુજરાત દેશની કુલ જીડીપીમાં ૮ ટકા ફાળો આપે છે. મેન્યુફેક્ચરિંગ આઉટપુટમાં ૧૭ ટકા, મર્ચેન્ડાઈઝ એક્સપોર્ટમાં ૨૭ ટકા અને દેશના કુલ કાર્ગો હેન્ડલિંગમાં ગુજરાત ૪૦ ટકા હિસ્સો ધરાવે છે.

દક્ષિણ ગુજરાતના સેક્ટરલ સ્ટ્રેન્થની ભૂમિકા આપતા જણાવ્યું હતું કે, સુરતના ડાયમંડ અને ટેક્સટાઈલ ઉદ્યોગથી લઈને ભરૂચ-દહેજ-અંકલેશ્વરના કેમિકલ અને ફર્ટિલાઇઝર ઉદ્યોગો વૈશ્વિક હબ બન્યા છે. હવે ટેક્સટાઈલની સાથે ગાર્મેન્ટિંગ ઉદ્યોગને ટ્રાઈબલ વિસ્તારો સાથે જોડીને વિકાસના નવા દ્વારા ખોલવામાં આવી રહ્યા છે, જે સ્થાનિક ક્ષેત્ર અને રાજય સરકારની મોટી જીત ગણાશે.

# ગુજરાતમાં વૈશાખનો આકરો તાપઃ અમદાવાદ અને રાજકોટમાં પારો ૪૩ ડિગ્રીને પણ પાર

અમદાવાદઃ ગુજરાતમાં વૈશાખ મહિનાની શરૂઆત સાથે જ ગરમીનો પારો આકાશે આંબી રહ્યો છે, જેના કારણે જનજીવન પ્રભાવિત થયું છે. રાજ્યનું સરેરાશ મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રીને વટાવી જતાં અમદાવાદ અને રાજકોટ જેવા શહેરોમાં લોકો અસહ્ય અકળામણ અનુભવી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકના આંકડા મુજબ, અમદાવાદ ૪૩.૩ ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું, જ્યારે રાજકોટમાં ૪૨.૭ ડિગ્રી અને ગાંધીનગરમાં ૪૨.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

રાજ્યના અન્ય શહેરોમાં પણ કાળઝાળ ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે, જેમાં ભાવનગર ૪૨.૫ ડિગ્રી અને અમરેલી ૪૧.૯ ડિગ્રી તાપમાન સાથે તપી રહ્યા છે. ઉત્તર ગુજરાત અને કચ્છમાં પણ ગરમીનું જોર યથાવત્ છે, જ્યાં ડિસામાં ૪૦.૮ ડિગ્રી અને ભુજમાં ૪૦.૪ ડિગ્રી તાપમાન નોંધાયું છે, જ્યારે વડોદરામાં પારો ૩૯.૬ ડિગ્રી સેલ્સિયસ રહ્યો હતો. દિવસે પડી રહેલી આકરી ગરમી અને લૂના કારણે બપોરના સમયે માર્ગો પર લોકોની અવરજવર ઓછી જોવા મળી રહી છે.

# ભાવનગરના યાત્રાળુઓથી ભરેલી બસ માંગરોળ નજીક પલટીઃ બેનાં મોત, અનેક ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગરથી સોમનાથ દ્વારકા જતી શ્રદ્ધાળુઓની ખાનગી બસ રોઝડાને બચાવવા જતા માંગરોળ તાલુકાના રઈજ ગામ નજીક પલટી ખાઈ ગઈ હતી. જેમાં બે શ્રદ્ધાળુનાં મોત થયા હતા, જ્યારે ૪૦થી વધુ ઈજાગ્રસ્ત થયા હતા. આ ગમખ્વાર અકસ્માતના પગલે મૃતકોના પરિવારજનો અને સાથી મુસાફરોમાં શોકનું મોજું ફરી વળ્યું હતું, સમગ્ર પંથકમાં પણ અરેરાટી ફેલાઈ હતી.

અકસ્માત અંગે મળતી માહિતી મુજબ, ભાવનગરના વતની ૪૦થી વધુ શ્રદ્ધાળુઓ બસ મારફતે સોમનાથ અને દ્વારકાના દર્શન અર્થે યાત્રાએ નીકળ્યા હતા. આ દરમિયાન જૂનાગઢ માંગરોળના રઇજ ગામ પાસે તેમની બસ આડે અચાનક એક રોઝડું (નીલગાય) ઉતરી આવ્યું હતું. રોઝડાને બચાવવા જતાં બસચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને બસ રોડ પર પલટી ખાઈ ગઈ હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે, બસ પલટી મારતા જ અંદર સવાર મુસાફરોમાં ફફડાટ અને ચીસાચીસ મચી ગઈ હતી. અકસ્માતનો અવાજ સાંભળીને આસપાસના સ્થાનિક લોકો અને રાહદારીઓ તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા.

ગંભીર રીતે ઘાયલ થયેલા શ્રદ્ધાળુઓને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક કેશોદ અને જૂનાગઢની હૉસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. હાઈ-વે પર વાહનોની લાંબી કતારો લાગી હતી અને ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા.

ઘટનાની જાણ થતાં જ માંગરોળ પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને ક્રેન દ્વારા બસને હટાવી રસ્તો ખુલ્લો કરાવવાની કામગીરી હાથ ધરી હતી.

# કોપીરાઇટના વિવાદમાં ગુજરાતી રંગમંચના કલાકાર સુરેશ રાજડા વિરુદ્ધ એફઆઈઆર દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કહેવાય છે કે કલા અને સાહિત્ય એ મનુષ્યની મૌલિક અભિવ્યક્તિ છે, પરંતુ જ્યારે આ અભિવ્યક્તિ પર કોઈ બીજું પોતાનું લેબલ લગાવીને ‘ક્રિયેટિવિટી’નો દાવો કરે, ત્યારે તે માત્ર નૈતિક ગુનો જ નહીં પણ કાયદાકીય અપરાધ પણ બને છે. ગુજરાતી રંગભૂમિ પર દાયકાઓ સુધી જે ‘જોડી’એ ધૂમ મચાવી, આજે એ જ જોડી વચ્ચે ‘ચોરી’ના આક્ષેપોને લીધે ગુજરાતી નાટ્યજગતમાં ખળભળાટ મચી ગયો હતો.

જાણીતા નાટ્યલેખક વિહંગ મહેતા અને દિગ્દર્શક સુરેશ રાજડા, જેમણે ‘છિન્ન’ થી લઈને ‘ફ્લેટ નં. ૪૪’ જેવા અનેક હિટ નાટકો આપ્યા છે, તેઓ વર્ષ ૨૦૨૦માં સામસામે આવી ગયા હતા. વિહંગ મહેતાની ફરિયાદ આક્ષેપ છે કે ‘‘તેમનું એક દાયકા જૂનું લોકપ્રિય નાટક ‘અમે જાણીએ છીએ તમે કોણ છો’ ની ઉઠાંતરી કરીને રાજડાએ તેને ‘ડાયલ રોંગ નંબર’ના નામે રજૂ કર્યું છે.’’

ફરિયાદ મુજબ, વિહંગ મહેતાએ લખેલું સુપરહિટ નાટક ‘અમે જાણીએ છીએ તમે કોણ છો’ ની સ્ક્રિપ્ટ સુરેશ રાજડાએ કપટપૂર્વક પોતાની પાસે રાખી લીધી હતી. એટલું જ નહીં, લેખકની લેખિત મંજૂરી વગર આ નાટકનું નામ બદલીને ‘ડાયલ રોંગ નંબર’ કરી નાખ્યું અને મુંબઈ તેમજ ગુજરાતમાં તેના શો કરીને મોટી કમાણી કરી લીધી.

વાત અહીં જ અટકી નથી. આક્ષેપ છે કે સુરેશ રાજડાએ આ જ સ્ક્રિપ્ટનો ઉપયોગ કરીને એક ‘અરબન ગુજરાતી’ ફિલ્મ પણ બનાવી નાખી, જે ઓટીટી (ઓટીટી) પ્લેટફોર્મ પર રિલીઝ કરીને અઢળક નાણાં અને લેખક તરીકેનું નામ પણ મેળવી લીધું. જ્યારે અસલ લેખક વિહંગભાઈને આ બાબતની કોઈ જાણ સુધ્ધાં કરવામાં આવી નહોતી.

વિવાદિત નાટકની સ્ક્રિપ્ટનો ફરીથી ઉપયોગ કરી ગુજરાતી ફિલ્મ ‘હેલ્લો’ ની પટકથા લખી, તેને વેચીને આર્થિક લાભ મેળવતા વિહંગ મહેતાએ ફરી કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. લેખકની રજૂઆતને ગ્રાહ્ય રાખી વડોદરા કોર્ટે ૨૨/૦૪/૨૦૨૬ના રોજ પોલીસને સુરેશ રાજડા વિરુદ્ધ ગુનો દાખલ કરવા હુકમ કર્યો હતો.

મુંબઈ સમાચાર સાથેની ખાસ વાતચીતમાં વિહંગ મહેતાએ લેખકોની વર્તમાન સ્થિતિ અને પોતાની કાનૂની લડત અંગે મહત્વની રજૂઆતો કરી હતી. તેમણે જણાવ્યું હતું કેઃ સર્જનાત્મક ક્ષેત્રમાં લેખકો સાથે મોટા પાયે ‘ચીટિંગ’ અને બૌદ્ધિક સંપત્તિની ચોરી થતી હોય છે. લેખકો કાં તો પોતાના કાનૂની અધિકારોથી અજાણ હોય છે, અથવા કોર્ટ-કચેરીની ઝંઝટમાં પડવા માગતા નથી. ઘણીવાર આર્થિક મજબૂરીઓને કારણે પણ લેખકો અન્યાય સામે મેદાનમાં આવવાનું ટાળતા હોય છે.

વિહંગ મહેતાએ સ્વીકાર્યું હતું કે આ લડતમાં તેમને પણ અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. મુશ્કેલીઓ છતાં તેમણે સ્પષ્ટ કર્યું કે તેઓ પોતાની લડત છોડશે નહીં અને જ્યાં સુધી ન્યાય નહીં મળે ત્યાં સુધી જંપશે નહીં.

આ મુદ્દે સુરેશ રાજડાનો પણ મુંબઈ સમાચારે સંપર્ક કરી વાત કરી અને તેમણે આ મામલે જણાવ્યું કે તેમના પર લાગેલા આ તમામ આરોપ ખોટા છે અને હાલ તે પણ પોતાનો પક્ષ રાખવા વકીલ મારફત કાનૂની લડાઈ આપશે.

આ કિસ્સો દર્શાવે છે કે કલાની દુનિયામાં પણ કેવી રીતે ‘મિત્ર’ બનીને આવેલા લોકો તમારી બૌદ્ધિક સંપત્તિની ચોરી કરી શકે છે. લેખક વિહંગ મહેતાએ ન્યાયની આશા સાથે પોલીસના દ્વાર ખખડાવ્યા છે. હાલ સયાજીગંજ પોલીસે કોપીરાઈટ ઍક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આરોપી સુરેશ રાજડાની તપાસ હાથ ધરી છે. હવે જોવાનું એ રહે છે કે, કલાની ચોરી કરનાર આ શખસ સામે કાયદો કેવા પગલાં ભરે છે અને અસલ કલાકારને તેમનો હક મળે છે કે નહીં.

# ગુજરાત સરકારની તિજોરી છલકાઈ, જીએસટી આવકમાં ગત વર્ષની તુલનામાં ચાલુ વર્ષે ૪૪ ટકાનો ઉછાળો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારને એપ્રિલ મહિનો ફળ્યો છે. રાજ્ય સરકારની જીએસટી આવકમાં ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે ૪૪ ટકાનો મોટો ઉછાળો જોવા મળ્યો છે. રાજ્યને જીએસટી હેઠળ કુલ રૂ. ૯,૯૧૬ કરોડની આવક પ્રાપ્ત થઈ છે. ગત વર્ષે એપ્રિલમાં આ આવક ૬,૯૦૧ કરોડ હતી.

આ સિવાય અન્ય કરવેરા સ્ત્રોતોમાં પણ રાજ્યને સારી આવક થઈ છે. એપ્રિલ-૨૦૨૬માં વેટ હેઠળ રૂ. ૨,૭૧૧ કરોડ, વિદ્યુત શુલ્ક હેઠળ રૂ. ૧,૦૫૫ કરોડ અને વ્યવસાય વેરા હેઠળ રૂ. ૨૧ કરોડની આવક નોંધાઈ છે. આમ, જીએસટી, વેટ, વિદ્યુત શુલ્ક અને વ્યવસાય વેરા મળીને રાજ્ય કર વિભાગને કુલ રૂ. ૧૩,૭૦૩ કરોડની આવક પ્રાપ્ત થઈ છે. જીએસટી આવકમાં વૃદ્ધિ રાજ્યની મજબૂત આર્થિક ગતિવિધિઓ અને અસરકારક ટેક્સ વસૂલાત પ્રણાલીનો પુરાવો આપે છે.

રાજ્યમાં ઉત્પાદન ક્ષેત્ર અને સેવા ક્ષેત્રમાં થયેલો નોંધપાત્ર વિકાસ આ વૃદ્ધિનું મુખ્ય કારણ છે. ખાસ કરીને બાંધકામ, વાહનવ્યવહાર અને તૈયાર માલના વેચાણમાં થયેલો વધારો કરની આવકમાં પ્રતિબિંબિત થાય છે.

# પ્રેમમાં પાગલ ખેડબ્રહ્માના યુવાને ટાવર પર ચઢી, આખું ગામ માથે લીધું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકાના સેબલીયા ગામમાં પ્રેમમાં પાગલ મુકેશભાઈ અરખાભાઈ પારગી નામના યુવાને શોલે ફિલ્મના ધર્મેન્દ્ર વાળી કરી હતી. આ પ્રેમીએ મોબાઈલ ટાવર પર ચઢી આખું ગામ માંથે લીધું હતું. આ ઘટનાની જાણ થતાં જ ખેડબ્રહ્મા તાલુકા વહીવટી તંત્ર, પોલીસ અને ફાયર ફાઈટરની ટીમ ઘટનાસ્થળે પહોંચી જઈ યુવાનને સમજાવ્યો હતો અને સુરક્ષિત રીતે નીચે ઉતાર્યો હતો. આ ઘટના વાયુવેગે આખા પંથકમાં ફેલાઈ હતી. આ સાથે જ ઘટનાનો વીડિયો પણ ખૂબ વાઇરલ થયો હતો. આ ઘટના સમયે મોટી સંખ્યામાં લોકો ભેગા થઈ ગયા હતા.

આ ઘટનાની મળતી વિગત મુજબ, મુકેશભાઈ પારગીને હીંગટીયા ગામની એક યુવતી સાથે પ્રેમસંબંધ હતો. જોકે પ્રેમી યુગલ વચ્ચે કોઈ બાબતે તકરાર થતાં યુવક નારાજ થયો હતો, અંતે તે મોબાઇલ ટાવર પર ચઢી ગયો હતો. તે યુવકને સમજાવવા માટે બાજુના ગામમાંથી તેની પ્રેમીકાને પણ ઘટના સ્થળે બોલાવવામાં આવી હતી. અંતે યુવતીની હાજરીમાં અને વહીવટી તંત્રના પ્રયાસોથી મુકેશભાઈને હેમખેમ ટાવર પરથી નીચે ઉતારવામાં આવ્યો હતો.

ત્યારબાદ તેને ખેરોજ પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો અને તેના પરિવારજનોને પણ તેના આ દુઃસાહસ અંગે જાણ કરવામાં આવી હતી.

# ૨૦૦૨ના રમખાણોના બે કેસમાં આરોપીઓના નિર્દોષ છુટકારાના ચુકાદાને હાઈ કોર્ટે યથાવત્ રાખ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટે ૨૦૦૨ના રમખાણો સાથે જોડાયેલા હિંસાના બે અલગ-અલગ કેસોમાં નીચલી અદાલત દ્વારા આરોપીઓને નિર્દોષ છોડવાના નિર્ણયમાં દખલ કરવાનો ઇનકાર કર્યો હતો. હાઈ કોર્ટે આ મામલે રાજ્ય સરકાર દ્વારા ૨૦૦૩માં અને એક ખાનગી અરજદાર દ્વારા ૨૦૦૭માં દાખલ કરવામાં આવેલી અપીલોને ફગાવી દીધી હતી. બેન્ચે વડોદરામાં સામસુદ્દીન ઉર્ફે કાસમ ખાન નામના વ્યક્તિને જીવતો અગ્નિમાં હોમી દેવાના કેસમાં પાંચ શખ્સોને નિર્દોષ જાહેર કરવાના વડોદરા સેશન્સ કોર્ટના ૨૦૦૩ના આદેશને યોગ્ય ઠેરવ્યો હતો.

વડોદરાના કેસમાં ફરિયાદ પક્ષનો આક્ષેપ હતો કે ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ લગભગ ૨૦૦ લોકોનાં ટોળાએ સામસુદ્દીનના ઘરમાં ઘૂસી હુમલો કર્યો હતો અને તેને જીવતો બાળી નાખવામાં આવ્યો હતો. રાજ્ય સરકારે દલીલ કરી હતી કે ટ્રાયલ કોર્ટે પુરાવાઓને સમજવામાં ભૂલ કરી હતી. જોકે, હાઈ કોર્ટે નોંધ્યું હતું કે ફોરેન્સિક રિપોર્ટ મુજબ મળી આવેલા હાડકાં મૃતકના જ હતા તે સાબિત થઈ શક્યું નથી. વધુમાં, મુખ્ય ફરિયાદીએ પોતે જ સ્વીકાર્યું હતું કે અંધારાને કારણે તે તોફાનીઓને ઓળખી શક્યો નહોતો.

બીજા એક કિસ્સામાં, જસ્ટિસ એચ. ડી. સુથારે પંચમહાલ જિલ્લાના રામેશ્વરા ગામમાં થયેલી હિંસા અંગેની રિવિઝન અરજી ફગાવી દીધી હતી. આ કેસમાં માર્ચ, ૨૦૦૨ના રોજ ટોળાએ એક દંપતીની હત્યા કરી હોવાનો આરોપ હતો. હાઈ કોર્ટે નીચલી અદાલતના તારણો સાથે સહમતી દર્શાવતા કહ્યું કે સાક્ષીઓના નિવેદનોમાં ભારે વિરોધાભાસ હતો અને ઘટનાસ્થળેથી કોઈ આરોપી પકડાયો નહોતો. હથિયારોની ઓળખ પણ થઈ શકી નહોતી. આમ, બંને કેસોમાં પૂરતા પુરાવાના અભાવે હાઈ કોર્ટે નિર્દોષ છૂટેલા તમામ આરોપીઓના ચુકાદાને માન્ય રાખ્યો હતો.

# ગુજરાતમાં નકલી દવાઓ સામે લાલ આંખઃ અમદાવાદમાં ₹ ૧.૨૧ કરોડની શંકાસ્પદ દવાઓ ઝડપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં નકલી દવાઓ સામે રાજ્ય સરકારે સખત કાર્યવાહી હાથ ધરી હતી. ખોરાક અને ઔષધ નિયંત્રણ તંત્ર દ્વારા અમદાવાદ, વડોદરા, સાવલી અને ભરૂચમાં પાડવામાં આવેલા દરોડામાં માત્ર અમદાવાદમાંથી જ રૂ.૧.૨૧ કરોડથી વધુની શંકાસ્પદ દવાઓ જપ્ત કરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન અમદાવાદના ગોમતીપુરમાં આયુર્વેદિક દવામાં એલોપેથિક ઘટકોની ભેળસેળ અને પવન ફોર્મ્યુલેશન ખાતે નશાકારક કોડિન સીરપનો મોટો જથ્થો મળી આવતા તંત્રએ કડક પગલાં લીધા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનસેરિયાએ સ્પષ્ટ ચેતવણી આપી હતી કે નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરનાર કોઈપણ તત્ત્વને છોડવામાં આવશે નહીં.

મળતી વિગતો અનુસાર, તંત્ર દ્વારા કરવામાં આવેલી આકરી કાર્યવાહીમાં વડોદરાની મેડિકામેન્ટ સોલ્યુશન્સ કંપનીનું લાઇસન્સ પ્રિસ્ક્રિપ્શન વગર ઓનલાઇન ઇન્જેક્શન વેચવા બદલ કાયમી રદ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, સાવલી અને ભરૂચમાં પણ ગુણવત્તાવિહીન દવાઓ અને નિયમોના ઉલ્લંઘન બદલ ઉત્પાદન પરમિટ રદ કરવા સહિતના આદેશો આપવામાં આવ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. મનહરનગર અને અન્ય વિસ્તારોમાં વગર પરવાને દવાનો સંગ્રહ કરનારાઓ સામે પણ તપાસનો ગાળિયો કસાયો હતો. તપાસ દરમિયાન કેટલીક આયુર્વેદિક દવાઓમાં પ્રતિબંધિત એલોપેથિક દવા ‘ડાયક્લોફેનેક’ મળી આવતા તેને બનાવટી જાહેર કરી જપ્ત કરવામાં આવી હતી, જ્યારે નિયમોનું ઉલ્લંઘન કરનાર અનેક એકમોના લાઇસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

# જગદીશ વિશ્વકર્માના નિવેદન પર રાહુલ ગાંધીએ ભાજપને ગણાવ્યું ‘મહિલા વિરોધી’

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાલનપુરમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા દ્વારા કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોર વિરુદ્ધ કરવામાં આવેલી કથિત ટિપ્પણીથી રાજ્યના રાજકારણમાં ભારે ગરમાવો આવ્યો હતો. ‘વિજય વિશ્વાસ સંમેલન’માં કાર્યકર્તાઓને સંબોધતા જગદીશ વિશ્વકર્માએ વિવાદાસ્પદ શબ્દોનો પ્રયોગ કરતા કહ્યું હતું કે, નારી વંદના અધિનિયમ મુદ્દે મહિલાઓનું અપમાન કરનારને બનાસની બહેનો ક્યારેય માફ નહીં કરે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આગામી દિવસોમાં માતા-બહેનોએ ગેનીબેનના ગઢમાંથી તેમની સીટો તેમના ‘સાડીના પલ્લુ’માંથી આંચકી લીધી છે, જેના કારણે એક નવો વિવાદ સર્જાયો હતો.

આ વિવાદાસ્પદ નિવેદન બાદ કૉંગ્રેસના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધીએ સોશ્યલ મીડિયા પર આકરી પ્રતિક્રિયા આપી ભાજપ પર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, આ ઘટનાથી ભાજપનું ‘નારી વંદન’નું મહોરું ઊતરી ગયું છે અને તેમની મનુવાદી તથા મહિલા વિરોધી વિચારધારાનો અસલી ચહેરો સામે આવ્યો છે. શું આ રીતે ભાજપ મહિલાઓનું સશક્તિકરણ કરશે? તેમણે જણાવ્યું હતું કે વડા પ્રધાન પોતે કહેતા હોય છે કે ‘નારી બધું ભૂલી જાય છે પણ અપમાન નથી ભૂલતી’, પરંતુ ભાજપના નેતાઓ પોતે જ આ વાત ભૂલી ગયા હોય તેમ લાગે છે. તેમણે ચેતવણી આપતા કહ્યું હતું કે ગુજરાત સહિત આખા દેશની મહિલાઓ આવા અપમાનનો જડબાતોડ જવાબ આપશે. જગદીશ વિશ્વકર્માના નિવેદન મુદ્દે શરૂ રાજકારણમાં ભારે ગરમાવો આવ્યો હતો.

આ મામલે કૉંગ્રેસના અધ્યક્ષ અમિત ચાવડાએ પણ પ્રતિક્રિયા આપી હતી, તેમણે કહ્યું હતું કે, અહંકાર રાજા રાવણનું પણ નથી ટક્યું. ભાજપના નેતાઓ સત્તાના નશામાં ચૂર થઈને રાવણની ભાષા બોલે છે.

સામાન્ય ઠાકોર પરિવારના ગેનીબેન આજે સંસદમાં ગુજરાતનો એકમાત્ર અવાજ છે. તેમણે કહ્યું હતું કે રાજનીતિમાં તો હાર જીત થાય, આઝાદી બાદ પહેલીવાર ખાડિયામાં ભાજપ હારી ત્યારે કોંગ્રેસ દ્વારા ભાજપનું ધોવાણ થયું કે તેવા કોઈ શબ્દો વાપરવામાં નહોતા આવ્યા. જ્યારે જગદીશ વિશ્વકર્માએ જે પલ્લુનું નિવેદન આપ્યું છે, તેમાં તેમની હલકી માનસિકતાના દર્શન થાય છે. જગદીશ વિશ્વકર્માએ માત્ર ગેનીબેનની નહિ પરંતુ મહિલાઓની માફી માંગવી જોઈએ, જો ભાજપમાં પણ મહિલાઓ માટે થોડું પણ સન્માન હોય તો તેમણે માફીનો આદેશ આપવો જોઈએ તેવી માંગ કરી હતી.

# ગુજરાતમાં ગોઝારો શનિવારઃ સુરતમાં બેફામ ડમ્પરે એન્જિનિયરને કચડ્યો, અન્ય બનાવમાં પોલીસ જવાનનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત માટે શનિવાર ગોઝારો બની રહ્યો હતો. રાજકોટમાં બાળકો ડૂબવાની ઘટના, જૂનાગઢમાં યાત્રાળુઓની બસનો અકસ્માત તેમજ સુરતમાં સર્જાયેલા બે ગોઝારા માર્ગ અકસ્માતોમાં એક એન્જિનિયર અને પોલીસ કોન્સ્ટેબલે જીવ ગુમાવ્યા હતા. સુરતના અલથાણ વિસ્તારમાં ગોડાદરાના રહેવાસી અને એલ. એન્ડ ટી. કંપનીમાં ડિઝાઇન એન્જિનિયર તરીકે ફરજ બજાવતા ૨૮ વર્ષીય જયેશ બોરસેનું ડમ્પરની અડફેટે મોત નીપજ્યું હતું. સીસીટીવીમાં કેદ થયેલી આ ઘટનામાં બેફામ ગતિએ આવતા ડમ્પરે મોપેડ સવાર યુવકને કચડી નાખતા પરિવારનો એકનો એક પુત્ર છીનવાઈ ગયો હતો. આ મામલે પોલીસે ડમ્પર ચાલકની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળ્યું હતું.

બીજી તરફ, દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર વડોદરાના પાદરા નજીક સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં સુરત ગ્રામ્ય એસ.ઓ.જી. (એસઓજી) ના પોલીસ કોન્સ્ટેબલ ભરતભાઈ દેસાઈનું મોત થયું હતું. ગાંધીનગરના આલમપુર ગામના વતની ભરતભાઈ વડોદરાથી સુરત પરત ફરી રહ્યા હતા ત્યારે તેમની કાર એસટી બસની પાછળના ભાગે ધડાકાભેર અથડાઈ હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે કારનો કુરચો બોલી ગયો હતો અને કોન્સ્ટેબલનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરું ઊડી ગયું હતું. પાદરા પોલીસે બસચાલક વિરુદ્ધ ગુનો નોંધી અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા તપાસ શરૂ કરી હતી.

# પાવાગઢ ખાતે નવનિર્મિત મલ્ટિ લેવલ પાર્કિંગનું ઉદ્ઘાટન, ટ્રાફિક જૅમમાંથી મળશે મુક્તિ

અમદાવાદઃ ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે આવતા લાખો શ્રદ્ધાળુઓની સુવિધામાં વધારો કરતા માચી પાસે નવનિર્મિત મલ્ટિ લેવલ કાર પાર્કિંગનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકાર અને પાવાગઢ મહાકાળી મંદિર ટ્રસ્ટના સંયુક્ત સહયોગથી નિર્મિત આ અત્યાધુનિક સુવિધામાં એકસાથે ૫૦૦ કાર પાર્ક કરી શકાશે. મંદિર ટ્રસ્ટ તરફથી આપવામાં આવેલી વિગતો અનુસાર, આ પાર્કિંગ સંકુલને જાહેર જનતા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય ટ્રાફિકની સમસ્યા હળવી કરી યાત્રિકોની સુવિધામાં વધારો કરવાનો છે.

ઉલ્લેખનીય છે કે અત્યાર સુધી માચી ખાતે ખાનગી વાહનો લઈને આવતા શ્રદ્ધાળુઓને પાર્કિંગની જગ્યાના અભાવે ભારે ટ્રાફિકજામ અને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આ નવી વ્યવસ્થાને કારણે હવે યાત્રિકો સુરક્ષિત રીતે વાહન પાર્ક કરી શકશે અને તેમની દર્શન યાત્રા વધુ સરળ અને સુખદ બનશે. સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, પાવાગઢને મુખ્ય ધાર્મિક પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની વ્યાપક યોજનાના ભાગરૂપે આ મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ સાકાર કરવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું.

# ગુજરાતમાં ભેળસેળિયાઓ પર તવાઈઃ ૧,૦૧૮ કિલો નકલી પનીરનો નાશ અને ૧૮ એકમો સીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરનારા તત્ત્વો સામે ફૂડ સેફ્ટી વિભાગે લાલ આંખ કરી હતી અને રાજ્યભરમાં ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ રોકવા માટે કડક કાર્યવાહી હાથ ધરી હતી.

આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું હતું કે, એપ્રિલ મહિના દરમિયાન રાજ્યભરના ૪,૧૯૩ થી વધુ એકમોની તપાસ કરવામાં આવી હતી. આ ઝુંબેશ દરમિયાન આશરે રૂ. ૧.૮૩ લાખની કિંમતનું ૧,૦૧૮ કિલો શંકાસ્પદ પનીર ઝડપાયું હતું, જેનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.

આ ગંભીર ઉલ્લંઘન બદલ ૧૮ એકમને સીલ કરવામાં આવ્યા છે અને નિયમ ભંગ કરનારા એકમો પાસેથી રૂ. ૨.૮૪ લાખથી વધુનો દંડ વસૂલવામાં આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આ અભિયાનમાં ખાસ કરીને ડેરી ઉત્પાદનો અને પનીરના નામે વેચાતા નકલી એનાલોગ પદાર્થો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. સત્તાવાળાઓ દ્વારા બેદરકારી દાખવનાર ૨૭૦ એકમને નોટિસ પાઠવવામાં આવી હતી, જ્યારે ૧૧૮ જેટલા શંકાસ્પદ નમૂનાઓને લેબોરેટરી પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા. આરોગ્ય પ્રધાને સ્પષ્ટ ચેતવણી આપી હતી કે જાહેર આરોગ્ય સાથે ચેડા કરનારાઓ સામે સરકાર ‘ઝીરો ટોલરન્સ’ની નીતિ અપનાવી રહી છે અને આવા તત્ત્વો સામે કડક કાયદાકીય પગલાં લેવામાં આવશે.

ઉનાળાની સિઝનને ધ્યાનમાં રાખીને, તંત્ર દ્વારા ઠંડા પીણાં અને ફળોના વિક્રેતાઓ પર પણ વિશેષ દેખરેખ રાખવામાં આવી રહી છે. ‘ફૂડ સેફ્ટી ઓન વ્હિલ્સ’ એકમો દ્વારા ૧,૫૭૬ સ્થળોએ શેરડીનો રસ, મેંગો જ્યૂસ, તરબૂચ અને બરફ આધારિત ખાદ્ય પદાર્થોના કુલ ૧,૭૦૫ નમૂનાઓની ચકાસણી કરવામાં આવી છે. આ ઉપરાંત, વેપારીઓ અને ગ્રાહકોને જાગૃત કરવા માટે ૨૮૪ તાલીમ સત્રો અને ૨૫૫ જાહેર કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

## વીમાના કમિશનનો દાવો કરવા બોગસ દસ્તાવેજો બનાવ્યા

# ડૉક્ટર સહિત પાંચ સામે ગુનો નોંધાયો

પાલઘરઃ પાલઘર જિલ્લામાં વીમાના કમિશનનો દાવો કરવા માટે વિવિધ હૉસ્પિટલના નામે બોગસ દસ્તાવેજો તૈયાર કરવા બદલ ડૉક્ટર તથા અન્ય ચાર જણ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

મહારાષ્ટ્રમાં ગેરકાયદે સોનોગ્રાફી અને ગર્ભપાત કેન્દ્રોનું નિરીક્ષણ કરવાના નિર્દેશો બાદ વસઇ-વિરાર પાલિકાના મેડિકલ ઓફિસરની આગેવાની હેઠળની ટીમે ૨૪ એપ્રિલે નાલાસોપારામાં સાઇ કમ્પાઉન્ડ ખાતે આવેલી હોસ્પિટલમાં રેઇડ પાડી હતી. ટીમ હોસ્પિટલમાં પહોંચી ત્યારે ત્યાંના સ્ટાફે શરૂઆતમાં ઉડાઉ જવાબ આપ્યા હતા, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે હોસ્પિટલ બંધ છે. જોકે પરિસરમાં તપાસ કરવામાં આવતાં ૭૦થી ૮૦ બોગસ લેટરહેડ્સ અને અન્ય વિવિધ હોસ્પિટલના ઇન-પેશન્ટ ડિપાર્ટમેન્ટના બોગસ દસ્તાવેજો મળી આવ્યા હતા, એમ આચોલે પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.

ત્યાંના ડોક્ટરે કબૂલ્યું હતું કે વીમાના કમિશનનો દાવો કરવા માટે વિવિધ હોસ્પિટલના નામે બોગસ ફાઇલો બનાવવામાં આવી હતી.

પોલીસે જણાવ્યું હતું કે પાલિકાની ટીમની પૂછપરછ દરમિયાન આરોપી સોનોગ્રાફી રિપોર્ટસ સહિત કેટલાક દસ્તાવેજો લઇને ભાગી છૂટ્યો હતો. પોલીસે બાદમાં હોસ્પિટલમાંથી કમ્પ્યુટર, પ્રિન્ટર્સ અટેન્ડન્સ રજિસ્ટર્સ તથા બોગસ ફોર્મ જપ્ત કર્યા હતા. (પીટીઆઇ) ■

# બોરીવલીમાં પુસ્તકમેળાનું ઉદ્‌ઘાટન



મુંબઈઃ બોરીવલી (વેસ્ટ)ના વિરાટ પુસ્તકમેળાનું ઉદ્‌ઘાટન મુંબઈ સમાચારના તંત્રી નીલેશ દવેના હસ્તે શનિવારે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વક્તવ્ય આપતાં નીલેશભાઈએ જણાવ્યું હતું કે ગુજરાતી સાહિત્ય અને ભાષાના પ્રચાર માટે એન. એમ. ઠક્કરની કંપનીના હેમંતભાઈ વરસોથી સંનિષ્ઠ પ્રયત્નો કરી રહ્યા છે.

પ્રજ્યોત સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ અને એન. એમ. ઠક્કર દ્વારા આયોજિત આ પુસ્તકમેળામાં અનેક જાણીતા લેખકો અને પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા. નીલેશભાઈએ દૈવી ઈટરનીટીના સૂત્રધાર મેહુલભાઈ સંઘવીને અભિનંદન આપ્યાં હતાં અને સાહિત્યપ્રસારનાં આવાં કાર્યો સતત કરતા રહેશો તેવો વિશ્વાસ પ્રદર્શિત કર્યો હતો. આ પુસ્તકમેળામાં ગુજરાતી ભાષાના તમામ પ્રકાશકો અને લેખકોનાં પુસ્તકો ઉપલબ્ધ છે. પુસ્તકમેળો દૈવી ઈટરનીટી એમ. કે. એન. ભાટિયા સ્કૂલની સામે, સાઈબાબા નગર, જય ભીમ સંજય નગર, બોરીવલી (વેસ્ટ) ખાતે તા. બીજી મે થી ૧૧મી મે સુધી દરરોજ ૧૧ થી ૮ ચાલુ રહેશે. ■

# બિઝનેસ લોનને બહાને લોકો સાથે ૨૦ લાખની છેતરપિંડીઃ ઇ-સેવા કેન્દ્રના ઑપરેટર સામે ગુનો

થાણેઃ બૅંકમાંથી બિઝનેસ લોન અપાવવાને બહાને લોકો સાથે ૨૦ લાખ રૂપિયાની છેતરપિંડી કરવા બદલ નવી મુંબઈમાં ઇ-સેવા કેન્દ્રના ઑપરેટર વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

પનવેલ વિસ્તારમાં કરંજદે ખાતે ઇ-સેવા કેન્દ્ર ચલાવતા આરોપીએ 'સ્ટેન્ડ-અપ ઇન્ડિયા' યોજના હેઠળ લોકોને લોન અપાવવાનું આશ્વાસન આપ્યું હતું. આરોપીએ ૩૨ વર્ષના ડિલિવરી બૉયને જણાવ્યું હતું કે તેના ક્રેડિટ સ્કોરની ચકાસણી કર્યા બાદ તે તેને ૪૨ લાખ રૂપિયાની લોન અપાવી શકે છે.

પનવેલ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે આરોપીએ લોન માટેની પ્રકિયાના ખર્ચ પેટે તેની પાસે ૩.૫ લાખ રૂપિયાની માગણી કરી હતી અને તેણે છેલ્લાં બે વર્ષમાં તેને રૂપિયા હપ્તાથી ચૂકવ્યા હતા.

આરોપીએ બાદમાં ઇ-સેવા કેન્દ્ર બંધ કરી દીધું હતું અને તેનો મોબાઇલ પણ સ્વીચઓફ્ફ કરી દીધો હતો. ડિલિવરી બૉયે આ અંગે તપાસ કરતાં તેને જાણવા મળ્યું હતું કે આરોપીએ અન્ય લોકોને લોન મેળવી આપવાને બહાને તેમની પાસેથી ૨૮,૦૦૦ રૂપિયાથી ૨.૯ લાખ રૂપિયા લીધા હતા. તેણે ૧૮ લોકો પાસેથી ૨૦.૮૧ લાખ રૂપિયા પડાવ્યા હતા. દરમિયાન ડિલિવરી બૉયની ફરિયાદને આધારે પનવેલ પોલીસે આરોપી વિરુદ્ધ શનિવારે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો અને તેની શોધ ચલાવી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

# અકસ્માતમાં મૃત્યુ પામેલા ત્રણ જણના પરિવારના સભ્યોને ૬૩.૭૬ લાખ વળતર ચૂકવવાનો આદેશ

થાણેઃ થાણે જિલ્લામાં મોટર એક્સિડેન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસ અને મોટરસાઇકલ વચ્ચેના અકસ્માતમાં મૃત્યુ પામેલા ત્રણ જણનાં પરિવારના સભ્યોને ૬૩.૭૬ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

એમએસીટીનાં સભ્ય આર.વી. મોહિતેએ અકસ્માતમાં મૃત્યુ પામેલા દંપતીના બે સંતાન (જેઓ ગંભીર રીતે ઘવાયા હતા) તથા તેમની દાદીને વળતર મંજૂર કર્યું હતું અને બસચાલકની પૂરઝડપે અને બેદરકારીપૂર્વક ડ્રાઇવિંગ માટે મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (એમએસઆરસીટી)ને જવાબદાર ઠેરવ્યું હતું.

આ અકસ્માત ૧૨ નવેમ્બર, ૨૦૨૦ના રોજ થયો હતો, જ્યારે સખારામ માયા મુકાને (૩૪) તેની પત્ની ઇન્દ્રા (૨૯) તથા ત્રણ સંતાનો સાથે મોટરસાઇકલ પર જઇ રહ્યો હતો ત્યારે શહાપુર નજીક પૂરપાટ વેગે આવેલી એસટી બસે તેમની મોટરસાઇકલને ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં દંપતીનું ઘટનાસ્થળે મોત થયું હતું, જ્યારે ૧૧ વર્ષના પુત્રનું હોસ્પિટલમાં બીજા દિવસે સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. આ અકસ્માતમાં દંપતીના અન્ય બે સંતાન નવનાથ (૮) અને એકનાથ (૫) ગંભીર ઇજા પામ્યા હતા.

ટ્રિબ્યુનલે એમએસઆરટીસીની એ દલીલને ફગાવી દીધી હતી કે મોટરસાઇકલસવાર પાંચ જણને બેસાડીને લઇ જતો હતો એ તેની બેદરકારી હતી. ટ્રિબ્યુનલે નોંધ્યું હતું કે બસચાલકની પૂરપાટ વેગે અને બેદરકારીપૂર્વક ડ્રાઇવિંગને કારણે અકસ્માત થયો હતો. ટ્રિબ્યુનલે એ પણ નોંધ્યું હતું કે બસની ટક્કર એટલી જોરદાર હતી કે મોટરસાઇકલ થોડે દૂર સુધી ઘસડાઇ હતી, જે દર્શાવે છે કે બસ પૂરઝડપે હંકારવામાં આવી રહી હતી. (પીટીઆઇ) ■


# વીમાના કમિશનનો દાવો કરવા બોગસ દસ્તાવેજો બનાવ્યાઃ ડોક્ટર સહિત પાંચ સામે ગુનો નોંધાયો

પાલઘરઃ પાલઘર જિલ્લામાં વીમાના કમિશનનો દાવો કરવા માટે વિવિધ હોસ્પિટલના નામે બોગસ દસ્તાવેજો તૈયાર કરવા બદલ ડૉક્ટર તથા અન્ય ચાર જણ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

મહારાષ્ટ્રમાં ગેરકાયદે સોનોગ્રાફી અને ગર્ભપાત કેન્દ્રોનું નિરીક્ષણ કરવાના નિર્દેશો બાદ વસઇ-વિરાર પાલિકાના મેડિકલ ઓફિસરની આગેવાની હેઠળની ટીમે ૨૪ એપ્રિલે નાલાસોપારામાં સાઇ કમ્પાઉન્ડ ખાતે આવેલી હોસ્પિટલમાં રેઇડ પાડી હતી. ટીમ હોસ્પિટલમાં પહોંચી ત્યારે ત્યાંના સ્ટાફે શરૂઆતમાં ઉડાઉ જવાબ આપ્યા હતા, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે હોસ્પિટલ બંધ છે. જોકે પરિસરમાં તપાસ કરવામાં આવતાં ૭૦થી ૮૦ બોગસ લેટરહેડ્સ અને અન્ય વિવિધ હોસ્પિટલના ઇન-પેશન્ટ ડિપાર્ટમેન્ટના બોગસ દસ્તાવેજો મળી આવ્યા હતા, એમ આચોલે પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.

ત્યાંના ડોક્ટરે કબૂલ્યું હતું કે વીમાના કમિશનનો દાવો કરવા માટે વિવિધ હોસ્પિટલના નામે બોગસ ફાઇલો બનાવવામાં આવી હતી.

પોલીસે જણાવ્યું હતું કે પાલિકાની ટીમની પૂછપરછ દરમિયાન આરોપી સોનોગ્રાફી રિપોર્ટસ સહિત કેટલાક દસ્તાવેજો લઇને ભાગી છૂટ્યો હતો. પોલીસે બાદમાં હોસ્પિટલમાંથી કમ્પ્યુટર, પ્રિન્ટર્સ અટેન્ડન્સ રજિસ્ટર્સ તથા બોગસ ફોર્મ જપ્ત કર્યા હતા.

પોલીસે આ પ્રકરણે ડોક્ટર, બે પુરુષ અને બે મહિલા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. (પીટીઆઈ) ■


પાંચમાં પાનાનું ચાલુ

## 'ગૉડમૅન'

નોંધેલા એફઆઈઆરની નોંધ લઈ ઈડીએ કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસ કસ્ટડીમાં રહેલા ખરાત વિરુદ્ધ મહિલાઓની મહિલાઓના જાતીય સતામણી અને છેતરપિંડીના અનેક એફઆઈઆર નોંધાયા છે. ત્રણ વર્ષ દરમિયાન મહિલા સાથે દુષ્કર્મ કરવાના કેસમાં ૧૮ માર્ચે નાશિક પોલીસે ખરાતની ધરપકડ કરી હતી. હાલમાં પુણેના એક બિઝનેસમૅન સાથે પાંચ કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડીના કેસમાં તે ચોથી મે સુધીની પોલીસ કસ્ટડીમાં છે.

ખરાત મોટા ખંડણીના કૌભાંડમાં સંડોવાયેલો હોવાનો આક્ષેપ તપાસ એજન્સીએ કર્યો હતો. એ સિવાય બેનામી બૅન્ક ખાતાં મારફત ૭૦ કરોડ રૂપિયાના મની લૉન્ડરિંગ કરવામાં આવ્યું હોવાનું કહેવાય છે.

ખરાતે અહિલ્યાનગર જિલ્લાની સમતા નાગરી કોઓપરેટિવ ક્રેડિટ સોસાયટીમાં કથિત રીતે ૬૦ ખાતાં ખોલાવ્યાં હતાં. ખાતાં જેમના નામે ખોલવામાં આવ્યાં હતાં તેમની સંમતિ લેવાઈ નહોતી. આ ખાતાં મારફત ૭૦ કરોડ રૂપિયાનાં ટ્રાન્ઝેક્શન થયાં હતાં, એવો દાવો ઈડીએ કર્યો હતો. (પીટીઆઈ) ■

## રૂપાલીની બહેન

જણાવ્યું છે. આ સોસાયટીનાં ચાર ખાતાંમાં ૨.૪૦ કરોડ રૂપિયાથી વધુના આર્થિક વ્યવહાર થયા છે. આ ખાતાં ખરાત સંબંધી છે. જોકે આ એકાઉન્ટ્સ બોગસ હોવાનું અને પોતાના બનાવટી હસ્તાક્ષર કરીને ખાતાં ખોલાવાયાં હોવાનો દાવો પ્રતિભા ચાકણકરે કર્યો હતો. ■

## ફડણવીસ

ઘટના પુણેના ભોર તાલુકાના નસરપુર ગામમાં બની હતી. વેકેશનમાં દાદી સાથે રહેવા આવેલી બાળકીને એ જ ગામની ૬૫ વર્ષની વ્યક્તિએ કથિત રીતે લાલચ આપી હતી. પોલીસે જણાવ્યું હતું કે આરોપી કથિત રીતે બાળકીને નજીકના ઢોરના વાડામાં લઈ જઈ એના પર બળાત્કાર કરી પથ્થરથી મારી હત્યા કરી હતી. પુરાવાનો નાશ કરવાના પ્રયાસમાં મૃતદેહને ગાયના છાણના ઢગલા નીચે છુપાવવામાં આવ્યો હોવાનું કહેવાય છે. બાળકી ગુમ થતા પરિવારના સભ્યો અને સ્થાનિક લોકોએ શોધખોળ શરૂ કરી હતી. શોધ દરમિયાન પાછળથી તેનો મૃતદેહ મળી આવતા ગુનો ધ્યાનમાં આવ્યો હતો. વિસ્તારના સીસીટીવી ફૂટેજમાં આરોપી બાળકીને પોતાની સાથે લઈ જતો નજરે પડતા પોલીસ તેને ઓળખી તેને અટકમાં લઈ શકી હતી.

આ કમકમાટીભરી ઘટનાથી વિસ્તારમાં વ્યાપક રોષ ફેલાયો છે. રહેવાસીઓએ વિરોધ પ્રદર્શનો કર્યા છે અને કડક કાર્યવાહીની માગ કરી છે.

પુણે ગ્રામીણ પોલીસ અધિક્ષક સંદીપ સિંહ ગિલે જણાવ્યું હતું કે ૧૫ દિવસમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવશે. પોલીસે બળાત્કાર અને હત્યા સહિત સંબંધિત કલમો હેઠળ કેસ નોંધ્યો છે અને વધુ તપાસ ચાલુ છે. ■

## દહિસર-ભાયંદર લિંક રોડ

ભાયંદર પોલીસ સ્ટેશનમાં ગુનો પણ નોંધવામાં આવ્યો હતો.

દહિસર-ભાયંદર લિંક રોડ પ્રોજેક્ટ કોસ્ટલ રોડ(વેસાવે-ભાયંદર) પ્રોજેક્ટનો ભાગ છે. શનિવારે આ દુર્ઘટના બાદ ઘટના સ્થળે પાલિકાના ઉચ્ચ અધિકારીઓ પહોંચી ગયા હતા. દુર્ઘટના સ્થળની માહિતી મેળવ્યા બાદ ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે વર્કસાઈટ પર કામગારોની સુરક્ષા માટે પ્રમાણિત કાર્યપદ્ધતિ (એસઓપી) નિશ્ચિત કરવામાં આવી હોઈ તેનું પાલન કરવામાં આવ્યું હતું કે તેની તપાસ કરવામાં આવશે. તેમ જ પાલિકા તરફથી પણ આ પૂરી ઘટનાની તપાસ કરવામાં આવશે અને નિયમભંગ કરનારા વિરુદ્ધ આકરા પગલાં લેવામાં આવશે.

આ દુર્ઘટનાની તપાસ નિષ્પક્ષ અને ઊંડાણમાં કરવા માટે વીજેટીઆઈના પ્રોફેસરોની નિષ્ણાતોની ટીમની નિમણૂક કરવામાં આવી છે. આ ટીમ તપાસ કરીને અહેવાલ રજૂ કરશે. અહેવાલના નિષ્કર્ષના આધારે સંબંધિત કૉન્ટ્રેક્ટર વિરુદ્ધ આકરાં અને દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. તેમ જ તમામ ઊંચા ગૅન્ટ્રી, કેન અને અન્ય મશીનોની થર્ડ પાર્ટી મારફત પુનઃસુરક્ષા તપાસ કરવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે.

પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે મુંબઈમાં વિકાસના મોટા પ્રમાણમાં કામ ચાલી રહ્યા હોઈ કામગારોની સુરક્ષિતતા બાબતે બેદરકારી ચલાવી લેવામાં આવશે નહીં. કામગારોની સુરક્ષાને પ્રાધાન્ય આપીને ઝીરો ટોલરન્સ ધોરણ રાખવામાં આવ્યું છે. ■

## થાણેમાં

શનિવારે બપોરના ૨.૧૭ વાગ્યાની આસપાસ એચપી ગેસ સિલિન્ડરના નોજલ પાઈપમાંથી ગેસ ગળતર થઈને આગ ફાટી નીકળી હતી. ફાયરબ્રિગેડ ઘટનાસ્થળે પહોંચે તે પહેલા અહીં આવી પહોંચેલા સ્થાનિક નગરસેવક અને પાલિકાના વિરોધપક્ષ નેતા અશરફ શાનુ પઠાણ બિલ્ડિંગની મેઈન પાવર સપ્લાયને બંધ કરી દીધી હતી અને બિલ્ડિંગના રહેવાસીઓને બહાર કાઢયા હતા.

બિલ્ડિંગના રહેવાસીના જણાવ્યા મુજબ નગરસેવકે સમયસર પાવર સપ્લાય બંધ કરી દેતા આગ લાગ્યા બાદ શોર્ટ સર્કિટ થવાનું જોખમ ટળી ગયું હતું. એટલું જ નહીં પણ તેમણે સમયસર રહેવાસીઓને પણ બિલ્ડિંગમાંથી બહાર કાઢયા હતા, તેથી મોટી દુર્ઘટના ટળી ગઈ હતી.

ફાયરબ્રિગેડના કહેવા મુજબ ગેસ સિલિન્ડરની પાઈપલાઈન ફાટવાથી ગેસ ગળતર થઈને આગ લાગી હોવાનું પ્રાથમિક અંદાજ છે. ■

## પુણેમાં પાપ

ધરપકડ કરાયેલા આરોપી વિરુદ્ધ પૂરતા પુરાવા પોલીસ મેળવી શકી નહોતી. કહેવાય છે કે બન્ને કેસમાં કોર્ટે તેને નિર્દોષ છોડ્યો હતો.

૨૦૧૫માં ધરપકડ પછી તે ખાસ્સા વર્ષ જેલમાં હતો. પાંચ-છ વર્ષ અગાઉ જ તે જેલમાંથી બહાર આવ્યો હતો. મજૂરી કરીને ગુજરાન ચલાવતા આરોપીએ વૃદ્ધ વયે માસૂમ બાળકીનો ભોગ લેતાં ગામવાસીઓનો રોષ ફાટી નીકળ્યો હતો.

ગામના જ એક તબેલામાં બાળકી સાથે કુકર્મ આચર્યા પછી માથા પર પથ્થર મારી નિર્દયતાથી તેની હત્યા કરવામાં આવી હતી. હત્યા બાદ બાળકીના મૃતદેહને છાણના ઢગલા વચ્ચે સંતાડી દેવામાં આવ્યો હતો. પકડાયેલા આરોપીની પોલીસ વધુ પૂછપરછ કરી રહી છે. ■

# જૈન મરણ

### ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

મહુવા નિવાસી હાલ મુંબઇ ઘાટકોપર સ્વ. પ્રભાબેન પ્રભુદાસ ગીરધરલાલ શાહના સુપુત્ર ધનવંતભાઇ (ઉં. વ. ૬૭) તા. ૧-૫-૨૬ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે જયશ્રીબેનના પતિ. રમિતાના પપ્પા. ચેતનભાઇ, ભાવનાબેન ઇન્દ્રવદન દોશી (ઉનાવાલા), ભારતીબેન રાજેશકુમાર દોશી (પાલીતાણાવાળા)ના મોટાભાઇ. બિંદુબેન ચેતનના જેઠ. સ્વ. પ્રતાપરાય તારાચંદ કોરડીયા (અમરેલીવાળા) મુલુંડના જમાઇ. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

### ઝાલાવાડી દશા મુ. દે. જૈન

બોટાદ નિવાસી હાલ મલાડ (વે.) ચંદ્રાબેન (ગોકુબેન) શાહ તા. ૧-૫-૨૬ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે મહેન્દ્રભાઇ રતિલાલ શાહના ધર્મપત્ની. રૂપીનભાઇ, જીજ્ઞાબેન, મનાલીબેન, હેમાલીબેન, ચૌલાબેનના માતુશ્રી. હિનાબેનના સાસુ. પાર્થભાઇના દાદી. શિનોર (જી.વડોદરા) વાળા, સ્વ. ચંદુલાલ જીવરાજ શાહના દીકરી. લૌકિક વ્યવહાર બંધ છે, પ્રાર્થનાસભા રાખેલ નથી.

### કચ્છી વિશા ઓશવાળ જૈન

સાભરાઇના જયંતીલાલ કુંવરજી ગડા (ઉ.વ.૮૦) ૨૯/૪/૨૬ના મહાવિદેહ ક્ષેત્ર તરફ પ્રયાણ કરેલ છે. દેવકાબેન / મણીબેનના પુત્ર. વસુમતીના પતિ. મયુરી, ડો. જીગ્ના, સીએ મીતેશના પિતા. નવીન, મંજુલા, રમણીક, શાંતિ, પંકજ, સતીષ, હેમા ચંદ્રકાન્ત, વિનોદના ભાઇ. લાયજાના દેવકાબેન મેઘજી હંસરાજ છેડાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. જયંતી ગડા, સમભાવ ટી-૧૫, સીમંધર સીટી, અડાલજ - ૩૮૨૪૨૧.

નારાણપરના માતુશ્રી દેવકાબેન કુંવરજી કારાણી (ઉં.વ.૮૮) તા. ૧.૫.૨૬ના અરિહંતશરણ પામેલ છે. રતનબેન કોરશીના પુત્રવધુ. સ્વ. કુંવરજીના ધર્મપત્ની. ખુશાલચંદ, રૂક્ષ્મણી, શાંતાના માતુશ્રી. ચિયાસર નાથબાઈ રણશીના દિકરી. સં.પ. પુ. નયપ્રભસાગર મ.સા., પ.પુ. અજીતગુપ્ત વિજયજી મ.સા. ના બેન. પ્રા. શ્રી વ. સ્થા. જૈ. શ્રા. સં. સં. કરશન લધુભાઈ નિસર હોલ, દાદર વે. ટા. ૨ થી ૩.૩૦.

બિદડાના લક્ષ્મીબેન ફુરિયા (ઉં.વ.૯૩) ૧/૫/૨૬ના અવસાન પામેલ છે. કંકુબેન ટોકરશી તેજશીના પુત્રવધુ. જીવરાજ (બચુભાઈ)ના પત્ની. મધુરી, પ્રેમીલા, નુતન, મનીષા, ઉદયના માતા. તલવાણા ગંગાબેન લાલજી રવજી હરિયાના પુત્રી. મગન, દેશલપુર જવેર ખીમજી, મુંબઈ કેસર શંભુના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ઉદય ફુરિયા. બી-૬૩, ટેક્સટાઇલ ટેકનીશીયન સો., વીરા દેસાઈ રોડ, અંધેરી (વે), મું.૫૮.

લાખાપુરના માતુશ્રી મધુબેન કાંતિલાલ શેઠિયા (ઉં.વ.૬૮) ૧/૫/૨૬ના અવસાન પામેલ છે. સ્વ.કાંતિલાલના પત્ની. જયશ્રી, કલ્પેશ,અંકુરના માતાજી. લાખાપુર સ્વ.રાણબાઈ નાનજી વેલજી પાલણના પુત્રવધુ. મોખા મણીબેન મગનલાલ ભેદાના પુત્રી. પ્રવીણ, શાંતિલાલ, જયેશના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. જયશ્રી દેઢીયા, ૪૩૨/સી, સાંઇ કૃપા બિલ્ડીંગ, ઓવરી પાડા, દહીંસર (ઇ), મું. ૬૮.

### પાટણ જૈન

પાટણ નિવાસી ફોફલીયા વાડો, વખતજીની શેરી, હાલ બોરીવલી સ્વ. નવીનચંદ્ર હીરાલાલ શાહના ધર્મપત્ની નલીનીબેન (ઉં.વ.૮૬) ૧.૫.૨૬ના શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. હેમાબેન પિયુષકુમાર, માલિનીબેન દીપકભાઈ, બીજલબેન મયંકભાઇ, સ્વ. રાજુના માતૃશ્રી. સ્વ. ચંપાબેન છોટાલાલ સફરીના સુપુત્રી. સ્વ. વસુમતીબેન તથા સ્વ. બાબુભાઈના બેન. સ્વ. ચંદુલાલ, સ્વ. જયકુમારભાઈ, લલીતાબેન, શર્મિષ્ઠાબેન તથા રજનીભાઈના ભાભી. એ-૨૧/૩૧ પાટણ જૈન મંડળ બિલ્ડીંગ, રતનનગર, દહીસર ઇસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### દશા શ્રીમાળી કાઠિયાવાડી જૈન

અમરાપુર નિવાસી હાલ પ્રભાદેવી રાજેશ મનસુખલાલ દેસાઈ (ઉં.વ.૬૫) તા. ૧.૫.૨૬ના અરિહંતશરણ થયેલ છે. તે સ્વ. મનસુખલાલ છગનલાલ દેસાઈ અને સ્વ. શ્રીમતી કમલા મનસુખલાલ દેસાઈના સુપુત્ર. શિલ્પાબેનના પતિ. ભાવુ / વિની દેસાઈ વરિયા, મોના દેસાઈ ભાયાણી અને પાર્થ દેસાઈના પિતાશ્રી. હર્ષિત વરિયા, અમર ભાયાણી અને પૂજા દેસાઈના સસરાજી. બીના વીરેશ શેઠના ભાઈ. સ્વ. ડો. શાંતિલાલ બાટવીયાના જમાઈ. પ્રાર્થનાસભા મંગળવાર ૫ મે ૨૦૨૬ સાંજે ૫ થી ૬:૩૦. સ્થળઃ લવંડર બાગ, ૯૦ ફીટ રોડ, સ્વામીનારાયણ મંદિરની બાજુમાં, ઘાટકોપર ઈસ્ટ. લૌકિક વયવહાર બંધ છે.

# હિન્દુ મરણ

મૂળ ગામ દૈસરા હાલ મલાડ, જનાર્દન હેમરાજ ઠક્કર ૨/૫/૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ચતુરાબેન હેમરાજ ઠક્કરના પુત્ર. રેણુકાબેનના પતિ. કલ્પેશ પીના અને ધર્મેશના પિતાશ્રી. નીલમ, પ્રગ્નેશકુમાર અને શીતલના સસરા. સ્વ. રમણીકભાઈ, સ્વ. કંચનબેન, મનસુખભાઈ, સ્વ. રસિકભાઈ, સ્વ. નટવરલાલભાઈના ભાઈ. સ્વ. કમળાબેન તથા સ્વ.ચંદ્રકાંતભાઈ ઠકરાળના જમાઈ. તેમની પ્રાર્થનાસભા સોમવાર તા. ૪.૫.૨૬ના ૫ થી ૬.૩૦. એસપી ઓડિટોરિયમ, લક્ષ્મીનારાયણ મંદિર કોમ્પ્લેક્સ, માર્વે રોડ, મલાડ પશ્ચિમ.

કુમારી દક્ષતા રંજના ગિરીશ મકવાણા (ઉં.વ.૨૭) ૨૯-૪-૨૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તે ગામ ભડી - ભંડારિયા, ભાવનગર, હાલ મુંબઈ ચેમ્બુર, પ્રતાપ જીતેન્દ્ર મકવાણાના પૌત્રી. ગં.સ્વ. રંજના તથા સ્વ. ગિરીશ પ્રતાપ મકવાણાની દીકરી. કુ. જ્યોત્સના અને ભાવેશના મોટાબેન. વિક્રમ(બાબા) પ્રતાપ મકવાણાની ભત્રીજી, બનસોડેની ભાણેજ. તેની શોકસભા તા. ૩-૫-૨૦૨૬ રવિવારના સાંજે ૫. વાગે. રહેઠાણઃ સી -૨, શ્રી જીતેન્દ્ર મકવાણા સોસાયટી, સ. ગો. બર્વે માર્ગ, સ્વસ્તિક પાર્ક, કુર્લા સિગ્નલ પાસે, ચેમ્બુર, મુંબઈ ૭૧

### કપોળ

ડેડાણ નિવાસી હાલ ગોરેગાંવ અ. સૌ. સરયુબેન (ઉં. વ. ૮૦)તે પ્રવીણ ધરમશી ગોરડીયાના ધર્મપત્ની તા. ૧-૫-૨૬ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. તે અશેષ, સ્વ. મોના ભરત વોરા, અ. સૌ. રાખી કપિલ પારેખના માતુશ્રી. અ. સૌ. ધનશ્રીના સાસુ. તે ગીરીશ, ધીરેન્દ્ર, સ્વ. અરુણા, સ્વ. દમયંતી, અ. સૌ. સુશીલા, જયોત્સના, માલતી, મીનાના ભાભી. અ. સૌ. કલ્પના, અ. સૌ. નીતાના જેઠાણી. તે અમરેલીવાળા, સ્વ. ચંદ્રભાગા જયંતીલાલ સંઘવીના સુપુત્રી. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૩-૫-૨૬ના રુસ્તમજી ઓઝોલ કલબ હાઉસ, ગોરેગાંવ (વેસ્ટ), સાંજે ૫થી ૭.

### કચ્છી લોહાણા

ગામ તુણા હાલ ઘાટકોપર સ્વ. જેઠાલાલ રામજી સાધનાના ધર્મપત્ની જયોતિબેન (નર્મદાબેન) (ઉં. વ. ૮૩) તા. ૩૦-૪-૨૬ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે જયકુમાર, સંજય, અજય અને વિજયના માતુશ્રી. અલકા, નેહા, છાયા અને દિપાના સાસુ. ધૃતિ હર્ષિત ચકસોતા, શ્રીકર, વરુણ, દૃષ્ટિ જશ મહેતા, ધનશ્રી મીલીંદ રાયચુરા, દેવાંશી અને કિર્તનના દાદી. ઉર્મી અને સિદ્ધિના દાદી સાસુ. સ્વ. નવલબેન કેશવજી રામાણી (ગામ ખારોઇ)ના પુત્રી. પ્રાર્થનાસભા તા. ૪-૫-૨૬ સોમવારના સાંજે ૫થી ૭. ઠે. પાટીદાર વાડી, એલ. બી. એસ. રોડ, ઘાટકોપર (વેસ્ટ).

### કચ્છી લોહાણા

આધોઇ નિવાસી હાલ મુંબઇ સ્વ. રામજી અરજણ ઠક્કરના ધર્મપત્ની ગં. સ્વ. પુષ્પાબેન (ઉં. વ. ૭૮) તે ભિવંડીવાળા સ્વ. ઉર્મિલા હિરાલાલ પલણના સુપુત્રી. મનિષા તથા સોનલ નિતિન દત્તાણીના માતુશ્રી. જેનીના નાની. સ્વ. રંજનબેન, સ્વ. રાજન, સ્વ. સુરેશ તેમ જ પૂર્ણિમા, આરતી, ગીતા અને અરુણાના મોટા બહેન. તા. ૧-૫-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, તેમ જ લૌકિક વ્યવહાર બંધ છે.

### દશા સોરઠિયા વણિક

ખોરાસા નિવાસી હાલ ઘાટકોપર રમીલાબેન નાનાલાલ શેઠ (ઉં. વ. ૭૬) તે નાનાલાલ જગજીવનદાસ શેઠના ધર્મપત્ની. કેતન તથા તૃપ્તિના માતુશ્રી. હિતેન્દ્ર નટવરલાલ પારેખના સાસુ. પ્રજ્ઞા જયેશ ધોળકિયાના મામી. સ્વ. જમનાદાસ નંદલાલ વિરાણીના દીકરી. સ્વ. વસંતભાઇ જમનાદાસ, કમલભાઇ જમનાદાસ, સ્વ. મંજુબેન ભૂપતરાય, ગં. સ્વ. ગીતાબેન સુરેશકુમાર, રંજનબેન હસમુખરાયના બેન. તા. ૧-૫-૨૬ના ઘાટકોપર મુકામે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

### દશા નીમા વણિક ઝાલોદ

ઝાલોદ નિવાસી, હાલ દહીંસર, બકુલભાઈ નટવરલાલ દેસાઈ (ઉ.વ.૬૯) તે સ્વ.કાંતાબેન તથા સ્વ. નટવરલાલ દેસાઈના પુત્ર. જયોતિબેનના પતિ. સ્વ. સુનંદાબેન તથા સ્વ.ભાનુભાઈ પરીખના જમાઈ. હિનલ તથા તૃપલના પિતા. નીરીહ તથા વૈશાલીના સસરા. વ્યાનિકાના નાના. તા. ૧-૫-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સ્થળઃ ૨૦૨, શિવદત્ત બિલ્ડીંગ નં. ૨, કૃષ્ણા ટાવર પાસે, આનંદનગર, દહિસર પૂર્વ.

### કપોળ

અમરેલીવાળા હાલ બોરીવલી, નરેશભાઈ માધવજીભાઈ પારેખના ધર્મપત્ની અ.સૌ. કલ્પનાબેન પારેખ (ઉં.વ.૭૪) તે વિરલ તથા કૃણાલના માતા. મીરાં અને હેતલના સાસુ. સ્વ. અરવિંદભાઈ, હસમુખભાઈ, સ્વ. હરેશભાઈ, સ્વ. પ્રફુલભાઈ, વિજેન્દ્રભાઈ, ભાવેશભાઈ, હિના રાજેશકુમાર શાહના ભાભી. નવાપુરવાળા સ્વ. સુરેશભાઈ, જગદીશભાઈ, મહેશભાઈ, સ્વ. કિશોરભાઈ, સ્વ. બંકિમભાઈ જયંતીલાલ મહેતા અને સ્વ. કુંજબાળાબેન પ્રતાપભાઈ સંઘવીના બહેન. તા. ૧.૫.૨૬ને શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૩/૫/૨૬ને રવિવારના સાંજે ૪ થી ૬. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ.ટી. રોડ, ડાયમંડ સિનેમાની સામે બોરીવલી (વે.). લૌકિક પ્રથા બંધ છે.

### બાલાસિનોર દશાનિમા વણિક

ગામ બાલાસિનોર હાલ બોરીવલી, બિપિનભાઈ પરીખ (ઉં.વ.૮૩) તે હંસાબહેનના પતિ. સ્વ. ચંદનબહેન મોહનલાલ પરીખના સુપુત્ર. સ્વ. બબલીબહેન કાંતિલાલ બંગાળીના જમાઈ. રોમા મનોજ કડકીયા અને સપના નિશિત ગાંધીના પિતા. સ્વ. બાબુભાઈ, સ્વ. કંચનભાઈ, સ્વ. મનહરભાઈ, સ્વ. જસવંતભાઈ, સ્વ. લાલચંદભાઈ, સ્વ. નલિનભાઈ, સ્વ. કિરીટભાઈ, સ્વ. પંકજભાઈ, સ્વ. સૂર્યાબહેન તથા અનસૂયાબહેનના ભાઈ. બુધવાર, ૨૯-૪-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક ક્રિયા બંધ રાખી છે.

### લુહાર સુતાર

અ.સૌ. રમાબેન ચુડાસમા (ઉં.વ.૭૯) ગામ ભાક્ષી, હાલ દહિસર ગુરૂવાર તા. ૩૦.૪.૨૬ના સ્વર્ગવાસ પામ્યા છે. તે બાબુભાઈ ભગવાનભાઈ ચુડાસમાના ધર્મપત્ની. નીતીન, નવનીત,

# પારસી મરણ

નરગિસ રુસ્તમજી સુકેશવાલા (ઉં. વ. ૯૨) તા. ૨૬-૪-૨૬ના વલસાડ ખાતે ગુજરી ગયા છે. રુસ્તમના પત્ની. પર્સીના માતુશ્રી. હોમાઇના સાસુ. બેઝાદ અને નાઝનીન દરિયસ મિસ્ત્રીના ગ્રાન્ડમધર. કિયારા અને અસ્તાદના ગ્રેટ ગ્રાન્ડ મધર.

---

પ્રવિણના માતૃશ્રી. ભગવતી, જ્યોતિ, પલ્લવીના સાસુ. વિવેક, યુગેશ, ઉર્વી ચીંતન પટેલ અને શીખા અક્ષય રાઠોડના દાદી. સ્વ. વાલજીભાઇ ભગવાનજી પરમારના દીકરી. તેમની પ્રાર્થનાસભા રવિવાર તા. ૩.૫.૨૬, સાંજે ૫ થી ૭. શ્રી બીએપીએસ સ્વામિનારાયણ સંસ્કાર કેન્દ્ર ૩જે માળે, બી-૩૦૨, તન્વી ડાયમોડા, એચ.પી. પેટ્રોલ પંપની બાજુમાં, એસ.વી. રોડ, દહિસર ઈસ્ટ. લૌકીક વ્યવહાર બંધ છે.

### ઘોઘારી મોઢ વણિક

વઢવાણ નિવાસી હાલ જોગેશ્વરી બિપીનચંદ્ર (ઉમર.૭૩) તે સ્વ. ચંદ્રકાંતબેન ચીમનલાલ પરીખના પુત્ર, રેખાબેનના પતિ. સ્વ. જયંતીલાલ, કિરીટભાઈ, સ્વ. ઘનશ્યામભાઈ, સ્વ. પંકજભાઈ, સ્વ. પ્રફુલ્લાબેનના ભાઈ. ચુડા નિવાસી સ્વ. અનુબેન ભગવાનદાસ મહેતાના જમાઈ. યોગેશ, રશ્મિ, નીતા, જીજ્ઞાના બનેવી. ૧/૫/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### ઘોઘારી દશા પોરવાડ વૈષ્ણવ

ચિંચણ તારાપુર નિવાસી, સરોજ વિજયભાઈ પારેખ (ઉં.વ.૭૬) તે સ્વ. પ્રભાવત્તી તથા સ્વ. અમૃતલાલ કૃષ્ણલાલ પારેખના પુત્રવધુ. સ્વ. પ્રિતેશ, પ્રિતી, રીના તથા કીર્તિના માતુશ્રી, કેતન, રાકેશ, અલ્પાના સાસુ, ચિરંજીલાલ ગુપ્તા બાસવાળાના દીકરી. સ્વ. શશીકાંત, સ્વ. સરલાના ભાભી. ૩૦/૪/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૩/૫/૨૬ના રોજ ૪ થી ૬. પોરવાડ સમાજવાડી, ચિંચણ. લૌકિક વ્યવહાર બંધ છે.

### પરજીયા સોની

ગામ નેસડીવાળા હાલ કાશીમીરા ગાંવઠણ, સ્વ. કેશુભાઈ તથા સ્વ. સોનાબેન સલ્લાના પુત્રવધુ માલતીબેન ઘનશ્યામભાઈ સલ્લા (ઉં.વ.૭૫) ૨૮/૪/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે પિયરપક્ષે સ્વ. મંજુલાબેન ગીરધરલાલ જગડાના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### પુષ્કણા બ્રાહ્મણ

બોરીવલી નિવાસી, પરમાનંદ તુલસીદાસ મેગનાની (ઉં.વ.૮૩) ૧/૫/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. તુલસીદાસ શંભુદત્ત મેગનાની તથા સ્વ. મુલાબેનના દીકરા. વિજયાલક્ષ્મીના પતિ. સ્વ. ઇન્દીરાબેન મહેન્દ્રનાથ લોઢાના જમાઈ. મીના, અર્ચના ભાવેશ વોરા, જયેશ તથા નિલેશના પિતા. હિરલ જયેશ મેગનાની, ભાવેશ ગોવિંદ વોરાના સસરા. તેમનું બેસણું ૩/૫/૨૬ના ૫ થી ૫.૩૦. ગુરુદ્વારા ગુરુનાનક, સાઈબાબા નગર બોરીવલી વેસ્ટ.

### ઝાલાવાડી સઇ સુતાર જ્ઞાતિ

ચુડા નિવાસી હાલ ભાયંદર, ગં.સ્વ કમળાબેન વઢવાણા (ઉં.વ.૧૦૦) તા. ૧/૫/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. સ્વ. ખીમજીભાઈ ઉકાભાઇ વઢવાણાના ધર્મપત્ની. કાંતિભાઈ, નટુભાઈ, યોગેશભાઈ, પુષ્પાબેન નવીનચંદ્ર સોલંકી, રીના પ્રદીપકુમાર ચૌહાણના માતુશ્રી. ભાનુમતી, વિમળા તથા અનિતાના સાસુ. કમલેશ, જયેશ, હેમંત, મેહુલ, હાર્દિક, ચાર્મી તથા મયુરી નિલેશ શાહના દાદી. સ્વ. મુળજીભાઈ ગઢાણીના દીકરી. બંને પક્ષની પ્રાર્થનાસભા ૩/૫/૨૬ના ૪ થી ૬. કપોડવાડી, ગીતાનગર, ફાટક રોડ આકાર ટાવર પાસે, ભાયંદર વેસ્ટ.

### વિશા સોરઠીયા વણિક

મોટી ખિલોરીવાળા હાલ કાંદિવલી, સ્વ. જેઠાલાલ મોતીચંદ મહેતાના ધર્મપત્ની ગં.સ્વ. હિરાલક્ષ્મી જેઠાલાલ મહેતા (ઉ.વ.૧૦૧) શુક્રવાર તા. ૧.૫.૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. કુમુદબેન હિંમતલાલ, હંસાબેન છોટાલાલ ઝવેરી, મીનાબેન સતીષભાઈ, ગીતાબેન મહેન્દ્રભાઈનાં માતુશ્રી. હિનાબેન, રાજુલીબેન, નેહાબેન, ચેતનભાઈ, રિતેશભાઈ, ચિંતન, કરણ, વિનેશના નાનીમા. હેમાબેન ચેતનભાઈ, જાગૃતિબેન રિતેશભાઈ, નીલી કરણ, ખુશ્બુ વિનેશ, દિવ્યેશકુમાર રમેશભાઈ, હિતેશભાઈ કોટક, દેવાંગકુમાર પ્રવિણભાઈનાં નાનીસાસુ. સ્વ. હરખબેન દામોદર, સ્વ. લીલાવંતીબેન નાનાલાલ, મંગુબેન શાંતિલાલ, સ્વ. સુમતીબેન મગનલાલ, સ્વ. મંજુલાબેન ચુનીલાલના ભાભી. લૌકિક પ્રથા બંધ છે.

### કચ્છી લોહાણા

ગામ કચ્છ સુથરી, હાલે પનવેલ, સ્વ. વીરજી જયરામ ઠક્કર(ભગદે)ના પુત્ર ધરમશી વીરજી ઠક્કર(ભગદે), (ઉ.વ.૯૪) તે સુશીલાબેનના પતિ. બિપિન, સ્વ. મહેશ, તથા ભાવના શૈલેષ દવેના પિતા. સ્વ. પારૂલબેનના સસરા. સ્વ. જમનાબેન મોરારજી વાલજી દાવડા (નખત્રાણાવાળા) ના જમાઈ. સોનલ રોહિત શાહ, વિપુલ, હાર્દિકના દાદા-નાના. તા. ૩૦/૪/૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૩/૫/૨૬ના રોજ ૫.થી ૬. શ્રી પનવેલ લોહાણા મહાજન વાડી, રવજી ભીમજી રંગપરિયા માર્ગ, મિર્ચી ગલ્લી, પનવેલ. લૌકિક વ્યવહાર બંધ છે.

### હાલાઈ લોહાણા

કોલકાતાવાળા, હાલ મુંબઈ નિવાસી, સ્વ. નીલાબેન પ્રવીણકુમાર સી. ઠક્કર તે સ્વ. જેઠાલાલ રૂગનાથ બદિયાનીની પુત્રી, પત્નીઃ સ્વ. પ્રવીણકુમાર સી ઠક્કર, કેતન અને નિમિતની માતા. નંદિતાની સાસુ. નાયશા અને નિવાનની દાદી. પ્રાર્થનાસભા રવિવાર, ૩.૫.૨૬ સાંજે ૫:૩૦ થી ૬:૩૦. સનવિલ બેન્ક્વેટ્સ, વરલી, મુંબઈ

### કપોળ

રાજુલાવાળા માતુશ્રી સ્વ. લીલાવંતી નંદલાલ મહેતાના પુત્ર અનિલભાઈ (ઉં.વ. ૮૬), બુધવાર તા. ૨૯.૪.૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે દમયંતીબેનના પતિ. છાયોશ વેદ, અજય, અનિશનષાના પિતાશ્રી. ચિરાગ, રોનકના નાના. એનેટ, આર્યનના દાદા. મોસાળ પક્ષઃ ડેડાણવાળા નાનજી જીવાભાઈ મહેતા પરિવાર, શ્વસુર પક્ષઃ ભાદરોડવાળા ત્રિભોવનદાસ હેમરાજ પારેખ. પ્રાર્થના સભાઃ મંગળવાર ૫.૫. ૨૬, સાંજે ૫.થી ૬:૩૦ સ્થળઃ ભારતીય વિદ્યાભવન ઑડિટોરિયમ, કે. એમ. મુનશી રોડ, ગિરગામ ચોપાટી, મુંબઈ.

## ઉદ્ધવ સેનાના

આધારિત છે. મતદારો સુદ્ધાં વિચારે છે કે તેમને કેટલા પૈસા મળશે. મેં હંમેશાં પક્ષ પ્રત્યે આદર રાખ્યો છે. જેમણે મને મોટો બનાવ્યો છે તેમની સાથે મેં ક્યારેય દગો કર્યો નથી. આ મારા સ્વભાવમાં નથી. જોકે, આવતીકાલે પરિસ્થિતિ શું હશે તે વિશે કશું ન કહી શકાય'. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પછી એવી ચર્ચા થઈ રહી છે કે શિવસેના (યુબીટી)ના ઘણા સંસદ સભ્યો પક્ષપલટો કરશે. ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળના શિવસેના (યુબીટી)ના લોકસભામાં આઠ સંસદ સભ્યો છે. (પીટીઆઈ) ■

## શિવસેના અને ભાજપ

ગઠબંધનના સંભવિત ભવિષ્ય વિશે તેમના મંત્રીમંડળમાં બે શિવસેના મંત્રીઓના નિવેદનો પર ટિપ્પણી કરવા માટે પૂછવામાં આવતા, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે આવા મુદ્દાઓ પર ફક્ત તેમના ઉપરીઓ અને શિવસેના પ્રમુખ એકનાથ શિંદે જ બોલી શકે છે. ''જો એકનાથ શિંદે કોઈ નિવેદન આપે તો મને પ્રશ્ન પૂછવામાં આવી શકે છે, નહીં તો પ્રશ્ન પક્ષ (ભાજપ)ના પ્રવક્તાને પૂછવો જોઈએ,'' એમ તેમણે કહ્યું હતું. ''દરેક પક્ષ પોતાની રીતે (ચૂંટણી માટે) તૈયારી કરે છે,'' એમ ભાજપના નેતાએ ઉમેર્યું હતું. ■

## નાશિક કોર્ટે

કેટલીક મહિલા કર્મચારીઓના તેમના પુરુષ સાથીદારો દ્વારા જાતીય સતામણીના નવ કેસની તપાસ કરી રહી છે.

એસઆઇટીએ નવ એફઆઈઆર નોંધી એક મહિલા ઓપરેશન મેનેજર સહિત આઠ જણની ધરપકડ કરી છે.

ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (ટીસીએસ)એ ગયા મહિને જણાવ્યું હતું કે કંપનીએ લાંબા સમયથી કોઈપણ પ્રકારની ઉત્પીડન અને બળજબરી પ્રત્યે કોઈ સહિષ્ણુતા નહીં દેખાડવાની નીતિ અપનાવી છે. (પીટીઆઈ) ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# પુણેમાં પાપ આરોપીની માનસિકતા વિકૃત?:

## અગાઉ પણ કુકર્મના ગુના

### ભત્રીજી અને ૭૫ વર્ષની વૃદ્ધા પર જાતીય હુમલાના કેસમાં પણ ધરપકડ થયેલી, પણ પુરાવાને અભાવે છૂટી ગયો હતો

પુણેઃ પુણેના ભોર તાલુકાના નસરાપુરમાં ચાર વર્ષની માસૂમ બાળકી સાથે દુષ્કર્મ કર્યા પછી બેરહેમીથી તેની હત્યા કરવાના કેસમાં ધરપકડ કરાયેલા ૬૫ વર્ષના આરોપી ભીમરાવ કાંબળેની માનસિકતા વિકૃત હોવાનું જણાય છે. ભત્રીજી અને ૭૫ વર્ષની વૃદ્ધા પર જાતીય હુમલામાં કેસમાં અગાઉ પણ પોલીસે તેની ધરપકડ કરી હતી, પરંતુ પુરાવાને અભાવે કોર્ટે તેને છોડી મૂક્યો હતો.

પુણેના નસરાપુરમાં ચાર વર્ષની બાળકી સાથે અમાનુષી કૃત્ય આચરવાના કેસમાં પોલીસે ભીમરાવ કાંબળેની ધરપકડ કરી હતી. તપાસ દરમિયાન આરોપીના ગુનાહિત ભૂતકાળની તપાસ કરતાં પોલીસ પણ અચંબામાં પડી ગઈ હતી. તેની વિરુદ્ધ ૧૯૯૮ અને ૨૦૧૫માં પણ આવા જ પ્રકારના ગુના નોંધાયેલા હોવાનું પોલીસ રેકોર્ડ પરથી સામે આવ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ પોતાની સગી ભત્રીજી સાથે કુકર્મની ફરિયાદ આરોપી વિરુદ્ધ થઈ હતી. તે સમયે પોલીસે તેની ધરપકડ કરી હતી. એ સિવાય ૭૫ વર્ષની વૃદ્ધા પર જાતીય હુમલાનો પણ તેના પર આરોપ હતો. આ બન્ને કેસમાં

(જુઓ પાનું ૪) ▸▸

### ઘટનાક્રમ...

**શુક્રવાર**

| | |
|---|---|
| ૩.૦૦ | બાળકી રામ મંદિર પરિસરમાં છેલ્લે દેખાઈ |
| ૩.૪૫ | બાળકી ઘરે પાછી ન ફરતાં નાનીએ શોધખોળ શરૂ કરી |
| ૪.૦૦ | નસરાપુર ગામવાસીઓ શોધવા નીકળ્યા |
| ૪.૩૦ | ગામના સીસીટીવીમાં આરોપી બાળકી સાથે દેખાયો |
| ૫.૩૦ | ગામવાસીઓએ આરોપીને બનેશ્વર ફાટા પાસેથી પકડ્યો |
| ૬.૦૦ | છાણના ઢગલામાંથી બાળકીનું શબ બહાર કઢાયું |
| ૭.૦૦ | ઘટનાસ્થળે પોલીસને ઘેરવામાં આવી |
| ૮.૦૦ | રાજગડ પોલીસ સ્ટેશનને ઘેરાવ |
| ૯.૦૦ | ગામવાસીઓનું મુંબઈ-બેંગલુરુ હાઈવે પર રસ્તારોકો |
| ૧૧.૦૦ | એસપી ગિલની મધ્યસ્થી. આંદોલન પાછું ખેંચાયું |

**શનિવાર**

| | |
|---|---|
| ૭.૦૦ | નસરાપુરમાં બંધ |
| ૯.૦૦ | ફોરેન્સિકની ટીમ ઘટનાસ્થળે પહોંચી |
| ૧૦.૦૦ | ભૈરવનાથ મંદિરથી મોરચો |
| ૧૧.૦૦ | મોરચાનું આંદોલનમાં રૂપાંતર |
| ૧૨.૪૦ | રાજકારણીઓની મધ્યસ્થીથી મોરચો સ્થગિત |

## ફડણવીસ પણ મૃત્યુદંડની તરફેણમાં

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે પુણે જિલ્લામાં એક સગીર છોકરી પર થયેલા બળાત્કાર અને હત્યાની નિંદા કરી ભારપૂર્વક જણાવ્યું હતું કે રાજ્ય સરકાર આરોપીઓને મૃત્યુદંડની સજાની માંગ કરશે અને ફાસ્ટ-ટ્રેક ટ્રાયલ થાય એની તકેદારી રાખશે. મીડિયાને સંબોધી સીએમએ કહ્યું હતું કે 'ભોરમાં બનેલી ઘટના અત્યંત નિંદનીય છે. આરોપીની ધરપકડ કરવામાં આવી છે અને આકરામાં આકરી સજા માટે આગ્રહ રાખવામાં આવશે. આ કેસ ફાસ્ટ-ટ્રેક કોર્ટમાં ચલાવવામાં આવશે.' આ (જુઓ પાનું ૪) ▸▸



**આક્રોશઃ** પુણેમાં બાળકી પર બળાત્કાર અને હત્યાનો ગુનો બન્યા બાદ સ્થાનિકોમાં ભારે આક્રોશ ભભૂકી ઊઠ્યો હતો અને આરોપીને ગામવાસીઓને હવાલે કરવાની માગણી સાથે ગામવાસીઓ એકઠા થઈ ગયા હતા, જેમને પોલીસવાળાઓએ માંડ માંડ સમજાવીને પાછા કાઢ્યા હતા.

## રાજ્યમાં દરરોજ ૨૪ અત્યાચારઃ રોહિત પવાર

પુણેઃ પુણે જિલ્લાના ભોર તાલુકાના નસરાપુર ગામમાં ચાર વર્ષની બાળકી પર બળાત્કાર કરીને તેની હત્યા કરવામાં આવી હોવાની હિચકારી ઘટના બની એને પગલે શનિવારે નસરાપુર ગામમાં બંધ પાળવામાં આવ્યો હતો. ગ્રામજનોએ આ ઘટના અંગે તીવ્ર રોષ પ્રગટ કરી હત્યારાને ફાંસીની સજા ફટકારવાની માગણી કરી છે. શનિવારે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી - એસપી)ના વિધાન સભ્ય રોહિત પવાર બાળકીના પરિવારને મળ્યા હતા. ત્યારબાદ મીડિયા સાથેની વાતચીતમાં રોહિત પવારે મહારાષ્ટ્રમાં શક્તિ અધિનિયમ લાગુ કરવાની માગ કરી હતી.

રોહિત પવારે પત્રકાર પરિષદમાં કહ્યું કે શુક્રવારે જોવા મળેલો આક્રોશ યોગ્ય હતો. આવી ઘટના બને તો લોકોનો રોષ ભભૂકી ઊઠે. સુપ્રિયા તાઈએ શુક્રવારે એસપી સાથે આ અંગે ચર્ચા કરી હતી. મેં આજે એસપી સાથે વાત કરી હતી. આ ગુનેગાર બે વાર આવી જ ઘટનામાં પકડાયો હોવા છતાં જામીન પર બહાર આવ્યો હતો. તેણે ત્રીજી ઘટના કરવાની હિંમત કેવી રીતે કરી? જો તે ફરી જામીન પર બહાર આવશે, તો આ કાયદાનો અર્થ શું? અહીંના લોકોની આ લાગણી છે.

રોહિત પવારે વધુમાં જણાવ્યું હતું કે 'મુખ્ય પ્રધાને ફાસ્ટ ટ્રેક કોર્ટની માગણી સ્વીકારી છે. એસપીએ કહ્યું કે પંદર દિવસમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવશે અને આરોપીઓને સજા કરવામાં આવશે. આ રાજ્યમાં એપ્રિલ ૨૦૨૬માં બીડમાં ૧૬ વર્ષની સગીર છોકરી પર બળાત્કાર થયો હતો. જાન્યુઆરી ૨૦૨૬માં બદલાપુરની ઘટના બની હતી. એપ્રિલ ૨૦૨૬માં બારામતીમાં દસ વર્ષની છોકરી પર જાતીય શોષણ થયું હતું. રાજ્યમાં દરરોજ ૨૪ અત્યાચાર થઈ રહ્યા છે. એટલે કે દર કલાકે એક ઘટના બની રહી છે. દર વર્ષે મહારાષ્ટ્રમાં ૫૦ હજાર મહિલાઓ પર અત્યાચારના ગુનાઓ થઈ રહ્યા છે. મહારાષ્ટ્રમાં કાયદો અને વ્યવસ્થા કથળી ગઈ છે. શું ગુનેગારોને હવે કાયદાનો ડર નથી રહ્યો?' ■

## છાણના ઢગલામાંથી શબ મળ્યું

ઘર નજીક રમવા ગયેલી બાળકી એકાએક ગુમ થઈ જતાં ગામવાસીઓએ તેની શોધખોળ શરૂ કરી હતી. લગભગ આખું ગામ ખૂંદી વળ્યા છતાં બાળકીની કોઈ ભાળ મળી નહોતી. ગામની મોટી ગટરો, નાળું અને ઝાડીઝાંખરાંમાં શોધ કરવામાં આવી હતી. બાળકી ક્યાંય નજરે ન પડતાં ગામવાસીઓ વિચારમાં પડી ગયા હતા. દરમિયાન સીસીટીવી કૅમેરાનાં ફૂટેજમાં દેખાયેલા આરોપીને પકડી પાડવામાં આવ્યો હતો. શરૂઆતમાં તેણે ઉડાઉ જવાબ આપ્યા હતા, પરંતુ ગામવાસીઓએ ઢોરમાર મારતાં તેણે બાળકી ક્યાં હોવાનું જણાવ્યું હતું. ગામવાસીઓના આશ્ચર્ય વચ્ચે બાળકીને તબેલામાં છાણના ઢગલા નીચે સંતાડવામાં આવી હોવાનું આરોપીએ કબૂલ્યું હતું. તપાસ કરતાં ઢગલામાંથી બાળકીનો મૃતદેહ મળી આવ્યો હતો. ■

## ૧૫ દિવસમાં ચાર્જશીટ અને ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસ ચલાવવાની એસપીની ખાતરી

બાળકી સાથે અધમ કૃત્ય કરનારા આરોપી સામે તાત્કાલિક પગલાં લેવાની સાથે તેને ફાંસીએ ચઢાવવાની માગણી ગામવાસીઓએ કરી હતી. રસ્તા પર ઊતરેલા ગામવાસીઓને શાંત પાડવા પુણે (ગ્રામીણ)ના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ સંદીપ સિંહ ગિલ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પોલીસની સમજાવટ છતાં ગામવાસીઓનો રોષ ઠંડો પડતો નહોતો. આખરે ગિલે આંદોલનકારીઓને ખાતરી આપી હતી કે આ કેસમાં ૧૫ દિવસમાં જ આરોપનામું કોર્ટમાં રજૂ કરવામાં આવશે. વળી, આરોપીને વહેલી સજા થાય તે માટે કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવવામાં આવશે. પોલીસની ખાતરી પછી આંદોલન સમેટાયું હોવા છતાં રહેવાસીઓમાં ભારોભાર રોષ ધરબાયેલો હોવાનું કહેવાય છે. ■

## સગીર બાળકી બળાત્કાર - હત્યા કેસના આરોપીને ફાંસી આપોઃ ભૂતપૂર્વ ગૃહ પ્રધાન

નાગપુર : મહારાષ્ટ્રના ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અને એનસીપી (એસપી) નેતા અનિલ દેશમુખે શનિવારે પુણે જિલ્લામાં ચાર વર્ષની બાળકી પર યૌન શોષણ અને હત્યાના કેસમાં ધરપકડ કરાયેલા આરોપીઓને ફાંસીની સજા ફટકારવાની માગણી કરી છે.

દેશમુખએ રાજ્ય અને કેન્દ્ર સરકાર પર જાતીય ગુનાઓને રોકવા માટે સૂચિત શક્તિ અધિનિયમના અમલીકરણની બાબત એકબીજા પર ઢોળી દેવાનો આરોપ પણ કર્યો હતો. આ ગુનો ભોર જિલ્લાના એક ગામમાં આચરવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર ૬૫ વર્ષની વ્યક્તિએ કથિત સ્વરૂપે બાળકને ખાવાનું આપવાની લાલચ આપી તેને ઢોરના શેડમાં લઈ જઈ તેના પર બળાત્કાર કરી તેની હત્યા કરી હતી.આ ઘટનાને અત્યંત ઘૃણાસ્પદ ગણાવી દેશમુખે સોશ્યલ મીડિયા પ્લેટફૉર્મ 'એક્સ' પર જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર દિનના દિવસે બનેલી આવી ઘટના રાજ્ય માટે શરમજનક છે. આ કેસની સુનાવણી ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કરી આરોપીને તાત્કાલિક ફાંસીની સજા ફટકારવામાં આવે એવી માગણી પણ તેમણે કરી હતી. આરોપીએ ભૂતકાળમાં પણ નાનાં બાળકોની સતામણી કરી હતી એમ જણાવી એનસીપી (એસપી) નેતાએ ઉમેર્યું હતું કે આવા ગુનેગારો સમાજમાં મુક્તપણે કેવી રીતે ફરે છે? મહા વિકાસ આઘાડી સરકારના કાર્યકાળમાં હું ગૃહ પ્રધાન હતો, ત્યારે અમે શક્તિ અધિનિયમને મંજૂરી આપી હતી, જે કેન્દ્ર સરકારની અંતિમ મંજૂરી માટે બાકી છે.

આ ખરડો અગાઉ રાજ્ય વિધાનસભામાં પસાર થઈ ગયો હતો. ગૃહ વિભાગનો પણ અખત્યાર સંભાળતા ફડણવીસે કહ્યું હતું કે શક્તિ બિલ ૨૦૨૦ માં રાજ્ય વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવ્યું હતું અને રાષ્ટ્રપતિની મંજૂરી માટે કેન્દ્રને મોકલવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિએ ખરડો પાછો મોકલી દીધો હતો. (પીટીઆઈ)■

## દહિસર-ભાયંદર લિંક રોડ સાઈટ પર ક્રેન તૂટી પડતાં બેનાં મોત

### એક્સિડન્ટની વીજેટીઆઈના નિષ્ણાતોની ટીમ કરશે તપાસઃ દોષી સામે આકરાં પગલાંની પાલિકાની ચીમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દહિસર-ભાયંદર લિંક રોડ પ્રોજેક્ટના કાસ્ટિંગ યાર્ડમાં શનિવારે પ્લેટફોર્મ તૂટી પડતા બે કામદારનાં મૃત્યુ થયાં હતાં. આ દુર્ઘટના બાદ મુંબઈ મહાનગરપાલિકાએ પૂરી દુર્ઘટનાની તાત્કાલિક નિષ્પક્ષ તપાસ કરવાનું આશ્વાસન આપ્યું હતું અને તપાસમાં કામગારોની સુરક્ષામાં ત્રુટી જણાઈ આવી તો સંબંધિત કૉન્ટ્રેક્ટર સામે આકરાં પગલાં લેવાની ચીમકી આપી હતી. તેમ જ પૂરી ઘટનાની વીરમાતા જિજાબાઈ ટૅક્નોલૉજીકલ ઈન્સ્ટિટ્યૂટ (વીજેટીઆઈ)ના નિષ્ણાતો દ્વારા તપાસનો આદેશ પણ આપ્યો હતો.

દહિસર-ભાયંદર લિંક રોડના કામ માટે એલ એન્ડ ટી કંપનીએ ઊભા કરેલા કન્સ્ટ્રકશન સાઈટ પર શનિવારે બપોરના ૧૨.૩૦ વાગે કામ ચાલી રહ્યું હતું ત્યારે ત્યાં ઊભું કરવામાં આવેલું પ્લેટફોર્મ તૂટી પડયું હતું, જેમાં બે કામગાર ગંભીર રીતે જખમી થયા હતા. મૃતકમાં ૨૮ વર્ષનો રઘુનાથ દાસ અને ૪૫ વર્ષના કના સિંહનો સમાવેશ થાય છે. આ દુર્ઘટનામાં અન્ય કામદારો પણ જખમી થયા હતા. આ સંદર્ભમાં

(જુઓ પાનું ૪) ▸▸

## શિવસેના અને ભાજપ ૨૦૨૯માં સ્વતંત્ર રીતે ચૂંટણી લડી શકે છેઃ સંજય શિરસાટ

મુંબઈઃ શિવસેનાના પ્રધાન સંજય શિરસાટે શનિવારે કહ્યું હતું કે મહાયુતિના ઘટક પક્ષો હોવા છતાં તેમનો પક્ષ અને ભાજપ ૨૦૨૯ની વિધાનસભા ચૂંટણી સ્વતંત્ર રીતે લડી શકે છે.

''શું ભાજપ ૨૦૨૯માં એકલા ચૂંટણી લડી શકે છે? શું શિવસેના એકલા ચૂંટણી લડી શકે છે?'' એવા સવાલના જવાબમાં શિરસાટે કહ્યું હતું કે હા, તે કરી શકે છે. આગામી ચૂંટણીઓ કોઈ ચોક્કસ રીતે લડવી જોઈએ તેવો કોઈ બંધન કે કરાર નથી. શિવસેના-ભાજપ ગઠબંધન (૨૦૧૪માં) એક બેઠક (વિવાદ)ને કારણે તૂટી ગયું. સામાજિક ન્યાય ખાતાના પ્રધાન શિરસાટે કહ્યું કે પક્ષો પોતાના દમ પર ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યા છે તેમાં કંઈ ખોટું નથી.

તેમણે ઉમેર્યું કે શિવસેના પાસે આવનારા પડકારનો સામનો કરવાની તાકાત છે.

શિરસાટના કેબિનેટ સાથી અને સાથી સેના નેતા ઉદય સામંતે કહ્યું કે તેમણે જે કહ્યું તેમાં કંઈ ખોટું નથી. ''દરેક પક્ષને વિસ્તરણ કરવાનો અધિકાર છે,'' એમ સામંતે કહ્યું હતું. ભાજપની આગેવાની હેઠળના

(જુઓ પાનું ૪) ▸▸

## ઉદ્ધવ સેનાના એમપી સંજય જાધવની ડબલ ઢોલકી

### વિશ્વાસઘાત મારા સ્વભાવમાં નથી, પરંતુ આવતી કાલે કંઈ પણ થઈ શકે છે

પરભણીઃ શિવસેનાના સંસદ સભ્ય સંજય જાધવે પેટ છૂટી વાત કરી છે. તેમણે જણાવ્યું છે કે રાજકીય કારકિર્દીમાં મને આગળ વધારી સંસદ સભ્ય બનાવનારા સાથે વિશ્વાસઘાત કરવો મારા સ્વભાવમાં નથી, પણ આવતીકાલે સંજોગો બદલાય ત્યારે શું થાય એ વિશે કંઈ કહી ન શકાય. એમપીના આ વિધાનને પગલે પક્ષ સાથે કોઈ મતભેદ થયો હોવાની અટકળો વહેતી થઈ છે.

રાજ્યના મરાઠવાડા ક્ષેત્રમાં પરભણીથી ત્રણ વખત સંસદ સભ્ય તરીકે ચૂંટાયેલા જાધવે જણાવ્યું હતું કે રાજકારણ હવે સામાજિક કાર્ય પર આધારિત નથી, પરંતુ આર્થિક પરિબળો પર (જુઓ પાનું ૪) ▸▸

## 'ગૉડમૅન' અશોક ખરાતની કસ્ટડી માટે ઈડી કોર્ટમાં

### બેનામી બૅન્ક ખાતાઓમાં ૭૦ કરોડના મની લૉન્ડરિંગની તપાસ ઈડી કરી રહી છે

મુંબઈઃ મહિલાઓની જાતીય સતામણીના કેસમાં ધરપકડ કરાયેલા નાશિકના 'ગૉડમૅન' અશોક ખરાત ફરતે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી) ગાળિયો ભેરવી રહી છે. ખરાતે કરેલા આર્થિક વ્યવહારો અને મની લૉન્ડરિંગની તપાસ માટે ઈડીએ સ્પેશિયલ પીએમએલએ કોર્ટમાં પ્રોડક્શન વૉરન્ટ માટે અરજી કરી હતી.

ઈડીએ છઠ્ઠી એપ્રિલે ખરાત વિરુદ્ધ પ્રિવેન્શન ઑફ મની લૉન્ડરિંગ ઍક્ટ (પીએમએલએ) હેઠળ ગુનો નોંધ્યો હતો. નાશિક પોલીસે ખરાત વિરુદ્ધ

(જુઓ પાનું ૪) ▸▸

## નાશિક કોર્ટે ટીસીએસ કર્મચારી નિદા ખાનને ધરપકડ પૂર્વે જામીન આપવાનો ઇનકાર કર્યો

નાશિકઃ ટીસીએસના નાશિક યુનિટમાં કથિત જાતીય સતામણી અને બળજબરીથી ધર્મ પરિવર્તન સંબંધિત કેસમાં આરોપી નિદા ખાનની આગોતરા જામીન અરજી નાશિકની અદાલતે શનિવારે ફગાવી દીધી હતી. ફરિયાદ પક્ષે કસ્ટડીમાં તેની પૂછપરછની જરૂરિયાત પર ભાર મૂક્યો હોવાથી જામીન અરજી ફગાવવામાં આવી હતી.

સરકારી વકીલ અજય મિસરે સંવાદદાતાઓને જણાવ્યું હતું કે 'આ ગુનો ગંભીર છે. નિદા ખાન મુખ્ય આરોપીમાંની એક હોવાથી તેની કસ્ટડીમાં પૂછપરછ જરૂરી છે. અદાલતે આજે નિદા ખાનની જામીન અરજી ફગાવી દીધી છે. અંતિમ આદેશ ટૂંક સમયમાં રજૂ કરવામાં આવશે.'

એફઆઈઆર અનુસાર ખાને કથિત રીતે મહિલા કર્મચારીઓને ઇસ્લામિક પરંપરા અનુસાર પોશાક પહેરવાની અને વર્તન કરવાની સલાહ આપી હતી. નિદા ખાને ગર્ભાવસ્થાનું કારણ આપી ધરપકડ પૂર્વે જામીન માંગ્યા હતા. પોલીસે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રના વિવિધ ભાગોમાં આરોપીની શોધ ચાલી રહી છે.

નાશિક પોલીસની સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) આઈટી કંપનીના નાશિક યુનિટમાં

(જુઓ પાનું ૪) ▸▸

## રૂપાલીની બહેન પ્રતિભા ચાકણકરને ઈડીના સમન્સ

મુંબઈઃ રાજ્ય મહિલા પંચની ભૂતપૂર્વ અધ્યક્ષ રૂપાલી ચાકણકરની બહેન પ્રતિભા ચાકણકર પણ ઈડીના સકંજામાં સપડાઈ છે. અશોક ખરાત કેસ સાથે કડી ધરાવતા મની લૉન્ડરિંગ પ્રકરણમાં ઈડીએ પ્રતિભા અને તેના પુત્ર તન્મય ચાકણકરને સમન્સ મોકલાવ્યા છે. સમતા નાગરી કોઓપરેટિવ ક્રેડિટ સોસાયટીમાંના આર્થિક વ્યવહાર પ્રકરણે બન્નેની પૂછપરછ કરવામાં આવશે. ઈડીએ બન્નેને સમન્સ મોકલાવી આવતા સપ્તાહે પૂછપરછ માટે હાજર રહેવાનું

(જુઓ પાનું ૪) ▸▸

## થાણેમાં સિલિન્ડર ગળતરથી આગ લાગીઃ કોઈ જખમી નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ થાણે જિલ્લાના મુંબ્રામાં ગ્રાઉન્ડ પ્લસ ચાર માળની બિલ્ડિંગના ચોથા માળના એક ફ્લેટમાં ગેસ સિલિન્ડરના નોજલ પાઈપમાં થયેલા ગળતરને કારણે આગ ફાટી નીકળી હતી. સ્થાનિક નગરસેવકની સર્તકતાને કારણે મોટી દુર્ઘટના ટળી હતી અને સમયસર આગ નિયંત્રણમાં લાવવાને કારણે જાનહાનિ ટળી હતી.

મુંબ્રામાં અમૃત નગર, દર્ગા ગલીમાં મહારાજા કોર્નર નજીક એમ.કે. કમ્પાઉન્ડમાં ગ્રાઉન્ડ પ્લસ ચાર માળની એમ.કે. બિલ્ડિગ આવેલી છે. બિલ્ડિંગના ચોથા માળના ફ્લેટ નંબર ૪૦૮માં (જુઓ પાનું ૪) ▸▸

## સીએસએમટીમાં પ્લેટફોર્મ પર આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ(સીએસએમટી) પર શનિવારે કન્સ્ટ્રકશન મટિરિયલમાં આગ ફાટી નીકળી હતી. સદ્નસીબે આ દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું. મધ્ય રેલવેના પ્રવક્તાના જણાવ્યા મુજબ સીએસએમટી પરિસરમાં રેલવે લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટીની વર્ક સાઈટ પર પ્લેટફૉર્મ નંબર ૧૮ના કલ્યાણ તરફના છેડા પર આગની દુર્ઘટના બની હતી. સીએસએમટી વર્લ્ડ ક્લાસ સ્ટેશન પ્રોજેક્ટના ભાગરૂપે રેલવે લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા નવી ડિવિઝનલ રેલવે મેનેજરની ઓફિસનું કામ કરવામાં આવી રહ્યું છે. શનિવારે રેલવે પરિસરમાં પ્લેટફોર્મ નંબર ૧૮ના છેવાડે રો-મટિરિયલમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગ્રેડે પહોંચીને આગ પર નિયંત્રણ મેળવ્યું હતું. જોકે કુલિંગ ઓપરેશન મોડે સુધી ચાલ્યું હતું. ■

## મહારાષ્ટ્રમાં બારમા ધોરણમાં કન્યાઓ છોકરાઓ કરતાં આગળ

પુણે : મહારાષ્ટ્ર સ્ટેટ બોર્ડે શનિવારે ધોરણ ૧૨ની પરીક્ષાનું પરિણામ ૮૯.૭૯ ટકા પાસ ટકાવારી સાથે જાહેર કર્યું છે. રાજ્યમાં છોકરીઓએ ફરી એકવાર છોકરા કરતા આગળ નીકળી ગઈ છે. મહારાષ્ટ્ર સ્ટેટ બોર્ડ ફોર સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશનના અધ્યક્ષ ત્રિગુન કુલકર્ણીએ જાહેર કરેલા પરિણામો અનુસાર ૯૩.૧૫ ટકા છોકરીઓ પાસ થઈ છે, જ્યારે છોકરાઓ ૮૬.૮૦ ટકા પાસ સાથે પછીના ક્રમે છે.

એચએસસી પરીક્ષા માટે કુલ ૧૪ લાખ ૪૪ હજાર ૭૧૩ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું અને ૧૪ લાખ ૩૩ હજાર ૫૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૧૨ લાખ ૮૬ હજાર ૮૪૩ વિદ્યાર્થીઓ પાસ થયા હતા.

કોંકણ વિભાગમાં સૌથી વધુ ૯૪.૧૪ ટકા વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા હતા. ત્યારબાદ પુણેમાં ૯૧.૨૫ ટકા, અમરાવતીમાં ૯૦.૯૨ ટકા, નાશિકમાં ૯૦.૭૨ ટકા, મુંબઈમાં ૯૦.૦૮ ટકા, કોલ્હાપુરમાં ૮૯.૯૭ ટકા, છત્રપતિ સંભાજીનગરમાં ૮૮.૬૮ ટકા અને લાતુરમાં ૮૪.૧૪ ટકા વિદ્યાર્થી પાસ થયા છે. વિજ્ઞાન પ્રવાહમાં પાસ ટકાવારી ૯૬.૪૪ ટકા છે.

(પીટીઆઈ) ■

# મુંબઈએ આબરૂ કાઢીઃ ફરી હારી, ક્વોલિફાઇ થવાની આશા નહીંવત્



ચેન્નઈઃ આઇપીએલના ઇતિહાસની બે સૌથી સફળ પણ આ સીઝનની સૌથી ફ્લોપ બે ટીમો ચેન્નઈ સુપરકિંગ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચેની અહીં રમાયેલી મેચ ચેન્નઈએ ૧૧ બોલ બાકી હતા ત્યારે આઠ વિકેટે જીતી લીધી હતી. આમ અત્યાર સુધીની નવમાંથી સાત મેચ હારી ગયેલી મુંબઈની ટીમ માટે હવે ક્વોલિફાઇ થવાની આશા સાવ નહીંવત છે. આ સાથે નવ મેચમાં ચાર મેચ જીતીને આઠ પોઇન્ટ સાથે ચેન્નઇ હજીય ક્વોલિફાઇ થવાની રેસ છે.

મુંબઈના ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૫૯ રનના સાવ સામાન્ય સ્કોરનો પીછો કરવા માટે મેદાનમાં ઊતરેલી ચેન્નઈની ટીમના કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ (૪૮ બોલ, ૬૭ રન)એ કેપ્ટન્સ ઇનિંગ રમી હતી અને નવોદિત કાર્તિક શર્મા (૪૦ બોલ, ૫૪ રન)એ ૯૮ રનની ત્રીજી વિકેટ માટેની ભાગીદારી કરીને ચેન્નઈને આસાનીથી જીત અપાવી હતી.

મુંબઈ તરફથી ફરી જસપ્રીત બુમરાહ પ્રભાવશાળી રહ્યો હતો જ્યારે રઘુ શર્માએ ઇકોનોમિકલ બોલિંગ નાખી હતી.

મુંબઈ ઈન્ડિયન્સે ચેન્નઈ સુપર કિંગ્સને ૧૬૦ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરનારા મુંબઈ ઈન્ડિયન્સે નમન ધીરની અડધી સદીની મદદથી ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૫૯ રન કર્યા હતા. ચેન્નઈ તરફથી કંબોજે ત્રણ અને નૂરે બે વિકેટ લીધી હતી, જ્યારે રામકૃષ્ણ અને ઓવરટને એક-એક વિકેટ લીધી હતી.

કેપ્ટન હાર્દિક પંડ્યાએ ૨૩ બોલમાં ફક્ત ૧૮ રન કર્યા હતા. ત્રીજા નંબર પર બેટિંગ કરતા નમન ધીરે ૩૭ બોલમાં ૫૭ રન કર્યા હતા. રિકેલ્ટને ૨૪ બોલમાં ૩૭ રન ફટકાર્યા હતા.

અગાઉ પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી મુંબઈ ઈન્ડિયન્સની શરૂઆત ખરાબ રહી હતી. બીજી ઓવરમાં વિલ જેક્સ ફક્ત એક રન કરીને આઉટ થયો હતો. ત્યારબાદ રિકેલ્ટને સારી ઇનિંગ રમી, પરંતુ ૭મી ઓવરમાં તે આઉટ થયો હતો. આ મેચમાં સૂર્યકુમારે ૧૨ બોલમાં ૨૧ રન કર્યા હતા. નમન ધીરે ૩૭ બોલમાં ૫૭ રનની ઇનિંગ રમી હતી.

રોહિત શર્માને સતત પાંચમી મેચ માટે બેન્ચ પર રાખવામાં આવ્યો હતો. રઘુ શર્માને ડેબ્યૂ કરવાની તક આપવામાં આવી હતી. ક્રિશ ભગતની વાપસી થઈ છે. ચેન્નઈ સુપર કિંગ્સે પણ પ્લેઈંગ-૧૧માં બે ફેરફાર કર્યા હતા. ગુરજનપીત સિંહની જગ્યાએ રામકૃષ્ણ ઘોષ અને અકીલ હુસૈનની જગ્યાએ પ્રશાંત વીરને ટીમમાં સ્થાન મળ્યું હતું.

**ચેન્નઈના વિજયના શિલ્પીઓ હતા કાર્તિક શર્મા અને ઋતુરાજ ગાયકવાડ.**

# વૈભવને આઉટ કરી આક્રમક સેલિબ્રેશન કર્યું જેમિસનને પડ્યું ભારે, દંડાયો



જયપુરઃ દિલ્હી કેપિટલ્સના ફાસ્ટ બોલર કાઈલ જેમિસનને ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) મેચ દરમિયાન રાજસ્થાન રોયલ્સના યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીને આઉટ કર્યા બાદ 'આંખ બતાવવા' બદલ એક ડિમેરિટ પોઇન્ટ આપવામાં આવ્યો છે.

આઈપીએલએ એક નિવેદનમાં કહ્યું હતું કે ''જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં રાજસ્થાન રોયલ્સ સામેની મેચ દરમિયાન જેમિસને ખેલાડીઓ અને ટીમ અધિકારીઓ માટે આઈપીએલ આચારસંહિતાના લેવલ ૧નું ઉલ્લંઘન કર્યું હતું, જેના માટે તેને એક ડિમેરિટ પોઇન્ટ અને ચેતવણી આપવામાં આવી છે.''

ન્યૂ ઝીલેન્ડના આ ફાસ્ટ બોલરે આઈપીએલ આચારસંહિતાની કલમ ૨.૫નું ઉલ્લંઘન કર્યું હોવાનું જાણવા મળ્યું છે, જે ''બીજા ખેલાડીનું અપમાન કરે તેવી ભાષા, ક્રિયાઓ અથવા ઈશારાઓનો ઉપયોગ કરવા અથવા આક્રમક પ્રતિક્રિયા આપવા માટે ઉશ્કેરવા'' સંબંધિત છે.

રાજસ્થાન રોયલ્સની ઇનિંગ્સની બીજી ઓવરમાં આ ઘટના બની હતી જ્યારે જેમિસને ૧૫ વર્ષીય સૂર્યવંશીને આઉટ કર્યા પછી આક્રમક સેલિબ્રેશન કર્યું હતું. સૂર્યવંશીએ કોઈ પ્રતિક્રિયા આપી ન હતી. જેમિસને ગુનો સ્વીકાર્યો અને મેચ રેફરી રાજીવ સેઠ દ્વારા આપવામાં આવેલી સજાનો સ્વીકાર કર્યો છે. દિલ્હી કેપિટલ્સે મેચ સાત વિકેટથી જીતી લીધી હતી. ■

# મહિલા ટી-૨૦ વર્લ્ડ કપ માટે ભારતીય ટીમ જાહેર, યાસ્તિકા અને નંદિનીને મળી તક

મુંબઈઃ આઈસીસી મહિલા ટી-૨૦ વર્લ્ડ કપ માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. તાજેતરમાં વન-ડે વર્લ્ડ કપ જીતનાર હરમનપ્રીત કૌરને ટીમની કેપ્ટનશિપ સોંપવામાં આવી છે. ટીમમાં સ્મૃતિ મંધાના અને જેમિમાહ રોડ્રિગ્સ જેવી સ્ટાર ખેલાડીઓનો સમાવેશ થાય છે. ભારતીય ટીમ ૧૪ જૂને કટ્ટર હરીફ પાકિસ્તાન સામે ટૂર્નામેન્ટમાં પોતાની પ્રથમ મેચ રમશે.

ટીમમાં શેફાલી વર્મા, દીપ્તિ શર્મા, ઋચા ઘોષ અને રેણુકા ઠાકુર જેવી ખેલાડીઓનો સમાવેશ થાય છે. સ્મૃતિ મંધાનાને વાઈસ કેપ્ટન બનાવવામાં આવી છે. બેટ્સમેન હરલીન દેઓલને સ્થાન મળ્યું નથી. ભારતી ફુલમાલી અને નંદિની શર્મા જેવી યુવા ખેલાડીઓનો પણ ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ૧૫ ખેલાડીઓની ટીમમાં નંદિની શર્મા અને વિકેટકીપર બેટ્સમેન યાસ્તિકા ભાટિયાને સ્થાન મળ્યું છે. પ્રતીકા રાવલ અને ઓલરાઉન્ડર અમનજોત કૌરને ટીમમાં સ્થાન મળ્યું નથી. મુંબઈમાં ભારતીય ક્રિકેટ બોર્ડના મુખ્યાલયમાં પસંદગી સમિતિની બેઠક બાદ ટીમની જાહેરાત કરવામાં આવી હતી. ભારતે ગયા વર્ષે વન-ડે વર્લ્ડ કપ જીત્યો હતો અને હવે તેની નજર તેના પ્રથમ ટી-૨૦ વર્લ્ડ કપ ટાઇટલ પર રહેશે. મહિલા ટી-૨૦ વર્લ્ડ કપ ૧૨ જૂનથી પાંચ જુલાઈ દરમિયાન ઇંગ્લેન્ડ અને વેલ્સમાં રમાશે.

ટી-૨૦ વર્લ્ડ કપ માટે ૧૨ ટીમોને છ-છ ટીમોના બે ગ્રૂપમાં વહેંચવામાં આવી છે. ભારતીય ટીમનો ગ્રૂપ-૧માં સમાવેશ કરાયો છે. ગ્રૂપ-૧માં ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા, ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેધરલેન્ડ છે જ્યારે ગ્રૂપ-૨માં વેસ્ટ ઇન્ડિઝ, ઇંગ્લેન્ડ, ન્યૂઝિલેન્ડ, શ્રીલંકા, આયરલેન્ડ, સ્કોટલેન્ડ છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે ગ્રૂપ મેચ ૧૪ જૂને એજબેસ્ટન ખાતે રમાશે. વિશ્વભરના ક્રિકેટ ચાહકો આ હાઇ-વોલ્ટેજ મેચની રાહ જોઈ રહ્યા છે. ■



**માનુનીઓ વધુ એક ટ્રોફી લઈને આવજોઃ** ગઈ કાલે ભારતની મહિલા ટી-૨૦ વર્લ્ડ કપ માટેની ટીમની જાહેરાત મુંબઈમાં થઈ ત્યારે ટ્રોફીઓ સાથે ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌર. (એજન્સી)

### ટી-૨૦ વર્લ્ડ કપ માટે ભારતીય ટીમ

હરમનપ્રીત કૌર (કેપ્ટન), સ્મૃતિ મંધાના (વાઈસ કેપ્ટન), શેફાલી વર્મા, ઋચા ઘોષ, યાસ્તિકા ભાટિયા, નંદિની શર્મા, ક્રાંતિ ગૌર, રાધા યાદવ, જેમિમાહ રોડ્રિગ્સ, રેણુકા સિંહ, શ્રેયંકા પાટીલ, શ્રી ચરણી, અરુંધતિ રેડ્ડી, દીપ્તિ શર્મા, અનુષ્કા શર્મા.

# પંજાબ સામેના આજના મુકાબલામાં ગુજરાત વિજયની હેટ-ટ્રિક કરી શકશે?

અમદાવાદઃ ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૬માં આજે અમદાવાદ ખાતે પંજાબ કિંગ્સ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે મેચ રમાશે. મેચ સાંજે ૭:૩૦ વાગ્યે શરૂ થશે. પંજાબ ગુજરાત ટાઈટન્સ સામે વાપસી કરવાનો પ્રયાસ કરશે જ્યારે ગુજરાત સતત જીત મેળવવા માટેના ઈરાદા સાથે મેદાનમાં ઊતરશે.

રાજસ્થાન રોયલ્સે આ અઠવાડિયાની શરૂઆતમાં પંજાબ કિંગ્સનો વિજય રથ રોક્યો હતો. પંજાબ કિંગ્સ આઠ મેચમાં ૧૩ પોઈન્ટ સાથે ટેબલમાં ટોચ પર છે, ત્યારે રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુ, સનરાઇઝર્સ હૈદરાબાદ અને રાજસ્થાન રોયલ્સ તેમનાથી માત્ર એક પોઈન્ટ પાછળ છે.

સતત છ જીત સાથે શરૂઆતની લીડ મેળવનાર પંજાબ કિંગ્સને તેની બોલિંગ અંગે કેટલીક ચિંતાઓ છે. પંજાબના બેટ્સમેનોથી વિપરીત તેમના બોલરોનું પ્રદર્શન શાનદાર રહ્યું નથી. બેટિંગના મજબૂત પ્રદર્શને બોલિંગની ખામીઓને છુપાવી રાખી છે, પરંતુ ટૂર્નામેન્ટ હવે નિર્ણાયક તબક્કામાં પહોંચી ગઈ છે અને કોઈપણ નબળાઈ ટીમ માટે મોંઘી સાબિત થઈ શકે છે.

બોલરોની નિષ્ફળતા પંજાબના બેટ્સમેન પર દબાણ લાવી રહી છે. તેઓ મોટા લક્ષ્યનો પીછો કરવા મજબૂર છે. પંજાબને હવે વધુ સ્પષ્ટ રણનીતિ સાથે બહાર આવવાની જરૂર પડશે. પંજાબની ફિલ્ડિંગ પણ નબળી રહી છે, ઘણા કેચ ડ્રોપ થયા છે. ટીમ મેનેજમેન્ટે આ ક્ષેત્ર પર પણ કામ કરવાની જરૂર છે.

જોકે, બેટિંગ પંજાબની સૌથી મોટી તાકાત છે. ઓપનર પ્રિયાંશ આર્ય અને પ્રભસિમરન સિંહે સારી શરૂઆત આપી છે, જ્યારે કૂપર કોનોલીએ પણ રન કર્યા છે. કેપ્ટન શ્રેયસ ઐયરની કેપ્ટનશીપ હેઠળના મધ્યમ ક્રમે મજબૂત સ્કોર બનાવવા અથવા લક્ષ્યોનો પીછો કરવામાં સક્ષમ સાબિત થયા છે.

બીજી બાજુ, ગુજરાત ટાઇટન્સ સતત બે જીતથી ખુશ છે. જોકે તેમનું અભિયાન અસમાન રહ્યું છે. ચેન્નઈ સુપર કિંગ્સ અને પછી આરસીબી સામે સતત જીત બાદ ટાઇટન્સ ૧૦ પોઈન્ટ સાથે ટેબલમાં પાંચમા સ્થાને છે. ગુજરાતની બેટિંગ તેના ટોચના ત્રણ બેટ્સમેનો પર નિર્ભર છે. સાઈ સુદર્શન, કેપ્ટન શુભમન ગિલ અને જોસ બટલર સારી બેટિંગ કરી રહ્યા છે. આ ત્રણ પર વધુ પડતી નિર્ભરતા ટીમ માટે ચિંતાનો વિષય છે. વોશિંગ્ટન સુંદરે મિડલ ઓર્ડરમાં સારું પ્રદર્શન કર્યું છે, પરંતુ શાહરૂખ ખાન અને રાહુલ તેવતિયા જેવા ફિનિશર્સ હજુ સુધી કોઈ અસર કરી શક્યા નથી. ■

# ફિનિશરનો રોલ ગમે છેઃ આશુતોષ શર્મા

જયપુરઃ દિલ્હી કેપિટલ્સના બેટ્સમેન આશુતોષ શર્માએ કહ્યું કે તે વર્તમાન ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) માં ફિનિશરની ભૂમિકા ભજવવાનો આનંદ માણી રહ્યો છે અને ટીમની જીતમાં યોગદાન આપવા બદલ ખુશ છે. દિલ્હી કેપિટલ્સે અહીં રમાયેલી મેચમાં રાજસ્થાન રોયલ્સ સામે સાત વિકેટથી વિજય મેળવ્યો હતો. આશુતોષ શર્માએ ફિનિશરની ભૂમિકા પ્રશંસનીય રીતે ભજવી હતી. તેણે ૧૫ બોલમાં અણનમ ૨૫ રન કર્યા હતા.

આશુતોષે મેચ પછી પત્રકારોને જણાવ્યું હતું કે, ''મને મારી ટીમ માટે ફિનિશરની ભૂમિકા ભજવવાનો આનંદ થયો. ટીમે આ પરિસ્થિતિઓમાં મારા પર વિશ્વાસ કર્યો છે અને મને આવી પરિસ્થિતિઓમાં રમવાની મજા આવે છે. મને હંમેશા લાગે છે કે જ્યાં સુધી હું ક્રીઝ પર છું ત્યાં સુધી હું ટીમને જીતવામાં મદદ કરી શકું છું.''

દિલ્હીને ૨૨૬ રનનો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો. કેએલ રાહુલ અને પથુમ નિશાંકાએ પ્રથમ વિકેટ માટે ૧૧૦ રન ઉમેરીને ટીમને સારી શરૂઆત અપાવી હતી. આશુતોષે કહ્યું હતું કે, ''આજકાલ ટી-૨૦ ક્રિકેટમાં પહેલી વિકેટની ભાગીદારી અને પાવરપ્લે પર ઘણું બધું નિર્ભર છે. અમારા ઓપનરોએ અમને ખૂબ સારી શરૂઆત આપી. તેથી જ અમે મેચમાં રહ્યા અને આખરે જીત મેળવી હતી.''

આ દરમિયાન રાજસ્થાન રોયલ્સના બેટિંગ કોચ વિક્રમ રાઠોડે સ્વીકાર્યું કે બોલરોના નબળા પ્રદર્શનને કારણે તેમની ટીમ મેચ હારી ગઈ હતી. ■

# કોલકાતા સામે હૈદરાબાદના બેટ્સમેનો પર લગામ તાણવાનો પડકાર

હૈદરાબાદઃ ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૬માં આજે કોલકાતા નાઈટ રાઈડર્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે મેચ રમાશે. હૈદરાબાદમાં રમાનારી મેચ બપોરે ૩:૩૦ વાગ્યે શરૂ થશે. સનરાઇઝર્સ હૈદરાબાદના બેટ્સમેનો શાનદાર ફોર્મમાં છે. કોલકાતા નાઈટ રાઇડર્સ (કેકેઆર)ના બોલરો સામે તેનો સામનો કરવાનો પડકાર રહેશે. સનરાઇઝર્સે સતત પાંચ મેચ જીતી છે અને નવ મેચમાંથી ૧૨ પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને છે. તેઓએ અત્યાર સુધી છ મેચ જીતી છે અને ત્રણ હારી છે. બીજી બાજુ અજિંક્ય રહાણેની કેપ્ટનશીપ હેઠળ કેકેઆર અત્યાર સુધી જીત માટે સંઘર્ષ કરી રહ્યું છે, પરંતુ તેમણે છેલ્લી બે મેચ જીતી છે. તેઓ આ દસ ટીમની ટૂર્નામેન્ટમાં આઠમા સ્થાને છે.

સનરાઇઝર્સ પાસે અભિષેક શર્મા અને હેનરિક ક્લાસેન છે, જેણે અત્યાર સુધી ટૂર્નામેન્ટમાં સૌથી વધુ રન કરનારા ખેલાડીઓની યાદીમાં બીજા અને ત્રીજા સ્થાને છે. ઈશાન કિશન સનરાઇઝર્સ પાસે એક બીજો વિસ્ફોટક બેટ્સમેન છે જે એકલા હાથે કોઈપણ દિવસે મેચનું પરિણામ બદલી શકે છે. તેણે આ સીઝનમાં આ સાબિત કર્યું છે.

ઓસ્ટ્રેલિયન ઓપનર ટ્રેવિસ હેડે પણ મુંબઈ ઇન્ડિયન્સ સામે સનરાઇઝર્સની છેલ્લી મેચમાં ૭૬ રન કરીને શાનદાર ફોર્મમાં વાપસી કરી હતી. તેની ઇનિંગ્સથી સનરાઇઝર્સે ૧૮.૪ ઓવરમાં છ વિકેટ ૨૪૩ રનના વિશાળ લક્ષ્યને હાંસલ કરવામાં મદદ કરી હતી. સનરાઇઝર્સની મજબૂત બેટિંગને જોતાં કોલકાતાના બોલરોએ તેમને રોકવા માટે વધારાના પ્રયાસ કરવા પડશે. કેપ્ટન પેટ કમિન્સની વાપસીથી સનરાઇઝર્સની બોલિંગ મજબૂત બની છે. પ્રફુલ હિંગે, ઇશાન મલિંગા, રેડ્ડી અને શાકિબ હુસૈન પણ પોતાની ભૂમિકા સારી રીતે ભજવી રહ્યા છે. સનરાઇઝર્સ હૈદરાબાદ બંને ટીમો વચ્ચેની છેલ્લી મેચ ૬૫ રનથી જીતી હતી, તેથી તેઓ વધુ આત્મવિશ્વાસ સાથે મેદાનમાં ઊતરશે. કોલકાતા અત્યાર સુધી પાંચ મેચ હારી ગયું છે, જેમાં એક મેચ વરસાદને કારણે રદ થઈ ગઈ છે.

રહાણે બેટ્સમેન અને કેપ્ટન તરીકે અત્યાર સુધી ટીમને પ્રેરણા આપવામાં નિષ્ફળ રહ્યો છે. ■

## હૈદરાબાદ સામે પરિસ્થિતિઓને જોઈને શ્રેષ્ઠ ટીમ પસંદ કરીશું: કેકેઆર બોલિંગ કોચ ટિમ સાઉધી

હૈદરાબાદ : કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર) ના બોલિંગ કોચ ટિમ સાઉધીએ રવિવારે સનરાઈઝર્સ હૈદરાબાદ સામેની મેચ માટે શ્રીલંકાના ફાસ્ટ બોલર મથીશા પથિરાનાને પ્લેઈંગ ઈલેવનમાં તક આપવા અંગેના સવાલના જવાબમાં કહ્યું કે ટીમ મેનેજમેન્ટ પરિસ્થિતિઓના આધારે શ્રેષ્ઠ ટીમ પસંદ કરશે. નોંધનીય છે કે ૧૬ ફેબ્રુઆરીએ ઓસ્ટ્રેલિયા સામે ટી-૨૦ વર્લ્ડ કપ મેચ દરમિયાન પથિરાના ઈજાગ્રસ્ત થયો હતો, જેના કારણે તે આઈપીએલની શરૂઆતની મેચો માટે ઉપલબ્ધ નહોતા, પરંતુ હવે તે ફિટ છે.

સાઉધીએ મીડિયાને જણાવ્યું હતું કે, ''તે છેલ્લા કેટલાક સમયથી ટીમ સાથે છે. અમે પરિસ્થિતિઓના આધારે અમારી શ્રેષ્ઠ ટીમ પસંદ કરીશું. તે પ્રેક્ટિસમાં સારી બોલિંગ કરી રહ્યો છે.'' સાઉધી એ વાત પર સહમત થયા કે ટીમ પસંદ કરતી વખતે ઘણી બાબતો ધ્યાનમાં લેવાની જરૂર છે. તેમણે કહ્યું કે, ''ટીમ પસંદ કરતી વખતે તમે ઘણી બાબતો ધ્યાનમાં લેવી જોઈએ જેમાં મુખ્ય ટીમ કોમ્બિનેશન અને સંતુલન છે. અમે પરિસ્થિતિઓનું મૂલ્યાંકન કરીશું અને અમારી અંતિમ પ્લેઈંગ ઈલેવન પસંદ કરીશું.''

સાઉધીએ કહ્યું કે ટ્રેવિસ હેડ, અભિષેક શર્મા, ઇશાન કિશન અને હેનરિક ક્લાસેન જેવા ટોચના બેટ્સમેનોની મજબૂત સનરાઇઝર્સ બેટિંગ લાઇન-અપ સામે કોલકત્તા પાવરપ્લે પર ધ્યાન કેન્દ્રિત કરશે. ''અમે આઈપીએલમાં જોયું છે કે જે ટીમો શરૂઆતની ઓવરોમાં વિકેટ લેવામાં સફળ રહે છે તેમને ઘણી સફળતા મળી છે. તેથી સારી શરૂઆત કરવી ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.'' ■

# એફ-વનની માયામી ગ્રાં પ્રીમાં મૅકલૅરેનનો લેન્ડો નોરિસ પોલ પૉઝિશન પર

માયામી ગાર્ડન્સઃ ફોર્મ્યુલા વન વર્લ્ડ ચેમ્પિયનશિપના માયામી ગ્રાં પ્રી વીકેન્ડની શરૂઆત રોમાંચક રહી હતી. મૅકલૅરેનના લેન્ડો નોરિસે શાનદાર પ્રદર્શન કરીને સ્પ્રિન્ટ રેસ માટે પોલ પોઝિશન પોતાના નામે કરી હતી. નોરિસે મર્સિડીઝના યુવા અને ફોર્મમાં રહેલા ડ્રાઇવર કિમી એન્ટોનેલીને પાછળ છોડીને ટીમને મહત્ત્વપૂર્ણ લીડ અપાવી.

નોરિસે ૧:૨૭.૮૬૯નો સૌથી ઝડપી લેપ ટાઇમ હાંસલ કર્યો જે સમગ્ર સત્રનો શ્રેષ્ઠ સમય હતો. હાર્ડ રોક સ્ટેડિયમ સર્કિટ પર તેની સમજ અને કાર પરની પકડ સ્પષ્ટ જોવા મળી રહી હતી. તેણે પોલ પોઝિશન મેળવવા માટે એન્ટોનેલીને ૦.૨૨૨ સેકન્ડથી પાછળ છોડી દીધો. નોરિસ આ સિદ્ધિથી ખુશ જોવા મળ્યો હતો.

નોરિસે કહ્યું કે ટીમે કારમાં ઘણા ફેરફારો કર્યા છે, જેનો સકારાત્મક પ્રભાવ પડ્યો. આ વિજય ટીમના એન્જિનિયરો અને મિકેનિક્સની મહેનતનું ફળ હતું. કારની સુધારેલી પકડથી તેને ટ્રેક પર આત્મવિશ્વાસ મળ્યો.

એન્ટોનેલી ક્વોલિફાઇંગમાં બીજા સ્થાને રહ્યો, જ્યારે મૅકલૅરેનના જ ઓસ્કર પિયાસ્ટ્રી ત્રીજા સ્થાને રહ્યો. ફેરારીના ચાર્લ્સ લેક્લેર્ક ચોથા સ્થાને રહ્યો. રવિવારની મુખ્ય દોડ પહેલા શનિવારની ૧૦૦ કિલોમીટરની સ્પ્રિન્ટ દોડ ખૂબ જ મહત્ત્વપૂર્ણ રહેશે. ગયા વર્ષે માયામીમાં સ્પ્રિન્ટ જીતનાર નોરિસે આ ટ્રેક પ્રત્યે પોતાનો પ્રેમ વ્યક્ત કરતા કહ્યું કે તેને માયામી ટ્રેક અને વાતાવરણ ખૂબ ગમે છે. વાસ્તવિક પડકાર હજુ આવવાનો બાકી છે. ■

# થોમસ કપની સેમિફાઈનલ અગાઉ ભારતને ફટકો, ઈજાને કારણે લક્ષ્ય નહીં રમે

હોર્સેન્સ (ડેન્માર્ક): ભારતને ફ્રાન્સ સામે રમાનારી થોમસ કપ બેડમિન્ટન સેમિફાઇનલ પહેલા ભારતને મોટો ઝટકો લાગ્યો છે કારણ કે સ્ટાર ખેલાડી લક્ષ્ય સેન તેની જમણી કોણીમાં સોજો આવવાને કારણે તેમાં રમી શકશે નહીં. લક્ષ્યે ક્વાર્ટર ફાઇનલમાં બે મેચ પોઇન્ટ બચાવ્યા હતા અને એક કલાક અને ૨૮ મિનિટ ચાલેલી મેરેથોન મેચમાં વિશ્વના છઠ્ઠા ક્રમાંકિત ખેલાડી ચોઉ ટિએન ચેનને ૧૮-૨૧, ૨૨-૨૦, ૨૧-૧૭થી હરાવીને ભારતને ચીની તાઈપેઈ સામે ૩-૦થી જીત અપાવી હતી.જોકે, લક્ષ્યને મેચ દરમિયાન કોણીમાં ઈજા થઈ હતી અને તે હજુ સુધી સંપૂર્ણપણે સ્વસ્થ થયો નથી. લક્ષ્યના મેન્ટર અને ભૂતપૂર્વ ભારતીય કોચ વિમલ કુમારે પીટીઆઈને જણાવ્યું હતું કે, ''ગઈકાલે ચોઉ સામેની મેચ દરમિયાન પડી ગયા પછી લક્ષ્યનો હાથ ખાસ કરીને કોણીની આસપાસ સોજો આવી ગયો છે. તેના પગમાં પણ ફોલ્લા પડી ગયા છે.'' લક્ષ્યની ગેરહાજરીમાં યુવાન આયુષ શેટ્ટી વિશ્વના ચોથા ક્રમાંકિત ખેલાડી ક્રિસ્ટો પોપોવ સામે શરૂઆતની સિંગલ્સ મેચ રમશે. પોપોવે ૨૦૨૪ હાઇલો ઓપનમાં ભારતીય ખેલાડીને હરાવ્યો. વિશ્વના ૩૦ નંબરના ખેલાડી કિદામ્બી શ્રીકાંત બીજી સિંગલ્સ મેચમાં વિશ્વના ૧૦મા નંબરના ખેલાડી એલેક્સ લેનિયરનો સામનો કરશે. ■

# પાકિસ્તાની ટીમ ભારતીય ડ્રેસિંગ રૂમમાં ગઈ હતી, પણ...: સલમાન આગા

ઇસ્લામાબાદઃ એશિયા કપ ૨૦૨૫માં ભારત-પાકિસ્તાન મેચ દરમિયાન શરૂ થયેલો ''હાથ નહીં મિલાવવાનો'' વિવાદ અત્યાર સુધી પાકિસ્તાનની ટીમ ભૂલી નથી. પાકિસ્તાનના કેપ્ટન સલમાન અલી આગાએ આખી ઘટનાને યાદ કરતાં સ્વીકાર્યું કે તેને અંદાજ નહોતો કે પરિસ્થિતિ આટલી ગંભીર વળાંક લેશે.

આગાએ ખુલાસો કર્યો કે મેચ પહેલા સુધી તેને ખબર નહોતી કે ભારતીય ટીમ સાથે હાથ મિલાવવાની પરંપરા નિભાવવામાં આવશે નહીં. ટોસ પહેલા મેચ રેફરી તેમને બાજુ પર લઈ ગયા અને સ્પષ્ટતા કરી કે કોઈ હાથ મિલાવવામાં આવશે નહીં. આગાના મતે, તેમણે આનો વિરોધ કર્યો ન હતો, પરંતુ મામલો ત્યાં જ સમાપ્ત થયો નહીં.

હાર પછી પાકિસ્તાની ટીમ ઔપચારિકતાઓ પૂર્ણ કરવા માટે ભારતીય ડ્રેસિંગ રૂમમાં ગઈ, પરંતુ ત્યાં પણ નિરાશા હાથ લાગી હતી. દરવાજો ખુલ્લો નહીં અને હાથ મિલાવવાની પરંપરા રહી નથી. આ ઘટના ફક્ત પાકિસ્તાન માટે હાર નહોતી પરંતુ એક સ્પષ્ટ સંકેત બનીને આવી છે જ્યાં મેદાનની બહાર સંબંધો કેટલા સ્તર સુધી પહોંચી ગયા છે. નોંધનીય છે કે એશિયા કપ ૨૦૨૫માં ભારતના કેપ્ટન સૂર્યકુમાર યાદવે પાકિસ્તાની કેપ્ટન સાથે



હાથ મિલાવવાનો ઈનકાર કર્યો હતો. આ નિર્ણયને પહલગામ આતંકવાદી હુમલાના પીડિતો સાથે એકતા દર્શાવવા તરીકે જોવામાં આવ્યો હતો, જેમાં ૨૬ લોકોનાં મોત થયા હતા અને ઓપરેશન સિંદૂર પછી બંને દેશો વચ્ચે તણાવ વધી ગયો હતો. ભારતીય ખેલાડીઓએ મેચ પછી પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ મિલાવ્યા નહોતા. પાકિસ્તાન સામેની ત્રણેય મેચોમાં ભારતે હાથ મિલાવ્યા નહોતા. સલમાન અલી આગાએ કહ્યું કે ટૂર્નામેન્ટ પહેલા એક પ્રેસ કોન્ફરન્સ વખતે અમે હાથ મિલાવ્યો હતો. ટ્રોફી ફોટોશૂટ દરમિયાન અમે હાથ પણ મિલાવ્યા હતા. નોંધનીય છે કે એશિયા કપ જીત્યા બાદ ભારતીય ટીમે એશિયન ક્રિકેટ કાઉન્સિલના વડા મોહસિન નકવી પાસેથી ટ્રોફી સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો. નકવી પાકિસ્તાનના ગૃહપ્રધાન પણ છે. આખરે નકવી ટ્રોફી લઈને જતા રહ્યા હતા. ■

# ભારતીય ખેલાડીઓ ડોપિંગથી બચવા માટે નાસી જાય છેઃ ઇન્ટરનેશનલ ટેસ્ટિંગ એજન્સીના વડા

ન્યૂ યોર્ક : ઓલિમ્પિક ગેમ્સ અને અન્ય મુખ્ય વૈશ્વિક સ્પર્ધાઓમાં ડોપિંગ વિરોધી કાર્યક્રમનું સંચાલન કરતી સંસ્થા ઇન્ટરનેશનલ ટેસ્ટિંગ એજન્સી (આઈટીએ) ના વડાએ ભારતમાં ડોપિંગના કેસોના ઊંચા દર, એથ્લીટ્સને ''પરીક્ષણ પહેલાં અગાઉથી સૂચના આપવી અને તેના સેમ્પલ નહીં આપવા અંગે ચિંતા વ્યક્ત કરી છે. આઈટીએના ડિરેક્ટર જનરલ બેન્જામિન કોહેને એક રિપોર્ટમાં કહ્યું હતું કે આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ (આઈઓસી) એ સંદેશ આપ્યો છે કે જો ભારત ૨૦૩૬ રમતોનું આયોજન કરવા માંગે છે તો તેણે ''ઘણા શાસન અને માળખાકીય સુધારા કરવા પડશે.'' કોહેને કહ્યું હતું કે, ''અમે ભારતમાં ડોપિંગની પરિસ્થિતિ વિશે ચિંતિત છીએ અને અમને પાયાના સ્તરે બનતી અસંખ્ય ઘટનાઓની જાણકારી મળી રહી છે.'' તેમણે કહ્યું હતું કે, ''અમને એવા કિસ્સાઓ પણ સાંભળવા મળી રહ્યા છે કે ખેલાડીઓ ડોપિંગ ટેસ્ટથી બચવા માટે ભાગી જાય છે. અમને એ પણ જાણવા મળ્યું છે કે એથ્લીટ્સને પરીક્ષણ પહેલાં અગાઉથી સૂચના આપવામાં આવે છે.''

આઈઓસી તરફથી ડોપિંગ વિરોધી પરીક્ષણોની દેખરેખ રાખવા ઉપરાંત લોઝેન સ્થિત આઈટીએ લગભગ ૫૦ આંતરરાષ્ટ્રીય રમતગમત સંઘોના ડોપિંગ વિરોધી કાર્યક્રમોનું પણ સંચાલન કરે છે. કોહેને કહ્યું કે તેઓ ઇટાલીના મિલાનો કોર્ટીનામાં તાજેતરમાં યોજાયેલા વિન્ટર ઓલિમ્પિક દરમિયાન નવી દિલ્હી સ્થિત રાષ્ટ્રીય ડોપિંગ વિરોધી એજન્સી અને ભારતીય ઓલિમ્પિક એસોસિએશનના અધિકારીઓ સાથે મળ્યા હતા અને આઈટીએ સાથે કામ કરવાની તેમની સ્પષ્ટ ઇચ્છાથી તેમને પ્રોત્સાહન મળ્યું હતું. ■

# એક્ઝિટ પોલનું પોલંપોલઃ સચ થોડા...જૂઠ્ઠ જયાદા !

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

પશ્ચિમ બંગાળ, તમિળનાડુ, કેરલમ્, આસામ અને પુડુચેરી એ પાંચ રાજ્યની વિધાનસભા ચૂંટણીની મતગણતરી આવતી કાલે સોમવારે છે.

આ મતગણતરીમાં શું થાય છે તેના પર સૌની નજર મંડાયેલી છે ત્યારે બીજી તરફ મીડિયામાં એક્ઝિટ પોલની ચોવટ પૂરજોશમાં ચાલુ છે. તેમાં પણ સૌથી વધારે ચોવટ પશ્ચિમ બંગાળના એક્ઝિટ પોલની છે, કેમ કે પાંચ રાજ્યોની ચૂંટણીમાં મતદાન પૂરું થયું પછી થયેલા એક્ઝિટ પોલ્સમાં બંગાળમાં મમતા બેનરજીના ૧૫ વર્ષના એકચક્રી શાસનનો અંત આવશે ને ભાજપની સરકાર રચાશે એવો વર્તારો આ એક્ઝિટ પોલ્સમાં થયેલો છે. બાકીનાં રાજ્યોમાંથી આસામમાં ભાજપની જીતની હેટ્રિકની આગાહી કરવામાં આવી છે તો કેરલમ્‌માં ડાબેરી મોરચાની હાર અને કૉંગ્રેસની જીતની થશે એવી આગાહી કરવામાં આવી છે તો એ બધા વચ્ચે તમિલનાડુમાં સ્ટાલિનની ડીએમકે ફરી સત્તામાં આવશે અને પુડુચેરીમાં ફરી એનડીએની સરકાર રચાશે એવું આ વર્તારાણ કહે છે.

અત્યારે માહોલ એવો છે કે ભાજપ આ એક્ઝિટ પોલને સાચા માનીને હરખાઈ રહ્યો છે જ્યારે મમતાની તૃણમૂલ કૉંગ્રેસે તેની સાવ ઉપેક્ષા કરી છે. મીડિયા એક્ઝિટ પોલ અંગે સવાલ કરે તો તૃણમૂલ કૉંગ્રેસના નેતા જવાબ આપવાની તસદી પણ નથી લઈ રહ્યા. 'સોમવારે પરિણામ આવશે ત્યારે બધી ખબર પડી જશે !' એવું કહીને બાબ્બુમોશા ચાલતી પકડે છે.

લોકશાહીમાં મીડિયા મહત્ત્વનું છે એ જોતાં તૃણમૂલ કૉંગ્રેસના નેતાઓનું વલણ આંચકાજનક લાગે પણ તેમાં તેમનો વાંક નથી, કારણ કે ભારતમાં એક્ઝિટ પોલનો ઈતિહાસ ગરબડિયો છે અને મોટા ભાગે તો એક્ઝિટ પોલ ખોટા જ પડે છે, છતાં ટીવી ચેનલો એક્ઝિટ પોલ પથ્થર કી લકીર હોય એમ માનીને તૃણમૂલ કૉંગ્રેસ હારી જ ગઈ છે એમ માનીને વર્તે તો તૃણમૂલના નેતા બીજું કરે પણ શું ?

ભારતમાં એક્ઝિટ પોલ ખોટા પડ્યા હોય તેનાં અનેક ઉદાહરણ છે. આપણે ત્યાં એક્ઝિટ પોલનો ઈતિહાસ તપાસશો તો ભાગ્યે જ કોઈ એવા પોલ મળશે કે જે સાચા પડ્યા હોય. તેના કારણે ભારતમાં એક્ઝિટ પોલના નામે પોલંપોલ જ ચાલે છે એવી છાપ પડી ગઈ છે, જે અમુક અંશે ખરી પણ છે.

એક્ઝિટ પોલ ખોટા પડ્યા હોય તેનું સૌથી મોટું ઉદાહરણ તો ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી છે. ૨૦૨૪માં લોકસભાની ચૂંટણી યોજાઈ ત્યારે તમામ ઓપિનિયન પોલ અને એક્ઝિટ પોલ એવું કહેતા હતા કે, ભાજપ સત્તામાં વાપસી કરશે અને સળંગ ત્રીજી વાર લોકસભામાં સ્પષ્ટ બહુમતી મેળવીને સરકાર રચશે. ૨૦૨૪માં ૧જૂને લોકસભાના છેલ્લા અને સાતમા તબક્કાનું મતદાન પૂરું થયું પછી જાહેર થયેલા એક્ઝિટ પોલમાં ભાજપના ભવ્ય વિજયની આગાહી કરવામાં આવી હતી. મોટા ભાગના એક્ઝિટ પોલમાં આગાહી થઈ હતી કે 'મોદી મેજિક એવો ચાલશે કે, ભાજપ એકલા હાથે ૩૦૦ કરતાં વધારે બેઠકો જીતીને પોતની તાકાત પર સરકાર રચશે...'

ભાજપે 'અબ કી બાર ૪૦૦ કે પાર' જેવું સૂત્ર રમતું કરેલું. ભાજપે પોતાના માટે ૩૫૦ કરતાં વધારે બેઠકો અને એનડીએ માટે ૪૦૦થી વધારે બેઠકોનો ટાર્ગેટ નક્કી



**લોકસભાની ચૂંટણી હોય કે રાજ્યોની વિધાનસભાઓની... એ વખતના ઓપિનિયન પોલ કે પછી પરિણામ પહેલાં જાહેર થતાં એક્ઝિટ પોલ મોટાભાગે ભળતી દિશામાં દોરી જતા પુરવાર થયાં છે. એમાંય પ્રેસ-ટીવી મીડિયાની આડેધડ રજૂઆતને લીધે આવાં પોલ્સની વિશ્વસનીયતા સાવ ધોવાઈ ગઈ છે**

કર્યો હતો. કેટલાક એક્ઝિટ પોલની આગાહી હતી કે, ભાજપના નેતૃત્વ હેઠળનો એનડીએ ૪૦૦ કરતાં વધારે બેઠકો જીતી શકે છે જ્યારે મોટા ભાગના એક્ઝિટ પોલના તારણ પ્રમાણે એનડીએને ૩૬૫ બેઠકો અને ભાજપ ૩૧૦ની આસપાસ બેઠકો જીતશે.

ચૂંટણીનાં પરિણામ આવ્યાં તેમાં ભાજપને ૩૧૦ બેઠકો મળવાની વાત છોડો, પણ સ્પષ્ટ બહુમતી પણ નહોતી મળી. ભાજપ ૨૪૦ બેઠકો જીતીને લટકી ગયેલો અને નીતિશ કુમાર તથા ચંદ્રાબાબુ નાયડુની મહેરબાનીથી સરકાર રચવાના દિવસો આવી ગયેલા. મોદી મેજિક ક્યાં હવા થઈ ગયો એ કોઈને ખબર નહોતી પડી.

લોકસભાની ચૂંટણીના છ મહિના પછી યોજાયેલી હરિયાણા વિધાનસભાની ચૂંટણીમાં કૉંગ્રેસ સત્તા કબજે કરશે એવી આગાહી કરાયેલી. તેના બદલે ભાજપે જીતીને સરકાર રચી.

આ તો બે જ ઉદાહરણ આપ્યાં, પણ આવાં તો ઘણાં ઉદાહરણ મળી આવશે. ભારતમાં એક્ઝિટ પોલનો ઈતિહાસ ખોટા પડવાનો જ છે. ભારતમાં એક્ઝિટ પોલ સાચા નથી પડતા તેનું કારણ તેમાં ચાલતું તેનું લોલંલોલ છે. ભારતમાં એક્ઝિટ પોલના નામે લોકોને બેવકૂફ બનાવાય છે ને પાંચ-પચ્ચીસ લોકોને પૂછીને તેમના અભિપ્રાયને આખા મતવિસ્તારના જનાદેશમાં ખપાવવાનું ધૂપ્પલ ચલાવાય છે.

ભારતની એક વિધાનસભા મતવિસ્તારમાં બે-ત્રણ લાખ મતદારો હોય છે ને લોકસભા મતવિસ્તારમાં ૧૫ લાખથી વધારે મતદારો હોય છે. આપણે ત્યાં એક્ઝિટ પોલ થાય તેમાં એક મતવિસ્તારમાંથી માંડ પચ્ચીસેક લોકોના અભિપ્રાય પૂછાતા હોય છે. હવે બે-ત્રણ લાખ મતદારોએ કોને મત આપ્યા હશે તેની ખબર પચ્ચીસ લોકોને પૂછવાથી કઈ રીતે પડી શકે ? તમે એક ટકા મતદારોને પૂછીને તેના આધારે કોઈ તારણ કાઢો તો એ સમજી શકાય કેમ કે એક ટકા મતદારો એટલે ત્રણ હજાર મતદારો થયા.

ત્રણ હજાર મતદારોને પૂછો તો મતવિસ્તારના તમામ વય જૂથના, જ્ઞાતિના, અલગ અલગ શૈક્ષણિક લાયકાતની કેટેગરી વગેરે કવર કરી શકો, પણ ૨૫ મતદારો એટલે ૦.૦૧ મતદારો થયા ને આટલા ઓછા મતદારો કઈ રીતે કોઈ પણ મતવિસ્તારના મિજાજનું પ્રતિબિંબ પાડી શકે?

બીજું એ કે, ભારતમાં એક્ઝિટ પોલ વૈજ્ઞાનિક પધ્ધતિથી તૈયાર થતા હોવાના દાવા થાય છે, પણ વાસ્તવમાં કોઈ વૈજ્ઞાનિક પધ્ધતિ જ નથી. આપણે ત્યાં પોલ કરનારી એજન્સીઓ અને તેનું પ્રસારણ કરનારાં માધ્યમ અલગ અલગ છે. પોલ કરનારી એજન્સીઓ પાસે એટલો સ્ટાફ હોતો નથી કે બધા મતવિસ્તારોમાં ફરી શકે ને જે ડેટા આવે તેનું એનાલિસિસ કરી શકે. બીજી તરફ ટીવી ચેનલોને મતદાન પૂરું થાય કે તરત એક્ઝિટ પોલ બહાર પાડીને પોતે સૌથી આગળ હોવાના દાવા કરવામાં રસ હોય છે.

ચેનલોને વિશ્વસનિયતાની ચિંતા નથી ને એક્ઝિટ પોલ ખોટા પડશે તો પોતાની આબરૂનો ધજાગરો થશે તેની પરવા નથી. તેમને તો મતદાન પતે એટલે લોકોને કોણ જીતશે એવો જે રસ ઊભો થયો હોય છે એ વટાવીને રોકડી કરવામાં રસ હોય છે. એજન્સીઓને પણ આ વાતની ખબર છે તેથી એ પણ દેઠોક પોતાની રીતે પોલ તૈયાર કરીને ચેનલોને આપી દે છે અને લોકોને પિરસી દેવાય છે.

આ બધી લોચા લાપસી વચ્ચે ઓપિનિયન અને એક્ઝિટ પોલના કારણે મીડિયાની વિશ્વસનયતાનું સંપૂર્ણ ધોવાણ થઈ ગયું છે. ટીવી ચેનલો પણ પોતાની દુકાન ચલાવવા માટે-વ્યૂયર રેટિંગ વધારવા માટે આવા ધૂપ્પલમાં આડકતરી રીતે ભાગીદર બને છે એવી છાપ જ પડી ગઈ છે અને બીજી તરફ પણ ચેનલોને વિશ્વસનિયતાની કંઈ પડી નથી. પોતે ખોટા પડ્યા તેની કોઈ શરમ નથી ને એકદમ બેશરમ બનીને આખી વાત પર પડદો પાડી દેવામાં આવે છે.

મજાની વાત પાછી એ છે કે, કોઈ વાર અડસટ્ટે કોઈ પોલ સાચા પડી જાય તો ચેનલો ફાંકાફોજદારી કરવા તરત કૂદી પડે છે પણ પોલ ખોટા પડે ત્યારે કોઈ ચેનલ એમ કહીને કોની માફી નથી માગતી કે, બે દિવસ પહેલાં અમે બતાવેલા પોલ પોલંમપોલ નિકળ્યા છે તેથી તમને ખોટી માહિતી આપવા બદલ અમને માફ કરી દેજો.

બીજી રીતે જોઈએ તો લોકો માટે પોલ મતદાન એ પતે ને પરિણામ આવે એ વચ્ચેનો ટાઈમ પાસ કરવા માટેનું મનોરંજન છે. લોકો પણ બે-ચાર દાડા એ મનોરંજન મેળવે છે ને પોલ ખોટા પડે તો 'ચેનલોવાળા ચોર છે' એવું કહીને ઘરે જઈને સૂઈ જાય છે. ચેનલોનો કોઈ જવાબ માગતું નથી તેથી વરસોથી આ ખેલ ચાલ્યા કરે છે ને ચાલતો રહેશે.

પશ્ચિમ બંગાળ સહિતનાં પાંચ રાજ્યમાં પરિણામ જાહેર થવામાં વચ્ચે આડી રાત જ છે ત્યારે આ વખતે એક્ઝિટ પોલ કેટલા સાચા પડે છે કે નહીં એ હવે જોવાનું રહ્યું ... ■

# હેડફોન-ઈયરફોન ને હવે ઈયરબગ્સ : વાયરલેસ વોઈસ ડિવાઈસનું A ટુ Z

ટેક વ્યૂહ
વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com




સ્માર્ટફોન સાથે મળતી એસેસરીમાં પણ નવા રંગો ઉમેરાયા છે. બ્લૂટુથ સાથે પોર્ટેબિલિટી મળતા હવે દરેક ડિવાઈસને કનેક્ટ કરવા સરળ બની રહ્યા છે. હવે તો સામાન્ય કમ્પ્યુટરમાં પણ પોર્ટેબલ બ્લૂટુથ હોય એટલે કામ ચાલી જાય છે. મોબાઈલ કે સ્માર્ટફોનમાં તો ઘણા વર્ષોથી આપવામાં આવે છે. દરેક વાયરલેસ ડિવાઈસમાં હવે બ્લૂટુથ કોમન બની રહ્યું છે. ઈયરબગ યુવાવર્ગમાં સૌથી ટ્રેન્ડી રહ્યા છે, પણ ઘણા સેલેબ્સ હજુ પણ વાયરવાળા ઈયરફોનનો ઉપયોગ કરે છે. આ પાછળનું કારણ એ છે કે, બ્લૂટુથ સરળતાથી હેક થઈ શકે છે, જેના દ્વારા ફોન સુધી પહોંચી શકાય છે. ઈયરબગ કે હેડફોનને ચાર્જિંગ કરવા માટે એમની પીન્સ કે વાયર સાચવવા પડે છે. ઈયરબગમાં તો એમની ચાર્જિંગની ડબ્બી ન હોય તો નક્કામું બની જાય. આવી કોઈ ઝંઝટ ન કરવી પડે એ માટે ઘણાય સેલેબ્સ હજુ સુધી સારી બ્રાંડના વાયરવાળા ઈયરફોનને પસંદ કરે છે. ફોન અપગ્રેડ થતા હવે તો ઘણા ફોનમાં ઈયરફોન માટેના પોઈન્ટ જ નથી આપવામાં આવતા. આવા સમયે ફરજિયાત વધારાની એસેસરી લેવી પડે છે.

## હેડફોન-ઈયરફોનનો પહેલો ઉપયોગ

જાણીને નવાઈ લાગશે કે, જેને આપણે હેડફોન કે ઈયરફોન તરીકે ઉપયોગ કરીએ છે તેનો સૌથી પહેલા ઉપયોગ ટેલિફોનના કંટ્રોલ રૂમમાં થયો હતો. વર્ષ ૧૮૮૦થી ૧૮૯૦ સુધીનો દાયકો ઈયરફોનનો સુવર્ણયુગ મનાય છે. કંટ્રોલરૂમમાં ઈલેક્ટ્રોફોન સિસ્ટમ હતી એ સમયે ટેલિફોનના હેન્ડસેટ સાથેના વિકલ્પમાં ઈયરફોનનો ઉપયોગ થતો. આ ઈયરફોન વાયરવાળા હતા.

ટેલિફોનના રિસીવર વજનમાં ભારે અને કદમાં મોટા હતા, લાંબા સમય સુધી વાતચીત કરવાની હોય તો કાન કરતા હાથ ઝડપથી થાકી જાય. આવું ન થાય એ માટે ઈયરફોનનો ઉપયોગ થતો. વર્ષ ૧૮૯૧માં ફ્રેન્ચ ઈજનેર અર્નેસ્ટ મેરકેડાયરે સૌ પ્રથમ ઓછા વજનવાળા અને પાતળા વાયરવાળા ઈયરફોન બનાવ્યા. એ સમયે ફ્રાંસમાં ટેલિફોન બુથમાં એ મૂકવામાં આવ્યા હતા.

વર્ષ ૧૯૫૮માં જોન કોસ નામના સંગીતપ્રેમી એ સૌ પ્રથમ સ્ટિરિયો સાઉન્ડ હેડફોન બનાવ્યા. ૧૦૦ પાઉન્ડ એની કિંમત હતી એની પેટર્ન આજે પણ યથાવત છે.

## યુરોપ છે હેડફોનનું જન્મદાતા

ડબલ ચેનલ હેડફોનની શરૂઆત યુરોપમાં થઈ હોવાનું માનવામાં આવે છે. કમ્પ્યુટર જ્યારે ભારતમાં નવા નવાં આવ્યા એ સમયે હેડફોનમાં એકસાથે બે વાયર આપવામાં આવતા. ગ્રીન અને પછી બ્લેક. બ્લેકના સ્થાને બીજા રંગો બદલતા રહ્યા પણ ગ્રીન કલર યથાવત્ રહ્યો. એનું એક હોલ્ડર કમ્પ્યુટરમાં પણ સ્થાયી થયું. બે વાયરનો અર્થ એ થતો કે, બે ઓડિયો ચેનલ પર હેડફોન કામ કરે છે. એકમાં વોઈસ અને બીજામાં



મ્યુઝિક. વાયરને સાચવી રાખવાની મથામણ અને પીન તૂટે નહીં એનું ખાસ ધ્યાન રાખવું પડતું. એક દાયકા સુધી સંગીતપ્રેમીના કાન પર રાજ કર્યા બાદ આખરે આવા હેડફોન આઉટડેટેડ થયા અને કાયમી વિદાય લીધી.

આજે જે માર્કેટમાં વાયરવાળા હેડફોન મળે છે એમાં એક જ વાયરમાં ડબલ ચેનલ હેડ વાયર હોય છે એટલે એક જ પીનમાં બે આઉટપૂટ તે ફાયર કરી શકે છે. એનાથી આગળ સ્પીકર પાસે થોડી અમથી જગ્યામાં સર્કિટ સાથે બ્લૂટુથને ફીટ કરતા આ જ હેડફોન બ્લૂટુથથી સજ્જ થયા.

## વોકમેને વધારી ઈયરફોન-હેડફોનની માગ

વર્ષ ૧૯૭૯ અને છેક ૧૯૯૫ સુધી વોકમેનનો દબદબો માર્કેટમાં હતો. સૌથી પહેલા વોકમેનનો અભિગમ લાવનાર કંપની સોની હતી. મોડલ હતું વોકમેન MDR 32 એક જ હોલ્ડરમાં હેડફોન પણ કનેક્ટ થાય અને ઈયરફોન પણ જોડાઈ જાય. અંદર ૬૦ અથવા ૯૦ મિનિટની ઓડિયો કેસેટ લાગતી. એમાં પણ સોનીની કેસેટ હોય એટલે સાઉન્ડ અલગ રીતે સંભળાય. વારંવાર પ્લાસ્ટિક પ્લેટ અને સ્પીકર સાથે જોડાયેલા વાયર તૂટી જાય તો હેડફોન નક્કામા બની જાય. આ સમસ્યા હતી. એ પછી આવ્યા કાનની અંદર સમાય જાય એવા બટન જેટલા કદના ઈયરફોન. કદમાં નાના એટલે સાચવવાની જફા નહીં અને વાયરનું ફીડલું વાળીને મૂકી પણ શકાય. ફિલિપ્સ, ઓનક્યો, પેનાસોનિક જેવી કંપનીઓએ વોકમેન માર્કેટમાં મૂક્યા બાદ ઈયરફોનની માગ રાતોરાત વધી ગઈ. પરિણામે હેડફોને એક અલગ સ્થાન બનાવ્યું જ્યારે દૈનિક વપરાશમાં ઈયરફોન વધ્યા. જે આજે પણ યથાવત્ છે.

## નેકબેન્ડ ઈયરફોન ને બડ્સ

ઓડિયો ડિવાઈસની દુનિયામાં સોની કંપનીએ જે ખેડાણ કર્યું છે અને સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે એ બેજોડ છે. સોની કંપની ફોન માર્કેમાં ખરાબ રીતે પીટાઈ ગઈ, પણ હેડફોનથી લઈને નેકબેન્ડ સુધી સોનીનો દબદબો હજુ પણ યથાવત્ છે. ગળા પર વજન ન લાગે અને માથે મૂકો તો ફીલ ન થાય એ રીતે વજનમાં સાવ હલકા નેકબેન્ડ ઈયરફોન પહેલા વાયરમાં આવ્યા અને પછી બ્લૂટુથ સાથે આવ્યા. વાયરમાં મર્યાદા એ હતી કે, પીન પાસે વાયર વધારે ખેંચાય કે સ્પીકર પાસેના વાયર તૂટે તો નક્કામું. એટલે બ્લૂટુથવાળા ફોન ટકી રહ્યા જે આજે પણ કાયમ છે.

### આઉટ ઑફ બોક્સ

વર્ષ ૧૯૯૮માં પહેલીવાર સાઉન્ડબાર માર્કેટમાં આવ્યા. એલટેક લાંસિગ નામની કંપનીએ બનાવ્યા પછી ડોલબી ડિજિટલ સાઉન્ડ સાથે મર્જ થતા સાઉન્ડબારનો કોન્સેપ્ટ વિકસ્યો. ■

સર્વશ્રેષ્ઠ સર્વોત્તમ સર્વોપરી
૨૦૪વર્ષથી સતત પ્રગટ થતું માતૃભાષાનું મશાલચી
મુંબઈ સમાચાર
દર સપ્તાહે પીરસે છે રંજક વાંચનનો રસથાળ
વાંચો અને વંચાવો
સોમવાર — ધર્મતેજ — આધ્યાત્મિક ચેતનાની જ્યોત
મંગળવાર — તરોતાજા (તન-મન-ધનથી રહો) — મનોમંથન સ્વસ્થતાના ઉપાયોનું
બુધવાર — ઈન્ટરવલ — થોડું પ્રાસંગિક, થોડો કટાક્ષ
ગુરુવાર — લાડકી પુરુષ — સંવેદના-સમસ્યા નર-નારીની
શુક્રવાર — મેટિની — મનોરંજન, મનોરંજન અને માત્ર મનોરંજન
શનિવાર — વીક એન્ડ — વાત સ્થાપત્ય, રમત-ગમત અને મુસાફરીની
રવિવાર — ઉત્સવ — અફલાતૂન લેખકો, અફલાતૂન પૂર્તિ

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# ...તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન

એ જ તો ક્યારનો ઢોલનગારા વગાડી વગાડીને કહું છું કે કરોડોના ઈવેન્ટ મેનેજમેન્ટના ખર્ચા, લાગણીનું બહુ જ બેહૂદુ પ્રદર્શન જ્યાં ને ત્યાં આખા અઠવાડિયાના Invitee Participationના દરેક Event દરમ્યાન અને બીજા દિવસે આવતા Whatsapp Messages અને/અથવા રૂબરૂ ફોનકોલ્સ દ્વારા નીકાળાતો (અંગ્રેજી મીડિયમની ગુજરાતી પેઢીની અત્યારની ગુજરાતી ભાષા) તાગ પણ હજી કોઈ બહુ જ નિરવ ખૂણામાં ધબકતો બાપ દીકરીનો વાત્સલ્ય-આદર ભાવ અકબંધ છે, એવો ને એવો છે, એની યથાવતતામાં ભંગાણ નથી પડી શક્યા...

મારા પરમ વહાલા દેવીઓ અને સજ્જનો! ન નકારી નાંખો ઈન્સ્ટાગ્રામને કદીય... મરીઝ જેવી સરળતમ બાની જેની પાસે છે એવા શાયરની ઇન્સ્ટાગ્રામની ગઝલની જબાનમાં કહું તો...



નારી તું નારાયણી...

પૂરાને ઘર કો ગિરાયા તો બાપ રોને લગા.
ખુશીને દિલ સા દુખાયા તો બાપ રોને લગા.

જો અમ્મી ના રહી તો ક્યા હુઆ કી હમ સબ હૈં
જવાબ બન નહીં પાયા, તો બાપ રોને લગા.

યે રાત ખાંસતે રહતે હૈ હોતી હૈ તકલીફ
બહુને સબમેં જતાયા તો બાપ રોને લગા

બિઠા કે રીકશે મેં કલ શબ રવાના કરતે હુએ
દિયા બેટીને કિરાયા તો બાપ રોને લગા

બના દિયે હમેં કમરે, ખુદ ઉસકો ટીવીને
મદીના - કાશી દિખાયા તો બાપ રોને લગા.

કલ ઉસકે દોસ્તકો બાહર સે ટાલને કે બાદ
ઉસે ફકીર બતાયા તો બાપ રોને લગા.

બહન રવાનગીસે પહલે પ્યાર લેને ગઈ
તો કુછ ભી દે નહીં પાયા તો બાપ રોને લગા.

કિયા હી ક્યા હૈ ભલા આજ તક હમારે લીયે?!
સવાલ જ્યોંહી ઊઠાયા તો બાપ રોને લગા.

તબીબ કહતા થા પાગલ કો કુછ ભી યાદ નહીં
ગલે સે મૈને લગાયા તો બાપ રોને લગા.

ન જાને 'કૈસ''ને કીસ જઝબે સે યે ક્યા લીખ્ખા?
કે જૂંહી પઢ કે સૂનાયા તો બાપ રોને લગા.
શહઝાદ કૈસ

આટલી અદ્ભુત ગઝલ જે બોલી છે એનું નામ દિપ્તી છે કે અદિબાહ છે એ તો જાણ નથી મારા જેવા ઈન્ટરનેટ અજ્ઞાનીને, પણ એ જે હોયતે સ્ત્રીનું પઠન ગઝલની અદ્ભુતતાથી સહેજ પણ ઓછું નથી એ તમારી જાણ ખાતર..! સ્ત્રી પાસે શ્રૃંગારમય વસ્ત્ર તો છે જ છે, સાથે સાથે સમગ્ર વિશ્વના રોજબરોજના વહેવારનું અતિ કૌશલ્ય ભર્યું સંચાલન કરવાના અસ્ત્ર પણ છે જ છે અને એ ધારી લે સંગઠિત થવાનું ત્યારથી સમૂહમાં અને ત્યાં સુધી એકલી જા ને રે નું સાક્ષાત સ્વરૂપ ધારણ કરવાના અમોઘ શસ્ત્ર પણ છે જ છે. નહીં... ઓ ભાઈ... કે બહેન... આમાં અંબા, કાલી કે બીજી માઓના દેવી સ્વરૂપો ઈન્વોલ્વ કરતા જ નહીં... તમે પુરુષો જેની પૂજા કરો છો એના બાળ સ્વરૂપ કે કિશોરી સ્વરૂપ કે સંપૂર્ણ નારી સ્વરૂપ પર અત્યાચાર ગુજારતા પહેલા કે બળાત્કાર પહેલાં લગરીક વિચાર્યું છે કે આ એ જ છે જેની સવારે તમે પૂજા કરી હતી અને અહીંથી 'પતાવી'ને સ્થાનક પર સિંદુર ચઢાવા કે નમાઝ પઢવા જવાના છો? તો પછી આટલા દંભી, આટલા દેખાડાખોર અને હિપોક્રેટ તો ના બનો હે દુનિયાભરના બેઈલ મેળવનારાઓ અને પકડાયા વગરનાઓ!

અને એય સ્ત્રી! હવે તું ખબર પાડ તારી જાતને! અને માન કે તું કોણ છે?! દર વખત બધા તને ભોળવીને તારો કેમ દુરુપયોગ કરે છે? અરે છોડ એ જ ક્ષણે એવા દરેક કર્મને કે જે તારા સ્ત્રીત્વને હાની પહોંચાડતું હોય... જરૂર જા તું એ દરેક જગ્યાએ જ્યાં તારું સ્વમાન રક્ષાતું હોય, પણ તારા પર પડતી દરેક નજર તારા તરફના સમ્માનની નથી હોતી, એમાંથી પોણા ભાગની તો નર્યા વિકારથી ભરી હોય છે ખાસ કરીને એવે સ્થળે જ્યાં દીકરો ન આવે ત્યાં સુધી જ દીકરીના જણતરથી લઈને આવ્યા પહેલાં વિદાય આપવાની 'જોગવાઈ' થતી હોય.

આનાથી વધુ એક અક્ષર આ વિષય પર હું અહીં પાડું તો વાત બોધજન્ય એટલે કે સ્ટુપીડ એટલે કે નોનસેન્સ થઈ જશે, પણ મહાનાયકે જે માત્ર ૪-૫ ફિલ્મોમાં જ અંતિમ કક્ષાનું પાત્ર નિભાવ્યું છે અને મારા હિસાબે તો આ એમની Career Best Film છે- પિંક - એમાં જરાક પણ પ્રાધાન્ય ન મેળવી શકી એ તનવીર ગાઝીની નઝમ...

તૂ ખુદ કી ખોજમેં નિકલ તૂ કિસ લિયે હતાશ હૈ
તૂ ચલ તેરે વજૂદકી સમય કો ભી તલાશ હૈ

જો તુઝસે લિપટી બેડિયાં સમઝ ન ઈનકો વસ્ત્ર તૂ
યે બેડિયાં પિઘાલ કે બનાલે ઈનકો શસ્ત્ર તૂ

ચરિત્ર જબ પવિત્ર હૈ તો ક્યોં હૈ યે દશા તેરી
કીસી કો કોઈ હક નહીં કરે વો દુર્દશા તેરી

ચૂનર ઊડા કે ધ્વજ બના ગગનભી કંપકંપાયેગા
અગર તેરી ચૂનર ગિરી તો એક ભૂકંપ આયેગા

તૂ ચલ તેરે વજુદ કી સમય કો ભી તલાશ હૈ
તૂ ખુદ કી ખોજમેં નિકલ તૂ કિસ લિયે હતાશ હૈ

સર અમિતાભ બચ્ચન પહાડી, ઊંડા, ગંભીર અવાજમાં પઠન કરે ત્યારે સવાલ એક જ થાય અમિતાભ પાઠક મોટા કે અમિતાભ અદાકાર મોટા?!

આજે આટલું જ... ■

વલો કચ્છ

ગિરિરાજ
feedback@bombaysamachar.com

# એક યુવાને પ્રશ્ન કર્યો, ખહોડી એટલે શું?

ખહોડી એટલે શું? એક યુવાને પ્રશ્ન કર્યો.

વડીલ સ્મિત કરીને બોલ્યા, 'તને ખહોડીનો અર્થ જાણવો છે કે અર્થ સમજવો છે?'

યુવાને કહ્યું, બન્ને પણ સરળ રીતે કહેજો.

વડીલ ધીમે ધીમે વાત શરૂ કરે છેઃ 'ખહોડી એટલે એ માણસ, જે ડુંગરા અને વગડામાં ભટકીને 'ડુથ' નામના ઘાસમાંથી દાણા શોધે. બહુ કઠિન કામ. ભૂખ લાગે, થાક લાગે, છતાં પણ ખંતથી કામ પૂરું કરે.'

'પણ એમાં ખાસ શું છે?' યુવાને તરત પૂછ્યું.

'હા, અહીં જ તો વાત છે.' વડીલ બોલ્યા, 'શાહ અબ્દુલ લતીફ ભટ્ટાઇ ખહોડીને ફક્ત ઘાસ શોધનાર માણસ તરીકે નથી જોતા. તેઓ તેને ભક્ત સાથે સરખાવે છે પરમાત્માની શોધમાં નીકળેલો માણસ. આવું એક સુફી માનક જ વિચારી શકે હો. શાહના રસાલામાં પ્રાપ્ત વિગતો અનુસાર જૂના વખતમાં કચ્છમાં માંધાણા નામના ઘાસમાંથી કાઢેલા દાણાના રોટલા બનાવવામાં આવતા-કચ્છના રાઓશ્રી દેશળજી બીજાને કવિ કેશવ કહે છે. માંધાણે છ માની અસીં, કુટે પિટે ખેઓ અર્થાત્ અમે માંધાણુને કૂટીપીટી, તેમાંથી દાણું કાઢીને તેના રોટલા બનાવી ખાઈએ છીએ. આ ડુથ નામના ઘાસના દાણાને ગુજરાતમાં સામોના નામે ઓળખવામાં આવે છે.'

યુવાનની આંખોમાં રસ જાગ્યોઃ 'ઓહ હો, કેવી રીતે?'

જેમ ખહોડી અજાણ્યા ડુંગરોમાં જાય છે, જોખમ લે છે, દુઃખ સહે છે તેમ ભક્ત પણ જીવનમાં સત્ય શોધવા માટે મુશ્કેલ રસ્તા પસંદ કરે છે. સરળ રસ્તે ક્યારેય ઊંડું જ્ઞાન મળતું નથી.

એટલે જ શાહ લતીફ કહે છે કે, 'જેને ડુથ જોઈએ, તેને ડુંગરોમાં જવું જ પડે?'

બિલ્કુલ! હવે વડીલ ખુશ થઈ બોલ્યા, 'તને વાત સમજાઈ રહી છે.'

યુવાન ફરી પૂછે છેઃ 'પણ ખહોડી તો ભૂખ માટે કરે છે, ભક્ત તો ભગવાન માટે બન્નેમાં શું જોડાણ?'

હવે વડીલ ગંભીરતાથી આગળ વધ્યાઃ 'ભૂખ બન્નેને છે. ખહોડીને પેટની, ભક્તને આત્માની. એક દાણા માટે ભટકે છે, બીજો શાંતિ માટે. તો જોડાયો ને સંબંધ?'

થોડું મૌન છવાઈ ગયું.

પછી વડીલ ફરી બોલ્યાઃ 'ખહોડી પથ્થર પર સૂઈ જાય છે, તકલીફ સહે છે. તેને આરામ નથી મળતો. એ જ રીતે ભક્તને પણ સત્ય સુધી પહોંચવા માટે આરામ છોડવો પડે.'

શાહની બેતથી સમજીએ,

ડોથી સા ડોરીન, જા જુઅ સુઈ ન બુધી, પાસા મથે પાહણે,

ખાહોડી ખોડીન, વિજા ઉત વોડીન, જિત નેહાયત નાંય કા

અર્થાત્, જે સ્થાન જોએલ કે સાંભળેલ પણ નહિ તે



સ્થાન ડોથા લોકો શોધી શકે છે. એ ખાહોડી પોતાનાં શરીર પથરા ઉપર મૂકી દે છે. જેને કંઈ અંત જ નથી એવું જ્ઞાન શોધી શકે છે.

જે કો ડુથ કરે, ત ડુંગર ડોરણ ડાખડો,
છપર કી ન ડે, સુખડિયું સુતન કે

અર્થાત, જેને ડુથ (એક જાતનું ઘાસનું અનાજ)ની શોધ કરવી હોય, તેણે ડુંગરોમાં ભટકવાની જહેમત ઉઠાવવી જ જોઈએ. ડુંગર ઊંઘતાઓને સારી વસ્તુઓ આપતા નથી.

યુવાને હળવી મજાકમાં કહ્યુંઃ 'એટલે આધ્યાત્મિકતા પણ થોડી 'ટફ' છે એમ ને!'

વડીલ હસી પડ્યા, 'ટફ નહીં, કીમતી છે. સસ્તી વસ્તુઓ લાંબા સમય સુધી ટકતી નથી.'

અને ખહોડીનો અંત ક્યાં આવે?

'ખહોડીનો અંત નથી,' વડીલ ધીમે બોલ્યા, એ જ તો શાહ લતીફનો સંદેશ છે. શોધ ક્યારેય પૂરી થતી નથી. પરમાત્મા અનંત છે, એટલે શોધ પણ અનંત છે.

યુવાન હવે વિચારમાં ડૂબી ગયો, એટલે જીવનમાં આપણે પણ કંઈક શોધતા જ રહીએ છીએ એમ ને?

હા, વડીલ બોલ્યા, પણ પ્રશ્ન એ છે તું શું શોધે છે? આરામ કે અર્થ? યુવાન ચોંકી ગયો.

વડીલ આગળ બોલ્યાઃ 'આજકાલ લોકો સરળ રસ્તા શોધે છે ઝટપટ સફળતા, તરત સુખ. પણ ખહોડી શીખવે છે કે જે કિંમતી છે, તે માટે મહેનત કરવી પડે.'

એટલે જ જૂના સમયમાં લોકો માંધાણા કે સામા માટે મહેનત કરતા?

હા, વડીલે કહ્યું, 'એ ફક્ત ખોરાક નહોતો, એ જીવનની શીખ હતી. દાણા મેળવવા જેટલી મહેનત, એટલી જ જિંદગી સમજવા માટે જોઈએ.'

યુવાને અંતિમ પ્રશ્ન કર્યોઃ 'તો ખહોડી આપણને શું શીખવે છે?'


વડીલ થોડી ક્ષણ ચૂપ રહ્યા, પછી ધીમેથી બોલ્યાઃ 'ખહોડી કહે છે રસ્તો મુશ્કેલ હોય તો ડરશો નહીં, લક્ષ્ય દૂર હોય તો થાકશો નહીં, અને શોધ અનંત હોય તો અટકશો નહીં.

યુવાનના ચહેરા પર હવે સંતોષ હતો.

છેલ્લે વડીલે 'શાહ'ની વધુ ઓળ'ખાણ' આપી. લતીફ બાલ્યકાળથી જ ખુદાપરસ્ત બની ગયા હતા. અવારનવાર એમનું મન ઊંડા ચિંતનમાં ઊતરી જતું. 'શાહ લતીફ ઑફ ભિટ્ટ' નામે એક દળદાર ગ્રંથ ૧૯૪૦માં ઑક્સફોર્ડ યુનિવર્સિટી પ્રેસ દ્વારા પ્રકાશિત થયેલ છે. એ સિવાય પણ શાહ લતીફના સાહિત્યના ઘણા અનુવાદો અંગ્રેજી ભાષામાં પ્રસિદ્ધ થઈ ગયા છે. ■

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




'આજે દેવીપ્રસાદજીના ઘરે તમારી વચ્ચે શું વાત થઇ...?' સવાલ સાંભળીને જગદીશ હચમચી ઊઠ્યો. હવે એને લાગ્યું કે એની સામે ગોપાલેશ્વરમાં હાહાકાર મચાવવા માગતો એક ખૂંખાર ત્રાસવાદી બેઠો હતો. જેને દેવીપ્રસાદજીની મીટિંગની જાણ હતી... અને એને હવે મીટિંગમાં શું થયું એ જાણવું હતું. એને પૈસાની ઓફર.... ચુટકી તમાકુની ખરી કિંમત સમજાવા લાગી, પરંતુ એના મનમાં સવાલ જાગ્યો કે શું કોઇ માત્ર આટલું જાણવા માટે પૈસાની ઓફર કરે....?

'ધરમશાળાના ટ્રસ્ટીઓએ પૂછાવેલું કે રાધા હજી કેટલા દિવસ રોકાશે કેમ કે અમુક ચોક્કસ દિવસથી વધુ અહીં કોઇ રોકાઇ શકતું નથી...એવો નિયમ છે. અમે એ બધી ચર્ચા કરવા મળ્યા હતા.' જગદીશે સિફતપૂર્વક બાજી સંભાળી લેતાં કહ્યું.

'તું મારા માટે કામ કરીશ....પૈસા મળશે.?' રાઘવે પૂછ્યું.

'સવાલ પૈસાનો નથી, કામ શું છે એ કહો.....' જગદીશે ખૂબ જ નમ્રતાથી એના તરફથી મળનારા કામ વિશે વિચારતા જવાબ આપ્યો.

'રાધાની અસલિયત જાણવી છે.....કોણ છે...? શું કામ આવી છે....?' રાઘવે પૂછ્યું.

'ઓહ તો તેં જ રાધાની અસલિયત જાણવા માટે રૂમ ફેંદી નાખ્યો હતો ને કાંઇ મળ્યું નહીં એટલે મારી પાસેથી તારે જાણવું છે. એક ત્રાસવાદીએ ખુફિયા એજન્ટ વિશે જાણવું છે.' જગદીશ વિચારી રહ્યો.

'ભલા માણસ, જે પ્રેમમાં હોય એ અસલિયત ન પૂછે...કોણ છે ને શું કામ આવી છે આવા સવાલો ન કરે.....તમે છો કોણ એ કહોને યાર.....?' જગદીશે પૂછી નાખ્યું.

'હું કોણ છું.........?' બોલીને એ ખડખડાટ હસ્યો. હું કોણ છું એ વાત જવા દે......હું બધું જ જાણું છું. રાધા વિશે, દેવીપ્રસાદ વિશે અને હવે તારા વિશે પણ......મારી બાજુ આવી જઇશ તો ફાયદામાં રહીશ.'

'મારે વિચારવું પડે......કામ જાણ્યા વિના ખાલી પૈસા માટે કામ નહીં કરું.' જગદીશે મૂળ કામ જાણવાના ઇરાદે કહ્યું ને મોંમાંથી રાઘવે આપેલી તમાકુ થૂંકી નાખી.

'મૂળ કામ પણ કહીશ તને. પહેલાં મને રાધા માટે વાંસળી વગાડી લેવા દે.'

જગદીશને ત્રાસવાદની ઝનૂની ધૂન સંભળાઇ રહી હતી.

***

પુરોહિત ચાવાળો રાતે દેવીપ્રસાદજીના ઘરે ગયો. રાધા પણ હતી. કદાચ પુરોહિતના કહેવાથી જ એ ત્યાં હાજર હતી.

'રાઘવ ભન્નાલાલજીના તબેલામાં કામ કરે છે ને ત્યાં જ રહે છે.' પુરોહિતે બેસતાં જ કહ્યું.

'ભન્નાલાલને હું સારી રીતે ઓળખું. બહુ વખતથી મળ્યો નથી....મંદિરે દર્શન કરવા પણ આવતો નથી.' દેવીપ્રસાદજીએ કહ્યું.

'ઉંમર થઇ ગઇ છે એટલે મંદિરે પણ આવતા નથી...એવામાં એને રાઘવ મળી ગયો છે. બાકીનું બધું તમે જ એની પાસેથી સલુકાઇથી જાણી લો તો સારું. ત્યાં એનો એક જુનો છોરો રણછોડ પણ કામ કરે છે. રણછોડ કોઇના લગનમાં ગયો છે.'

'પુરોહિત, તમે રણછોડ પાસેથી જાણી નહીં શકો.?' રાધાએ પૂછ્યું.

'દેવીપ્રસાદજી ભન્નાલાલ સાથે વાત કરશે તો ફરક પડશે. મને લાગે છે કે ભન્નાલાલજી ભોળવાઇ ગયા છે....એ રાઘવની વાતમાં આવી ગયા છે.' પુરોહિતે કહ્યું.

'રાઘવ દૂધ વેંચવા મંદિર જાય ત્યારે તમે ભન્નાલાલને મળી લેજો.' રાધિકાએ કહ્યું.

***

અજમલ અન્સારી અન્ડરગ્રાઉન્ડ થઇ ગયો હતો ને એનો મોબાઇલ ડેડ છે. રાધાને આ વાતની શંકા હતી જ. એને મનમાં થયા કરતું હતું કે એને ઊંચકી નહીં લેવાની ભૂલ ભારે પડવાની છે અને એવું જ થયું. રાધાના મનમાં આ વાતનો ખટકો રહી ગયો હતો. એ ગોપાલેશ્વરમાં બેસીને કાંઇ કરી શકે એમ નહતી.

બીજી તરફ અજમલ અન્સારી અન્ડરગ્રાઉન્ડ થઇને કંઇક મોટું કરવાના ફિરાકમાં હતો. જૂના દિલ્હીની એક મસ્જિદમાં મુલ્લો બનીને રહેતો શાકીબ મિયાં એને તૈયાર કરી રહ્યો હતો, પણ અજમલ અન્સારીના દિમાગમાં રાધાને શોધીને એને ખતમ કરવાનું ઝનૂન હતું.

'અજમલ, અલ્લાહ કસમ તુને આજ તક નહીં કિયા હોગા એસા કામ કરના હૈ તુઝે. એક સાયલન્ટ ધમાકા...' શાકીબ મિયાંએ એની સામે વેશપલટો કરીને બેઠેલા અજમલને કહ્યું.

'લેકિન ઉસસે પહેલે મુઝે એક બડા કામ કરના હૈ....' એણે કહ્યું.

'ક્યા કામ હૈ....?' શાકીબ મિયાંએ પૂછ્યું.

'મિત્સુ આનંદ કો ખતમ કરના હૈ....મુઝે ઉસકો ઢૂંઢના હૈ...અન્ડરગ્રાઉન્ડ હોના ન પડતા તો મૈંને ઉસે અબતક ખતમ કર દિયા હોતા.'

'ઇન્શાલ્લાહ વો ભી હો જાયેગા.....ઉસકી મૌત કી તારીખ તૂ તય કરેગા.' શાકીબ મિયાં બોલ્યા.

***

દેવીપ્રસાદજીના ઘરની મીટિંગ બાદ રાધા વિચારવા લાગી કે અજમલના કેસમાં થયું એવું રાઘવના કેસમાં નહીં થવું જોઇએ. રાઘવ નામનો ત્રાસવાદી સામે છે ને પોતે કાંઇ કરી શકતી નથી. મોડું થઇ જાય તે પહેલાં રાઘવને ઝબ્બે કરી લેવો કે ખતમ કરી નાખવો જરૂરી છે. આઇબી ચીફ રાઠૌડની જાણ બહાર જ એને ખતમ કરવો પડશે. હા, લોહીનું એક ટીપું પણ પાડ્યા વિના એને મારવાની તરકીબ વાપરવી પડશે....પણ આઇબી ચીફની જાણ બહાર, એમની પરવાનગી વિના આટલું મોટું પગલું ગોપાલેશ્વર મંદિર અને દેશ માટે ઘાતક નીકળી શકે છે. પોતાની કારકિર્દી પર કલંક લાગી શકે છે. એક ખોટું કદમ અને બધું જ ખતમ. એણે પોતે દોરેલાં ગોપાલેશ્વરનાં ચિત્રની સામે જોયું...આંખ મીંચીને મનોમન પ્રાર્થના કરીને કોઇ નિર્ણય લીધો.

***

દેવીપ્રસાદજીએ સ્કૂટી ભન્નાલાલના તબેલાની બહાર ઊભું રાખ્યું. ગાયોએ આવકારો આપતી હોય એમ ડોકાં હલાવ્યા...ઘંટડીઓ રણકી...સાંભળીને ભન્નાલાલ તબેલાને અડીને આવેલા ઘરમાંથી બહાર આવ્યા.

'દેવીપરસાદ......' ભન્નાલાલે નેણ પર હાથની છાજલી કરીને જોતાં કહ્યું.

**ભન્ના, ઉંમરની સાથે તારી આંખે ઝાંખપ આવી છે, પણ દ્રષ્ટી તેજ છે....**

'ભન્ના, ઉંમરની સાથે તારી આંખે ઝાંખપ આવી છે, પણ દ્રષ્ટી તેજ છે.....ઓળખી લીધો મને.' દેવીપ્રસાદે કહ્યું. મકાનની ઓથે છાંયડામાં ખાટલો ઢાળીને બંને બેઠા.

'આદમી સબકૂછ અટકા સકે બસ, બઢતી ઉંમર કો ન અટકા સકે.' ભન્નાલાલ બોલ્યા.

'ભાયા, થે મંદર આવણો ક્યૂં છોડ દિયો ....' દેવીપ્રસાદે વાતની શરૂઆત કરી.

'ઉંમર.... ઉંમર ને પગ મેં બેડી ડાલ દી...' ભન્નાલાલે કહ્યું.

'આ કામ કોણ કરે....?' દેવીપ્રસાદે ગાયોની ગમાણ તરફ જોતાં પૂછ્યું.

'એક રણછોડ તો આપણો છોરો છે જ....રાઘવ નામનો બીજો એક છોરો મલી ગયો છે.'

'રાઘવ...એ વળી કોણ....? એ તન્ને ક્યાંથી મલી ગયો ભાયા.....?' દેવીપ્રસાદજી બોલ્યા.

'મન્ને લાગે ગોપાલેશ્વરે સામણે સે મોકલ્યો...જેસલમેડ કે પાસ કે કોઇ ગાંવ કા હૈ. હા, કામકાજ મેં બડો હોશિયાર હૈ છોરો....દિલ લગાવીને કામ કરે....' ભન્નાલાલ બોલ્યા.

'ભન્ના, ભાયા તૂ બડો ભોલો હૈ.....બિના જાણપહેચાણવાલે કો રખ લિયા....સૂણ, આજકાલ ટાઇમ ખરાબ ચાલે....કહાં સે આયો હૈ....મા-બાપ કોણ.....જાતપાત ક્યા યે સબ જાણકારી લે....ઔર તૂ સીધા ના પૂછ.....રણછોડ કો કામ સોંપ દે.' દેવીપ્રસાદજીએ કહ્યું. ભન્નાલાલ દેવીપ્રસાદની સામે જોઇ રહ્યો.

'દેવીપરસાદ, તૂ મન્ને યેહ કેહણે કે વાસ્તે ઇતના દૂર આયા...?' ભન્નાલાલે પૂછ્યું.

'હા ભન્નાલાલ, કોઇ ભી હો....ઇતના ભરોસા મત કર કિ કલ જા કે તુઝે પસ્તાના પડે....' દેવીપ્રસાદે સ્પષ્ટ વાત કરી.

'દેવીપરસાદ, તુજે રાઘવ પર કોઇ શંકા હૈ....? કોઇ એડીતેડી બાત મિલી...?'

'મૈં નહીં દૂં ઇસકા જવાબ......તુ સોચ લે ભન્નાલાલ.....' દેવીપ્રસાદ બોલીને ચાલતા થયા. સ્કૂટી ચાલુ કરીને પવનવેગે નીકળી ગયા. પાછળ ભન્નાલાલના વિચારોની ડમરી ઊડી.

***

દેવીપ્રસાદજીએ લગભગ અડધો કિલો મીટરનું અંતર કાપ્યું હશે ત્યાં જ સામેથી રાઘવ બાઇક પર આવી રહ્યો હતો. રાઘવે ક્રોસ કરી ગયેલા દેવીપ્રસાદને ઓળખી લીધા. એની આંખોમાં ખુન્નસ હતું. એણે બાઇકની સ્પીડ વધારી. કાચા રસ્તા પર ઉડતી ધૂળને ચીરતું એનું બાઇક તબેલા પર જઇને ઊભું રહ્યું. મકાનની બહાર ખાટલો ઢાળેલો હતો. એણે એક કાતિલ નજર ખાટલા પર કરી. ભન્નાલાલ અંદર હતા. એણે એની આદત મુજબ તગારાના પાણીથી મોં પર છાલક મારી, બાઇકના સાઇડ મિરરમાં જોતાં ગમછાથી મોં લૂછ્યું. એણે અંદર જઇને દરવાજો બંધ કર્યો.

***

બહારગામથી આવી રહેલા રણછોડે બીજે દિવસે સવારે દૂરથી જોયું. ઘરની આસપાસ થોડા લોકો એકઠા થયેલા હતા. એણે દોટ મૂકી....નજીક પહોંચતા દૃશ્ય સ્પષ્ટ થયું. સફેદ કપડામાં ભન્નાલાલનો મૃતદેહ વીંટળાયેલો હતો. રાઘવ મૃતદેહ પાસે રડતો બેઠો હતો. થોડા ડાઘુઓ ગૂસપૂસ કરતા હતા. રણછોડના મોંમાંથી ચીસ નીકળી ગઇ. ભન્નાલાલના છાતી પર માથું મૂકીને રડવા લાગ્યો. થોડી ક્ષણો બાદ એણે રાઘવની સામે જોયું.

'શું થયું બાબુજીને.?' એણે પૂછ્યું.

'વહેલી સવારે મેં જોયું બાબુજી ઉઠ્યા નહીં...અંદર જઇને જોયું તો.....' રાઘવે નજર ફેરવી લેતાં કહ્યું.

***

પુરોહિત ચા બનાવી રહ્યો હતો. એક જણે આવીને કહ્યુઃ 'રાઘવ દૂધ દેવા નહીં આવે....ભન્નાલાલજી ગુજરી ગયા.' પુરોહિત વીજળીનો આંચકો લાગ્યો હોય એમ સટ્ટાક ઊભો રહી ગયો.

'શું થયું......?' એણે પૂછ્યું.

'ખબર નહીં....' પેલો માણસ કહીને જતો રહ્યો, પણ પુરોહિતની નજર સામે દેવીપ્રસાદના ઘરે થયેલી મીટિંગની ચર્ચા તરવરી રહી હતી. દેવીપ્રસાદજી ભન્નાલાલને મળવાના હતા. એ બાજુમાં ચા વેંચનારા એક છોકરાને બધું સોંપીને દેવીપ્રસાદના ઘરે જવા નીકળી ગયો.


***

થોડીવાર પછી દેવીપ્રસાદના ઘરમાં રાધા, જગદીશ અને પુરોહિત બેઠા હતાં.

'નક્કી ભન્નાલાલનું મર્ડર થયું છે.' દેવીપ્રસાદ બોલ્યા. (ક્રમશઃ)■

મોર્નિંગ મ્યૂઝિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# રઘુ રાયઃ 'ક્લિક'ના કીમિયાગર



## એક એવા અવ્વલ તસવીરકાર, જેમણે ગ્રામીણથી લઈને આધુનિક ભારતના અનેક રંગને કૅમેરાના કૅનવાસ પર સજીવ કર્યા

ભારતને સમજવાના અનેક રસ્તા છે : ઈતિહાસનાં પુસ્તકો છે, સાહિત્ય છે, લોકકથાઓ છે અથવા પુરાણો છે, પણ એક રસ્તો એવો પણ છે, જેમાં એક પણ શબ્દ વાંચ્યા વગર પણ તમે આ દેશની ધડકન, તેની બેચેની, તેનું સૌન્દર્ય અને તેનો સંઘર્ષ મહેસૂસ કરી શકો છો. એ રસ્તો છે તસવીરોનો. અને એ રસ્તા પર આપણને સૌથી વધુ ગહેરાઈથી ચાલતાં શીખવ્યું હોય તો તે હતા રઘુ રાય. 'હતા' એટલા માટે કે ગયા રવિવારે (૨૬ એપ્રિલ ) તે ૮૪ વર્ષની વયે અલવિદા ફરમાવી ગયા.

તેમની પાછળ અડધી સદીની સમૃદ્ધ કારકિર્દી મૂકીને તે ગયા છે.

રઘુ રાયને કેવળ 'પ્રસિદ્ધ ફોટોગ્રાફર' કહી તેવું તેમના કામ સાથે થોડી નાઇન્સાફી હશે. ફોટોગ્રાફર તો આ દેશમાં ઘણા થયા છે, અને બહુ ઉત્તમ પણ, પરંતુ રઘુ રાય એક એવા વિઝ્યુઅલ વાર્તાકાર હતા, જેમણે કેમેરાનો ઇસ્તેમાલ કલમ તરીકે કર્યો હતો- તેમણે શબ્દો વગર ભારતની સૌથી જટિલ, સૌથી માર્મિક, સૌથી વિચલિત કરે તેવી અને સૌથી સાચી વાર્તાઓ લખી હતી.

ચાહે ભોપાલ ગેસકાંડ હોય, ઇન્દિરા ગાંધીની હત્યા હોય, મધર ટેરેસાની સેવાપ્રવૃત્તિ હોય, બાંગ્લાદેશ જંગના જખમી સૈનિકો હોય, મણિકર્ણિકા ઘાટ પર અંતિમસંસ્કાર હોય કે પછી બાળ ઠાકરે અને બોલિવૂડનું શહેર મુંબઈ હોય... તેમની તસવીરો એક નજર નાખવાની ચીજ નહોતી- તે ધીરે-ધીરે આપણી ચેતનામાં ઉતરતી હતી, જાણે કોઈ જૂની યાદ અથવા કોઈ અધૂરો સવાલ હોય.

૧૯૬૦ના દશકમાં ભારત જ્યારે સ્વતંત્રતા પછી પોતાની ઓળખ વિકસિત કરી રહ્યું હતું ત્યારે પાકિસ્તાન પંજાબના ઝાંગમાં મોટા થયેલા રઘુ રાયે કેમેરા ઉઠાવ્યો હતો. તેમના મોટાભાઈ શરમપાલ ચૌધરી દિલ્હીમાં ફોટોગ્રાફર હતા.

સંયોગથી તેમનો એક સાથી ગામડે જતો હતો. રઘુએ જીદ કરી કે તેને સાથે જવા દે. તેમણે ભાઈની મંજૂરીની સાથે ભાઈનો કેમેરા પણ લીધો- એવી આશામાં કે ગામડે ફોટા પાડીશ.

એમાંથી એક તસવીર ભાઈએ ડેવલપ કરી, જે અંતતઃ 'લંડન ટાઈમ્સ' સમાચારપત્રમાં છપાઈ. અને એ તસવીર એક 'બેબી ડોન્કી'ની હતી. રઘુ રાયે મસ્તીમાં ગધેડાના બચ્ચાને ભગાવ્યું હતું. એ થાકીને ઊભું રહી ગયું તો વ્હાલું લાગતું હતું. તેમણે તેનો એ ફોટો પાડી લીધો. ભાઈને અને લંડનવાળાઓને એ ફોટો અસાધારણ લાગ્યો. રઘુ રાયને તો અંદાજ પણ નહોતો કે એમાં શું ખાસ છે.

અને આ રીતે તેમણે પ્રારંભિક તાલીમ લીધા પછી, કલકત્તાના 'ધ સ્ટેટ્સમેન' સમાચારપત્રમાં નોકરી શરૂ કરી હતી. તેને યાદ કરીને રઘુ રાયે એકવાર કહ્યું હતું, 'તમે સંયોગ કહો, નસીબ કે બીજું કંઈ, મારા ભાઈ ફોટોગ્રાફર ના હોત, મારી પહેલી તસવીર 'લંડન ટાઈમ્સ'માં છપાઈ ના હોત, તો કદાચ હું ફોટોગ્રાફર ના બન્યો હોત. તો શું બન્યા હોત? 'તો હું માળી હોત. મને બાગકામ બહુ ગમે છે. આજે પણ શનિ-રવિ હું મારા ફાર્મહાઉસ પર કામ કરું છું.'

આ એ સમય હતો, જ્યારે દેશ એક સાથે અનેક દિશાઓમાં બદલાઈ રહ્યો હતો : રાજકીય ઊથલપાથલ હતી, શહેરો ફેલાઈ રહ્યાં હતાં, ગામડાનો સંઘર્ષ વધી રહ્યો હતો અને સામાન્ય માણસો નાના-નાના વિજય ને નાના-નાના પરાજયમાં વ્યસ્ત હતા. રઘુ રાયે કેવળ એક રિપોર્ટરની જેમ જ નહીં, એક બેહદ સંવેદનશીલ સાક્ષીની જેમ આ બધું જોયું હતું. તેમના વ્યૂફાઈન્ડરમાં સનસનાટી નહોતી, બલ્કે એક શાંત અને ઊંડી જિજ્ઞાસા હતી કે આખરે આ દેશ તેની ભીતરમાં શું લઈને આગેકૂચ કરી રહ્યો છે.

તેમની તસ્વીરોની ખાસ વાત એ હતી કે તે બધી કોઈ 'ઘટના'ને નહીં, 'ક્ષણ'ને પકડતી હતી. દેશના અનેક ફોટોગ્રાફરો માટે આ જ સૌથી મોટી પ્રેરણા હતી. શહેરનું ભીડભાડવાળું બજાર હોય કે ગામડાનો ધૂળિયો રસ્તો, રઘુ રાય એમાંથી એવી એક ક્ષણ શોધી લેતા, જેમાં સમગ્ર દૃશ્ય તેની સાર્થકતા સાથે ખુલતું હોય. આ જ એક કળા હતી, જેને વિશ્વપ્રસિદ્ધ ફોટોગ્રાફર હેનરી કાર્ટિયર-બ્રેશોને 'નિર્ણાયક ક્ષણ' કહી હતી. રઘુ રાયે ભારતના સંદર્ભમાં તેને એક નવી ગહેરાઈ આપી હતી- તેમની આવી ક્ષણો કેવળ સૌન્દર્યની જ નહીં, પણ સંવેદના અને અર્થની પણ હતી.

રઘુ રાયની તસવીરોમાં ભારતના અનેક ચહેરા એક સાથ દેખાય છે. એક તરફ સત્તાની ગલીઓની ઠંડક અને ઔપચારિકતા છે, તો એમાં જ ઇન્દિરા ગાંધી જેવી શખ્સિયતોને બેહદ માનવીય, લગભગ નીજી કહી શકાય તેવી ક્ષણોમાં કેદ કરી છે. બીજી તરફ, સાધારણ લોકોની દુનિયા પણ છે- એમાં એક થાકેલો મજદૂર, રમતાં બાળકો કે મંદિરનાં પગથિયાં પર બેઠેલી બુઝુર્ગ મહિલા સૌ પોતપોતાની વાર્તાઓ 'કહે' છે. રઘુ રાયનો વ્યૂફાઈન્ડર આ બે દુનિયા વચ્ચે ભેદ નથી કરતો- તેમના માટે દરેક ચહેરો અને દરેક દૃશ્ય મહત્ત્વનું છે.

એક ઇન્ટરવ્યૂમાં તેમણે કહ્યું હતું, 'મારો ઉછેર એવા સમાજમાં થયો છે, જ્યાં સામાન્ય માણસોની કદર કરવાનું શીખવાડવામાં આવે છે. સામાન્ય લોકોની લાગણીઓ સાથે આપણો રોજ પનારો પડે છે. તમે માનો કે ન માનો, આ લોકોની સ્થિતિ આઝાદીનાં આટલાં વર્ષો બાદ પણ એવી ને એવી જ છે. મને એવા લોકો આકર્ષિત કરે છે. હું ઘણીવાર કોશિશ કરું છું કે મારી તસવીરો મારફતે સત્તામાં બેઠેલા લોકોનું ધ્યાન સામાન્ય લોકોની સમસ્યાઓ પર જાય. એ વાત સાચી છે કે મને સામાન્ય લોકોની તસવીરો ઉતારીને વધુ શાંતિ મળે છે.'


## 'વિઝ્યુઅલ વાર્તાકાર' રઘુ રાયના વ્યૂફાઈન્ડરની અનંત સફર



કહ્યાગરા કાર્યકર્તાઓ ...



... ઈન્દિરાજીઃ 'મિસ્ટર લેડી બૉસ'





રૂપેરી પરદાના મહારથીઃ
પ્રકાશ મેહરા - અમિતાભ બચ્ચન - મનમોહન દેસાઈ

સામાન્ય માણસો પ્રત્યેની તેમની આ સંવેદનાના કારણે જ રઘુ રાય ભોપાલ ગેસકાંડની પીડા અને વિનાશને દુનિયા સમક્ષ લાવી શક્યા હતા. એ ઘટના પછી તેમણે જે તસવીરો ખેંચી હતી, તે માત્ર એક ટ્રેજેડીનો દસ્તાવેજ જ નહોતો-તે સાધારણ લોકોની પીડાની નિઃશબ્દ ચીસ હતી, જેને શબ્દોમાં વ્યક્ત કરવી મુશ્કેલ હતી. તેમની એક તસવીરમાં જમીનમાંથી બહાર આવેલા મૃત બાળકનું મોઢું છે. તેની આંખો ફાટેલી છે અને હોઠ ખુલ્લા છે- જાણે તે આખી દુનિયાને પ્રશ્ન કરી રહ્યું હોય. આ એક ફ્રેમ માત્ર નથી, પરંતુ એક નૈતિક પડકાર છે. રઘુ રાય અહીં તસવીર જોનારા દર્શકને નિષ્ક્રિય નથી રહેવા દેતા- તેને એ આ ટ્રેજેડીમાં સહભાગી બનાવી દે છે.

રઘુ રાયનું જવું એક કલાકારનું જવું નથી- એ એક નજરનું જવું છે, જેણે આપણને આપણા જ દેશને નવી રીત જોવાની ક્ષમતા આપી હતી. આજે જે સમયમાં ફટાફટ તસવીરો ખેંચીને ભુલાવી દેવામાં આવે છે અથવા મોબાઈલ સ્ક્રીન પર સ્ક્રોલ થઇ જાય છે ત્યારે રઘુ રાય આપણને યાદ અપાવે છે કે એક તસવીરનો અસલી અર્થ શું હોય છે. એ કેવળ ઈમેજ નથી, બલ્કે એક અનુભવ છે, એક સવાલ છે અને ક્યારેક-ક્યારેક ગવાહ પણ છે.

આજે જ્યારે આપણે તેમની તસવીરો જોઈએ છીએ ત્યારે તે કેવળ અતીતમાં જ નથી લઇ જતી- તે આપણને વર્તમાન માટે વધુ સજાગ બનાવે છે. તે પૂછે છે : શું આપણે સાચે જ જોઈ શકીએ છીએ, કે જોવાનો ભ્રમ પાળીએ છીએ? રઘુ રાયનું સર્જન આપણને આ ભ્રમમાંથી બહાર કાઢે છે, અને આપણને અટકાવીને આપણી દુનિયાને જોવા/સમજવા માટે મજબૂર કરે છે.

રઘુ રાયની આ જ સૌથી મોટી વિરાસત છે. તેમણે આપણને કેવળ કેમેરા ચલાવતાં જ નથી શીખવાડ્યું, તેમણે આપણને નજર આપી. જ્યારે કોઈ કલાકાર તમને નજર આપે છે, ત્યારે તે ક્યારેય જતો નથી- તે તમારી જોવાની દરેક ક્રિયામાં, દરેક અનુભવમાં, ક્યાંકને ક્યાંક જીવતો હોય છે. એ અર્થમાં, રઘુ રાય 'જીવી' ગયા છે. ■




જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

# આકર્ષક ઈન્વેસ્ટમેન્ટના નામે ફસાવીને લૂંટતી કંપનીઓથી સાબદા રહો...

## કેટલીક લેભાગુ કંપનીઓ હવે રોકાણકારોને ફસાવવા આવી નવી - નવી મોડસ-ઓપરેન્ડી અજમાવતી થઈ છે એ વિશે જાણવું જરૂરી છે

ગુજરાતના ચોકકસ કિસ્સાઓ મારફત મળેલી માહિતી મુજબ કેટલીક ફાઈનાન્સિયલ સર્વિસીસ તેમ જ બ્રોકિંગ બિઝનેસ ચલાવતી કંપનીઓ રોકાણકારોને ફસાવવા FII (ફોરેન ઈન્સ્ટિટયૂશનલ ઈન્વેસ્ટર્સ) અને QIB (કવાલિફાઈડ ઈન્સ્ટિટયૂશનલ બાયર્સ) શેરોનો કવોટાના શેરો મળી શકશે એવી ઓફર આપવા લાગી છે. આ ઉપરાંત ગ્રાહકોના પોર્ટફોલિયો મેનેજ કરવાના નામે આવી કૌભાંડી કંપનીઓ સારું-ઊંચું વળતર આપવાની લલચામણી ઓફર પણ કરે છે. ગુજરાતની આવી અમુક કંપનીએ પોતાના નામ સાથે ટાટા ગ્રૂપ જેવા વિશ્વસનીય નામોની કંપનીને પોતાના પાર્ટનર બતાવે છે. પોતાને 'સેબી' અને 'બીએસઈ-એનએસઈ' રજિસ્ટર્ડ સભ્ય બતાવવા સાથે તેના રજિસ્ટ્રેશન નંબર પણ દર્શાવે છે. અલબત્ત, આ પાર્ટનરશીપ-રજિસ્ટ્રેશન નંબર બધું જ બનાવટી હોય છે, પરંતુ રોકાણકારો આ જાણતા નથી. એ તો આકર્ષક રજૂઆત તેમ જ વળતરના દાવા જોઈ લલચાઈ જાય છે.

### રોકાણકારોને રમાડતી નવડાવતી કંપનીઓ...

આવી કેટલીક કંપનીઓ હાલ ગુજરાત અને મહારાષ્ટ્રમાં સક્રિય છે, જેમાં અનેકના નાણાં અટવાયા છે. જો આવી કંપનીઓ નાદાર થઈ જાય તો રોકાણકારોને તેમના નાણાં પાછાં મળવા મુશ્કેલ છે.

જોકે આ કંપનીઓ નાદાર થતી નથી, પણ તેના ગ્રાહકોને નવડાવી નાખે છે, કેમ કે તેમનો ઈરાદો લોકોને ગેરમાર્ગે દોરી તેમ જ ખોટાં વચનો આપી છેતરવાનો હોય છે. આવી કંપનીમાં ફસાયેલા રોકાણકારોને એની સચ્ચાઈની જાણ બહુ મોડી-મોડી થાય છે, જયારે તેમને કંપની તેમના પોતાના નાણાં ઉપાડવા આપતી નથી અને એ માટે એક યા બીજા બહાના બતાવ્યા કરે છે.

જો ઉપાડવા આપે તો પણ એ પહેલાં તે લેભાગુ કંપનીઓ ગ્રાહકો પાસેથી વિવિધ ફી કે ચાર્જિસના નામે સારી એવી રકમ ખંખેરી લે છે, જે લેવાનો તેનો અધિકાર જ નથી હોતો એવા ટેકસ પણ આ કૌભાંડી કંપનીઓના સંચાલકો ઉઘરાવ્યા કરે છે, જે સરકારી તિજોરીમાં જવાના હોતા નથી, બલકે સંચાલકોના ખિસ્સામાં-ઘરમાં જવાના હોય છે.

### કાગળ પરના બનાવટી નફાના નામે ફી...

આવા અમુક કિસ્સા બહાર આવ્યા છે, જે પછી વધુ તપાસ થતા ખબર પડી કે આ કંપનીઓ બીએસઈ- એનએસઈની અધિકૃત સભ્ય પણ નથી અને તે સેબીમાં રજિસ્ટર્ડ પણ નથી. તે માત્ર અન્ય બ્રોકરેજ કંપનીઓના રજિસ્ટ્રેશન નંબરનો ઉપયોગ કરી પોતે ઓથેન્ટિક હોવાનું બતાવવાની ચાલાકી કરે છે. આવી લબાડ કંપની કહેવાતી વિવિધ સર્વિસના નામે આડેધડ ચાર્જ ગ્રાહકો પાસેથી પડાવે જ છે. એટલું જ નહીં, જીએસટી અને ફાઇનાન્સિયલ ટેકસના નામે પણ ગ્રાહકોને લૂંટે છે. આમ કરવા માટે તે ગ્રાહકોને ડરાવે-ધમકાવે છે.

આવા કૌભાંડીઓની હિંમત તો જુઓ, તે ગ્રાહકોને રાજી કરવા અને લલચાવવા તેમના પોર્ટફોલિયોમાં ઊંચો નફો બતાવે છે, જે ખરેખર તો કાગળ પર બનાવટી જ હોય છે અને આવા નફાના નામે તેના પર ઊંચી ફી ચાર્જ કરે છે. જોકે ગ્રાહકો પોતાના નાણાંનો ઉપાડવાનો પ્રયાસ કરે તો આ કંપનીઓ-સંચાલકો ટેકનિકલ કે નિયમનકારી કારણો જણાવી એ પૂરી રકમ ઉપાડવા આપતા નથી.

### ફરિયાદ કયાં કરવી?

કડવી વાસ્તવિકતા એ છે કે આવી ઘણી કંપનીઓ ગુજરાત અને મહારાષ્ટ્રમાં ફેલાયેલી છે, જયાં તેમને ઢગલાબંધ ગ્રાહક બકરા મળી જાય છે. ખાસ ધ્યાનમાં લેવા જેવી વાત એ છે કે જો કોઈ આ કંપની વિશે 'સેબી'માં કે એકસચેંજમાં ફરિયાદ કરવા જાય તો તેમની ફરિયાદ 'સેબી' કે કોઈ એકસચેંજ સ્વીકારે કે કેમ એ સવાલ છે, કારણ કે આ કંપની ત્યાં રજિસ્ટર્ડ જ નથી, જેથી તે માન્ય સભ્ય જ નથી, પરિણામે આવી કંપની સામે આર્થિક અપરાધ વિભાગમાં અથવા સાયબર સેલમાં ફરિયાદ થઈ શકે છે, જેનાં પરિણામ મળવા પણ કઠિન હોય છે.

આ બધાના કારણે જ 'સેબી' , સ્ટોક એકસચેંજ સહિતની સંસ્થાઓ લોકોને સતત જાગ્રત રહેવા સલાહ, ટકોર કરતી રહેતી હોય છે તેમ છતાં આવા કિસ્સા બન્યા કરે છે. અહીં નોંધનીય વાત એ છે કે આમાં શિક્ષિત ગ્રાહકો પણ ફસાય છે.

### લૂંટવાની તેજી ચાલુ...

શેરબજારમાં તેજી હોય ત્યારે તો રોકાણકારોને ફસાવવાની-લૂંટવાની પ્રવૃત્તિઓ એક યા બીજા સ્વરૂપે ચાલતી જ હોય છે. કેટલીક નાની બ્રોકરેજ-ફાઇનાન્સ કંપનીઓ બારે માસ રોકાણકારોને છેતરવાની રમત રમતી હોય છે અને આ માટે આકર્ષક ઓફરો, બ્રાન્ડિંગ, પ્રચાર અને માર્કેટિંગનો મહત્તમ ઉપયોગ કરે છે, જેમાં સીધા-સાદા રોકાણકારો તેમની જાળમાં આવી જાય છે. માત્ર યુદ્ધને કારણે તૂટેલા બજારમાં જ ખોટ થાય એવું જરૂરી નથી. અનેક ધુતારાઓ લૂંટવાની નવી-નવી તરકીબો લઈને આવતા જ જાય છે. આવા મહોલમાં સમજણ વિનાનું રોકાણ થાય તો વળતર બાજુએ રહે ને મૂળ મૂડી પણ ડૂબે... ■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# ‘બેફામ’ના પ્રબળ ને સબળ પ્રદાનથી ગુજરાતી ગઝલને ગુણવત્તા મળી

ગુજરાતી ગઝલના શિરમોર સિતારાઓમાં એક એવા આપણાં લોકપ્રિય શાયર બરકતઅલી ગુલામઅલી વિરાણી એટલે ‘બેફામ’ કોઈ પરિચયના મોહતાજ નથી. ઐતિહાસિક મહત્ત્વને ધ્યાનમાં રાખીને તેઓના જીવન-કવનની સાચી માહિતી સચવાઈ રહે એ જરૂરી છે.

આપણા આ ગઝલકારનો જન્મ ભાવનગર જિલ્લાના સિહોર પાસેના ઘાંઘળી ગામે પચીસ જાન્યુઆરી, ૧૯૨૩ના રોજ થયો હતો. તેમણે મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યો હતો. ગઝલ લખવાની તાલીમ ગુરુ કિસ્મત કુરેશી પાસેથી લીધી હતી. ૧૯૪૫માં એક મુશાયરામાં ભાગ લેવા માટે આવેલા ગુજરાતી ગઝલના શિરમોર શયદાસાહેબ સાથે તેમની મુલાકાત ભાવનગરમાં થઈ હતી. શયદાએ બેફામને મુંબઈ આવી ‘બે ઘડી મોજ’ સામયિકમાં જોડાવાનું આમંત્રણ આપ્યું. ૧૯૪૫માં બેફામ મુંબઈમાં સ્થાયી થયા. ‘બે ઘડી મોજ’ પછી ‘વતન’માં જોડાયા. ૧૯૪૬માં મુંબઈ કેન્દ્ર ઓલ ઈન્ડિયા રેડિયોમાં જોડાયા અને ૧૯૮૩ સુધી નિવૃત્તિ પર્યન્ત ત્યાં સેવા આપી. ૧૯૫૨માં કવિ ‘શયદા’ સાહેબની મોટી પુત્રી રુકૈયા સાથે તેમના નિકાહ



શાયર બરકતઅલી ગુલામઅલી વિરાણી

થયા હતા. મુંબઈમાં રહીને એમણે ગુજરાતી ફિલ્મોમાં ગીતો લખ્યા હતાં, અભિનય પણ કર્યો હતો.

ગુજરાતી ગઝલ સાચા સ્વરૂપે બાહ્ય અને આંતરિક રીતે ગુજરાતણ બની તેમાં શયદાની પેઢીના શાયરોનો ફાળો નાનોસૂનો નથી. આમાંના એક પાયાના પથ્થર એટલે ‘બેફામ’, એમના અવાજમાં ખરજનો રણકાર, ગમગીનીની ઝાંય અને ઘેઘૂરતાનાં સ્પંદનો હતાં. એટલે રેડિયો પર પ્રસારિત થતાં નાટકોમાં એમનો અવાજ બધાથી અલગ પડી જતો અને શ્રોતાને આ કોણ બોલી રહ્યું તેની ઓળખાણ થઈ જતી. ‘બેફામ’ ઉપનામ હતું પણ વ્યક્તિત્વ સાલસ અને નિખાલસ હતું.

બેફામની પહેલી ગઝલ ૨૧મી સપ્ટેમ્બરે ૧૯૪૧માં લખાણી. એમનો પ્રથમ ગઝલ સંગ્રહ ‘માનસર’ ૧૯૬૦માં, ‘ઘટા’ ૧૯૭૦માં અને ‘પ્યાસ’ ૧૯૮૦માં આવ્યા. આ ઉપરાંત તેમણે ‘આગ અને અજવાળાં’ (૧૯૫૬), અને ‘જીવતા સૂર’ (૧૯૫૬) ને નવલિકા સંગ્રહો તેમજ ‘રસસુગંધ’ (ભાગ. ૧-૨) (૧૯૬૬) નામની નવલકથા પણ આપી છે. ગદ્યમાં લખતા હતા પણ ગુજરાતી પ્રજામાં તેઓ એક લોકપ્રિય સફળ ગઝલકાર તરીકે વધુ ઓળખાય છે.

પારંપરિત ગુજરાતી ગઝલના અગ્રગણ્ય ગઝલકાર તેમની ગઝલોની સંખ્યા ઉપરાંત ગુણવત્તા નોંધપાત્ર છે. અલગ અંદાઝ - એ - બયાંથી એ મુશાયરાઓમાં છવાઈ જતા હતા. આપણાં મનના માનસરોવરમાંથી કાવ્યરૂપી મોતીઓ નીપજે તો તે ધન્ય ભાગ ગણાય છે આવું સદ્ભાગ્ય બેફામને મળ્યું. એમણે માનસરની પ્રસ્તાવનામાં લખ્યું છે કે ‘માનવીના બે વ્યક્તિત્વ છે - એક બહારનું, બીજું અંદરનું. એક જગત જુએ છે એવું, બીજું પોતાની જાત જાણે છે એવું.’

સતત પાંચ દાયકા સુધી સર્જન કરીને ગઝલોને મુશાયરાઓ અને માધ્યમો દ્વારા લોકો પહોંચાડીને આયખું આખું ગઝલ સાધના પાછળ ખરચી નાખ્યું છે. એટલે એમની ગઝલમાં અનુભવની મહેક છે, આંતરખોજની ગહેક છે અને ચિંતનની ઝલક છે.

બેફામની ગઝલમાં જિંદગીની સાથે સાથે શ્વાસ ભરતું મૃત્યુ છૂપે પગે આવી જાય છે. એમના સભાન કે અભાન મનમાં કાં તો મૃત્યુનો સતત પડછાયો છે કે કાં તો એ મૃત્યુને અવસર માને છે. જીવનના કડવા અનુભવો, સંઘર્ષ અને લોકોની બેદિલી અને બેરહમીએ ક્યાંક ક્યાંક એવાં ઝખ્મો કર્યાં છે કે કવિનાં કવનમાં આ સરવાણી ક્યારેય સુકાતી નથી. એ ક્યારેક માગે છે તો માગી માગીને શ્વાસ અને પ્યાસ માગી શકે છે. જેમ કેઃ

*જગત છે ઝાંઝવા પણ મને લાગવા તો દો*
*મને ન પાણી ભલે આપો, પ્યાસ તો આપો.*

બેફામ શબ્દના વિવિધ અર્થોને એક જ શેરમાં આવી રીતે વ્યક્ત કરી શકે છેઃ

*મારું સ્વમાન મારા બધા મિત્રને ગમ્યું*
*બનતો નથી હું ભાર રહું છું જો ભારમાં*
*જમાનાની જ ગરદિશની અસર છે જામમાં નહિ તો*
*ચડે છે ફેર બસ એથી જ સઘળો ફેર લાગે છે*

બરકતભાઈએ ગઝલ, મુક્તક અને નઝમો લખ્યાં છે. એમની પાસે શબ્દની સાધના અને આરાધનાનો મલાજો હતો. એમની ગઝલમાં સિતારાઓની મસ્તી અમસ્તી નથી આવીઃ

*સિતારા આભે આપોઆપ કંઈ ઊગી*
*નથી નીકળ્યા*
*અમે રાતોના જાગી જાગીને એ ધરતી ખેડી છે*

બેફામની મોટાભાગની ગઝલોમાં જિગરના ઝખ્મની, જીવનના ગમની, કંટકોની અને દર્દની દાસ્તાન છે. એમણે ઝખ્મો સહ્યાં છે પણ સંઘર્યાં નથીઃ

*નહિ તો ઝખમ બનીને એ તમને જ પીડશે*
*દુનિયાના ઘાવ દિલમાં કદી સંઘરો નહીં*

દરેક વ્યક્તિને પોતાની વ્યથા હોય છે સામાન્ય માનવી દુઃખદર્દની દાસ્તાન કહી શકતો નથી અને સહી પણ શકતો નથી. કવિ આવાં દુઃખોને એવી રીતે વાચા આપે છે કે એ વિધાન સીધેસીધું વાચકના દિલમાં વસી જાય છે. કાવ્યાત્મક રીતે વ્યક્ત થતી વેદના એ રોદણાં નથી પણ વાસ્તવિકતા છે. કેટલાક લોકો વ્યથા વ્યક્ત કરી શકતા નથી. આંખમાં આવેલાં આંસુઓ રોકી રાખવાં પડે એવી સ્થિતિ હોય ત્યારે કોઈ હમદર્દની જરૂર લાગે છે. બેફામ આવી પરિસ્થિતિને કેવી સરસ રીતે શબ્દદેહ આપે છે તે જોઈએઃ

*તમારી મહેરબાની કે તમે દિલમાં લૂછી લો છો*
*ઘણાંયે અશ્રુઓ વહેતા નથી મારાં નયનમાંથી*
*જીવનની દુઃખકથા હસતાં જ કહેવી પડી મારે*
*કે મારામાં બધાને રસ હતો પણ લાગણી નહોતી*
*દુઃખો જોયા પછી ના રસ રહ્યો દુનિયાને જોવામાં*
*નયનના નૂર પણ ચાલ્યાં નયનના નીરની પાછળ*

શબ્દના બંદા બેફામે ગઝલની બારીકાઈઓને બરકરાર રાખીને બરકત આપી હતી. માણસના ચહેરા પર દેખાતા સ્મિતનો ફાલ કઈ રીતે ઉતર્યો છે એની સરસ વાત આ રીતે કરવામાં આવી છેઃ

*અશ્રુ પછીના સ્મિતનું આ દૃશ્ય તો જુઓ*
*વર્ષા પછીનો જાણે કે પહેલો ઉઘાડ છે*

એમણે વિરહની વેદનાને વલૂરી નથી પણ વ્યથાને તેના તીવ્રતમ સ્વરૂપે અભિવ્યક્ત કરી છેઃ

*મળે છે શત્રુ તો એનીય સાથે દિલ મિલાવું છું*
*સમય તારા વિરહનો જો કે કઈ રીતે વિતાવું છું*
*મે કર્યો એક જ સ્થળે ઊભા રહીને ઈન્તિઝાર*
*એટલે તારા સુધી મારાથી પહોંચી શકાયું નહીં.*

(ક્રમશઃ) ■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# તમારા મનના માલિક બનવાનો અધિકાર કોઈને પણ ન આપો...

એક ‘ફેસબુક’ ફ્રેન્ડ વિરુદ્ધ એક પરિચિત માણસે પોસ્ટ મૂકી. પેલો ‘ફેસબુક ફ્રેન્ડ’ પોતાની રાજકીય વિચારસરણીથી વિભિન્ન વિચારસરણી ધરાવતા હોવાથી એને વાંધો પડ્યો હતો. તેની વિરુદ્ધની પોસ્ટ પર પરિચિત માણસના સમર્થકો પણ તૂટી પડ્યા. ‘ફેસબુક ફ્રેન્ડ’ને ભયંકર ગુસ્સો આવી ગયો. તેણે ‘ફેસબુક’ પર તે પરિચિતને આકરો જવાબ આપવા માટે પોસ્ટ મૂકી એટલે સોશ્યલ મીડિયા પર વિવાદ વધ્યો ને ખાટસવાદિયાઓને મજા પડી ગઈ. પછી તો તે બન્ને પક્ષવાળા શબ્દરૂપી શસ્ત્રો લઈને સોશ્યલ મીડિયાના મેદાનમાં ઊતરી પડ્યા. એમાં વળી ‘ફેસબુક ફ્રેન્ડ’ના પરિચિતના મિત્રએ કમેન્ટ કરી કે તેને મારો નંબર આપી દો. આમ પણ અમે રાત પડે એટલે મારામારી કરવા માટે કોઈને શોધતા જ હોઈએ છીએ!’

તે ‘ફેસબુક ફ્રેન્ડે’ મને કૉલ કર્યો કે ‘મને સોશ્યલ મીડિયા પર મારવા માટે ધમકીઓ મળી રહી છે એટલે તમારા જેવા માણસોએ મને મદદ કરવી જોઈએ.’

મને નવાઈ લાગી : ‘આમાં હું તમારી મદદ કઈ રીતે કરી શકું?’

‘તમારે આવા માણસો વિરુદ્ધ સોશ્યલ મીડિયા પર લખીને મને સમર્થન આપવું જોઈએ.’

મેં તેને કહ્યું : ‘હું આવા વિતંડાવાદમાં નથી પડતો. કેટલાક માણસો કોઈ કારણ વિના મારા વિરુદ્ધ સોશ્યલ મીડિયા પર લખતા હોય છે. ઘણાને એ મુદ્દેય પણ વાંધો પડતો હોય છે કે ‘તમે તમારી કૉલમમાં ફલાણા વિષયને બદલે આ વિષય પર કેમ લખ્યું?’ હું આવા માણસોને ય ક્યારેય જવાબ આપતો નથી.’

તેણે કહ્યું કે ‘પણ મારો કિસ્સો તો અલગ છે. તમે મારી જગ્યાએ હો તો ખબર પડે! મને એટલો માનસિક સંતાપ થઈ રહ્યો છે અને મારા મનમાં આક્રોશ જાગી રહ્યો છે કે હું શબ્દોમાં કહી શકતો નથી. આ માણસ મારી વિરુદ્ધ આટલું લખી રહ્યો છે. મેં તેનું કશું બગાડ્યું નથી છતાં તે વિકૃતિની હદ સુધી જઈને મારા વિરુદ્ધ પોસ્ટ મૂકી રહ્યો છે. હું કોઈ રાજકીય પક્ષને સમર્થન આપું છું તો નાગરિક તરીકે એ મારો અધિકાર છે. મેં તેને ક્યારેય કહ્યું નથી કે ‘તું મને ગમે છે એ રાજકીય પક્ષને સમર્થન આપ’ અથવા તો ‘તું શું કામ બીજા પક્ષને સમર્થન આપે છે?’ પરંતુ તે મારા વિરુદ્ધ અત્યંત હીન કક્ષાની પોસ્ટ મૂકે છે. .. હવે તે મને ક્ષોભજનક હાલતમાં મૂકવા માટે એ રીતે પાછળ પડ્યો છે કે જાણે મેં કોઈનું ખૂન કરી નાખ્યું હોય કે કોઈક જઘન્ય અપરાધ કરી નાખ્યો હોય! તે અને તેની ટોળકીના માણસોય મારી પાછળ પડી ગયા છે.’




પછી તેણે અચાનક ઉશ્કેરાઈને કહ્યું, ‘તે હવે મને જ્યારે સામે મળે એટલી વાર છે. હું તેને મારીમારીને અધમૂઓ કરી નાખીશ. પછી ભલે મારે જેલમાં જવું પડે.’

તેનો આક્રોશ સાંભળીને મેં કહ્યું કે ‘આપણે જ્યારે કોઈના વર્તનથી ઉશ્કેરાઈને હદ બહારનો ગુસ્સો કરી બેસીએ ત્યારે તે માણસના ગુલામ બની જતા હોઈએ છીએ. તમારી પાછળ પડેલા માણસને એટલું જ જોઈતું હોય છે. તે તમને વધુ ખરાબ ચીતરશે કે ‘જુઓ, મેં તો આ માણસ સામે શબ્દોથી મારો ગુસ્સો ઠાલવ્યો હતો, પણ તેણે તો મારા પર શારીરિક હુમલો કરી દીધો!’ ભૂંડ તમારા પર કીચડ ઉછાળે અને તમે ઉશ્કેરાઈને એની સાથે લડવા જાવ તો તમારે ગટરમાં ઊતરવું પડે. એના કરતાં બહેતર છે કે આવા દુષ્ટ અને માનસિક રીતે વિકૃત લોકોને કોઈ જવાબ જ ન આપવો. તમે તેને જવાબ આપશો તો તેને વધુ શક્તિશાળી બનાવશો.’

એ પછી મેં તેને ઓશોની એક વાત કહી :

ઓશો કહી ગયા છે કે ‘મનુષ્યનું સૌથી મોટું દુર્ભાગ્ય એ છે કે તેને કોઈ ઉશ્કેરે તો તે તરત પ્રતિક્રિયા આપે છે. કોઈએ તમને એક શબ્દ કહ્યો અને તમે આગ બની ગયા! કોઈને તમારું અપમાન કર્યું અને તમે તૂટી પડ્યા. તમારો ગુસ્સો, તમારો અવાજ, તમારો આ અહંકાર એ જ ક્ષણે બહાર આવી જાય છે, પણ એક વાત યાદ રાખજો કે જેને ઉશ્કેરીને નિયંત્રિત કરી શકાય એવા માણસો ક્યારેય સ્વતંત્ર નથી બની શકતા. તમારો ગુસ્સો તમારી કમજોરી છે. તમારું મૌન તમારી શક્તિ છે. જ્યારે દુનિયા તમને ચેલેન્જ કરે, તમને દુઃખ પહોંચાડવાની કોશિશ કરે, તમને ભડકાવે તો તરત પ્રતિક્રિયા ન આપો. ઊભા રહો- મૌન થઈ જાઓ. મૌનનો મતલબ દબાવું એવો નથી, મૌનનો મતલબ જોવાનો છે. કોઈ તમને ઉશ્કેરે કે તમારું અપમાન કરે ત્યારે કશી પણ પ્રતિક્રિયા આપ્યા વિના તમે ચિત્ત સ્વસ્થ રાખીને જુઓ.’

કોઈ વ્યક્તિ કે સ્થિતિ આપણને નુકસાન પહોંચાડી શકે એનાથી વધુ આપણો ક્રોધ જ આપણા માટે વધુ જોખમી સાબિત થતો હોય છે. એનાથી વિપરીત રીતે આપણે પ્રતિક્રિયા ન આપીએ, ગુસ્સો ન કરીએ તો સામેવાળાનું શસ્ત્ર બુઠ્ઠું બની જતું હોય છે. આપણને ઉશ્કેરીને ગુસ્સો કરવા મજબૂર કરતાં માણસોને આપણે આપણા મનના માલિક બનવાનો અધિકાર આપી બેસવાની ભૂલ કરી બેસીએ છીએ ,જે આગળ જતા આપણા માટે જ નુકસાનકારક સાબિત થાય છે...

■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# બોલ કે લબ આઝાદ હૈ... કિતને ઔર કબ તક?

*ટાઇટલઃ*
*આઇનો ફોડવાથી દૃશ્ય ના ભૂંસાય. (છેલવાણી)*

એક વાર બાળકે બાપને પૂછ્યું, ‘પપ્પા, મારો જન્મ કઈ રીતે થયો?’ બાપે કહ્યું, ‘આકાશમાંથી ઊતરીને એક અપ્સરાએ તારી મમ્મીના ખોળામાં તને મૂક્યો!’ બાળકે પૂછ્યું, ‘અને તમારો જન્મ?’

પપ્પાએ કહ્યું, ‘તારી દાદીના ખોળામાં મને અપ્સરાએ મૂક્યો અને એ જ રીતે તારા દાદાને પણ.’ સાંભળીને બાળકે કહ્યું, ‘હદ છે. સાલું, આપણા ખાનદાનમાં કોઈ નૉર્મલ રીતે પેદા જ નથી થયું!’



હવે આ સાંભળીને પિતાને ચિંતા થઈ કે મારો દીકરો ખરેખર મોટો થઈ ગયો. એનો મોબાઇલ ફોન હવે ચેક કરતા રહેવું પડશે!

શું ‘શ્લીલઅશ્લીલ’ની બાબતમાં આપણે નૉર્મલ નેશન છીએ? ભારતમાં ‘નેટફ્લિક્સ’ જેવાં અનેક ઑનલાઇન પ્લૅટફૉર્મ પર વેબ સિરીઝો ને ફિલ્મોને સેંસર કરવાની વાત ઊપડે રાખે છે, પણ આ બધાં પ્લૅટફૉર્મ્સ વિદેશની ફિલ્મો ને વેબસિરીઝો પણ બેફામ પીરસે છે ને ત્યાંના નિયમો, મૂલ્યો ને કાનૂન અલગ હોય છે એનું શું? જગતના ફિલ્મમેકરોને અશ્લીલતા, ભાષા અને હિંસા વિશે ભારતીય વિચારો, કાયદાઓ જુનવાણી લાગે છે પણ એય હકીકત છે કે ભારતીય વેબસિરીઝોએ કામુકતા, હિંસા અને ગાળગાળીના સંવાદોની હદ વટાવી દીધી છે. વરસોથી ભૂખ્યો માણસ થાળી પર તૂટી પડે એમ દાયકાઓની સેંસરશિપથી કંટાળેલા ફિલ્મમેકરો બેફામ નગ્નતા ને ગાળાગાળી દર્શાવવા લાગ્યા છે. વળી, સ્ટૅન્ડઅપ કૉમેડીવાળાઓ તો ગાળો ને જ રમૂજ કે કૉમેડી માનવા લાગ્યા છે.

થોડા વખત પહેલાં સુપ્રીમ કોર્ટે સોશ્યલ મીડિયા માટે કહ્યું હતું કે અશ્લીલ, વિકૃત, રાષ્ટ્રવિરોધી તથા પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડતી વાતો મૂકવી નહીં. સોશ્યલ મીડિયાએ અને લોકોએ સાવધાની અને સંયમ રાખવો, પણ હવે એ નક્કી કોણ કરશે શું મર્યાદામાં છે ને કયો વિરોધ સરકાર કે દેશવિરોધી છે? સેટેલાઇટ દ્વારા સાત આસમાનથી બધું જ આપણા આંગણામાં વરસતું હોય ત્યારે છત પર તાડપત્રી લગાડવાથી શું વળશે? સમાજ ને સરકાર કોને ક્યાં સુધી રોકશે?

ઉન્મુક્ત કલા કે સરકાર વિરોધની આઝાદીના મામલામાં ભારત છોડો અમેરિકાયે અલગ નથી. અમેરિકન ચર્ચની રૂઢિવાદી સંસ્થાઓએ ‘હસ્લર’ નામના શૃંગારિક મૅગેઝિન પર એ આક્ષેપથી પ્રતિબંધ મૂકેલો કે ‘હસ્લર‘માં કામુક ચિત્રો છપાતાં, જેથી લોકનું નૈતિક પતન થાય છે! પછી પ્રેસ-કૉન્ફરન્સમાં ‘હસ્લર’નો તંત્રી લેરી ફ્લીટે અલગઅલગ ફોટોગ્રાફનો સ્લાઇડ શો દેખાડીને લોકોને લાજવાબ કરી દે છે. એક ફોટામાં કોઈ અમેરિકન સૈનિકે વિયેટનામ યુદ્ધમાં સ્થાનિક માણસના માથા પર ગન મૂકીને ઠંડી ક્રૂરતાથી હસી રહ્યો છે અને લેરી પૂછે છેઃ

યુદ્ધની આ હિંસા અમેરિકાની વલ્ગરનેસ-અશ્લીલતા છે કે પછી મૅગેઝિનના નગ્ન ફોટાઓ? લાશોના ઢગલા પાસે બિયર પી રહેલા અમેરિકી સૈનિકોનો ફોટો દેખાડીને પૂછે છે કે આ તસવીર વલ્ગર છે કે બિકિનીમાં દેખાતી સુંદર સ્ત્રી? લેરી આમ એક પછી એક અનેક સ્લાઇડ્ઝ દેખાડે છે જેમાં હિંસા ને અશ્લીલ તસવીરો સામસામે છે. આ જોઈને નાગરિકો, પત્રકારો, ન્યૂઝ ચેનલ્સવાળા, પોલીસવાળા કોઈ પાસે જવાબ નથી કે સ્ત્રી-પુરુષના નગ્ન ફોટા વધુ હાનિકારક છે કે નિર્દોષ લોકો પર બૉમ્બ ફેંકવા ‘અશ્લીલ’ છે? પછી અમેરિકન પ્રજા ભડકી ઊઠે છે ને ‘હસ્લર’ના તંત્રી લેરીના ટેકામાં હજારોની ભીડ રોડ પર ઊતરી આવે છે.

આવું અમેરિકામાં ૪૦-૫૦ વરસ અગાઉ શક્ય હતું.

*ઇન્ટરવલઃ*
*અપમાન રચયિતા કા હોગા*

*રચના કો અગર ઠુકરાઓગે (સાહિર)*

સમાજમાં સેક્સને કારપેટ નીચે સંતાડવાની પ્રવૃત્તિ સદીઓથી ચાલે છે. રાણી વિક્ટોરિયાના જૂના જમાનામાં જૂની અંગ્રેજી સોસાયટીમાં સાર્વજનિક રૂપે કોઈ ના તો સેક્સની વાત કરતું કે ના તો એની હળવી ચર્ચાઓ પણ થતી. સુપ્રસિદ્ધ ફિલોસોફર અને મનોવૈજ્ઞાનિક વિલિયમ જેમ્સે એની વિખ્યાત કિતાબ ‘મનોવિજ્ઞાનના સિદ્ધાંતો’માં સેક્સ વિશે માત્ર દોઢ જ પાનું લખેલું. રાધર, લખી શકેલા, સભ્ય સમાજના ડરથી. માત્ર દોઢ જ પાનું લખીને પણ પછી એમણે નીચે નોંધ મૂકવી પડેલી કે આ બારીકીઓ જરા અપ્રિય લાગે એવી છે. પાછા વિલિયમ જેમ્સ એમના જમાનામાં ખૂબ પ્રોગ્રેસિવ કે પ્રગતિશીલ ગણાતા!

યુરોપ કે અમેરિકાને છોડો, પણ આપણે ત્યાં બીજી બધી વાતમાં પ્રગતિશીલ અને સત્તા સરકાર સામે બોલવામાં નિર્ભય એવા મહાત્મા ગાંધીજી પોતે પણ શૃંગારિક શિલ્પોવાળા ખજૂરાહો મંદિરને પબ્લિક માટે ખુલ્લુ ના મૂકવાની તરફેણમાં હતા. એ સમયના પરંપરાવાદી લોકોનું માનીને ખજૂરાહોનાં શિલ્પોને ચૂનાથી ઢાંકી દેવા માગતા હતા અને ગાંધીજીએ ત્યારે એમને ખૂલીને કંઈ જ નહોતું કહ્યું. પછી અમુક સમજુ અને આધુનિક લોકોએ ગાંધીજીને સમજાવવા પડેલા અને માની ગયેલા. વળી એ જ ગાંધીજીએ ‘ચોકલેટ’ નામની વિવાદાસ્પદ હિંદી વાર્તાના પક્ષમાં સમર્થન આપેલું!

આજના આધુનિક પણ અગાઉ જુનવાણી એવા અમેરિકા-યુરોપમાં દાયકાઓ પહેલાં સેક્સ એજ્યુકેશનની અનેક કિતાબો પ્રકાશિત થયેલી જેમ કે- ‘ધ સેક્સબુક’. ત્યારે અનેક રૂઢિચુસ્તોએ વિરોધ કરેલો, પણ અમેરિકામાં એર્વિન હબરલે, બિલ મેકબ્રાઇડનાં ચિત્રો સાથે આ જ કિતાબનું પ્રકાશન કર્યું ત્યારે અનેક મા-બાપોએ, કિશોરોએ હાશ અનુભવી, કારણ કે સેક્સ અંગેની અનેકો ભ્રમણાઓ તૂટી, ચિંતા ઘટી. પણ ત્યારે અમેરિકામાં એમ કહીને શુદ્ધીવાદીઓએ વિરોધ કરેલો કે આવાં નગ્ન ચિત્રોથી બાળકોમાં સેક્સની ઇચ્છાઓ ઊલટાની વધશે. અડિયલ આલોચકોએ કહેલું કે માત્ર ઇમોશનલી ડિસ્ટર્બ અને પરવર્ટ (વિકૃત) લોકો જ સેક્સ વિશે આવું વિચારતા હોય છે!

ખેર, ભારત હોય કે અમેરિકા

શ્લીલ-અશ્લીલ દૃશ્યો કે ગંદી ભાષા પર, સરકારી વિરોધની સીમા વગેરે પર વિવાદો સદીઓથી ચાલે રાખે છે ને ચાલ્યા કરશે.

*એન્ડટાઈટલ્સઃ*
*આદમઃ અશ્લીલ લોકોને અંદર કરવા જોઈએ*
*ઇવઃ પહેલાં તારી ફાંદ અંદર કર.*

■

વિશેષ

કે. પી. સિંહ
feedback@bombaysamachar.com

# વન્યજીવ ચિકિત્સાઃ પ્રકૃતિના મૌન સાદને સાંભળવાનો દિવસ

જોકે સત્તાવાર રીતે કોઈ ‘વન્યજીવ ચિકિત્સા દિવસ’ હોતો નથી, પરંતુ વન્યજીવોની સારવારને પણ ‘વિશ્વ પશુ ચિકિત્સા દિવસ’ના ભાગ રૂપે જ જોવામાં આવે છે. તેથી વિશ્વ પશુ ચિકિત્સા દિવસને જ વન્યજીવ ચિકિત્સા દિવસ તરીકે પણ માનવામાં આવે છે, જે દર વર્ષે એપ્રિલ મહિનાના છેલ્લા શનિવારે ઉજવવામાં આવે છે. આ વર્ષે, તે ૨૫ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ ગયો. ખરેખર, વન્યજીવોની ચિકિત્સાનું મહત્ત્વ તેટલું જ છે, જેટલું પ્રકૃતિના મૌન પોકારને સાંભળવાની જાગૃતતાનું હોય છે. કારણ કે વન્યજીવો માત્ર જંગલોની શોભા નથી વધારતા, પરંતુ પૃથ્વીના સંતુલનના આધારસ્તંભ છે. જ્યારે આપણે વન્યજીવોની વાત કરીએ છીએ, ત્યારે અવારનવાર તેમના સંરક્ષણ, તેમને શિકારીઓથી બચાવવા અને તેમના સતત નષ્ટ પામતા રહેઠાણોને બચાવવાની ચર્ચા કરીએ છીએ. જોકે આ બધા વચ્ચે, એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ પાસાને ઘણીવાર અવગણવામાં આવે છેઃ તેમનું સ્વાસ્થ્ય. આ સંદર્ભમાં, વન્યજીવ ચિકિત્સા દિવસ વિશેષ મહત્ત્વ ધરાવે છે. આ દિવસ આપણને યાદ અપાવે છે કે જેમ મનુષ્યો અને ઘરેલું પ્રાણીઓને તબીબી સંભાળની જરૂર હોય છે, તેમ જંગલી પ્રાણીઓને પણ આરોગ્યસંભાળની જરૂર હોય છે. તેથી, વન્યજીવ ચિકિત્સા દિવસનો હેતુ વન્યજીવન સ્વાસ્થ્ય



વિશે જાગૃતિ લાવવાનો છે.

આ દિવસે, પશુચિકિત્સકો, વન અધિકારીઓ અને સ્વયંસેવકોને વન્યજીવના રક્ષણ અને સંરક્ષણમાં તેમના યોગદાન બદલ સન્માનિત કરવામાં આવે છે. આ એવા લોકો છે જે મુશ્કેલ પરિસ્થિતિઓ છતાં, ઘાયલ, બીમાર અથવા લુપ્તપ્રાય વન્યજીવનની સારવાર માટે જંગલોમાં જાય છે.

એવો કોઈ સમય નથી આવ્યો જ્યારે વન્યજીવનને સ્વાસ્થ્ય પડકારોનો સામનો ન કરવો પડ્યો હોય, તે અલગ વાત છે કે આપણે ઘણીવાર તેમને અવગણીએ છીએ. જો કે, આજના વન્યજીવન માટે સ્વાસ્થ્ય પડકારો વધુ ગંભીર બન્યા છે. સતત સંકોચાતા રહેઠાણો, વધતું પ્રદૂષણ, ચિંતાજનક આબોહવા પરિવર્તન અને વધતા માનવ-વન્યજીવન સંઘર્ષને કારણે માત્ર શિકારમાં જ વધારો થયો નથી, પરંતુ તેઓ વિવિધ પ્રકારની સ્વાસ્થ્ય સમસ્યાઓનો પણ સામનો કરી રહ્યા છે. ઉદાહરણ તરીકે, વિશ્વભરમાં પ્લાસ્ટિકના કચરાના વધતા જતા પ્રમાણને કારણે, શહેરો અને ગામડાઓમાં પ્લાસ્ટિક કચરાના સેવનથી ગાયો જ નહીં, પણ હરણ અને હાથી પણ તેનો ભોગ બની રહ્યા છે.

દીપડા અને હાથી જેવા શક્તિશાળી વન્યજીવો પણ જંગલોમાંથી પસાર થતા વીજળીના તાર, સડક માર્ગો અને રેલવે ટ્રેક પર અકસ્માતનો ભોગ બનતા રહે છે. દર વર્ષે હજારોની સંખ્યામાં અનેક પ્રકારના વન્યજીવો આ રીતે મૃત્યુ પામે છે. આ સાથે જ, ૨૦મી સદીમાં જે રીતે મનુષ્યોની જેમ જંગલી પ્રાણીઓ પણ અવારનવાર અનેક પ્રકારના ખતરનાક વાયરસથી સંક્રમિત થઈ રહ્યા છે, તેના કારણે પણ તેમના સ્વાસ્થ્ય પર અનેક પ્રકારના જોખમો ઊભા થયા છે. પ્રાણીઓમાં, ખાસ કરીને વન્યજીવોમાં, રોગ મનુષ્યો કરતાં પણ વધુ ખતરનાક છે, કારણ કે જ્યારે મનુષ્યોમાં રોગ ફેલાય છે, ત્યારે તે ઝડપથી ફેલાય છે અને માત્ર પ્રાણીઓને જ નહીં પરંતુ મનુષ્યોને પણ ચેપ લગાડે છે. તેથી, વન્યજીવનનું સ્વાસ્થ્ય જાળવવું એ માનવ સ્વાસ્થ્ય જાળવવાનું એક સાધન છે. ભારતમાં વન્યજીવ સંભાળની સ્થિતિ અન્ય દેશો કરતાં નબળી છે, ભલે ભારતની જૈવવિવિધતા વિશ્વના અન્ય દેશો કરતાં ઘણી સમૃદ્ધ હોય. જો કે, આપણા મુખ્ય રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભયારણ્યોમાં વન્યજીવો માટે મર્યાદિત તબીબી સુવિધાઓ ઉપલબ્ધ છે, અન્યથા તેઓ ભગવાન ભરોસે જ જીવે છે. જોકે, હવે ધીમે-ધીમે સુધારો થઈ રહ્યો છે. વન વિભાગે સેંકડો ‘મોબાઈલ વેટરનરી યુનિટ્સ’ બનાવ્યા છે, જેના દ્વારા રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભયારણ્યોમાં સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓનો સામનો કરી રહેલા જીવોને તબીબી સુવિધા પૂરી પાડવામાં આવે છે. આજે, દેશભરના ઘણા વન્યજીવ અભયારણ્યોમાં બચાવ કેન્દ્રો અસ્તિત્વમાં છે, જ્યાં વન્યજીવોની સારવાર કરવામાં આવે છે. જો કે, વન્યજીવોની સારવાર કરવી સરળ નથી. તેમને ઘરેલું પ્રાણીઓની જેમ નિયંત્રિત કરી શકાતા નથી. ડોકટરોને ઘણીવાર પોતાને જોખમમાં મૂકવું પડે છે. જંગલોની કઠોર ભૌગોલિક પરિસ્થિતિઓને કારણે, અને ભારત જેવા દેશમાં, જંગલી પ્રાણીઓની સારવાર માટે જરૂરી સંસાધનોની તીવ્ર અછત છે. વધુમાં, પ્રશિક્ષિત સ્ટાફનો અભાવ છે, જે સતત પ્રાણીઓ તરફથી આક્રમક વર્તનનું જોખમ વધારે છે.

વન્યજીવ ચિકિત્સા એ માત્ર સરકાર કે નિષ્ણાતોની જ જવાબદારી નથી. સાચી વાત તો એ છે કે જ્યાં સુધી સામાન્ય જનતા આમાં રસ ન લે અને તેને પોતાની જવાબદારી ન સમજે, ત્યાં સુધી વન્યજીવોના સ્વાસ્થ્ય અંગેની ચિંતાઓ માત્ર ચિંતાઓ સુધી જ સીમિત રહેશે. ■

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

અત્ર-તત્ર-સર્વત્ર ...

# સૌનાં મોંમાં પાણી લાવતી સદાબહાર રસઝરતી બંગાળી મીઠાઈ

**પશ્ચિમ બંગાળના બાબુ મોશાયોનું નવું વર્ષ તાજેતરમાં ઉજવાયું ત્યારે જયાં જયાં વસ્યા છે બંગાલીબાબુ ત્યાં ત્યાં બંગાળની બેમિસાલ મીઠાઈઓ છવાઈ ગઈ. હવે મમતા દીદીના આ બંગાળમાં વિધાનસભાની ચૂંટણીનાં પરિણામ જાહેર થશે. ત્યારે ફરી એક વાર લાખો રૂપિયાની બંગાળી મીઠાઈઓની લહાણી થશે... આવી બધાને એકસરખું ઘેલું લગાડતી બંગ મીઠાઈની ગઈ કાલ અને આજ એટલી જ રોચક છે...**

**રાજકારણના** મોરચે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને પશ્ચિમ બંગાળનાં મુખ્ય મંત્રી મમતા બેનરજી જાહેરમાં એકમેકના કટ્ટર વિરોધી. એમાંય મમતા દીદી જબરાં આખાં બોલાં. જાહેરમાં વડા પ્રધાનની રાજકીય ટીકા કરવાની એ એક પણ તક ન છોડે. દીદી સખત શબ્દોમાં એવી કડવી ટીકા કરે કે આપણને થાય :

પત્યું! હવે તો એ બન્નેને બોલે વહેવાર નહીં રહે...

હકીકત કંઈક બીજી જ છે. એકમેકની નીતિ-રીતિના સખત વિરોધી એવાં આ બન્ને વચ્ચેના અંગત સંબંધ એવા હુંફાળા છે કે મમતા દીદી વરસમાં બે વાર મોદીભાઈને દર દુર્ગા પૂજા અને બંગાળી નવું વર્ષ 'પોઈલા બોઈસાખ (૧૫ એપ્રિલ)ના અચૂક બંગાળી મીઠાઈ ભેટરૂપે મોકલે છે ! મમતાદીદી મૂડમાં હોય તો બંગાળી મીઠાઈ સાથે વડા પ્રધાન માટે ખાસ સીવડાવેલાં બેંગાલી કુરતા (ઝભ્ભા) પણ મોકલે !

મમતાદીદીની બંગાળી મીઠાઈ અને કુરતાની આ વાત ખુદ વડા પ્રધાને જાહેરમાં પણ સ્વીકારી છે... !

જોગાનુજોગ બંગાળની મીઠાઈઓ સાથે દેશના વડા પ્રધાનોની ખાસ ચાહત રહી છે. ભૂતપૂર્વ વડા પ્રધાન મોરારજીભાઈ દેસાઈ ખાવા-પીવાની બાબતમાં ઘણા ચુસ્ત, પણ કોલકાતામાં રહેતા એમના અંગત મિત્ર બિહારીભાઈ શાહને એમણે વર્ષોથી એક ખાસ સૂચના આપી રાખી હતી કે કોઈ ઓળખીતું પાટનગર આવતું હોય તો એમની સાથે પોતાના માટે ખાસ 'ગાંગુરામ'ના જ સંદેશ મોકલવા... મોરારજીભાઈ રાસાયણિક પ્રક્રિયાથી બનાવેલી સિન્થેટિક ખાંડની કોઈ વાનગી ખાતા નહીં એટલે એમને માટે 'ગાંગુરામ ઍન્ડ ગ્રાન્ડ સન્સ'ના એક માલિક રામજીલાલ ચોરસિયા પોતે જાતે જઈને બૂરૂ-દેશી ચીની ખાંડ અને દૂધ લઈ આવે પછી જાત દેખરેખ હેઠળ સંદેશ તૈયાર કરાવીને મોરારજીભાઈને દિલ્હી સુધી પહોંચતા કરતા.

**બંગાળની મીઠાઈની ચાહત એથી પણ જૂની છે.**

'હિંદી-ચીની ભાઈ ભાઈ'ના કરાર નેહરુજી સાથે દિલ્હીમાં કર્યો પછી ચીનના વડા પ્રધાન ચાઉન- એન-લાઈ કોલકાતા આવવાના હતા ત્યારે નહેરુજીએ એમને બંગાળની મીઠાઈ ચાખવાનું ખાસ સૂચન કર્યું હતું એટલે કોલકાતા આવીને ચીની વડા પ્રધાને બંગાળની મીઠાઈ પાકાગુલ્લા (કડક સંદેશ) પણ પેટ ભરીને આરોગીને ભરપેટ એના વખાણ પણ કર્યા હતા. (જો કે પાછળથી એમણે ભારતને છેહ દીધો એ જુદી વાત છે !) .

આ રીતે અનેક દેશ-વિદેશના મહાનુભાવોને ઘેલું લગાડનારા સંદેશ - રસગુલ્લા-ચમચમ મિષ્ટી દહીં જેવી બંગાળની સ્વાદિષ્ટ મીઠાઈનો ઈતિહાસ જબરો રસપ્રદ છે.

આજે પંદર લાખથી વધુ લોકો બંગાળ એકલામાં મીઠાઈ ઉત્પાદનના ઉદ્યોગ સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલા છે. આજે આવી મીઠાઈ બનાવવાના અધિકૃત પરવાનાઓ ધરાવતા કુલ ૮૫૦થી વધુ મીઠાઈ ઉત્પાદકો છે. કોલકાતા બહાર ગામડાંઓમાં વગર લાઈસન્સે ધંધો કરતા મીઠાઈવાળાઓની સંખ્યા બે હજારની આસપાસ છે.

દુર્ગાપૂજા - દિવાળીના તહેવારો અને બંગાળી નૂતન વર્ષ દરમિયાન બંગાળીબાબુઓ વર્ષભરની રહીસહી બચતમાંથી ૩૦ ટકા બંગાળની મીઠાઈ ખાવા-ખવડાવવા પાછળ ખર્ચી નાખતા હોય છે. જોકે વિધિની વક્રતા એ છે કે આજે રોકડિયો બની ગયેલો બંગાળી મીઠાઈનો ધંધો પોણા બસો વર્ષ પહેલાં માત્ર ઉધારી પર જ ચાલતો અને એ ઉધારીને કારણે જ રસગુલ્લા જેવી બંગાળની વિશિષ્ટ વાનગીની શોધ થઈ હતી... !

બંગાળની આબોહવા અને પાણીને કારણે અહીંના લોકો બારેમાસ કબજિયાતની તકલીફથી પીડાય છે. માનવદેહ માટે દૂધ સંપૂર્ણ આહાર છે, પરંતુ બંગાળની આબોહવા-દૂધમાં રહેલા લેક્ટ્રોઝ તત્ત્વને કારણે લોકોને કબજિયાત ઉપરાંત ગેસની વારસાગત તકલીફ હોવાથી શરીરને દૂધનાં પૌષ્ટિક તત્ત્વો મળી રહે અને કબજિયાત, ગેસ, વગેરે ન થાય એટલા ખાતર ખટાશ




રસગુલ્લા - સંદેશ - રસમલાઈ - ચમચમ ઈત્યાદિ બંગાળી મીઠાઈનો રસથાળ

નાખી દૂધને ફાડીને એમાંથી એની વિવિધ પ્રકારની મીઠાઈઓ બનાવવાની શરૂઆત થઈ હતી.

આજના વિખ્યાત રસગુલ્લાના શોધક નવીનચંદ્ર દાસે પણ એના પિતાના અવસાન બાદ બહુ નાની ઉંમરે મીઠાઈની એક નાનકડી દુકાનથી શરૂઆત કરેલી. ૧૯મી સદીના પૂર્વાધના એ જમાનામાં એક તો કોલકાતાની વસતિ ઓછી અને નિયમિત મીઠાઈઓ ખરીદે એવો વર્ગ પણ ઓછો હતો. બંગાળી જમીનદારો તો આખું વર્ષ મીઠાઈ ઉધાર લઈ જાય. પ્રથમ વૈશાખે એમનું નવું વર્ષ શરૂ થાય ત્યારે જૂનો હિસાબ ચૂકવીને એ જ દિવસે નવા વર્ષની બોણી તરીકે ફરી આગામી વર્ષ માટે ઉધાર મીઠાઈઓ લઈ જતા.

આ ચક્કરમાં નાની પૂંજી ધરાવતા નવીનચંદ્રની મોટી રકમ આમ ઉધારમાં ફસાયેલી રહેતી. સરવાળે નવીનબાબુનો ધંધો ખોટમાં જ ચાલતો. એમને એક યુક્તિ સૂઝી કે ખટાશ નાખી દૂધ ફાડીને તૈયાર થતી ચીલાચાલુ મીઠાઈને બદલે કોઈ નવી વિશિષ્ટ પ્રકારની વાનગી શોધવી, જે આ બધી મીઠાઈઓ કરતાં વધુ સ્વાદિષ્ટ હોય અને લોકો રોકડે પૈસે ખરીદવા પડાપડી કરે. થોડાં વર્ષના અખતરા બાદ આખરે ૧૮૬૮માં દૂધને ફાડીને બનાવેલા છેનાને ગરમ ઉકાળેલી ચાસણીમાં ભજિયાંની જેમ તળીને નવી વાનગી તૈયાર કરવામાં નવીનબાબુને સફળતા મળી.

ચપટા આકારની મીઠાઈને આપણે 'પેંડા' કહીએ, બે હથેળીના પોલાણ વચ્ચે આકાર આપેલી નક્કર મીઠાઈ 'લાડુ' તરીકે ઓળખાય તેમ દેખાવમાં ગોળમટોળ પણ અંદરથી પોચી એવી ચાસણીમાં તૈયાર કરેલી પોતાની નવી વાનગીને નવીનબાબુએ 'રસગુલ્લા' નામ આપ્યું. બંગાળીઓની જેમ પહોળા ઉચ્ચાર કરવાનું ગોરાસાહેબોને ફાવે નહીં અને રસગુલ્લાને નીચોવીને તો એમાંથી રસ નીકળે એટલે ગોરાસાહેબોએ એનું નામ પાડેલું 'સ્પોન્ઝ બોલ'. !

એ પછી તો બંગાળના રસગુલ્લા, સંદેશ, રસમાધુરી, ચમચમ, મીઠું દહીં, ઈત્યાદિ ઝડપભેર પ્રસિદ્ધ થઈ ગયાં એટલે બંગાળ બહાર એ મીઠાઈઓ બનાવવાના પ્રયત્નો થયા, પણ મીઠાઈનો જે સ્વાદ તમે બંગાળમાં ચાખ્યો હશે એ જ મીઠાઈનો એવો સ્વાદ તમને બંગાળ બહાર ચાખવા નહીં મળે. રસગુલ્લા માટે કે.સી. દાસ, સંદેશ માટે ભીમચંદ્ર નાગ અને મીઠા દહીં માટે ગાંગુરામનાં નામ જાણીતા છે. અહીં મજાની વાત એ છે કે બંગાળી મીઠાઈના ઉત્પાદકોની બનાવટને વિખ્યાત બનાવવા પાછળ એક મારવાડી અને ગુજરાતી વ્યક્તિનો પણ અમુક ફાળો રહેલો છે.

નવીનબાબુએ રસગુલ્લાની શોધ તો કરી, પરંતુ શરૂઆતમાં એ બહુ વેચાતા નહીં. એક દિવસ અનાયાસ એસમયમાં બિરલા-ટાટા જેવા એક માલેતુજાર મારવાડી બાગલા રસગુલ્લાના 'શોધક' એવા નવીનબાબુની હાટડી જેવી દુકાન પાસેથી પસાર થતા હતા. મીઠાઈના રસિયા બાગલાજીએ પોતાની કાર ત્યાં થોભાવીને કશું નવું ચખાડવા કહ્યું અને નવીનબાબુએ પોતે શોધેલી રસગુલ્લાની નવી વાનગી એમને ચખાડી. બાગલાજીને રસગુલ્લા પર એટલા બધા ફિદા થઈ ગયા કે બીજા દિવસથી પરિવાર માટે રસગુલ્લાની વરદી મોકલવા માંડ્યા. પછી તો સગાં-સંબંધી, મિત્રોને ત્યાં કોઈ પ્રસંગ હોય એમાં નવીનબાબુના રસગુલ્લા હોવા જ જોઈએ એવો બાગલાજીનો આગ્રહ રહેતો. આજે પણ સમૃદ્ધ મારવાડી પરિવારોમાં સગાઈ, લગ્નપ્રસંગોમાં લાખો રૂપિયાની બંગાળી મીઠાઈઓ ક્યાં ખપી જાય છે એનો પત્તો નહીં લાગે.

નવીનબાબુની કામગીરી અને બાગલાજી જેવા સજ્જન મારવાડી વેપારીનું પીઠબળ મળતાં રસગુલ્લા પંકાઈ ગયા. રસગુલ્લાની આવક ધમધોકાર થવા માંડી, છતાં વર્ષો સુધી નવીનબાબુએ પોતાની હાટડી જેવી દુકાન પર કોઈ પાટિયું કે સાઈનબોર્ડ લટકાવ્યું નહોતું. એમના વ્યવસાયને બધી રીતે વ્યવસ્થિત કર્યો 'કે.સી. દાસ' તરીકે ઓળખાતા એમના પુત્ર કૃષ્ણચંદ્ર દાસે. આમ તો એમણે જાતમહેનતે ઊભી કરેલી એક પાવરલૂમ અને એક સોડાવોટરની ફેક્ટરી સારું રળતી હતી તેમ છતાં શું ધૂન ચડી કે એ કમાણી છોડીને કૃષ્ણચંદ્ર એના પિતાની રસગુલ્લાની હાટડીમાં બેસી ગયા... ■

**એ પછી પુત્ર કૃષ્ણચંદ્રે પોતાના બાબા (પિતા)ની હાટડીમાંથી રસગુલ્લાને નવા સ્વરૂપે કઈ રીતે પેશ કરીને વિશ્વભરની માર્કેટમાં પહોંચાડ્યા અને રસગુલ્લા જેવી અન્ય બંગાળી મીઠાઈઓ 'સદેશ', 'મિષ્ટી દહીં ' કઈ રીતે લોકભોગ્ય-લોકપ્રિય બન્યાં એની પણ રોચક વાત આપણે કરીશું આવતા અઠવાડિયે...!**

કેનવાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# આપણને 'હેપી એન્ડિંગ'નું વળગણ કેમ છે?!

**ઈતિહાસનાં** પાનાઓ પર આ એપ્રિલ મહિનાના છેલ્લા રવિવાર 'પૂર્ણવિરામોનો' બહુ મોટો અને લોહિયાળ ઈજારો છે.

એપ્રિલ, ૧૯૪૫ ના છેલ્લા દિવસે બર્લિનના એક અંધારા બંકરમાં હિટલરે પોતાની જાતને ગોળી મારી અને બીજા વિશ્વયુદ્ધના યુરોપિયન ચેપ્ટરનો હિંસક અંત આવ્યો. બરાબર ત્રીસ વર્ષ પછી ૧૯૭૫ના એપ્રિલ મહિનામાં જ સાયગોન શહેરનું પતન થયું અને અમેરિકા માટે વિયેતનામ યુદ્ધનો દાયકાઓ લાંબો અને થકવી નાખનારો અંત આવ્યો. દુનિયાના નકશા ઉપર જ્યારે પણ કોઈ મહાકાય, ભયાવહ ઘટનાઓએ પોતાનો અંતિમ શ્વાસ છોડ્યો છે ત્યારે કેલેન્ડરમાં મોટાભાગે એપ્રિલના અંતિમ દિવસો જ નોંધાયા છે. આપણે આવી તારીખોને 'અંત'તરીકે ઉજવીએ છીએ. આપણને આ 'ધ એન્ડ' સાંભળતા જ એક અજીબ પ્રકારની શાતા મળે છે. એક દિલાસો મળે છે કે હાશ, પૂરું થયું, પણ હકીકત એ છે કે ઇતિહાસમાં અને માણસની જિંદગીમાં 'અંત' જેવું કશું હોતું જ નથી.

સિનેમા, નાટકો અને નવલકથાઓએ આપણને બહુ ખરાબ રીતે બગાડી નાખ્યા છે. આપણને એવી આદત પડી ગઈ છે કે અઢી કલાક પછી સ્ક્રીન બ્લેક થઈ જશે અને સફેદ અક્ષરે 'ધ એન્ડ' લખાઈને આવશે. અઢી કલાકમાં હીરો-હીરોઈન મળશે, વિલન મરશે અને વાર્તા સમેટાઈ જશે.

આપણે ઇચ્છીએ છીએ કે આપણા અંગત દુઃખ, આપણા બ્રેકઅપ, આપણી નિષ્ફળતાઓ કે આપણા પ્રિયજનની વિદાયમાં પણ કોઈક આવું જ બોર્ડ મારી આપે. અંગ્રેજીમાં જેને 'ક્લોઝર' કહે છે, તે મેળવવા માટે આજની ત્રીસ સેકન્ડની રીલ જોતો માણસ પણ વલખાં મારે છે. કોઈ સંબંધ તૂટે એટલે તરત જ આપણે સામસામે બેસીને એક 'ફાઈનલ વાત' કરવા માગીએ છીએ, જેથી ચેપ્ટર શિષ્ટ અને સારી રીતે 'ક્લોઝ' થાય, પણ અદૃશ્ય પટકથા લખનારો કોઈ કાળે આવી ક્રેડિટ રોલ થવા દેતો નથી.

ઇતિહાસમાં એપ્રિલમાં ભલે સંધિઓ ઉપર હસ્તાક્ષર થઈ ગયા હોય અને તોપના ગોળા શાંત થઈ ગયા હોય, પણ ૧લી મે ની સવારે જે સૈનિક જાગ્યો હશે તેની મનોસ્થિતિની કલ્પના કરો. યુદ્ધ પૂરું થઈ ગયું, પણ ભગ્નાવશેષો વચ્ચે ઊભા રહીને હવે કરવાનું શું? જે માણસે છેલ્લા પાંચ વર્ષથી માત્ર બંદૂકની ટ્રીગર દબાવવાનું જ કામ કર્યું છે, તે હવે અચાનક સામાન્ય જિંદગીમાં પાછો કઈ રીતે ફરે? માણસનું મન પણ યુદ્ધ પછીના કોઈ બરબાદ થયેલા શહેર જેવું




જ હોય છે. કોઈની સાથે વર્ષોનો સંબંધ તૂટે કે કોઈ નજીકના સ્વજનનું અકાળે મૃત્યુ થાય, ત્યારે કાનૂની કે સામાજિક રીતે ભલે કિસ્સો પૂરો થઈ ગયો હોય, પણ મનની અંદર તો કાટમાળ હટાવવાનું કામ દાયકાઓ સુધી ચાલતું રહે છે. 'મુવ ઓન' થવું એ ઇન્સ્ટાગ્રામની રીલ્સ પૂરતો બહુ સારો અને પોઝિટિવ શબ્દ છે.

વાસ્તવિકતામાં માણસ ક્યારેય કોઈ પણ આઘાતની આગળ વધી શકતો નથી, તે માત્ર એ આઘાતના વજન સાથે, એ સ્મૃતિઓના ભાર સાથે રોજેરોજ જીવતા શીખે છે. સમય પીડા ઓછી નહિ કરે, એ પીડા જીરવવાની તાકાત આપશે.

પાંત્રીસ કે ચાલીસની ઉંમરે પહોંચતા સુધીમાં દરેક માણસ એક વિચિત્ર થાક અનુભવે છે. આ થાક શારીરિક નથી હોતો, આ થાક નિરંતર 'મધ્ય'માં હોવાનો હોય છે. આયુષ્યનું પણ મધ્ય, સંબંધોનું પણ મધ્ય, સપનાઓના રસ્તાનું પણ મધ્ય. આપણે આખી જિંદગી કોઈક ને કોઈક પૂર્ણાહુતિની રાહ જોતા હોઈએ છીએ સારું રિઝલ્ટ આવી જાય એટલે શાંતિ, નોકરી મળી જાય એટલે શાંતિ, લગ્ન થઈ જાય એટલે સેટલ્ડ, ઘરનું ઘર થઈ જાય એટલે લાઈફ સેટ.

આપણે એક માઈલસ્ટોનથી બીજા માઈલસ્ટોન સુધી હાંફતા હાંફતા દોડીએ છીએ, પણ જ્યારે આ બધું મળી જાય છે ત્યારે પેલો પડદો પડતો નથી. 'એન્ડ ધે લીવ્ડ હેપીલી એવર આફ્ટર'વાળી પરીકથા વાસ્તવિક જીવનમાં જ દમ તોડી દે છે.

સફળતા કે લક્ષ્યપ્રાપ્તિ કોઈ અંત નથી. તે માત્ર એક નવા પ્રકારના અને વધુ જટિલ સંઘર્ષની શરૂઆત છે. અને આ જ સત્ય સૌથી વધુ ડરામણું છે, કારણ કે આપણે ટકી રહેવા માટે, લડવા માટે, સંઘર્ષ કરવા માટે હંમેશાં તૈયાર છીએ; પણ લડાઈ જીત્યા પછીના જે ખાલીપો આવે છે, જે સન્નાટો છવાય છે, તેના માટે આપણને કોઈએ ટ્રેનિંગ જ નથી આપી. માણસ દુઃખ સહન કરી શકે છે, પણ અર્થહીનતા સહન કરવી તેના માટે અસહ્ય છે.

આપણે બધા કોઈને કોઈ પૂર્ણવિરામની તલાશમાં દોડી રહ્યા છીએ, પણ કાળચક્રની આ ડિઝાઇનમાં માત્ર અલ્પવિરામો જ મૂકવામાં આવ્યા છે. ઇતિહાસનો કોઈ પણ મોટો અને ભવ્ય 'અંત', વાસ્તવમાં કોઈ બીજાના, અજાણ્યા સંઘર્ષની પીડાજનક 'શરૂઆત' જ હોય છે. જિંદગી તમને ક્યારેય કોઈ ભવ્ય ક્લાઈમેક્સ આપીને વિદાય લેવાનો મોકો નથી આપતી. હિટલરના મોતથી કે સાયગોનના પતનથી દુનિયા અટકી ન હતી. ગઈકાલે તમારું હૃદય કાયમ માટે તૂટ્યું હોય કે આજે તમને તમારી જિંદગીની સૌથી મોટી, શાનદાર સફળતા મળી હોય તો કાલે સવારે સૂર્ય તો ઉગવાનો જ છે.

કોઈ પણ ભવ્ય ક્લાઈમેક્સ ન હોવાના આ કડવા સત્યના સ્વીકાર સાથે કાલે સવારે ઉઠીને માત્ર પોતાના માટે ચા બનાવવા પૂરતી જિજીવિષા તમારામાં બચી હશે ખરી વિરાટવાચકો? જિંદગી ક્યારેય 'ધ એન્ડ'નું બોર્ડ નથી મારવાની એ સત્ય સમજાઈ ગયા પછી, શું બાકીનું આખું આયખું માત્ર અલ્પવિરામોના સહારે જીવી કાઢવાની હિંમત આપણામાં છે ખરી? સંઘર્ષના મેદાનમાં તો કદાચ આપણે જીતી પણ જઈશું, પણ સઘળું પૂરું થઈ ગયા પછી છવાતા એ ભયંકર આંતરિક સન્નાટાથી આપણને કોણ બચાવશે? આપણે ખરેખર આપણા દુઃખ કે સંઘર્ષનો 'અંત' ઇચ્છીએ છીએ કે પછી એક નવી અને અજાણી શરૂઆતથી બચવા માટે કોઈ રૂપાળું બહાનું શોધી રહ્યા છીએ?

આ બધા પ્રશ્ન લગભગ નિરુત્તર જ રહે છે અને એટલે જ કદાચ આપણે બધા જાણે-અજાણે 'હેપી એન્ડિંગ'ની તલાશમાં રહીએ છીએ. ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@bombaysamachar.com


# લક્ઝરી બ્રાન્ડની બોલબાલા

**એક સમય** હતો જયારે લક્ઝરી ચીજો-વસ્તુનો અનુભવ અમુક લોકો જ કરી શકતા. આજે તો લોકો હરેક વસ્તુમાં લક્ઝરી શોધે છે. આજે ઓડી, મર્સિડીસ, BMW અને જેગ્વાર જેવી કાર તમને રસ્તામાં બીજી કાર્સની જેમ જ દોડતી દેખાશે. અલગ અલગ પ્રસંગોમાં અલગ અલગ કપડા, વિકેન્ડમાં નવી એગઝોટિક રેસ્ટોરેંટના અનુભવો મેળવવાના. આવી નાની નાની વાતોથી લઈ બીજી અનેક વાતોના અનુભવો લક્ઝરીની વ્યાખ્યા બદલી રહ્યા છે. મહત્ત્વનું તે છે કે જે લક્ઝરી એક સમયે અમુક લોકો પૂરતી હતી તેનું આજે ડેમોક્રેટાઈઝેશન લોકશાહીકરણ થઈ ગયું છે. હવે એ લક્ઝરી બધાને મળતી થઈ ગઈ છે. લક્ઝરી બ્રાન્ડસ માટે આ ભરપૂર તકનો સમય છે.

બહારની લક્ઝરી બ્રાન્ડસને આજે ભારતમાં મોટી તકો છે તેથી એ પોતાના એક્સકલુઝીવ સ્ટોર્સ અહીં શરૂ કરે છે. આજે લક્ઝરી માર્કેટ વધી રહ્યું છે કારણ કે કન્ઝ્યુમર-ખરીદનારા વધી રહ્યા છે. નવા સેગમેન્ટ ઊભા થઈ રહ્યા છે. પહેલું સેગમેન્ટ - ઓલ્ડ મની કન્ઝ્યુમરનું છે, જે રાજવી પરિવારનું છે. તેમના માટે લક્ઝરી વે ઓફ લાઇફ છે જેમની જીવનશૈલી જ રાજવી છે. આ પ્રકારના સેગમેન્ટ બીજાથી અલગ તરી આવે એવી વિશેષતાનો આગ્રહ રાખે છે.

બીજો પ્રકાર છે ન્યૂ મની કન્ઝ્યુમર, જે ઔદ્યોગિક વિકાસના સમયમાં જાત મહેનતે કમાયા છે. આજે આ વર્ગ પણ રાજા- મહારાજાની લાઇફ સ્ટાઇલ જીવી રહ્યા છે. પોતાની મહેનતે પૈસા કમાયા છે તેથી તેની કિંમત જાણે છે અને આ કારણસર આ સેગમેન્ટ વેલ્યૂ બેઝડ એવી લક્ઝરી પ્રોડક્ટ ખરીદશે, જેનાથી તેમને શું લાભ થશે તે વિશે પણ આગોતરા વિચારી રાખે છે. આ વર્ગવાળા કદાચ દાગીના ખરીદશે કારણ કે તેમાં તે ફાયદો જોશે. એની નવી પેઢી ટ્રેંડી વસ્તુઓ ખરીદશે, કારણ કે લક્ઝરી તેમને વિરાસતમાં મળી છે.

ત્રીજો પ્રકાર છે કોર્પોરેટ પ્રોફેશનલ્સ... મલ્ટિનેશ્નલ્સ અને કોર્પોરેટમાં ઊંચા પગારે કામ કરતા પ્રોફેશનલ્સ અથવા ડબલ ઇન્કમ ગ્રૂપ અર્થાત્ પતિ - પત્ની બંને જોબ કરતા હોય. આ સેગમેન્ટ ઘણું મોટું છે. આજે લક્ઝરી બ્રાન્ડવાળા આ લોકો માટે વિવિધ પ્રોડક્ટ બનાવતી જ રહી છે. આ સેગમેન્ટ પૈસા વાપરવામાં માને છે. નવા ડ્રેસ - નવી જગ્યાઓએ ફરવું, નવી



રેસ્ટોરાંમાં જવું અને લક્ઝરી ગાડીઓ ફેરવવી વગેરે.

આ બધા વચ્ચે ચોથો પ્રકાર છે બારગેન હંટર, જેને લક્ઝરી બ્રાન્ડનો અનુભવ કરવો છે પણ તે સમજી વિચારીને ખરીદશે. તે સેલ સિઝનની રાહ જોશે પછી બેસ્ટ ડીલ્સ મળશે ત્યારે જઈ તે લક્ઝરી બ્રાન્ડ ખરીદશે. આ સેગમેન્ટ પણ ઘણું મોટું છે.

આમ લક્ઝરી બ્રાન્ડસ ફલક વિસ્તરી રહ્યું છે માટે તેનું મહત્ત્વ વધી રહ્યું છે. આનું કારણ તે છે કે આજે તમારી લાઇફસ્ટાઇલ કેવી છે તેના આધારે તમારી ઇમેજ લોકોમાં બંધાય છે. આજે અફોર્ડેબલ લક્ઝરી- પોષાય શકે એના નામે અમુક પ્રોડક્ટ રીયલ એસ્ટેટ, ઑટોમોબાઇલ, વેકેશન, હોટેલો જેવી કેટેગરીઓમાં વેચાય છે. કન્ઝ્યુમરને જોઈયે તે રીતે અનુભવ આપવો આ લગ્ઝરી બ્રાન્ડ માટે બીજું મહત્ત્વનું પાસુ છે.

એક્સકલુસીવ શોરૂમ્સ અમુક સિલેક્ટેડ પોશ વિસ્તારોમાં હોવું જરૂરી છે. આ ઉપરાંત પ્રોંપ્ટ આફ્ટર સેલ્સ સર્વિસ, ઈત્યાદિ પરિબળો લક્ઝરી બ્રાન્ડને કન્ઝ્યુમરને આકર્ષવામાં મદદ કરશે. લક્ઝરી બ્રાન્ડે પોતાનું કમ્યુનિકેશન પણ એક્સકલુઝીવ રીતે કરવું જોઈયે. જેમ કે, PR સ્ટોરીસ વધુ કરવી જોઈયે એ રીતે એક્સકલુઝીવ મેગેઝીનમાં કે સપ્લીમેંટ્સમાં એડ્સ આપવી. ડિજિટલ મીડિયમ જે રીતે આજે વધી રહ્યું છે ત્યારે આ માધ્યમ ઘણું અસરકારક પુરવાર થઈ શકે છે. આ માધ્યમ દ્વારા તમે કન્ઝ્યુમરના સીધા સંપર્કમાં આવો છો, જે કન્ઝ્યુમરના ઈગોને પણ સંતોષશે.

આજનું કમાતું કપલ ઘર ખરીદશે તો લક્ઝરી અપાર્ટમેંટ શોધશે, કાર પણ પોતાના સ્ટેટસને અનુરૂપ, લગ્ન પણ ડેસ્ટિનેશન વેડિંગ હશે. ટૂંકમાં તેના માટે બધી ચીજો એક્સક્લુઝીવ કરશે; આમંત્રણ પત્રિકાથી લઈને વેન્યૂ અને જમવાના પદાર્થોની પસંદગી સુધી. તેઓને બધી ચીજો યૂનિક જોઈયે છે, લોકોએ જે ના અનુભવ્યું.

હોય તે તેઓને અનુભવવું છે અને આ વિચારધારા તેઓને મન લક્ઝરી છે. આજે જો કોઈ બ્રાન્ડે લક્ઝરી કેટેગરીમાં બ્રાન્ડ લોંચ કરવી હશે તો તેના માટે ફલક ઘણું વિસ્તૃત છે, પરંતુ બ્રાન્ડે કન્ઝ્યુમરને ધ્યાનમાં રાખી તેને પેંપર કરવો પડશે અને તેને અનુરૂપ પ્રોડક્ટ બનાવવા પડશે. લક્ઝરી આજે પ્રોડક્ટ કરતા અનુભવનો વિષય છે તેથી કોઈપણ બ્રાન્ડ પોતાના પ્રોડક્ટ સાથે લક્ઝરીનો અનુભવ જોડી દેશે તો આજનો કન્ઝ્યુમર તેને ન્યાય આપશે. જેટલું સત્ય તે છે કે આજે લક્ઝરીનું મહત્ત્વ વધી રહ્યું છે તેટલુંજ સત્ય તે છે કે આ કન્ઝ્યુમર વેલ્યૂ બેઝડ છે તેથી તે કિંમતની સામે શું મળે છે તેને મહત્ત્વ જરૂરથી આપશે. આથી વેલ્યૂ બેઝડ લક્ઝરી બ્રાન્ડ આજના કન્ઝ્યુમરની માંગ છે અને જે બ્રાન્ડ આ આપવામાં સફળ થશે તે લાંબા ગાળા સુધી કન્ઝ્યુમરના દિલો-દિમાગ પર લક્ઝરીલી રાજ કરશે. ■




# તમને ના પાડતાં આવડે છે?

જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

ભર બપોરે તડકામાંથી પરસેવે રેબઝેબ મીનલ ઘેર આવી. થાકીને લોથપોથ થયેલી મીનલે બેલ માર્યો તો પાંચ મિનિટ સુધી કોઈએ દરવાજો ના ખોલ્યો, કારણ કે એસી રૂમમાં ભરાઈને બધા બપોરનો આરામ કરતા હતા. બેલ સંભળાયો હોવા છતાં ગરમીનાં કારણે કોઈને ઊભા થઈ દરવાજો નહોતો ખોલવો. છેવટે નણંદ ક્રિનાએ દરવાજો ખોલ્યો અને કંઈ જ બોલ્યા વિના એસીમાં પાછી જતી રહી. મીનલ ઘરના બધા માટે જોઈતી વસ્તુઓ લેવા બજારમાં ગઈ હતી.

સાસુની સાડીનું ફોલ બીડિંગ, સસરાની દવાઓ, નણંદે મંગાવેલી લિપસ્ટિક, બાળકોનાં પ્રોજેક્ટની સ્ટેશનરી, પતિની ઘડિયાળનો સેલ અને આ ઉપરાંત ઘરવખરીનો ખૂટતો સામાન....

આજે પહેલીવાર મીનલને ગુસ્સો આવ્યો :

‘હું બધાં માટે આટલા તડકામાં ત્રણ કલાક ફરી સામાન લાવી અને પાછી આવી તો બધાં એસીમાં આરામ કરે છે, કોઈને એક પવાલું પાણી આપવાનો પણ વિચાર નથી આવતો?’

મીનલ ગરમીમાં એવી તો કંટાળી હતી કે એની આંખમાં આંસુ આવી ગયા. ચાર વાગી ગયા હતાં એટલે સાસુ રૂમની બહાર આવ્યાં અને મીનલને ચા બનાવવા કહ્યું. મીનલનાં શરીરમાં જરાય તાકાત નહોતી તેમ છતાંય એણે ખેંચાઈને ચા બનાવી. એવાંમાં રસોઈનો સમય થઈ ગયો એટલે રસોઈ બનાવી. રાત પડે એની આંખે અંધારા આવવા માંડ્યા એટલે એ સહેજ આડી પડી અને એ ક્યારે સૂઈ ગઈ એની ખબર પણ ના પડી.

બીજા દિવસે મીનલને સ્કૂલમાં વાલીઓની મીટિંગમાં જવાનું હતું. એટલે ફરી પાછું કામોનું લીસ્ટ હાથમાં આવ્યું.

સાસુએ કહ્યું : અથાણાનો સામાન લેતી આવજે, નણંદે કહ્યું મોજડી તૂટી ગઈ છે એ સંધાવતા આવજો તો સસરાએ ઝભ્ભાનું બટન મંગાવ્યું ફરી એકવાર મીનલ કોઈને ના ન પાડી શકી.

મીનલ સંયુક્ત કુટુંબમાં મોટી થઈ હતી.

નાનપણથી સરળ અને કહ્યાગરી. હોંશે હોંશે આખા ઘરનું કામ કરે. એકેય કામની ના ન પાડે. નાની ઉંમરે લગ્ન થયાં. મૂળ સ્વભાવ તો ખરો જ પણ સાથે પિયરનું નામ ખરાબ ના થાય એ માટે સાસરામાં પણ એણે કોઈ કામ માટે ક્યારેય કોઈને ના ન પાડી. કામ કરવાની હોંશ કહો કે ના ન પાડી શકવાની મર્યાદા, ધીમે ધીમે મીનલનાં માથે કામ એ

જવાબદારીનાં બોજરૂપ બની ગયું. એટલી હદે કે હવે તો સગાં - સંબંધીઓ અને મિત્રો પણ એને નિઃસંકોચ કામ સોંપતા અને એ મને ક-મને કરતી પણ ખરી.

બીજી તરફ તુષાર એક મલ્ટીનેશનલ કંપનીમાં નવો નવો જોડાયો હતો. ખાસ કોઈ મોટી પોસ્ટ નહીં, પણ હોંશિયાર એટલે કામ વ્યવસ્થિત કરે. લોકો એના કામની પ્રશંસા કરતા જાય અને એની ફરજ બહારનાં ઓફિસનાં કામ કરાવતા જાય. તુષારને એમ કે હોશિયારી બતાવીને એ પોતાનો આગળ વધવાનો રસ્તો સહેલો બનાવે છે પણ અહીંયા ઊંધુ હતું.

સળંગ બે વર્ષ પછી પણ એને પ્રમોશન ના મળ્યું પણ કામનો બોજો વધતો ગયો. એકવાર તો પટાવાળાએ ચતુરાઈથી તુષારને ઝેરોક્ષ કરવા પણ મોકલ્યો બોસ સહિત લોકોનાં એક્સ્ટ્રા કામ કરવાની જે આદત એણે પાડી હતી એ એને જ નડી રહી હતી. આ એક એવું વિષચક્ર છે, જેમાંથી બહુ જ ઓછા છટકી શકે છે.

આપણામાંથી કેટલા બધાં મીનલ અને તુષાર જેવા છીએ. ના પાડી નથી શકતાં અને પહોંચાય નહીં એવાં અને એટલાં કામ કરવા પડે છે. પ્રશ્ન એ થાય છે કે આપણે કોઈને ના કેમ નથી પાડી શકતા? મનુષ્ય તરીકે આપણે પીપલ પ્લીઝર એટલે કે લોકોને ખુશ કરવાની માનસિકતા સાથે જીવતાં હોઈએ છીએ. લોકોને ખુશ કરવાની પ્રક્રિયામાં આપણે ના નથી પાડી શકતાં.

જો કે ઘણીવાર આ રસ્તો સફળતા પણ અપાવે છે, પણ લાંબા ગાળે કેટલો ફાયદાકારક નીવડે એ તો સમય બતાવે છે. કોઈવાર વડીલોનું માન રાખવા ના નથી પાડી શકાતી તો કોઈવાર લોકો આપણને નાપસંદ કરશે એ ભયનાં કારણે ના પાડતાં સંકોચ થાય છે. કોઈવાર ના પાડતા શરમ આવે છે તો કોઈવાર ના પાડવાથી લોકો આપણને એમનાં જૂથનો ભાગ નહીં બનવા દે એ વિચારે દરેક વાતે હા પાડી અંતે ના ન પાડી શકવાનાં પરિણામ ભોગવવા પડે છે.

આમ જોઈએ તો ના પાડવી એક આવડત છે. સીધી સટાક રીતે ના પાડી શકાય, સામેવાળી વ્યક્તિને ગમે અને એનું માન જળવાય એ રીતે પણ ના પાડી શકાય, બહાના કાઢીને કે જૂઠું બોલીને પણ ના પાડી શકાય. કોણ કેવી રીતે ના પાડે છે એ મહત્તમ અંશે જે તે વ્યક્તિનાં સ્વભાવ પર આધાર રાખે છે. જે વ્યક્તિ ના પડતા શીખી જાય છે એનો બિનજરૂરી ઘણો સ્ટ્રેસ ઓછો થઈ જાય છે અને એ પોતાના માટે વધુ સમય ફાળવી શકે છે.

માણસાઈની દ્રષ્ટિએ સૌને મદદરૂપ થવું જોઈએ, પરંતુ એ ના પાડી શકવાની મર્યાદાને કારણે નહીં, પણ મદદ કરવાની ક્ષમતા સાથે કરવામાં આવે તો કદાચ વધુ યોગ્ય ગણાય. શું તમને ના પાડતાં આવડે છે?

**બોલો, તમે શું કહો છો?** ■

# વિશ્વની સૌથી મોટી માછલી ઓરફિશની વાસ્તવિકતા જેટલી જ રસપ્રદ લોકવાયકા!

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ feedback@bombaysamachar.com

શું કોઈ માછલી દરિયાઈ આફતની આગાહી કે એંધાણી આપી શકે? લોકવાયકા હકારમાં જવાબ આપે છે. એના સમર્થનમાં કેટલીક ઘટનાઓ પણ ટાંકે છે. ૧૮૬૦ની ૩ માર્ચે બર્મુડાના દરિયાકિનારે ઓરફિશ નામે ઓળખાતી તોતિંગ માછલી તણાઈને આવી હતી. ૧૬ ફૂટ (૪.૯ મીટર મીટર) લંબાઈ ધરાવતા આ જીવને ત્યારે સમુદ્રી સાપ તરીકે વર્ણવવામાં આવ્યો હતો. આ જ રીતે જાપાની લોકકથાઓમાં ‘સમુદ્રના દેવના મહેલનો સંદેશવાહક’ ગણાવાયેલી સ્લેન્ડર ઓરફિશ નામની વિશાળ માછલી ભૂકંપની આગાહી કરતી હોવાનું માનવામાં આવે છે.

આ ઓરફિશને ‘પ્રલયની માછલી’નું ઉપનામ આપવામાં આવ્યું છે કારણ કે ઇતિહાસમાં તેના દેખાવને કુદરતી આપત્તિઓ, ખાસ કરીને ભૂકંપ અથવા સુનામી સાથે જોડવામાં આવી હતી. ૨૦૧૨માં જાપાનના ટોહોકુ ભૂકંપ અને સુનામીમાં વીસ હજારથી વધુ લોકોનાં મૃત્યુ થયાં હતાં. એ અગાઉ જાપાનમાં ઘણા લોકોએ ૨૦૦૯ અને ૨૦૧૦માં દેશના કિનારાઓ પર ધોવાઈ આવેલી ૨૦ ઓરફિશને પરંપરાગત વિનાશના સંકેત માની લીધી હતી. જોકે ૨૦૧૯માં પ્રકાશિત થયેલા એક અભ્યાસમાં ઓરફિશના દેખાવા અને પછી આવેલા ભૂકંપ વચ્ચેનો સંબંધને ભ્રામક ગણાવાયો હતો. નિષ્ણાતોના મતે સપાટી નજીકના ઓરફિશના દુર્લભ દેખાવથી મોટેભાગે ભય ફેલાય છે. જોકે વિજ્ઞાનીઓ તેને આ માછલીના બીમાર હોવા, મરણોન્મુખ હોવા કે પર્યાવરણમાં ફેરફારોને આપેલા પ્રતિસાદ સાથે જોડે છે. આ માછલીના દેખાવાને કુદરતી આપત્તિઓ સાથે કોઈ જ સંબંધ હોવાને વૈજ્ઞાનિક માન્યતા મળી નથી.

હા, અહીં જેની વાત થઈ રહી છે એ દુનિયાની સૌથી લાંબી માછલી હોવા અંગે બેમત નથી. આ ઓરફિશ (વૈજ્ઞાનિક નામઃ છ્બલફહયભીત લહયતક્ષય) દુનિયાની સૌથી



લાંબી જાણીતી હાડકાંવાળી માછલી છે. ઘણીવાર એનું કદ ૮ મીટર (૨૬ ફૂટ) સુધી લંબાઈ સુધી પહોંચે છે જે ૧૧થી ૧૭ મીટર (૩૬થી ૫૬ ફૂટ) સુધી નોંધાયું છે. એટલે જ ઊંડા સમુદ્રની જીવ તરીકે, તે સૌથી લાંબી હાડકાંવાળી માછલીનો રેકોર્ડ ધરાવે છે.

આ ઓરફિશ એક મોટી અને અત્યંત લાંબી પેલેજિક લેમ્પ્રિફોર્મ (એક લાંબી અને પટ્ટી જેવી માછલી છે, જે સમુદ્રના ખુલ્લા, ઊંડા પાણીમાં તરતી રહે. સામાન્યતઃ કિનારાથી દૂર અને ખૂબ ઊંડાણમાં વસતી ) માછલી છે. તે સમશીતોષ્ણ સમુદ્રી વિસ્તારોમાંથી લઈને ઉષ્ણકટિબંધીય વિસ્તારોમાં હોય છે, મનુષ્યોને ભાગ્યે જ દેખાય છે. અપવાદરૂપે ૨૦૧૬માં માછીમાર અને પ્રાણીવિજ્ઞાની જેર્મી વેડના શો ‘રીવર મોનસ્ટર્સ’માં જેર્મી બે જીવંત અને સ્વસ્થ ઓરફિશ સાથે તરતો દેખાયો હતો.

ઓરફિશ નામ કદાચ તેના અત્યંત દબાયેલા અને લંબાયેલા શરીરથી અથવા હવે ખોટી ઠરાવાયેલી માન્યતા પરથી આવ્યું છે કે માછલી તેના પેલ્વિક ફિન્સ (માછલીના શરીરના નીચેના ભાગમાં જોડીમાં આવેલી પાંખો છે જે તેમને પાણીમાં તરતી વખતે સંતુલન અને દિશાનું નિયંત્રણ કરવામાં મદદ કરે છે)થી પાણીમાં હાંકી પોતે આગળ વધે છે. આ કુળ કે કુટુંબનું નામ Regalecidae લેટિન શબ્દ regalis પરથી આવ્યું છે, જેનો અર્થ ‘રાજકીય’ થાય છે. જોકે મોટી પ્રજાતિઓને રમતિયાળ માછલી માનવામાં આવે છે અને થોડા પ્રમાણમાં વ્યાપારી રીતે પકડવામાં આવે છે, ઓરફિશ જીવંત ભાગ્યે જ પકડાય છે; તેનું માંસ જેલેટીન જેવી રચના હોવાથી ખાવા માટે યોગ્ય માનવામાં આવતું નથી. તેની દુર્લભતા અને વિશાળ કદ, તેમજ બીમાર અથવા મરતી વખતે સપાટી પર રહેવાની તેની આદત, ઓરફિશને ઇતિહાસમાં સમુદ્રી સાપની વાર્તાઓનો સંભાવિત સ્રોત બનાવે છે. તોફાનો પહેલાં કિનારે આવી જવાથી તેને વિનાશના સંકેત તરીકે પ્રતિષ્ઠા મળી છે, જે લોકવિશ્વાસ + ટોહોકુ ભૂકંપ અને સુનામી પહેલાં થયેલી ઘણી ઘટનાઓથી વધુ મજબૂત થયો પણ વિજ્ઞાની માનતા નથી. ન્યૂ ઝીલેન્ડના સંશોધકોના દાવા મુજબ વર્ણન સ્પર્શ કરતી વખતે ઓરફિશ વીજ ઝટકા આપે છે!

આ ઓરફિશ ચાંદી જેવા રંગનુ હોય ને શરીર પર નાના ગાઢ ડાઘો હોય છે. ઓરફિશ વારંવાર ઑટોટોમી કરે છે, એટલે કે પોતાનો પૂંછડો કાપી નાખે છે. શક્ય છે કે શિકારીઓની પકડથી બચવા માટે આવું કરતી હોય. કલ્પના કરી જુઓ કે મહાકાય ઓરફિશને શિકાર કરનારા જીવનું કદ કેવડું મોટું હશે?

માત્ર દરિયો જાણે.

# આખરે કેમ વધી રહી છે આગ લાગવાની ઘટનાઓ?

ફોકસ

શૈલેન્દ્ર સિંહ feedback@bombaysamachar.com

દર વર્ષે ૪ મેના રોજ આંતરરાષ્ટ્રીય અગ્નિશમન દિવસ ઊજવવામાં આવે છે, જે તે બહાદુર અગ્નિશામક જવાનોની યાદ અપાવે છે જેમણે બીજાના જીવ બચાવવા માટે પોતાને આગની જ્વાળાઓમાં ઝોંકી દીધા હતા. આ દિવસ હવે પહેલાં કરતાં વધુ મહત્ત્વપૂર્ણ અને સંવેદનશીલ બની ગયો છે, કારણ કે દર વર્ષની સાથે દુનિયામાં આગ લાગવાની ઘટનાઓ ઘટવાને બદલે સતત વધી રહી છે. સવાલ એ છે કે આનું કારણ શું છે? શું આ માત્ર આપણા દેશમાં જ થઈ રહ્યું છે કે પછી સમગ્ર વિશ્વની આ જ સ્થિતિ છે? આપણે આ ખાસ કવરસ્ટોરીમાં આ બધા મુદ્દાઓ પર વિચાર કરીશું.



**ભારતમાં વધતી આગની ઘટનાઓ**

આપણા દેશમાં દર વર્ષે માર્ચથી જૂન દરમિયાન આગ લાગવાની ઘટનાઓમાં વધારો જોવા મળી રહ્યો છે અને એ પણ ચિંતાજનક છે કે તાજેતરનાં વર્ષોમાં માત્ર આગ લાગવાની ઘટનાઓમાં વધારો જ નથી થયો, પરંતુ આગની તીવ્રતા પણ ખૂબ વધી છે. સવાલ એ છે કે આની પાછળનું મુખ્ય કારણ શું છે? સૌથી પહેલું કારણ છે - ગ્લોબલ વૉર્મિંગ, એટલે કે વિશ્વભરમાં વધી રહેલું તાપમાન. સતત વધી રહેલા આ તાપમાનને કારણે હવે હિટવેવ જેવી ઘટનાઓ માત્ર ઉનાળામાં જ નથી જોવા મળતી, અન્ય ઋતુઓમાં પણ જોવા મળી રહી છે. વર્ષ ૨૦૨૪-૨૫માં તો ભારતનાં મોટા ભાગનાં રાજ્યોમાં મે અને જૂન મહિનાનું તાપમાન ૪૫ ડિગ્રી કે તેથી પણ વધુ ઉપર પહોંચી ગયું હતું.

જો આપણે હવામાનશાસ્ત્રીઓની આગાહીઓને ધ્યાનમાં લઈએ તો ૨૦૨૬માં આગ લાગવાની સંખ્યામાં વધારો થવાની ધારણા છે, કારણ કે આ વર્ષ છેલ્લાં ૧૫૦ વર્ષમાં સૌથી ગરમ રહેવાનો અંદાજ છે. વાસ્તવમાં, જ્યારે તાપમાન ૪૫ ડિગ્રી સુધી પહોંચે છે ત્યારે સૂકું ઘાસ, કચરો અને પ્લાસ્ટિક સામગ્રી ઝડપથી આગ પકડે છે. દેશમાં અને વૈશ્વિક સ્તરે આગ લાગવાની વધતી સંખ્યાનું બીજું એક મુખ્ય કારણ શહેરી ગેરવ્યવસ્થા અને ભ્રષ્ટાચાર છે.

મહાનગરમાં આગથી બચવા માટે લાંબા-પહોળા કાયદાકીય નિયમો અને પેટા-નિયમો તો પુષ્કળ છે, પરંતુ તેને અમલમાં મુકાવનાર પ્રમાણિક વહીવટીતંત્ર ક્યાંય દેખાતું નથી. આજ કારણ છે કે નિયમોની ફાઇલો વધતી રહેવા છતાં આગ લાગવાની ઘટનાઓ ઘટી નથી રહી, ઊલટું વધી રહી છે. આ વધતી જતી આગની ઘટનાઓ અને સમયસર તેને નિયંત્રિત કરવામાં અસમર્થતાનું બીજું કારણ એ છે કે મહાનગરોમાં ઘણાં બધાં બિનઆયોજિત બાંધકામો છે. સાંકડી શેરીઓ અને ઘરોમાં નબળા વાયરિંગને કારણે ઘણીવાર શૉર્ટ સર્કિટ થાય છે. તેથી જૂનાં બજારો, ગોદામો અને ઝૂંપડપટ્ટીઓમાં આગ ઝડપથી ફેલાય છે, કારણ કે ત્યાં મૂળભૂત અગ્નિ સલામતી-સાધનોનો અભાવ હોય છે. ત્રીજું કારણ એલપીજી અને રસાયણોનો વધતો ઉપયોગ છે. ઘરોથી લઈને નાના ઉદ્યોગો સુધી, ગૅસ સિલિન્ડર અને જ્વલનશીલ પદાર્થોનો ઉપયોગ દિવસે ને દિવસે વધી રહ્યો છે. આ પણ આગની ઘટનાઓમાં વધારો કરે છે.

**પરંતુ માત્ર ભારતમાં જ નહીં...**

હા, ફક્ત ભારતમાં જ નહીં, તાજેતરનાં વર્ષોમાં વિશ્વભરમાં આગની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. કદાચ, ભારતની જેમ, આનું મુખ્ય કારણ ગ્લોબલ વૉર્મિંગ અને આગસંબંધિત પરિસ્થિતિઓ પ્રત્યે જાગૃતિનો અભાવ છે. ઉદાહરણ તરીકે, ૨૦૨૪માં કૅનેડામાં લાગેલી જંગલની આગ બે, ચાર કે દસ દિવસ નહીં, પણ મહિનાઓ સુધી ધગધગતી રહી અને આ રીતે કૅનેડામાં લાખો હેક્ટર વિસ્તારનાં જંગલો બળીને ખાખ થઈ ગયાં. તાજેતરનાં વર્ષોમાં ઑસ્ટ્રેલિયામાં પણ વારંવાર આવી જ આગની ઘટનાઓ જોવા મળી છે, જેને બુશ ફાયર કહેવામાં આવે છે.

જ્યારે છેલ્લાં કેટલાંક વર્ષોથી આવો જ ટ્રેન્ડ અમેરિકામાં પણ જોવા મળી રહ્યો છે. આ જ કારણ છે કે કેલિફૉર્નિયાની વાઇલ્ડ ફાયર હવે લગભગ દર વર્ષના સમાચાર બની ગઈ છે. આ પાછળનું સૌથી મોટું કારણ નિઃશંકપણે આબોહવા-પરિવર્તન છે. વધતું તાપમાન, દુષ્કાળ અને અનિયમિત વરસાદ જંગલોને સુકાવી રહ્યાં છે, જેના કારણે તે વધુ જ્વલનશીલ બની રહ્યા છે. વૈજ્ઞાનિકો માને છે કે વિશ્વભરમાં ફાયર સીઝન નોંધપાત્ર રીતે લાંબી થઈ ગઈ છે. પહેલાં આગનું જોખમ બેથી ૩ મહિના સુધી રહેતું હતું, હવે આ જોખમ વધીને પાંચથી ૬ મહિના થઈ ગયું છે.

**પ્રશ્ન એ છે કે ભૂલ થાય છે ક્યાં?**

આધુનિક જીવનશૈલીએ આગને ઘણી વધુ સંવેદનશીલ બનાવી દીધી છે અથવા એમ કહી શકાય કે આધુનિક જીવનશૈલીમાં આગ લાગવાનાં કારણો અને સંજોગોમાં ઘણો વધારો થયો છે. દાખલા તરીકે, ઇલેક્ટ્રિક વાહનોની બૅટરીઓ ડેટા સેન્ટર્સ અને મોટા-મોટા મૉલ્સ જે આગ સામે રક્ષણની તમામ સુવિધાઓને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવે છે, છતાં વાસ્તવિકતા એ છે કે માનવીય બેદરકારી અને ભ્રષ્ટાચારને કારણે આ સુવિધાઓ સમય આવ્યે કામ લાગતી નથી. ખેતરોમાં પરાળ સળગાવવો, ખુલ્લામાં કચરો સળગાવવો કે જંગલોમાં કેમ્પ ફાયર આ નાની-નાની એવી ભૂલો છે જે ઘણીવાર મોટી અગ્નિને જન્મ આપે છે. ખાસ કરીને અમેરિકામાં તાજેતરનાં વર્ષોમાં આવી ભૂલોને કારણે અનેક મોટી આગની ઘટનાઓ બની છે. જોકે સમગ્ર વિશ્વમાં આગ ઓલવવા માટે ફાયર બ્રિગેડની વ્યવસ્થા હોય જ છે. ભારતમાં ફાયર બ્રિગેડની સ્થિતિ મિશ્ર પ્રકારની છે. મોટાં શહેરોમાં આધુનિક સાધનો અને પ્રશિક્ષિત સ્ટાફની હાજરી હોવા છતાં, આ શહેરો સંપૂર્ણપણે અગ્નિરોધક નથી અને નાનાં શહેરોમાં ફાયર બ્રિગેડ પણ ઓછી હોવાથી તેમની સ્થિતિ વધુ ખરાબ છે. નાનાં શહેરોમાં આધુનિક અગ્નિશામક સાધનોનો અભાવ છે. તેથી નાના અને મધ્યમ કદનાં શહેરોમાં, આગની વધતી જતી ઘટનાઓને નિયતિ માનવામાં આવે છે.

**પ્રશ્ન એ છે કે આગ જેવી આપત્તિથી કેવી રીતે બચવું?**

નૅશનલ ડિઝાસ્ટર મૅનેજમેન્ટ ઑથોરિટીના એક અહેવાલ મુજબ, ભારતમાં પ્રતિ લાખ વસ્તીદીઠ ફાયર સ્ટેશનોની અછત આંતરરાષ્ટ્રીય ધોરણો કરતાં ઘણી ઓછી છે. ઘણી જગ્યાએ તો ફાયર એન્જિન સમયસર પહોંચી જ શકતાં નથી. મોટાભાગનાં સ્થળોએ પહોંચવા માટે રસ્તામાં અનેક પ્રકારના અવરોધોનો સામનો કરવો પડે છે, જેના કારણે કાં તો તેઓ સમયસર પહોંચી શકતા નથી અથવા તો કોઈ પણ રીતે ત્યાં સુધી પહોંચવું અશક્ય બની જાય છે. આ જ કારણ છે કે માત્ર અગ્નિશામક જવાનોના ભરોસે આગની સતત વધતી જતી ઘટનાઓ પર કાબૂ મેળવી શકાય તેમ નથી. જો આપણે આગની વધતી જતી સંખ્યાને અટકાવવી હોય તો આપણે ફક્ત સતર્ક રહેવું જ નહીં, પણ ખાતરી કરવી જોઈએ કે જનતા આગ નિવારણની જવાબદારી લે. નહીંતર, આગની વધતી જતી સંખ્યા આપણા બધા વિકાસને નબળી પાડશે.


**આગથી બચવાના સુવર્ણ નિયમો**

- ઘરમાં હંમેશાં ફાયર એક્સટિંગશર રાખો અને તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે શીખો.
- ગૅસ સિલિન્ડર અને ચૂલો નિયમિતપણે તપાસો.
- સમયાંતરે ઇલેક્ટ્રિકલ વાયરિંગ બદલો.
- બાળકોને માચીસ અને લાઇટરથી દૂર રાખો.
- ઇમર્જન્સી નંબર ૧૦૧ યાદ રાખો.
- આગ લાગે તો ભૂલથી પણ લિફ્ટનો ઉપયોગ કરશો નહીં.
- ધુમાડાથી બચવા માટે, જમીનની નજીક ઝૂકી જાઓ. ■

# માઉન્ટ એવરેસ્ટઃ સાહસ ને સૌંદર્યની મિસાલ

પ્રકૃતિ

નિધિ ભટ્ટ feedback@bombaysamachar.com



વિશ્વના સૌથી ઊંચા શિખર માઉન્ટ એવરેસ્ટની વાર્તા ખૂબ જ રસપ્રદ છે. જ્યારે મોટા ભાગના લોકો તેને માઉન્ટ એવરેસ્ટના નામથી જાણે છે, તેનું મૂળ નામ કંઈક અલગ હતું. વધુમાં તે તિબેટ અને નેપાળમાં જુદાં જુદાં નામોથી ઓળખાય છે. માઉન્ટ એવરેસ્ટનું નામ અને તેની પાછળનો ઇતિહાસ શું છે ચાલો તેના વિશે એક નજર નાખીએ.

વિશ્વના સૌથી ઊંચા પર્વત તરીકે ગણવામાં આવતા માઉન્ટ એવરેસ્ટને સાહસ અને કુદરતી સૌંદર્યનું પ્રતીક માનવામાં આવે છે. તેની ઊંચાઈ આશરે ૮,૮૪૮.૮૬ મીટર છે, જે તેને પૃથ્વી પરનું સૌથી ઊંચું શિખર બનાવે છે. નેપાળથી તિબેટ સુધી હિમાલયની શ્રેણીમાં ફેલાયેલા માઉન્ટ એવરેસ્ટ હંમેશાં તેના વર્તમાન નામથી ઓળખાતું ન હતું. તે પહેલાં એક અલગ નામથી પ્રખ્યાત હતું.

આજે આ ઊંચા પર્વતને માઉન્ટ એવરેસ્ટ તરીકે ઓળખવામાં આવે છે. જોકે તેનું મૂળ નામ ‘પીક ૧૫’ હતું. તેને તેની ઊંચાઈના આધારે આ નામ મળ્યું. ૧૯મી સદીમાં જ્યારે બ્રિટિશ સર્વેક્ષણો દરમિયાન તેની ઊંચાઈ માપવામાં આવી હતી, ત્યારે તેને પીક ૧૫ તરીકે નિયુક્ત કરવામાં આવ્યું હતું. શિખરનું નામ બદલવાની પ્રક્રિયા ૧૮૬૫માં થઈ હતી, જ્યારે તેનું સત્તાવાર નામ સર જ્યૉર્જ એવરેસ્ટના માનમાં માઉન્ટ એવરેસ્ટ રાખવામાં આવ્યું હતું.

૪ જુલાઈ, ૧૭૯૦ના રોજ ઇંગ્લૅન્ડમાં જન્મેલા સર જ્યૉર્જ એવરેસ્ટ બ્રિટિશ સર્વેયર અને ભૂગોળશાસ્ત્રી હતા. તેમણે ‘મહાન ત્રિકોણમિતિ સર્વે’ને નોંધપાત્ર રીતે આગળ ધપાવ્યું - એક પ્રોજેક્ટ જે ભારતના ઇતિહાસમાં સૌથી મહત્ત્વાકાંક્ષી મૅપિંગ પહેલોમાંનો એક માનવામાં આવે છે. આ પ્રયાસ દ્વારા ભારતના ભૂ-પ્રદેશ, પર્વતો અને સરહદોનું નોંધપાત્ર ચોકસાઈ સાથે માપન કરવામાં આવ્યું. તેમના કાર્યથી ભારતના આધુનિક નકશાનો પાયો નાખ્યો. આ જ કારણસર તેમના માનમાં પર્વતનું નામ માઉન્ટ એવરેસ્ટ રાખવામાં આવ્યું.

જો કોઈ માઉન્ટ એવરેસ્ટ સાથે સંકળાયેલાં નામોની યાદીની તપાસ કરે તો તેનું સૌથી જૂનું જાણીતું નામ ‘પીક ૧૫’ હતું. ત્યાર બાદ સર જ્યૉર્જ એવરેસ્ટના માનમાં તેનું નામ માઉન્ટ એવરેસ્ટ રાખવામાં આવ્યું. વધુમાં નેપાળમાં, માઉન્ટ એવરેસ્ટને સાગરમાથા તરીકે ઓળખવામાં આવે છે, જ્યારે તિબેટમાં તેને ચોમોલુંગ્મા કહેવામાં આવે છે.

માઉન્ટ એવરેસ્ટ પર સફળતાપૂર્વક ચઢાણ કરનારા પ્રથમ વ્યક્તિઓમાં એડમંડ હિલેરી અને તેનઝિંગ નોર્ગે હતા. તેમણે ૧૯૫૩માં આ સિદ્ધિ હાંસલ કરી હતી અને તેમની સિદ્ધિને પર્વતારોહણના ઇતિહાસમાં એક સીમાચિહ્નરૂપ ગણવામાં આવે છે. આજે વિશ્વભરમાંથી સેંકડો પર્વતારોહકો શિખર પર વિજય મેળવવા માટે અહીં આવે છે. જોકે ચઢાણ અત્યંત મુશ્કેલ અને જોખમી રહે છે. આ પ્રદેશમાં તાપમાન માઇનસ ૬૦ ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટી શકે છે.

૮,૦૦૦ મીટરથી ઉપર સ્થિત પર્વતના ભાગને ‘ડેથ ઝોન’ તરીકે ઓળખવામાં આવે છે. આ ઊંચાઈ પર ઑક્સિજનનું સ્તર અત્યંત ઓછું હોય છે, જેના કારણે માનવીઓ માટે ટકી રહેવું મુશ્કેલ બને છે. આવી ઊંચાઈ પર પહોંચ્યા પછી પર્વતારોહકો ગંભીર થાક અનુભવવાનું શરૂ કરે છે અને ઘણીવાર જીવલેણ જોખમોનો સામનો કરે છે. આમ માઉન્ટ એવરેસ્ટને વિશ્વના સૌથી ઊંચા શિખરનો દરજ્જો મળ્યો છે. ■

ઝબાન સંભાલ કે

# કાકામામા ગાવાના ને ગાંઠે હોય તે ખાવાના

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

પારિવારિક નાતો એટલે લોહીના સંબંધ એવું કહેવાતું. લોહી એટલે સગપણ કે સંબંધ અને એક લોહીના હોવું એટલે એક જ કુટુંબમાં જન્મેલી વ્યક્તિ એવો અર્થ શબ્દકોશમાં આપવામાં આવ્યો છે. કાકા અને મામા એ બે સંબંધ બાપુજીનો ભાઈ અને માના ભાઈથી વિશેષ ભાવનાથી જોડાયેલા હતા. બાપુજીના નાના ભાઈ કાકા એક એવી વ્યક્તિ હતા જે ભત્રીજા સાથે એટલે કે ભાઈના સંતાનમાં શિસ્ત કેવી રીતે વિકસે એને પ્રાધાન્ય આપતા. કાકા સાથે આનંદ કરી શકાય, પણ માપમાં રહેવું પડે મતલબ કે મર્યાદા જાળવવી પડે. શિક્ષણમાં કોઈ બાંધછોડ નહીં. બીજી તરફ મામા એટલે લાડ અને મોજમજાનું સરનામું. પાણી માગો તો દૂધ હાજર કરી દે એનું નામ મામા. જોકે, ઘણીવાર લોહીના સંબંધ કરતા જાતે વિકસાવેલા સંબંધ વધુ કામ આવતા હોય છે. આ વાત કાકામામા ગાવાના ને ગાંઠે હોય તે ખાવાના કહેવતમાં બહુ જ પ્રભાવીપણે વ્યક્ત થાય છે. સંબંધમાં સગા હોય એ ઘણીવાર ઠગારા નીવડે અને ગાંઠે હોય મતલબ કે પાસે હોય (જેમ કે પાડોશી) એ ખપ લાગે, ઉપયોગી સાબિત થાય. આ ભાવનાએ જ પહેલો સગો પાડોશી કહેવતને જન્મ આપ્યો હશે. ફોઈ અને માસી એ બે સંબંધોની પણ લાક્ષણિકતા છે. માસી એટલે માની બહેન અને ફોઈ એટલે પિતાની બહેન. માસી લાડપ્યાર કરે, જ્યારે ફોઈનું હિસાબી કામકાજ હોય. આ સંબંધની એક મજેદાર કહેવત છે કે ફોઈ આવી દીસે ને મારાં છોકરાં બીશે, માસીને તો તેડું, મણની માગણ તર ને માસીને ભાણે ભર. ફોઈ આવીને રુઆબ જમાવે અને એટલે બાળકો એમને જોઈને ગભરાઈ જાય. પણ માસીના આગમનથી જ બાળકો રાજીના રેડ



થઈ જશે કારણ કે માસી સાથે મ્હાલવા મળશે. એટલે માસીને તો ભાવતા ભોજન ખવરાવવા જોઈએ. ફોઈની ધાકની અને એની રાખવી પડતી કાળજીની કહેવત છે કે ફોઈની ખારેક આંખો કાઢે. મતલબ કે ફોઈ પિયરમાં જો બાળકો માટે ખારેક પણ લાવી હોય તો ભાઈએ એનું સવાયું કરીને આપવું પડે. વ્યવહારમાં ચડિયાતા રહેવું પડે.

હવે કઝીન્સનો જમાનો છે. એક સમય હતો જ્યારે વેકેશનમાં મામા - ફોઈના બાળકો ભેગા થઈ મોજમજા કરતા. કાકા બાપાના પોરીયા એટલે કે બાળકોનો ઉછેર સાથે થતો. ભણતર અને ગણતર પણ સાથે જ થતા. પિતાથી મોટાભાઈ કાકાબાપા કહેવાતા. સંબંધો મળતાવડા હતા અને મોજેમોજ થતી હતી. બધા ભેગા થયા હોય એ 'ચિલ્ડ્રન્સ' નહીં પોરિયા કહેવાતા. આ પોરિયાઓનું એક ગીત ઈન્ટરનેટ પર કેટલાક વર્ષોથી ખૂબ ગાજી રહ્યું છે. અમો કાકા બાપાના પોરિયા રે અમો ટીમલીમાં રમીયે. અમો મામા - ફોઈના પોરિયા રે અમો ગપુલી રમીયે. અમો ટીમલીમાં રમીયે, અમો ગપુલી રમીયે, અમો હાટોમાં રમીયે, અમે મેળામાં રમીયે. અમો બારીયા હાટે જાવા રે અમો ટીમલીમાં રમીયે. અમો ગવત હાટે જાવા રે અમો ટીમલીમાં રમીયે. અમો દેડિયાપાડા જાવા રે અમો મેળામાં ઘૂમીયે. અમો ગોગંબામાં જાવા રે અમો હાટોમાં ઘૂમીયે. આ ગીત સંબંધોની મીઠાસની સાથે ભાષાના વૈભવથી પણ માહિતગાર કરે છે. ટીમલી એટલે એક સમૂહ જે ભેગા થઈ લોકનૃત્ય કરે. ગપુલી આદિવાસી બાળકોની એક વિશિષ્ટ રમતનું નામ છે. હાટ એટલે ગુજરી બજાર.

ENગ્લિશ વિંGLISH

# RELATIONSHIP IDIOMS

આપસી સંબંધોનું આપણે ત્યાં મહત્ત્વ છે એટલું અંગ્રેજી ભાષાનું ચલણ ધરાવતા અગ્રણી દેશોમાં નથી. આપણે ત્યાં કાકા - કાકી, મામા - મામી, ફઈ - ફુવાનું મહત્ત્વ છે. વિદેશમાં તો કેવળ અંકલ અને આંટી (સાચો શબ્દ આન્ટ છે) જ ચલણમાં જોવા મળે. કાકા - કાકી અથવા ફઈ - ફુવા માટે Paternal Uncle/Aunt અને એવી જ રીતે મામા - મામી અથવા માસા - માસી માટે Maternal Uncle/Aunt જેવા શબ્દોનું પ્રયોજન જોવા મળે છે. અંગ્રેજીમાં સંબંધલક્ષી કહેવતોમાં મિત્રો - સ્નેહીઓની હાજરી વિશેષરૂપે જોવા મળે છે. A Friend in Need is a Friend Indeed અત્યંત જાણીતી કહેવત છે. જરૂરત વખતે, મુસીબતમાં કે અણીના સમયે મદદરૂપ થાય એ જ સાચો મિત્ર એવો એનો ભાવાર્થ છે. અલબત્ત આવા મિત્ર સહુ કોઈના નસીબમાં નથી હોતા. Fair - Weather Friend કહેવતમાં કટાક્ષ ભારોભાર છે. આગલી કહેવતના વિરોધાભાસ જેવી કહી શકાય. અંગ્રેજી પ્રયોગ 'ફેર વેધર' એટલે અનુકૂળ સમય - પરિસ્થિતિ. તમારી આર્થિક - સામાજિક અવસ્થા બળુકી - મજબૂત કે સારી હોય ત્યારે તમારી પડખે રહે અને પ્રતિકૂળ પરિસ્થિતિ આવતા તરત ગાયબ થઈ જાય એવી વ્યક્તિ Fair - Weather Friend કહેવાય છે. I thought I could count on Mahesh, but I've discovered he's just a fair-weather friend. હું એમ માનતો હતો કે કપરા સમયે મહેશ મારો હાથ ઝાલશે, મારી પડખે ઊભો રહેશે, પણ એ તો મુસીબતના સમયે મારાથી દૂર થઈ ગયો. સરખી પ્રકૃતિ ધરાવતા લોકો સાથે રહે એ ભાવાર્થ અંગ્રેજી કહેવત Birds of a Feather Flock Togetherdp મા સુપેરે વ્યક્ત થાય છે. શોખ - આદત અને વિચારસરણીમાં સામ્ય ધરાવતા લોકો



સાથે રહેવાનું કે કામ કરવાનું પસંદ કરતા હોય છે. I get along well with my colleague. We are just like birds of a feather flock together. ઓફિસના મારા કર્મચારી સાથે કામ કરવામાં મને બહુ મજા પડે છે, કારણ કે અનેક બાબતોમાં અમારી વચ્ચે સામ્ય છે. Build Bridges. વિખૂટી પડેલી જગ્યા - સ્થાનને જોડવાનું કામ સેતુ - પુલ કરે છે. If a person builds bridges between opposing groups, they help them to cooperate and understand each other better. એ જ રીતે અમુક વ્યક્તિ ભિન્ન વિચારસરણી ધરાવતી બે વ્યક્તિ - જૂથને જોડવાનું એમને સમાન ધોરણ પર લાવવાનું કામ કરતી હોય છે. A competent - skillful Diplomat succeeds in building bridges between the two nations after years of tension. વિચક્ષણ - કાબેલ રાજદ્વારી વ્યક્તિ વર્ષો સુધી બે દેશ વચ્ચે રહેલા તણાવને દૂર કરી સુમેળભર્યા સંબંધો સ્થાપવાનું કામ કરે છે. બે જણ વચ્ચે બહુ જ બને એ ભાવના અંગ્રેજી કહેવત Get on Like House on Fire દ્વારા વ્યક્ત થાય છે. Two people who get on like a house on fire have similar interests and quickly become good friends. આવા લોકોના સંબંધ ગાઢ મૈત્રીમાં પરિણમે છે. Run With Hare and Hunt with the Hounds. If you run with the hare and hunt with the hounds, you want to stay on friendly terms with both sides in a quarrel. વિવાદ - ઝઘડામાં બે પક્ષ હોય. કેટલાક લોકો એવા ચતુર હોય કે બંને પક્ષ સાથે સુમેળ રાખી શકે. દૂધ અને દહીં એમ બંનેમાં પગ રાખવા જેવી વાત કહેવાય.

સગ્ગી બહિણ

# नातेसंबंध्याच्या म्हणी

આપણા સામાજિક સંબંધોમાં જેમ મીઠાશ છે એમ એ સંબંધોના નામકરણ તેમ જ એની કહેવતો અને રૂઢિપ્રયોગોની પણ વિશિષ્ટતા છે. મરાઠી ભાષાની કેટલીક સંબંધ કહેવતો આજે જાણીએ અને માણીએ. **स्वामी तिन्ही जगाचा आईविना भिकारी.** સંબંધોમાં સર્વોત્તમ સંબંધ માનો સંબંધ કહેવાયો છે. તમે ગમ્મે એટલા ધનવાન હો, અપાર સુખ સાહ્યબી હોય, પણ જો પ્રેમથી માથે હાથ ફેરવનારી અને જેના ખોળામાં માથું રાખીને અપાર શાંતિ મળે એવી મા ન હોય તો તમારું જીવન ખરા અર્થમાં જીવન નથી. મા એક નારી નથી, પણ ઈશ્વરનું જ સ્વરૂપ છે. **नवऱ्याने मारले आणि पावसाने झोडपले, त्याची तक्रार कोणाकडे?** પતિ મારઝૂડ કરે અને વરસાદ જો બધું ખેદાનમેદાન કરી નાખે તો એની ફરિયાદ નથી થઇ શકતી. જીવનમાં કેટલીક બાબતો સહન કર્યા વિના છૂટકો નથી એ આ કહેવતનો મર્મ છે. જોકે, આ કહેવત આજના સમયમાં ટકી શકે એવી નથી, કારણ કે આજે હવે પતિ હાથ નથી ઉપાડતો અને જો ઉપાડે તો પત્ની ચલાવી નથી લેતી અને યોગ્ય જગ્યાએ ફરિયાદ કરે છે.એનો નિવેડો પણ જલદી આવી જતો હોય છે. **लेक नाही, तोवर लेवून ध्यावे, सून नाही तोवर खाऊन ध्यावे.** આ મજેદાર કહેવત છે જેમાં સમયના મહિમાનું વર્ણન છે. સંતાન નથી ત્યાં સુધી પહેરવા ઓઢવાનો શોખ પૂરો કરી લેવો અને વહુ આવે એ પહેલા ખાણીપીણીના જલસા કરી લેવા એવો એનો ભાવાર્થ છે. સંતાન આવ્યા પછી એના દેખતા શોખ પૂરા કરતા સંકોચ થાય અને વહુ આવ્યા પછી જો ખાવાનો શોખ ચાલુ રહે તો એ બહાર વાત કરે અને નાહક કંકાસ થાય. અલબત્ત આ કહેવત પણ હવે કાળ બાહ્ય ગણવી જોઈએ.

રાષ્ટ્ર ભાષા

# सास–बहु की नोंकझोंक

માણસ સામાજિક પ્રાણી છે. પરિવાર સાથે સમાજમાં રહે છે. સામાજિક બંધનો સ્વીકાર્યા હોવાથી સંબંધોના બંધનોમાં પણ બંધાઈને રહેવું પડે છે. હિન્દી કહેવતોમાં પણ સામાજિક સંબંધોના તાણાવાણા જોવા મળે છે. પરિવારમાં - સમાજમાં અનેક સંબંધો જોવા મળે છે, પણ સૌથી નોકદાર અને મજેદાર સંબંધ તો સાસુ - વહુનો માનવામાં આવે છે. તેમની એકબીજા પર સરસાઈ કરવાની કોશિશ જાણવા - માણવા જેવી છે. કહેવતથી એની બારીકીઓ જાણીએ. કહેવત છે કે **आई थी बिल्ली, पूंछ थी गीली.** બિલાડી અને એની પૂંછડીનો સંદર્ભ લઈ એક વિશિષ્ટ પરિસ્થિતિનું આલેખન કરવામાં આવ્યું છે. **सास और बहू पास पास लेटी थीं, सास ने कहा, जरा देख बाहर वर्षा तो नहीं हो रही? बहु ने कहा अभी बिल्ली आई थी उसकी पूंछ गीली थी इसका मतलब वर्षा हो रही है।** ઘરકામથી પરવારી સાસુ - વહુ આડે પડખે થયા હતા. આંખના પોપચાં બિડાય એ પહેલા સાસુએ વહુને કહ્યું કે પજરા જોઈ આવ તો બહાર વરસાદ પડે છે કે નહીં?થ વહુની આંખ પણ ઘેરાવા આવી હતી એટલે કે પછી ઊભા થવાનું આળસ હોય એટલે કે અન્ય કોઈ કારણસર સાસુને જવાબ આપ્યો કે પસાસુમા, હમણાં જ બિલાડી ઘરમાં દાખલ થઈ અને મેં જોયું કે એની પૂંછડી ભીની હતી. મતલબ કે બહાર વરસાદ થઈ રહ્યો છે.થ હવે આ જવાબને અક્કલનું પ્રદર્શન સમજવું કે સ્માર્ટનેસ ગણવી એ જાતે નક્કી કરી લેવું. હવે આગળ વાંચો. **सास ने कहा जरा दीपक बुझा दे, बहु ने कहा आँखें बंद कर लो अंधेरा हो जाएगा ।** આંખમાં અજવાળું આવતું હોવાને કારણે નીંદરમાં ખલેલ પડતી હોવાથી સાસુમાએ કહ્યું કે પવહુ, દીવો ઓલવી નાખો તો.થ હાજરજવાબી વહુએ કહી દીધું કે પબંને આંખ બંધ કરી દ્યો એટલે આપોઆપ અંધારું થઈ જશે.થ ટૂંકમાં વહુરાણી બિસ્તર છોડી ઊભી થવા તૈયાર નહોતી.

જોકે, સાસુમા પણ ગાંજ્યા જાય એવા નહોતા. **सास ने कहा जरा किवाड़ बंद कर दे, बहू ने कहा, दो काम मैंने कर दिए अब एक आप भी कर लो।** વહુને ઊભી કરવા ત્રીજા ઉપાય તરીકે કહ્યું કે 'બેટા, ઘરના દરવાજા બંધ કરી આવો તો.' હવે આ કામમાંથી છટકવું આસાન નહોતું. જોકે, ચતુરાઈ વાપરી વહુએ જવાબ આપ્યો કે 'બે કામ મેં કરી દીધા, હવે આ એક કામ તમે કરી નાખો.' ટૂંકમાં પોતે ઊભી નહીં થાય એટલે નહીં જ થાય એ વાત વહુરાણીએ અફર રાખી. ■

ભાત ભાત કે લોગ

# ...અને હવે દુનિયાને ચઢશે 'ફીફા વર્લ્ડ કપ'નો ફીવર ...

## કમનસીબે ફૂટબોલ ક્ષેત્રે ભારત ફીફાં ખાંડવા સિવાય કશું નથી કરી શક્યું!

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

બંગાળની રાજકીય ગરમી આવનારા એકાદ અઠવાડિયામાં ઠરી જશે. રાજ્યમાં યોજાયેલ ચૂંટણીઓને કારણે આખા દેશમાં ઝાલમૂડી અને માછલીનો મુદ્દો મોદી-મમતા સુધી બહુ ચર્ચાયો, પણ હવે આવનારા દિવસોમાં બંગાળીઓ અન્ય એક વાતે એક સરખા બિઝી થઇ જવાના છે, કારણ કે બંગાળીઓને પ્રિય એવો એક ખેલ મહાઉત્સવ શરૂ થવા જઈ રહ્યો છે.

ના, વાત ક્રિકેટની આઈપીએલ સ્પર્ધાઓની નથી. વાત થઇ રહી છે ફૂટબોલની. એક જમાનામાં એવું કહેવાતું કે ભારતમાં ક્રિકેટ માત્ર રમત નથી બલકે એક ધર્મ છે અને સચિન તેન્ડુલકર ક્રિકેટનો ભગવાન છે, પરંતુ બંગાળ સહિતના પૂર્વોત્તર રાજ્યોમાં પરિસ્થિતિ જરા જુદી છે. આ પ્રજા ફૂટબોલ પાછળ ઘેલી છે અને એટલે જ આવનારા દિવસો આ લોકો માટે એ ખેલ મહાકુંભ સમા બની રહેવાના છે, કારણ કે જૂન-જુલાઈમાં યોજાવા જઈ રહ્યો છે ૨૦૨૬નો "FFA ફૂટબોલ વર્લ્ડકપ'.

આ ઇવેન્ટ અત્યાર સુધીના સૌથી મોટા અને સૌથી અનોખા વર્લ્ડ કપ તરીકે ઇતિહાસમાં નોંધાશે. જે લોકોને સ્પોર્ટ્સમાં ખાસ રસ નથી એ લોકો પણ આ ટૂર્નામેન્ટને એક મોટા સાંસ્કૃતિક મેળાવડા તરીકે જોઈ રહ્યા છે. છેલ્લા અઢી દાયકા દરમિયાન ફીફા વર્લ્ડકપનું જે ફોર્મેટ હતું એ મુજબ કુલ ૬૪ મેચ રમાતી, પણ આ વખતે સર્વાધિક ૪૮ દેશોની ટીમ ભાગ લેવા જઈ રહી હોવાથી કુલ મેચની સંખ્યા વધીને ૧૦૦નો આંકડો પાર કરી જશે....

૧૯૩૪માં ખેલાયેલી પ્રથમ ફૂટબોલ ટૂર્નામેન્ટમાં માત્ર ૧૭ મેચ રમાયેલી. એની સરખામણીએ આ વર્ષે અધધ ૧૦૪ મેચ રમાશે!

રાજકારણ પર સ્પોર્ટ્સ હાવી

હજી વધારે મજેદાર મુદ્દો એ છે કે આ તમામ મેચ જૂના મિત્રો અને હવે એકબીજા સાથે તરોતાજા દુશ્મની વહોરી લેનાર દેશોમાં રમાવાની છે. વાત એમ છે કે ફીફા વર્લ્ડકપના યજમાન તરીકે પહેલી વખત ત્રણ-ત્રણ દેશ નિમાયા છે. એકબીજાના પાડોશી એવા આ ત્રણ દેશો એટલે મેક્સિકો, કેનેડા અને આપણા લોકલાડીલા ડોનલ્ડ કાકાનું અમેરિકા.

આમ તો આવી વૈશ્વિક સ્પર્ધાઓના યજમાન વર્ષો પહેલા નક્કી થતા હોય છે. એ વખતના જીઓપોલિટિકલ સમીકરણ કંઈક જુદા હશે, પણ હાલની પરિસ્થિતિ અલગ છે. મેક્સિકો સરહદેથી અમેરિકામાં ઘૂસી આવનારા લોકો મોટી ડ્રગ કાર્ટેલ્સ ચલાવે છે અને અમેરિકાના અન્ડરવર્લ્ડમાં એમનો મોટો ફાળો છે. એ કારણોસર મેક્સિકો-યુએસએ સંબંધો પહેલેથી જ તણાવ ભરેલા છે. એમાં મેક્સિકો સરહદે દીવાલ ચણવાની વાત કરનારા આખાબોલા ટ્રમ્પે આ સંબંધો વધુ વકરાવવાનું કામ કર્યું છે. બીજી તરફ કેનેડા પહેલેથી અમેરિકાનું સારું મિત્ર હતું. પણ ટ્રમ્પે ગાદી પર બેસતાવેંત કેનેડાને યુએસએના એકાવનમાં રાજ્ય તરીકે ઓળખાવાનું શરૂ કર્યું, ત્યારથી યુએસએ-કેનેડા સંબંધો પણ ખાડે ગયા છે. હવે આવા માહોલમાં આ ત્રણેય યજમાન દેશો જીઓપોલિટિકલ બબાલને બાજુએ રાખીને આખું આયોજન કઈ રીતે સુપેરે પાર પાડે છે એ જોવું રસપ્રદ થઇ રહેશે.

અહીં અન્ય એક મહત્ત્વનો મુદ્દો આ વાતાવરણને લગતો છે. જ્યાં




મેચ રમાવાની હોય એ શહેરમાં લાખો પર્યટકો

ઊમટી પડે અને મેદાનમાં હજારો પ્રેક્ષકોની ખીચોખીચ હાજરીથી ઉભરાઈ જાય એ સ્વાભાવિક છે. આવા સમયે જે-તે શહેરનું વાતાવરણ પડકારજનક બની શકે છે. કેનેડા આમ ઠંડો પ્રદેશ, ગણાય પણ આ વર્ષે જૂન-જુલાઈમાં તાપમાન થોડું ઊંચું રહેવાની ધારણા છે. સામાન્ય રીતે અહીંનું તાપમાન ૨૦-૨૨ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેતું હોય છે. પણ મોસમ વિશેષજ્ઞોના અનુમાન મુજબ આ વર્ષે તાપમાન એટલું ઊંચું રહેશે કે આયોજકોએ દર્શકોને ઠંડક મળે એ માટે ખાસ આયોજનો કરવાની નોબત આવશે.

આ બધા વચ્ચે ભારત ક્યાં?

એક ભારતીય તરીકે આ પ્રશ્ન થવો સ્વાભાવિક છે. વિશ્વની સૌથી લોકપ્રિય રમત ગણાતા ફૂટબોલમાં ભારતની

સ્થિતિ અપાર સંભાવનાઓ અને કટુ વાસ્તવિકતાની વચ્ચે ક્યાંક છે. ક્રિકેટ પ્રત્યેની ઘેલછાને કારણે પૂર્વોત્તર રાજ્યો સિવાયના ભારતે ભલે ફૂટબોલ તરફ દુર્લક્ષ સેવ્યું, પણ હવે અઢળક સ્પોર્ટ્સ ચેનલ્સ અને સોશ્યલ મીડિયાના જમાનામાં ભારતનો યુવા વર્ગ આ રમત તરફ આકર્ષાવાની શરૂઆત થઇ ચૂકી છે. આમ છતાં, ફૂટબોલ પ્રત્યેની ચાહત હજી માત્ર પ્રેક્ષક બનવા સુધી જ સીમિત રહી છે. ફીફા રેન્કિંગમાં ભારતની ટીમ ઠેઠ એકસો છત્રીસમા ક્રમે છે!

છેલ્લા ત્રણ-ચાર દાયકા દરમિયાન ભારત નેવુંમાં ક્રમ સુધી માંડ પહોંચી શક્યું હતું. પણ એ પછી આપણે પડતી જ જોઈ છે. આમ તો ભારતની ટીમ ઠેઠ એકસો સિત્તેરમા ક્રમ સુધી સરકી પડી હોય એવો કપરો સમયગાળો ય આપણે એકથી વધુ વખત વેઠવો પડ્યો છે.

જો કે પહેલેથી ફૂટબોલ ક્ષેત્રે આપણે આટલા નબળા નહોતા. ૧૯૫૦-૬૦નો દશક ભારતીય ફૂટબોલ માટે

સુવર્ણકાળ ગણાય છે. એ પછી ય સુનીલ છેત્રી જેવા એકલવીર યોદ્ધાઓએ વૈશ્વિક સ્તરે સરાહના મેળવી છે. મગર વો દાસ્તાં ફિર કભી... ■

ઊડતી વાત

# મુરતિયો કઈ બાબતની કમી નહીં પડવા દે?

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

'મહેમાનો રવિવારે આપણી સંસ્કૃતિને જોવા આવશે.' ફાલ્ગુની ફઈએ ટેલિફોન પર સૂચના આપી. જેમના દીકરા-દીકરી સગાઈની સરહદ ઓળંગી ગયાં હોય તેની વ્યાકુળતા દિન પ્રતિદિન ફુગાવા કે ગરીબીની જેમ વધતી જતી હોય છે. શરૂઆતમાં વેવિશાળ માટે જ્ઞાતિનો મુરતિયો કે કેટલાક તો હ્યુમનોઇડ કે એઇ રોબોટ સાથે ડાળે વળગવા તલપાપડ હોય છે. સવિતાબહેન છોકરાની મા હતી. રૂચિની દીકરી સંસ્કૃતિને જોવા આવેલ. છોકરો અને છોકરાનાં માબાપ રિક્ષા, કાર કે બાઇક પર આવવાને બદલે પેડલ રિક્ષામાં આવેલ.મહેમાનો ડ્રૉઇંગરૂમમાં ગોઠવાયા. છોકરાએ ભૂરા રંગનું ટીશર્ટ અને લાલ પેન્ટ પહેરેલ. ટીશર્ટ પર 'ઈજ્ઞળળયભિશફહ' એવું લખેલ. છોકરાનો ગોળમટોળ ભાઈ પણ આવેલ. છોકરાનો ભાઈ ઘાટઘૂટમાં પાંચ કિલોના સિલિન્ડર જેવો જ લાગે. સંસ્કૃતિ ચા અને નાસ્તો લઈને આવી. નાસ્તો ગરમ ગરમ ન હતો. નાસ્તામાં ફણગાવેલા મગ અને સલાડ જેવું હતું. હમણાં બાટલાની બબાલ હતી.

'ચા - પાપાની પરી એટલે કે તમારી દીકરીએ બનાવી છે?' સવિતાબહેને કપમાંથી ચાનો ઘૂંટડો પીધો. તેવું મોઢું બગડી ગયું. સંસ્કૃતિ રૂપાળી હતી.આંખનું લુકિંગ ટુ લંડન ટોકિંગ ટુ ટોકિયો જેવું હતું એની ના નહીં. એટલે કે સંસ્કૃતિ સડસડાટ ત્રીસી વટાવી ચૂકેલી. લગ્ન બજારમાં ફેંકાઈ જવાના નાજુક તબક્કે પહોંચી ગયેલી. તેથી લગ્ન કરવા વિહ્વળ બનેલી.

'તમને કેવી રીતે ખબર પડી?' રૂચિએ અચંબિત અવાજે પૂછ્યું.

'તમે ચા પીશો એટલે મારો સવાલ સમજાઈ જશે.' સવિતાએ ચામાં રહેલી ખામી જબાન પર લાવી.

'સંસ્કૃતિ એટલે કે મારી દીકરીએ ચામાં તો ખાંડને બદલે મીઠું ધાબડ્યું લાગે છે. એ બચારીને ખાંડ અને મીઠાનો ભેદ ક્યાંથી ખબર હોય?' રૂચિએ પોતાની દીકરીનો બચાવ કર્યો. 'રૂચિબહેન, આજકાલની પાપાની પરીઓને માબાપે ફટવાડી હોય છે. પાપાની પરી ચિત્રવિચિત્ર કપડાં પહેરી રિલ્સ બનાવવા, ચારે કોર ભટકવામાંથી નવરી જ કયાં પડે છે? પાપાની પરીઓને રસોડામાં જઈને રાંધવાની એલર્જી હોય છે. માવતરો પણ રાંધવાચિંધવાનું શીખવાડતાં નથી. લગ્ન પછી પણ સાસરે જઈ રસોઈ શીખવાના બદલે રસોઇયાના સહારે લગ્ન જીવન હંકારવું હોય છે.' સવિતાબહેને આજકાલની છોકરીઓ માટેની કડવાશ ઠાલવી દીધી. પ્રવીણ પપ્પુ એટલે કે સવિતાબહેનનો છોરો સંસ્કૃતિને મીઠાઈ માની નજરથી ચગળતો હતો. મીઠાઈની દુકાનના કાચની બહાર છોકરા મીઠાઈને લોલુપ નજરે જુએ તેવી પ્રવીણની પરિસ્થિતિ હતી.

'સંસ્કૃતિની હાઇટ કેટલી?' પ્રવીણે સવાલ દાગ્યો.

'ચાર ફૂટ દસ ઇંચ. અને તમારી?' રૂચિએ પણ છોકરાની હાઇટ પૂછી લીધી.

'અમારા પપ્પુની હાઇટ પાંચ ફૂટ છે.'


'તમારા દીકરો કેટલું કમાય છે?' સંસ્કૃતિના પિતા ચંદુ ચૌદસે ટિપિકલ સવાલ પછ્યો. જોકે આવા ભયંકર સવાલનો સાચો જવાબ કોઈ આપતું નથી. છોકરો કે છોકરી જોવાના પ્રસંગોએ વાત વધારીને કહેવાની સામાજિક પરંપરા અને પ્રણાલિકા છે.

'અમે ખાધેપીધે સુખી છીએ. વતનમાં ડેલીબંધ મકાન છે. ગાંધીનગરમાં ત્રણસો ત્રીસ મીટરનો બંગલો અને ફોર બીએચકે એપાર્ટમેન્ટ છે. એક ફાર્મહાઉસ છે.' ખિસ્સામાં મકાનનું ભાડું ચૂકવ્યાની પંદર હજાર રૂપિયાની પહોંચ પંપાળતાં ચંદુ ચૌદસે કહ્યું.

'તમે લગ્ન પછી સંસ્કૃતિને પંજાબી સૂટ, લેગિન, જેગિન્સ, પેન્ટશર્ટ પહેરવાની મનાઈ નહીં કરોને?' રૂચિએ પાણી પહેલાં પાળ બાંધી.

'જુઓ, અમારે ત્યાં બધી છૂટ છે. લાજનો ઘૂમટો પણ તાણવાનો નથી.' સવિતાએ હરખાઈને કહ્યું.

'અમારી દીકરી દુ:ખી તો નહીં થાય ને?' રૂચિએ આશંકા વ્યક્ત કરી. મોટે ભાગે તો ગરીબ કે ગુણિયલ દેખાતી છોકરી સાસરિયાને ધોળે દિવસે તારા દેખાડતી હોય છે. સંસ્કૃતિ વિકૃતિ બની જતી હોય એ વાત અલગ છે.




'રૂચિબહેન, સો વાતની એક વાત. તમારી દીકરીને એકબે ઘરેણાં ઓછાં પડશે. પણ મારો દીકરો એક વાતની કમી પડવા નહીં દે.' સવિતાએ ચૂંટણી ઢંઢેરા જેવી ખાતરી આપી.

'અમારે આટલું જ જાઈએ છે. બાકી અમારી દીકરી ગમે ત્યાંથી મારગ કાઢી લે એવી પાણીદાર છે.' રૂચિએ સંસ્કૃતિના વખાણ કર્યા.

'તમારી દીકરીને એક બે ગાભા ઓછા પડે પણ મારો દીકરો એક બાબતની કમી પડવા નહીં દે.' સવિતાબેન રટણ ચાલુ રાખ્યું.

'હાશ, અમારે આવા જ ગુણિયલ વેવાઈની જરૂરત છે.' રૂચિએ હરખ કર્યો.

'સો વાતની એક વાત... તમારી દીકરીને મારો પપ્પુ ઓછું નહીં આવવા દે. કદાચ બે કોળિયા ન મળે, પરંતુ કાચું કોરું કે ઠંડું ખાવાની નોબત આવવા દેશે નહીં.' સવિતાએ ખાતરી આપી.

'તમારો પપ્પુ તો પાણીદાર કહેવાય.' રૂચિએ વખાણ કર્યા.

'મારો પપ્પુ તો પાણીદાર નહીં પરંતુ ગૅસદાર છે.' સવિતાએ પપ્પુ પર પ્રશંસાનાં પુષ્પો વેર્યા.

'બેન, અત્યારે ગૅસના બાટલાની ભયંકર તંગી છે. બ્લૅકમાં ચારપાંચ હજાર રૂપિયા ખર્ચ કરો તો ગૅસના બાટલા મળતા નથી પરંતુ અમારે ઘરે ગૅસના ચારપાંચ બાટલા પડ્યા જ હોય' સવિતાએ ગર્વથી કહ્યું.

'તમારા દીકરાને રીફાઇનરી કે ગૅસની એજન્સી છે?' રૂચિએ પપ્પુના પ્રોફેશન વિશે પ્રશ્ન પૂછ્યો. ' ના, અરે ના, મારો પપ્પુ ડીએમ છે.' સવિતાએ ચોખવટ કરી.

'એટલે તમારો દીકરો ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટ છે? રૂચિએ પૂછ્યું.

'આઇએએસ, આઇપીએસ કે મોટા નેતા ગૅસના બાટલા મેળવવા મારા પપ્પુની આરતી ઉતારે છે.' સવિતાએ પપ્પુના પ્રોફેશનની વિગતો જણાવી. સવિતાબહેનનો પપ્પુ કોઇ ગૅસ એજન્સીમાં ગૅસ સિલિન્ડરની ડિલિવરી કરતો હતો. (ઉખ - ડિલિવરી મેન !) અત્યારના સમયમાં પપ્પુ ઊપડ્યો ઊપડતો ન હતો. ગૅસની તંગીના સમયમાં પપ્પુ ડિલિવરીમેન પહેલવાન બની ગયો! ઉમેરવાની જરૂર ખરી કે પપ્પુ અને સંસ્કૃતિની સગાઈના ગોળ-ધાણા ખવાઈ ગયા.અને નજીકના ભવિષ્યમાં હાથ પીળા થવાના છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# એપ્રિલમાં પાવરનો વપરાશ ચાર ટકા વધીને ૧૫૪ અબજ યુનિટ

નવી દિલ્હીઃ ગત સાલ એપ્રિલ મહિનામાં દેશના અમુક વિસ્તારોમાં કમોસમી વરસાદ થયો હોવાથી ગત એપ્રિલ, ૨૦૨૫માં દેશમાં પાવરનો વપરાશ ગત સાલની સરખામણીના ૧૪૮.૦૧ અબજ યુનિટ સામે ચાર ટકા વધીને ૧૫૩.૯૯ અબજ યુનિટની સપાટીએ રહ્યો હોવાનું એક અધિકૃત આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

જાકે, એપ્રિલના પાછોતરા દિવસોમાં તાપમાનમાં વધારો થવાને કારણે હીટ વેવની સ્થિતિ સર્જાતા એપ્રિમ મહિનામાં પીક પાવર માગ જે એપ્રિલ, ૨૦૨૫માં ૨૩૫.૩૨ ગિગા વૉટની સપાટીએ હતી તે ઉછળીને ૨૫૬.૧૧ ગિગા વૉટની સપાટીએ રહી હતી.

નોંધનીય બાબત એ છે કે આ પૂર્વે પીક પાવર માગ મે, ૨૦૨૪માં ૨૫૦ ગિગા વૉટના સ્તરે રહી હતી. જોકે, પાવર મંત્રાલયે વર્ષ ૨૦૨૬માં ઉનાળાની મોસમમાં પીક પાવર વમાગ વધીને ૨૭૦ ગિગા વૉટ સુધી પહોંચવાની શક્યતા વ્યક્ત કરી છે.

ગયા ઉનાળામાં જૂન, ૨૦૨૫માં પીક પાવર માગ પાવર મંત્રાલયના ૨૭૭ ગિગા વૉટના અંદાજ સામે ઓછી ૨૪૨.૭૭ ગિગા વૉટની સપાટીએ રહી હતી. ઈન્ડિયા મીટરોલોજિકલ ડિપાર્ટમેન્ટે આ વર્ષે ઉનાળો આકરો રહેવાનો વરતારો આપ્યો હોવાથી નિષ્ણાતો મે મહિનામાં પાવરની માગ અને વપરાશમાં વધારો થવાની શક્યતા વ્યક્ત કરી રહ્યા છે. તેઓ જણાવે છે કે એપ્રિલ મહિનાના પહેલા પખવાડિયામાં દેશનાં અમુક વિસ્તારોમાં કમોસમી વરસાદ થવાથી તાપમાનમાં વૃદ્ધિ મર્યાદિત રહેતા એર કન્ડિશનર અને ડેઝર્ટ કૂલર જેવાં કૂલિંગ એપ્લાયન્સીનો વપરાશ ઓછો રહ્યો હતો.

વધુમાં તેઓ આગામી જૂન મહિનામાં કેરળમાં નૈર્ઋત્યના ચોમાસાનું આગમન થાય તે પૂર્વે મે મહિનામાં હીટ વેવની સ્થિતિ જળવાઈ રહેતાં પાવરની માગમાં વધુ રહેવાનો અંદાજ મૂકી રહ્યા છે.

# ઘોસ્ટ આર્મી ?

ભૂતનું નામ સાંભળતા જ કંપારી છૂટે છે ત્યારે ભૂતનો પ્રયોગ કરીને કેવી રીતે બીજા વિશ્વયુદ્ધમાં સફળતા મેળવી તેનો એક રસપ્રદ કિસ્સો બનેલો છે અને આના કારણે ૧૧૦૦ લોકોની જિંદગી બચાવી શકાય હતી.

૧૯૪૪માં અમેરિકન આર્મીએ એક ખાસ ટુકડી તૈયાર કરી હતી જેનું નામ હતું ૨૩મી હેડકવાર્ટર્સ સ્પેશ્યલ ટરુપ્સ પણ તે ફેમસ થઇ 'ઘોસ્ટ આર્મી'ના નામે કારણ કે આ ટુકડીમાં સામાન્ય સૈનિકોની જગ્યાએ હતા કલાકારો, ચિત્રકારો અને સાઉન્ડ એન્જિનિયર્સ!

આ ટુકડીનું કામ હતું એક પ્રકારનું નાટક કરીને જર્મન સેનાને ગેરમાર્ગે દોરવાનું તેમાં આ ટુકડી તેઓ એક વિશાળ સેના છે તેવો દુશ્મનના મનમાં ભ્રમ્ર પેદા કરવાનો હતો. આ ટુકડીમાં હતા તો માત્ર ૧૧૦૦ જણા પણ તેઓ એક ચાલ ચાલીને ૩૦,૦૦૦ સૈનિકોની હાજરી હોવાનો ભ્રમ પેસ કરી શકતા હતા. આજના ટાઇમમાં કહી શકાય કે વીએફએક્સ ટેકિનકનો આવિષ્કાર આ ટુકડીએ વર્લ્ડ વોર ૨મા કરેલો હતો ! જેમ કે આજે વીએફએકસની મદદથી ધુરંધર મુવીમાં ૨૦૦ જણાના ક્રાઉડને ૧૦૦૦ માણસ જેવું ક્રાઉડ બતાવાય છે !

આ ઘોસ્ટ આર્મી ફુલાવી શકાય તેવાં ડમી શસ્ત્રો બનાવતી જેમ કે રબ્બરની ફુલાવેલી ટેન્કો, ટ્રક્સ, વિમાનો જેને હવા ભરીને ફુલાવીને મોટા બનાવીને આબેહૂબ રિયલ હોય તેવા દેખાતા હતા અને દૂરથી જર્મન સેના તેને અસલી ગણી હોતી હતી.

આની સાથે ટુકડીમાં જોડાયેલા સાઉન્ડ એન્જિનિયર્સ યુદ્ધ ટેન્કોના અવાજો એટલા જોરથી વગાડતા હતા કે તેનો અવાજ ૧૫ માઇલ સુધી સંભળાતો કે એલાયડ સેના ઝડપથી તેના તરફ ટેન્કોના કાફલા સાથે આવી રહી છે પણ હકીકતમાં આમાંનું કાંઇ નહોતું.

આ ટુકડીમાં જોડાયેલા રેડિયો ઓપરેટર્સનું કામ હતું નકલી સંદેશાઓ મોકલીને જર્મન સૈનિકોને બીજી જગ્યાએ મોકલવાના અને જર્મન સેનાને ભ્રમમાં રાખવાના કે આ સંદેશાઓ જર્મન ઇન્ટેલિજન્સ તરફથી મળેલા છે.

ઓપરેશન મિસ્ટ મીટ :

આ ઓપરેશનની ખૂબી એ હતી કે એક માણસ બતાવવામાં આવ્યો કે જે હકીકતમાં અસ્તિત્વમાં હતો જ નહીં !

**ઓપિનિયન**

**સી. એ. પ્રકાશ દેસાઈ**

૧૯૪૩માં બનેલી આ ઘટના વોર ઇન્ટેલિજન્સમાં બનેલી એક ચોંકાવનારી ઘટના હતી ત્યારે એલાઇડ દેશો સિસિલ દેશ ઉપર આક્રમણ કરવાનું પ્લાનિંગ કરતા હતા પણ તેના માટે જર્મન સેનાને ગેર રસ્તે દોરવી બહુ જરૂરી હતી તેથી પ્લાનિંગ એવું કરવાનું હતું કે એલાયડ સેના ગ્રીસ અને સાદીનિયા ઉપર ઍટેક કરવાના છે તેવા સંદેશાઓ જવા જોઇએ અને તેના માટે ઘોસ્ટ આર્મીએ એક મૃતદેહનો ઉપયોગ કર્યો આના માટે તેઓએ લંડનમાં મૃત્યુ પામેલી એક વ્યકિતનો મૃતદેહ મેળવ્યો તેને નકલી પહેચાન આપી 'મેજર વિલિયમ માર્ટિન'ની અને આને એકદમ વાસ્તવિક દેખાય તેના માટે આ મેજર વિલિયમ માર્ટિનના ખિસ્સામાં કેટલીક અંગત વસ્તુઓ મૂકી જેમ કે તેની મંગેતર 'પામ'નો ફોટો તેણે લખેલા પ્રેમપત્રો, મુવી જોવા ગયેલા થિયેટરની ટિકિટોના અડધિયા, નવા ખરીદેલા શર્ટના બિલો, મેજરના પિતાએ તેને ઠપકા આપતા પત્રો (ત્યારે મા-બાપ દીકરા-દીકરીઓને ઠપકા આપી શકતા હતા!) ત્યારબાદ આ મેજરના મૃતદેહના હાથમાં એક બ્રીફકેસ સાંકળથી બાંધી દેવામાં આવી જેમાં ગ્રીસ ઉપર હુમલો થવાના નકલી ગુપ્ત દસ્તાવેજો રાખીને આ મૃતદેહને સ્પેનના દરિયાકિનારે વહેતો મૂકી દીધો જે તરતો તરતો જર્મન સેનાને દરિયા કાંઠે મળ્યો ત્યારે જર્મન ઇન્ટેલિજન્સે આ વાત એડોલ્ફ હીટલરને કહી કે એકદમ ચોક્કસ માહિતી હાથમાં આવી છે કે એલાઇડ સેના ગ્રીસ ઉપર હુમલો કરવા જઇ રહી છે. આ વાત સાચી માનીને હિટલરે તેની સેના સિસિલથી હટાવીને ગ્રીસ તરફ મોકલી દીધી અને આનાથી જ્યારે ૧૦ જુલાઇ ૧૯૪૩ના એલાઇડ સેનાએ સિસિલ ઉપર ઍટેક કર્યો ત્યારે સામનો કરવા માટે દુશ્મનની સેનાના જૂજ સૈનિકો હોવાના કારણે એલાઇડ ફોર્સિસ આસાનીથી સિસિલ જીતી શકયા અને આમાં બીજા વિશ્વ યુદ્ધનું પાસું પલટાઇ ગયું.

આજે આપણે કહીએ છીએ કે વોર યુદ્ધનાં મેદાનમાં નહીં પણ ડ્રોઇંગબોર્ડ ઉપર જિતાય છે અને તે શસ્ત્ર કરતાં વધારે માઇન્ડ ગેમ છે પણ ૧૦૦ વર્ષ પહેલાં પણ લોકો ચતુર હતા અને કેવી ચાલાકીથી હિટલરને તેની વોર સ્ટ્રેટેજીમાં ઘેરીને હરાવી શકેલા હતા. ૧૧૦૦ની સેનાને હજારોની સેવા બતાવવી અને રમકડાના વિશાળ શસ્ત્રો બનાવવા હવાથી ફુલાવવા અને ૧૫ માઇલ સંભળાય તેવા ટૅન્કોના ચાલવાના અવાજો ઊભા કરીને આભાસી સેના બનાવીને કહેવાય છે કે આ ઘોસ્ટ આર્મીએ બીજા વિશ્વયુદ્ધમાં ૩૦,૦૦૦ સૈનિકોના જાન બચાવેલા હતા. એ પણ તે સમયે જયારે ના તો વિએફએક્સ ટૅક્નોલૉજી હતી કે ના તો કમ્પ્યુટર નામનો વર્ડ અને ડિજિટલાયઝેશન શબ્દ તો જન્મેલો પણ નહીં પણ આજ અને તે વખતે એક વસ્તુ કોમન હતી અને તે છે વિચારવાની શક્તિ . આઇન્સ્ટાઇને કહ્યું છે ને કે 'ધ/મેઝર ઇન્ટેલિજન્સ ઇઝ ધ એબીલીટી ટુ ચેન્જ.'

# વર્તમાન વર્ષ ૨૦૨૫-૨૬ની ખાંડ મોસમમાં ઉત્પાદન સાત ટકા વધ્યુંઃ ઈસ્મા

નવી દિલ્હીઃ ગત ઑક્ટોબરથી શરૂ થયેલી વર્તમાન વર્ષ ૨૦૨૫-૨૬ની ખાંડ મોસમમાં અત્યાર સુધીમાં અર્થાત્ ૩૦ એપ્રિલ સુધીમાં ખાસ કરીને મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં ખાંડનું ઉત્પાદન વધુ રહેતાં કુલ ઉત્પાદન ગત સાલના સમાનગાળાના ૭.૩૨ ટકા વધીને ૨.૭૫૨ કરોડ ટનની સપાટીએ રહ્યું હોવાનું ઈન્ડિયન સુગર ઍન્ડ બાયો-એનર્જી મેન્યુફેક્ચરર્સ એસોસિયેશન (ઈસ્મા)એ એક યાદીમાં જણાવ્યું છે.

એસોસિયેશનના જણાવ્યાનુસાર દેશમાં ખાંડના અગ્રણી ઉત્પાદક રાજ્ય મહારાષ્ટ્રમાં વર્તમાન મોસમમાં અત્યાર સુધીમાં ખાંડનું ઉત્પાદન ગત સાલના સમાનગાળાના ૮૦.૯ લાખ ટન સામે વધીને ૯૯.૨ લાખ ટનની સપાટીએ રહ્યું છે, જ્યારે કર્ણાટકનું ઉત્પાદન ગત સાલના સમાનગાળાના ૪૦.૪ લાખ ટન સામે વધીને ૪૮ લાખ ટનની સપાટીએ રહ્યું છે. જોકે, ઉત્તર પ્રદેશમાં ખાંડનું ઉત્પાદન ગત સાલના સમાનગાળાના ૯૨.૪ લાખ ટન સામે ઘટીને ૮૯.૬ લાખ ટનના સ્તરે રહ્યું છે.

નોંધનીય બાબત એ છે કે ઈસ્માએ વર્તમાન મોસમ માટે ખાંડના ઉત્પાદનનો ઈથેનોલ માટે વિકેન્દ્રીત કર્યા પછીનો અંદાજ આગલી મોસમના ૨.૬૨ કરોડ ટન સામે વધીને ૨.૯૩ કરોડ ટન રહેવાનો અંદાજ મૂક્યો છે. વધુમાં એસોસિયેશને જણાવ્યું હતું કે ગત ૩૦મી એપ્રિલના રોજ દેશમાં માત્ર પાંચ ખાંડ મિલોમાં હજુ પિલાણ ચાલુ છે, જ્યારે ગત સાલ આ સમયગાળામાં ૧૯ મિલો કાર્યાન્વિત હતી. હવે ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને કર્ણાટકની મિલોમાં પિલાણ પૂરું થયું છે. જોકે, કર્ણાટક અને તમિળનાડુની અમુક મિલો ખાસ મોસમ તરીકે જૂન અને જુલાઈમાં પિલાણ કરશે અને આ બન્ને રાજ્યો આ સમયગાળામાં પાંચ લાખ ટન ખાંડનું ઉત્પાદન કરશે, એમ ઈસ્માએ યાદીમાં ઉમેર્યું હતું.

એકંદરે હવે શેરડીની પિલાણ મોસમ પૂરી થવાના આરે હોવાથી ઉદ્યોગે વધી રહેલા ઉત્પાદન ખર્ચ અને તેને કારણે એક્સ મિલ ધોરણે મિલોને ઓછું રળતર થઈ રહ્યું હોવાથી ખાંડ મિલો રોકડ પ્રવાહિતાની ખેંચ અનુભવી રહી હોવાથી સરકારને વહેલી તકે લઘુતમ વેચાણ ભાવમાં ફેરફાર કરવા અનુરોધ કર્યો છે. જેથી શેરડીના ખેડૂતોને શેરડીની ખરીદી પેટેની ચુકવણી સમયસર થઈ શકે.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર એપ્રિલ મહિનાના મધ્ય સુધી માત્ર મહારાષ્ટ્રની ખાંડ મિલોની શેરડીની ખરીદી પેટેની બાકી ચુકવણી ગત સાલના સમાનગાળાના રૂ. ૭૫૨ કરોડ સામે ત્રણ ગણી અથવા તો રૂ. ૨૧૩૦ કરોડની સપાટીએ રહી છે. વધુમાં ઉદ્યોગે સરકારને ઈંધણમાં ઈથેનોલની ભેળવણી માટેના હાલના ઈ-૨૦ પ્રોગ્રામથી આગળ વધીને ઈ-૨૫, ઈ-૮૫/ઈ-૧૦૦ પ્રોગ્રામનો અમલ કરવા અને જીએસટીનું તાર્કિકરણ કરવાનો અનુરોધ કર્યો છે. વધુમાં ઈથેનોલના પ્રાપ્તિ ભાવમાં સુધારા કરવામાં થતાં વિલંબને કારણે ડિસ્ટિલિએશનની ક્ષમતાનો ઓછો વપરાશ થતો હોવાની ચિંતા વ્યક્ત કરવાની સાથે તાકીદે ભાવમાં સુધારા કરવાનો સરકારને અનુરોધ કર્યો હતો, જેથી ઉત્પાદન ક્ષમતાનો પૂર્ણ વપરાશ થાય.

# વિદેશી હૂંડિયામણની અનામત ૪.૮૨ અબજ ડૉલર ઘટી

મુંબઈઃ ગત ૨૪મી એપ્રિલના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત ૪.૮૨ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૯૮ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૨.૩૬૨ અબજ ડૉલર વધીને ૭૦૩.૩૦૮ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે અગાઉ ૨૭મી ફેબ્રુઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહે વિદેશી હૂંડિયામણની અનામત વધીને ૭૨૮.૪૯૪ અબજ ડૉલરની ટોચે રહી હતી. જોકે, ત્યાર બાદ ૨૮મી ફેબ્રુઆરીના રોજ અમેરિકા-ઈઝરાયલે સંયુક્તપણે ઈરાન પર હુમલો કર્યા બાદ ઈરાને પણ ઈઝરાયલ સહિત અમેરિકી લશ્કરી મથકો ધરાવતા અખાતી દેશો પર વળતા હુમલાઓ કર્યા હતા અને ક્રૂડતેલના ભાવમાં પણ તેજીનું વલણ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં થતાં ધોવાણને ખાળવા માટે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા દ્વારા સમયાંતરે હાજર બજારમાં હસ્તક્ષેપ રહેતાં અનામતમાં ઘટાડો જોવા મળ્યો હતો.

રિઝર્વ બૅન્કની આંકડાકીય માહિતી અનુસાર સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં મુખ્ય હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૨.૮૪ અબજ ડૉલર ઘટીને ૫૫૪.૬૨૨ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. વધુમાં રિઝર્વ બૅન્કની માહિતી અનુસાર સપ્તાહ દરમિયાન સોનાની અનામત ૧.૮૯ અબજ ડૉલર ઘટીને ૧૨૦.૨૩૬ અબજ ડૉલર, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૬.૭ કરોડ ડૉલર ઘટીને ૧૮.૭૭૪ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૧.૫૮ કરોડ ડૉલર ઘટીને ૪.૮૫૫ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું આંકડાકીય માહિતીમાં ઉમેરવામાં આવ્યું હતું.

# નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલીએ ₹ ૧૩નો ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી અને ગઈકાલની મહારાષ્ટ્ર દિનની જાહેર રજા પશ્ચાત્ ખાસ કરીને નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૧૩નો ચમકારો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ અનુસાર ભાવમાં મિશ્ર વલણ રહ્યું હતું, જેમાં કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો સુધારો આવ્યો હતો, જ્યારે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગ રહેતાં કોપર વાયરબાર, બ્રાસ શીટ કટિંગ્સ અને ટીનમાં અનુક્રમે કિલોદીઠ રૂ. પાંચ, ચાર અને રૂ. ત્રણ ઘટી આવ્યા હતા અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૩ વધીને રૂ. ૧૮૬૦ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૩૭૪, કોપર સ્ક્રેપ હેવી અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૧૨૧૧ અને રૂ. ૧૧૧૭ તથા કોપર આર્મિચર, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૧૧૯૦, રૂ. ૩૪૫ અને રૂ. ૨૦૪ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીનું દબાણ અને વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ પણ નિરસ રહેતાં કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૧૩૧૯, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૮૩૮ અને ટીનના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૪૮૬૦ના મથાળે રહ્યા હતા.

આ સિવાય આજે કોપર કેબલ સ્ક્રેપ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં છૂટાછવાયાં કામકાજોને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૨૨૨, રૂ. ૭૮૦ અને રૂ. ૩૦૮ના મથાળે ટકેલા રહ્યા હતા.

# વધ્યા મથાળેથી દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૨૯ સેન્ટનો સુધારો આવ્યાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં ગઈકાલની મહારાષ્ટ્ર દિનની જાહેર રજા પશ્ચાત્ આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે છૂટાછવાયાં કામકાજોનો ટેકે મળતાં હાજર ભાવમાં વધ્યા મથાળેથી દેશી-આયાતી તેલના ભાવમાં ટકેલું વલણ જોવા મળ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૮૫, ગોકુલ એગ્રોના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦, રિલાયન્સ કન્ઝ્યુમરના જૂન-જુલાઈ ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૫, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૫, પતંજલિ ફૂડ્સના જૂન ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૫ અને જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૧૫ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયાના અહેવાલ હતા.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૪૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૪૮૦માં અને રાજકોટ મથકે ૨૫૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૪૭૫માં ટકેલા ધોરણે થયા હતા. તેમ જ આજે ગોંડલ મથકે સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૭૫માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૪૩૫થી ૧૪૪૦માં અને કૉટન રિફાઈન્ડના વેપાર રૂ. ૧૪૮૦થી ૧૪૮૫માં થયા હતા. તેમ જ આજે મધ્ય પ્રદેશનાં મથકો પર ૩૦,૦૦૦ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૧૦૦થી ૬૩૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૬૪૦૦થી ૬૫૦૦માં થયાના અહેવાલ હતા.

આજે હાજરમાં દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૧૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૬૦, સિંગતેલના રૂ. ૧૬૧૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦ અને સરસવના રૂ. ૧૪૭૫ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ક્રૂડતેલના ભાવ ઉછળતા વિશ્વ બજાર પાછળ નરમાઈ, પરંતુ માગમાં સુસ્ત વલણ રહેતાં પ્રીમિયમમાં ઘટાડો

અમેરિકા-ઈરાન વચ્ચે યુદ્ધનો અંત લાવવા માટેની વાટાઘાટોના અભાવ અને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ ખૂલવા બાબતે અનિશ્ચિતતાના વાદળો ઘેરાયેલા રહેતાં ગત સપ્તાહ દરમિયાન વિશ્વ બજારમાં એક તક્કે બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ વધીને બેરલદીઠ ૧૨૬ ડૉલરની સપાટી સુધી પહોંચ્યા હતા અને ડૉલર ઈન્ડેક્સમાં પણ મજબૂત વલણ રહ્યું હતું. આમ ક્રૂડતેલના ભાવમાં વધારાની સાથે ફુગાવામાં વધારો થવાની ભીતિ અને ફુગાવો વધતાં અમેરિકી ફેડરલ રિઝર્વ સહિતની મુખ્ય વૈશ્વિક કેન્દ્રવર્તી બૅન્કો પાસે વ્યાજદરમાં કાપ મૂકવાનો અવકાશ ઓછો થઈ જતાં ગત સપ્તાહે વૈશ્વિક બજારમાં સોનાના ભાવ દબાણ હેઠળ રહ્યા હતા, જેમાં ખાસ કરીને સોનાના ભાવમાં સાપ્તાહિક ધોરણે ૧.૭ ટકાનો ઘટાડો નોંધાયો હતો. જોકે, સપ્તાહના અંતે ઈરાને મધ્યસ્થી કરતાં દેશ પાકિસ્તાનને શાંતિ મંત્રણા માટેનો નવો પ્રસ્તાવ મોકલ્યો હોવાનું ઈરાની મીડિયા અને પાકિસ્તાનના અધિકારીઓએ જણાવતાં સપ્તાહના અંતે ક્રૂડતેલના ભાવમાં અને ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી પીછેહઠ થતાં સપ્તાહના અંતે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સોના અને ચાંદીના ભાવમાં ધીમો સુધારો આવ્યો હતો. ગત શુક્રવારના મોડી સાંજના અહેવાલ અનુસાર ઈરાને પાકિસ્તાનને મોકલેલા પ્રસ્તાવથી અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ નાખુશ હતા. આથી આગામી સપ્તાહના આરંભે સોમવારે વિશ્વ બજારમાં ક્રૂડતેલ અને સોનાના ભાવ પર તેની કેવી અસર પડશે તે જોવું રહ્યું.

વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં ગત સપ્તાહે સોના અને ચાંદીના ભાવમાં એકંદરે નરમાઈનું વલણ રહ્યું હતું. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર વેરારહિત ધોરણે ગત સપ્તાહના આરંભે હાજરમાં ૯૯૯ ટચ ચાંદીના કિલોદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૨૪મી એપ્રિલના રૂ. ૨,૪૩,૮૨૫ના બંધ સામે સાધારણ સુધારા સાથે રૂ. ૨,૪૪,૧૦૩ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૨,૩૬,૩૦૦ અને ઉપરમાં રૂ. ૨,૪૪,૧૦૩ની રેન્જમાં રહીને અંતે સાપ્તાહિક ધોરણે ૧.૪૩ ટકા અથવા તો કિલોદીઠ રૂ. ૩૪૯૪ના ઘટાડા સાથે રૂ. ૨,૪૦,૩૩૧ના મથાળે બંધ રહ્યા હતા. તે જ પ્રમાણે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા સપ્તાહના અંતના રૂ. ૧,૫૧,૪૭૯ના બંધ સામે રૂ. ૧,૫૧,૪૯૫ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૧,૪૭,૯૭૩ અને ઉપરમાં રૂ. ૧,૫૧,૧૮૬ની રેન્જમાં રહીને અંતે ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૨૧૬ અથવા તો ૦.૮૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૧,૫૦,૨૬૩ના મથાળે બંધ રહ્યા હતા. જોકે, ગત સપ્તાહે શુક્રવારે પહેલી મેના રોજ મહારાષ્ટ્ર દિન નિમિત્તે બજાર સત્તાવાર ધોરણે બંધ રહી હતી. અત્રે નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહ દરમિયાન ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત

**કોમોડિટી**

**રમેશ ગોહિલ**

વલણ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ૬૯ પૈસાનું ધોવાણ થયું હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરોમાં વધારો થવાને કારણે વિશ્વ બજારની સરખામણીમાં સ્થાનિકમાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર સપ્તાહ દરમિયાન સોના અને ચાંદીના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવા છતાં અખાત્રીજના તહેવાર પશ્ચાત્ જ્વેલરોના શૉરૂમોમાં ઘરાકીની ચહેલપહેલ મંદ પડી ગઈ હોવાનું હૈદ્રાબાદસ્થિત કેપ્સ ગોલ્ડનાં મેનેજિંગ ડિરેક્ટર ચંદા વેંકટેશે જણાવતા ઉમેર્યું હતું કે એકંદરે માગ મંદ પડવાને કારણે સ્થાનિકમાં ડીલરો દ્વારા ઓફર કરવામાં આવતા સોનાના ભાવ પરનાં પ્રીમિયમમાં ઘટાડો થયો છે. આગલા સપ્તાહે ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૧૫ ડૉલરના પ્રીમિયમ સાથે ઑફર કરી રહ્યા હતા, જ્યારે ગત સપ્તાહે પ્રીમિયમ ઔંસદીઠ પાંચ ડૉલર આસપાસની સપાટીએ રહ્યું હતું. હાલના તબક્કે લોકો જૂના સોના સામે નવાં આભૂષણોની ખરીદી કરી રહ્યા હોવાને કારણે જ્વેલરી ઉત્પાદકોની પણ નવી લેવાલી ઠપ્પ થઈ ગઈ હોવાનું મુંબઈ સ્થિત એક ડીલરે જણાવ્યું હતું.

પશ્ચિમ એશિયાની ભૂરાજકીય કટોકટી સપાટી પર રહેતાં વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં જોવા મળેલા વધારાને કારણે ફુગાવામાં વધારો થતાં કેન્દ્રવર્તી બૅન્કો દ્વારા વ્યાજદરમાં કાપ મૂકવાની શક્યતાઓ ઓસરી જવાથી ગત સપ્તાહે સોનાના ભાવમાં ૧.૫ ટકા જેટલો ઘટાડો થયો હતો. વધુમાં અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ઈરાન જ્યાં સુધી પરમાણુ કરાર નહીં કરે ત્યાં સુધી સ્ટ્રેટ ઑફ હોર્મુઝ માર્ગમાં નાકાબંધી જાળવી રાખવામાં આવશે એવું જણાવતાં અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ વધવાની શક્યતા સપાટી પર આવતા ક્રૂડતેલના ભાવમાં તેજીનું વલણ જોવા મળ્યું હતું અને સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે ગત સપ્તાહે અમેરિકી ફેડરલ રિઝર્વે બજારની અપેક્ષાનુસાર વ્યાજદર યથાવત્ રાખ્યા હતા. તેમ જ ક્રૂડતેલના વધી રહેલા ભાવને ધ્યાનમાં લેતા ભવિષ્યમાં ફુગાવામાં વધારો થવાની ચિંતા ફેડરલ રિઝર્વના અધ્યક્ષે વ્યક્ત કરી હતી. વધુમાં તેમણે કહ્યું હતું કે વર્તમાન ભૂરાજકીય તણાવની સ્થિતિ અને ક્રૂડતેલના વધતા ભાવને ધ્યાનમાં લેતા આગામી સપ્તાહ દરમિયાન વૈશ્વિક સોનાના ભાવ ઔંસદીઠ ૪૩૭૦થી ૪૭૩૦ની રેન્જમાં અને વૈશ્વિક ચાંદીના ભાવ ઔંસદીઠ ૬૮થી ૭૯ ડૉલર આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા છે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૪૬,૫૦૦થી ૧,૫૫,૦૦૦ અને ચાંદીના વાયદામાં ભાવ કિલોદીઠ રૂ. ૨,૨૭,૦૦૦થી ૨,૫૦,૦૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

દરમિયાન ગત સપ્તાહના અંતે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે ખાસ કરીને ક્રૂડતેલ અને ડૉલર ઈન્ડેક્સમાં પીછેહઠ જોવા મળતાં હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૧ ટકા વધીને ઔંસદીઠ ૪૬૨૭.૨૩ ડૉલર આસપાસ અને જૂન ડિલિવરી વાયદામાં ભાવ ૦.૪ ટકા વધીને ૪૬૪૯.૬૦ ડૉલર આસપાસ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ત્રણ ટકાના ઉછાળા સાથે ઔંસદીઠ ૭૫.૯૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ગત શનિવારે ઈરાને અમેરિકા સાથેની વાટાઘાટ માટેનો પ્રસ્તાવ મધ્યસ્થી કરતા દેશ પાકિસ્તાનનો મોકલ્યો હોવાના અહેવાલોએ સોનાના ભાવમાં સુધારાને ટેકો આપ્યો હોવાનું એવરબૅન્કના વર્લ્ડ માર્કેટનાં પ્રેસિડેન્ટ ક્રિસ ગેફનીએ જણાવતાં ઉમેર્યું હતું કે જો વાટાઘાટ સફળ થાય અને યુદ્ધનો અંત આવતા ફેડરલ રિઝર્વ દ્વારા રેટકટની શક્યતા પ્રબળ બનતા સોનામાં સુધારાને ટેકો મળશે. જોકે, ઈરાનના આ પ્રસ્તાવથી અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ નાખુશ હોવાના નિર્દેશોની સોમવારે સોના-ચાંદી સહિત ઈક્વિટી બજારો પર કેવી અસર પડશે તેના પર બજાર વર્તુળોની મીટ મંડાયેલી રહેશે.

# મથકો પાછળ ખાંડમાં હાજર અને નાકા ડિલિવરી ધોરણે ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલ પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેવાની સાથે વર્તમાન મે મહિનાના મુક્ત વેચાણ માટે બજારની અપેક્ષા કરતાં ઓછો ૨૨.૫૦ લાખ ટન ખાંડનો ક્વૉટા જાહેર કર્યો હોવાને કારણે અન્ડરટોન મક્કમ રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦થી ૨૦ના સુધારા સાથે રૂ. ૩૭૭૦થી ૩૮૦૦માં થયાના અહેવાલ હતા. આમ મથકો પરના પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત ગઈકાલની મહારાષ્ટ્ર દિનની જાહેર રજા પશ્ચાત્ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગને ટેકે હાજર ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦થી ૨૪નો સુધારો આવ્યો હતો, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ક્વિન્ટલે રૂ. પાંચથી ૩૫નો સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૩૫થી ૩૭ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે ઉપાડ લગભગ ૩૩થી ૩૪ ટ્રકનો રહ્યો હતો. તેમ જ મથકો પરના પ્રોત્સાહક અહેવાલે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૪ અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ વધીને રૂ. ૩૮૯૬થી ૩૯૫૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૪ અને ઉપલા મથાળેથી રૂ. બાવીસ વધીને રૂ. ૪૦૦૬થી ૪૦૮૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પરના પ્રોત્સાહક અહેવાલે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૫ના સુધારા સાથે રૂ. ૩૮૪૦થી ૩૮૮૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. પાંચ અને ઉપલા મથાળેથી રૂ. ૩૫ના સુધારા સાથે રૂ. ૩૯૧૦થી ૪૦૦૦માં થયા હતા.



રાજકોટ શહેર ટ્રાફિક પોલીસે ખાસ હેલ્મેટ ડ્રાઈવ હાથ ધરી છે. આકરા તાપમાં પણ પોલીસ કર્મચારીઓ રોડ પર કડક ચેકિંગ કરતા દેખાયા હતા. આ દરમિયાન અનેક લોકોએ પોલીસ સાથે દલીલો કરી હતી. (તસ્વીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

# કચ્છમાં સસ્તા સોનાની જાળ બિછાવી આંધ્ર પ્રદેશના વેપારી સાથે ચાર લાખ રૂપિયાની ઠગાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સોશ્યલ મીડિયાના માધ્યમ વડે બજાર ભાવ કરતાં સસ્તા ઈમ્પોર્ટેડ સોનાની લાલચ આપીને નિર્દોષ લોકો સાથે ઠગાઈ આચરતી ગેંગ કચ્છમાં ફરી સક્રિય થઈ હોય તેમ ઈન્સ્ટાગ્રામ પર આકર્ષક રીલ્સને જોઈ સોનું ખરીદવા આવેલા આંધ્ર પ્રદેશના એક વેપારી પાસેથી ધુતારાઓએ રૂ. ચાર લાખ પડાવી લઈ છેતરપિંડી આચરતા ભુજ બી-ડિવિઝન પોલીસ મથકે ત્રણ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધાયો હતો.

મૂળ આંધ્ર પ્રદેશના રહેવાસી ફરિયાદી બાલા અચુતકુમાર વેંકટરમણે પોલીસને જણાવ્યું હતું કે, તેમણે ઇન્સ્ટાગ્રામ પર 'પ્રેમજી પટેલ' નામના આઈડી પર સસ્તા સોનાની જાહેરાત જોઈ હતી. આ જાહેરાતથી આકર્ષાઈને તેમણે સંપર્ક કરતા આરોપીઓએ ૧૦ ટકા ડિસ્કાઉન્ટ પર સોનાના બિસ્કિટ આપવાનું કહી વેપારીને ભુજ બોલાવ્યા હતા.

ફરિયાદી જ્યારે ભુજ આવ્યા ત્યારે આરોપીઓ તેમને એક મકાનમાં લઈ ગયા હતા. ત્યાં સુનીલ અને અન્ય એક શખ્સ, જેણે પોતાની ઓળખ 'મોટા સાહેબ' તરીકે આપી હતી, તેમણે વેપારીને સોનાના બિસ્કિટ બતાવી વિશ્વાસમાં લીધા હતા. સોદો નક્કી થયા બાદ વેપારીએ રૂ. ૧.૪૦ લાખ રોકડા અને રૂ.૨.૬૦ લાખ ઓનલાઈન એમ કુલ ચાર લાખ ચૂકવ્યા હતા. નાણાં પડાવી લીધા બાદ આરોપીઓએ સોનાના બિસ્કિટ મગાવ્યા હોવાનું બહાનું કાઢી વેપારીને હોટલમાં મોકલી દીધા હતા. બાદમાં આરોપીઓએ ફોન ઉપાડવાનું બંધ કરી દેતા વેપારીને છેતરાયા હોવાનો અહેસાસ થયો હતો.

ભોગ બનનાર વેપારીએ તાત્કાલિક સ્થાનિક ગુનાશોધક શાખાનો સંપર્ક કર્યો હતો. પોલીસે શંકાસ્પદ શખ્સોના ફોટા બતાવતા વેપારીએ 'મોટા સાહેબ' તરીકે ઓળખ આપનાર શખ્સને ઓળખી બતાવ્યો હતો. પોલીસ તપાસમાં ખુલ્યું હતું કે, આ શખ્સનું સાચું નામ સિકંદર જુસબ સોઢા છે. પોલીસે સિકંદર સહિત અન્ય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી તેમની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે. સોશ્યલ મીડિયા દ્વારા આચરવામાં આવતી આવી ઠગાઈથી નાગરિકોને સાવધ રહેવા કચ્છના પોલીસ વિભાગ દ્વારા જાહેર અપીલ કરવામાં આવી છે. ■

# અંજારના વરસામેડી પાસે દેશી તમંચા સાથે બે શખસ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના સરહદી અને અત્યંત સંવેદનશીલ વિસ્તારોમાં વધતી જતી અસામાજિક પ્રવૃત્તિઓ અને શિકારની ઘટનાઓ વચ્ચે અંજાર પોલીસે બાતમીના આધારે કાર્યવાહી કરી વરસામેડી કેનાલ પાસેથી બે શખસને દેશી બનાવટની બંદૂક સાથે ઝડપી પાડ્યા હતા. પકડાયેલા બંને શખસ ગુનાહિત ઇતિહાસ ધરાવતા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું. પ્રાપ્ત વિગતો મુજબ, અંજાર પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે વરસામેડી વિસ્તારમાં બે શખસ હથિયાર સાથે અવરજવર કરી રહ્યા છે જેના આધારે પોલીસે કેનાલ પાસે વોચ ગોઠવી હતી. તે દરમિયાન મોટરસાઈકલ પર પસાર થઈ રહેલા સબીર કેશર નારેજા અને સમીર ગુલમામદ સીદીને રોકી તેમની તલાશી લેવામાં આવતા, તેમની પાસેથી રૂ. ૨,૦૦૦ની કિંમતનો હાથબનાવટનો દેશી તમંચો મળી આવ્યો હતો. પોલીસે હથિયાર અને વાહન કબજે કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ તપાસમાં ખુલ્યું છે કે ઝડપાયેલા બંને આરોપીઓ સામે અગાઉ પણ કચ્છ અને પાટણ જિલ્લાના વિવિધ પોલીસ મથકોમાં અનેક ગુનાઓ નોંધાયેલા છે. સીમાવર્તી જિલ્લામાં આ પ્રકારે મારક હથિયારો પકડાવવાની ઘટનાએ સુરક્ષા એજન્સીઓ માટે ચિંતા જગાવી છે. ■

# મુસ્લિમ અગ્રણીને બદનામ કરી નાણાં પડાવવાના કેસમાં બે આરોપીના આગોતરા જામીન હાઈ કોર્ટે ફગાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના મુસ્લિમ અગ્રણીને સોશ્યલ મીડિયાના માધ્યમ દ્વારા બદનામ કરી તેમની પાસેથી નાણાં પડાવવાના ગંભીર ગુનામાં સંડોવાયેલા બે આરોપીઓને વડી અદાલત તરફથી મોટો ઝટકો લાગ્યો હતો. હાઈકોર્ટે આરોપીઓની આગોતરા જામીન અરજી ફગાવી દઈ તેમને તાકીદે પોલીસ સમક્ષ હાજર થવા આદેશ કર્યો હતો.

ગાંધીધામ વિસ્તારના જાણીતા મુસ્લિમ અગ્રણી હાજી જુમા રાયમાને બદનામ કરી, તેમની પ્રતિષ્ઠાને હાની પહોંચાડી નાણાં પડાવવા અંગે ભુજ એ-ડિવિઝન પોલીસ મથકે કુલ ૧૪ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ પ્રકરણમાં અગાઉ બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી ચૂકી છે.

આ કેસના અન્ય બે આરોપીઓ, સલીમ જત અને આદમ પઢિયારે ધરપકડથી બચવા માટે અગાઉ ગાંધીધામ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી, જે નામંજૂર થઈ હતી. ત્યારબાદ આરોપીઓએ હાઈ કોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા.

બંને પક્ષોની ધારદાર દલીલો સાંભળ્યા બાદ, હાઈ કોર્ટે ગુનાની ગંભીરતાને ધ્યાને રાખીને આરોપીઓની આગોતરા જામીન અરજી ફગાવી દીધી છે. ન્યાયાધીશે આરોપીઓને તપાસનીશ પોલીસ અધિકારી સમક્ષ હાજર થવા ફરમાન કર્યું છે. સાથે જ અદાલતે પોલીસને આદેશ આપ્યો હતો કે આરોપીઓને હાજર થવા માટે સાત દિવસની નોટિસ આપવામાં આવે.

આ ચુકાદાને પગલે હવે પોલીસ બાકીના આરોપીઓ પર પકડ મજબૂત કરશે અને આ ખંડણી રેકેટના મૂળ સુધી પહોંચવા તપાસમાં ઝડપ આવશે તેવું મનાઈ રહ્યું છે. ■

# મજૂર દિને શ્રમિકોને ન્યાયની ભેટઃ ડીપીએના કામદારોની તરફેણમાં લેબર કોર્ટના બે ઐતિહાસિક ચુકાદા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ વિશ્વભરમાં જ્યારે મજૂર દિવસની ઉજવણી થઈ રહી હતી ત્યારે જ રાજકોટસ્થિત ઔદ્યોગિક ન્યાય પંચે દીનદયાળ પોર્ટ ઓથોરિટીના કામદારોના હિતમાં બે મહત્ત્વના ચુકાદાઓ જાહેર કરીને શ્રમિકોને ન્યાય રૂપી ભેટ આપી હતી.

'ટ્રાન્સપોર્ટ એન્ડ ડોક વર્કર્સ યુનિયન' દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓ પર અદાલતે આદેશો જાહેર કર્યા હતા.

પ્રથમ કેસમાં, ડીપીએના કામદાર રામજી નારાયણ મહેશ્વરી (લશ્કર) ને વર્ષ ૨૦૦૯માં પાયાવિહોણા આરોપો હેઠળ નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યા હતા. ઔદ્યોગિક અદાલતના ન્યાયાધીશ પી.એ. માલવિયાએ આ કાર્યવાહીને અયોગ્ય ઠેરવી હતી. કામદારને ૨૪-૧૨-૨૦૦૯ની જૂની તારીખથી નોકરીમાં સતત ગણવા. નિવૃત્તિ સુધીના તમામ પગાર, મોંઘવારી ભથ્થાં, પ્રમોશનલ ફાયદા અને પેન્શનના લાભો બે મહિનામાં ચૂકવવા તેવો નામદાર અદાલતે હુકમ કર્યો હતો.

બીજા કેસમાં, કંડલા મહાબંદરના કામદારોને વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૦ના સમયગાળા દરમિયાન મળવાપાત્ર બે બાળકોના શિક્ષણ ભથ્થાંથી વંચિત રાખવામાં આવ્યા હતા.

અદાલતે આ ત્રણેય વર્ષના ભથ્થાં એક મહિનામાં ચૂકવવા આદેશ કર્યો છે. જો આ ચુકવણીમાં વિલંબ થશે, તો પોર્ટ પ્રશાસને ૭.૫૦ ટકા લેખે વ્યાજ પણ ચૂકવવું પડશે તેવો હુકમ કર્યો હતો.

ચુકાદો આપતી વખતે ન્યાયાધીશ માલવિયાએ નોંધ્યું હતું કે, ''લાંબા સમયની સરકારી નોકરી કરતા કામદારોને પૂરતા કારણ વિના છૂટા કરી શકાય નહીં. ઉપરાંત, વેજ સેટલમેન્ટ મુજબ મળવાપાત્ર તમામ ભથ્થાં જે-તે અમલીકરણની તારીખથી જ કામદારોનો હક બને છે.'' યુનિયનના પ્રમુખ એલ. સત્યનારાયણે ડીપીએ તંત્ર કોર્ટના આ આદેશનું ત્વરિત પાલન કરી કામદારોને સહયોગ આપશે તેવી તેમણે આશા વ્યક્ત કરી હતી. ■

# મોરબીમાં માત્ર 'ગાળો' આપવા જેવી નજીવી બાબતે કાકાએ ભત્રીજાની કરી હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોરબીના વનાળિયા ગામે ગાળો બોલવાની ના પાડવા જેવી સામાન્ય બાબતે એક યુવકની તેના જ કૌટુંબિક કાકાએ છરીના ઘા ઝીંકીને નિર્મમ હત્યા કરી નાખતા ચકચાર મચી ગઈ હતી. ગામના ૨૮ વર્ષીય મહેશ ગોરધનભાઈ રાઠોડના ઘર પાસે તેનો કૌટુંબિક કાકો સુરેશ કાનજીભાઈ રાઠોડ ગાળો બોલતો હતો, જેની મહેશે ના પાડતા બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ઉશ્કેરાયેલા કાકાએ ભત્રીજા મહેશને પેટ અને કમરના ભાગે છરીના જીવલેણ ઘા મારી દીધા હતા. ગંભીર હાલતમાં મહેશને સારવાર માટે રાજકોટ ખસેડાયો હતો, જ્યાં તેનું ટૂંકી સારવાર બાદ મોત નીપજ્યું હતું.

આ મામલે મૃતક યુવકના પિતા ગોરધનભાઈએ મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપી કૌટુંબિક કાકા સુરેશભાઈ રાઠોડની ધરપકડ કરી લીધી હતી. તદુપરાંત, હત્યામાં વપરાયેલ લોહીલુહાણ છરી પણ કબજે કરી આરોપીને કોર્ટમાં રજૂ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. આ બનાવને પગલે રાઠોડ પરિવારમાં માતમ છવાઈ ગયો છે. ■



રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓની નિમણૂક કરવા માટે ભારતીય જનતા પાર્ટી સેન્સ પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. (તસ્વીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

# પાલિતાણાના નવાગામમાં બહુચરાજી માતાજીના મંદિરમાં ચોરી, મૂર્તિ અને ઘરેણાં સહિત ઘરેણા લૂંટી ગયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના પાલિતાણા તાલુકાના નવાગામ (બડેલી) મુકામે આવેલ પાલડિયા પરિવારના બહુચરાજી માતાજીના મઢમાં તસ્કરોએ ત્રાટકી મૂર્તિ સહિતના ઘરેણાની ચોરી કરીને નાસી છૂટ્યા હતા. પ્રાપ્ત વિગતો અનુસાર કોઈ અજાણ્યા તસ્કરોએ મંદિરના દરવાજાના નકુચા તોડી અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ મંદિરમાંથી સીસીટીવી કેમેરા, બહુચરાજી માતાજીની પંચધાતુની મૂર્તિ, માતાજીની ચાંદીની નાની મૂર્તિ, સોનાનો હાર, ચાખડીઓ અને ચાંદીના ફૂલ સહિત સોના-ચાંદીના કિંમતી ઘરેણાની ચોરી કરી હતી. આ ઉપરાંત, તસ્કરોએ દાન પેટીમાં રહેલા અંદાજે ૨૦૦૦ રૂપિયા રોકડા મળી કુલ ૪૭,૦૦૦ રૂપિયાના મુદ્દામાલની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ ઘટના અંગે મંદિરમાં સવાર-સાંજ સેવા પૂજા કરતા અને ખેતીકામ કરતા તે જ ગામના રહીશ ધીરુભાઈ ખોડાભાઈ પાલડિયાએ પાલિતાણા રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી અજાણ્યા તસ્કરોને ઝડપી પાડવા માટેની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■

# 'ગાંડા બાવળ'માંથી બનશે દરિયાઈ જહાજો માટેનું ગ્રીન ફ્યુઅલઃ કંડલામાં દેશનો પ્રથમ ગ્રીન મેથેનોલ પ્લાન્ટ સ્થપાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના ભાતીગળ બન્ની પ્રદેશના, એશિયાના સૌથી મોટા ઘાસના મેદાનોની જૈવવિવિધતા માટે દાયકાઓથી ખતરો બનેલી આક્રમક વનસ્પતિ 'પ્રોસોપિસ જુલીફ્લોરા' એટલે કે ગાંડો બાવળ હવે આશીર્વાદરૂપ સાબિત થશે. ભારતનો પ્રથમ ગ્રીન મેથેનોલ ઉત્પાદન પ્લાન્ટ કચ્છના કંડલાસ્થિત દીનદયાળ પોર્ટ ઓથોરિટી (ડીપીએ) ખાતે સ્થાપવામાં આવી રહ્યો છે. આ પ્લાન્ટમાં ગાંડા બાવળનો ઉપયોગ કાચા માલ તરીકે કરીને દરિયો ખેડતા જહાજો માટે પર્યાવરણને અનુકૂળ 'ગ્રીન મેથેનોલ' તૈયાર કરવામાં આવશે.

આ પ્રકલ્પ પુણેની 'થર્મક્સ એનર્જી' અને વડોદરાની 'અંકુર સાયન્ટિફિક'ના સંયુક્ત ટેક્નિકલ સહયોગથી સાકાર થઈ રહ્યો છે. ઇન્ટરનેશનલ મેરીટાઇમ ઓર્ગેનાઇઝેશનના વર્ષ ૨૦૫૦ સુધીમાં શિપિંગ ઉદ્યોગને 'નેટ-ઝીરો' બનાવવાની વ્યૂહરચના હેઠળ ગ્રીન ફ્યુઅલની માંગ વધી રહી છે. ગ્રીન મેથેનોલના વપરાશથી જહાજોના કાર્બન ઉત્સર્જનમાં ૯૫ ટકા અને નાઈટ્રસ ઓક્સાઇડમાં ૮૦ ટકા સુધીનો ઘટાડો થઈ શકે છે. મેક્સિકન મૂળના આ છોડને બ્રિટિશરો દ્વારા વર્ષ ૧૯૨૦માં દિલ્હીને હરિયાળું કરવા અને ત્યારબાદ ૧૯૬૧માં ગુજરાત વન વિભાગ દ્વારા રણને આગળ વધતું અટકાવવા લાવવામાં આવ્યો હતો. જોકે, તેણે સ્થાનિક ઘાસ અને જૈવ વિવિધતાનો નાશ કર્યો છે. અંકુર સાયન્ટિફિકના વડા અંકુર જૈનના જણાવ્યા અનુસાર, ''ગાંડો બાવળ સખત લાકડું ધરાવે છે અને તેની ઊર્જા ક્ષમતા ઉત્તમ છે, જે તેને મેથેનોલ બનાવવા માટે શ્રેષ્ઠ ફીડસ્ટોક બનાવે છે.'' તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ પ્લાન્ટમાં શરૂઆતમાં દરરોજ ૫ ટન મેથેનોલનું ઉત્પાદન થશે. ગેસિફિકેશન પ્રક્રિયા દ્વારા લાકડામાંથી 'સીનગેસ' (હાઈડ્રોજન અને કાર્બન મોનોક્સાઈડ) બનાવવામાં આવશે, જેને બાદમાં મેથેનોલમાં રૂપાંતરિત કરાશે.

આ પ્લાન્ટ માત્ર બાવળ જ નહીં, પરંતુ શેરડીના કૂચા અને કપાસના સાંઠા જેવા કૃષિ કચરા પર પણ ચાલી શકશે. હાલમાં પરંપરાગત મેથેનોલ કરતા ગ્રીન મેથેનોલની કિંમત વધુ છે, પરંતુ યુરોપિયન યુનિયનના પર્યાવરણીય દંડ અને ભારત સરકારની ૩૦ ટકા સબસિડી પૉલિસીને કારણે આ ક્ષેત્રમાં મોટી તકો રહેલી છે. જો આ પ્રાયોગિક પ્રોજેક્ટ સફળ રહેશે, તો ભવિષ્યમાં દૈનિક ૧૦૦ થી ૫૦૦ ટન ઉત્પાદન ક્ષમતા ધરાવતા વ્યાવસાયિક પ્લાન્ટ્સ સ્થાપવાનું આયોજન છે, જે ભારતની તેલ આયાત પરની નિર્ભરતા ઘટાડવામાં મદદરૂપ થશે તેમ તેઓએ ઉમેર્યું હતું. ■

# અદાણી ગ્રૂપની મજૂર દિને મોટી જાહેરાતઃ મુંદરામાં ૧ લાખની ક્ષમતાનું ક્લાઉડ કિચન અને કામદારો માટે વાતાનુકૂલિત આવાસ બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ આંતરરાષ્ટ્રીય મજૂર દિવસના અવસરે અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણીએ શ્રમિકોના કલ્યાણ અને ગૌરવપૂર્ણ જીવનધોરણ માટે શ્રેણીબદ્ધ મહત્ત્વાકાંક્ષી યોજનાઓની જાહેરાત કરી હતી. કચ્છના બંદરીય મુંદરા ખાતે દરરોજ એક લાખ લોકોને ભોજન પૂરું પાડી શકે તેવા વિશાળ 'સેન્ટ્રલ ક્લાઉડ કિચન' અને કામદારો માટે અત્યાધુનિક સુવિધાઓ સજ્જ એરકન્ડિશન્ડ આવાસોનું નિર્માણ કરવાની તેમણે ખાતરી આપી હતી.

ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે, અદાણી ગ્રૂપના કર્મચારીઓ માત્ર શ્રમિકો નથી, પરંતુ રાષ્ટ્ર નિર્માણના પાયાના પથ્થર છે. કામદારોના જીવનધોરણમાં સુધારો લાવવાના ભાગરૂપે મુંદરામાં સ્થપાનારું સેન્ટ્રલ કિચન દરરોજ એક લાખ લોકોને પૌષ્ટિક અને સ્વાદિષ્ટ ભોજન પીરસશે. આ ઉપરાંત, મુંદરા અને ખાવડા જેવા મેગા પ્રોજેક્ટ્સના સ્થળોએ ૫૦,૦૦૦ કામદારો માટે એ.સી. રહેઠાણો બનાવવામાં આવશે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, ''દરેક કર્મચારીને સન્માન અને ઉત્તમ સુવિધાઓ સાથે કામ કરવાનો અધિકાર છે, અને આ કોઈ વિશેષાધિકાર નહીં પણ તેમની મૂળ જરૂરિયાત છે.''

રોજગારીની નવી વ્યૂહરચના અંગે સ્પષ્ટતા કરતા તેમણે કહ્યું કે, ગ્રૂપના તમામ પ્રોજેક્ટ્સમાં સ્થાનિક લોકોને જ પ્રથમ પ્રાથમિકતા આપવામાં આવશે. રોજગારની તકોમાં સૌપ્રથમ જે-તે વિસ્તારના લોકો, ત્યારબાદ રાજ્યના અને જરૂર પડે તો જ બહારના ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. આ ઉપરાંત, 'અદાણી કૌશલ્ય કેન્દ્રો' દ્વારા અકુશળ કામદારોને તાલીમ આપીને કુશળ કારીગરો અને ટીમ લીડર બનાવવામાં આવશે. મુંદરા અદાણી બંદર, ખાવડા રિન્યુએબલ એનર્જી પાર્ક, નવી મુંબઈ એરપોર્ટ અને ગંગા એક્સપ્રેસવે જેવા મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ 'આત્મનિર્ભર' ભારતના લોજિસ્ટિક્સ અને ઊર્જા ક્ષેત્રને નવી ઊંચાઈએ લઈ જઈ રહ્યા હોવાનું તેમણે ઉમેર્યું હતું. પ્રોજેક્ટ્સની કામગીરી વધુ ઝડપી અને કાર્યક્ષમ બનાવવા માટે ગ્રૂપ દ્વારા ત્રિસ્તરીય વહીવટી વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી રહી છે, જે સાઇટ પરના નિર્ણયો લેવાની પ્રક્રિયાને વેગ આપશે. અદાણી ગ્રૂપની આ જાહેરાતથી મુંદરા અને ખાવડા જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં કામ કરતા હજારો શ્રમિકોમાં ખુશીની લહેર જોવા મળી છે. ■

# ભાવનગરમાં સગીરા સાથે શારીરિક અડપલા કરતા આરોપીને સ્પે. પોકસો અદાલતે પાંચ વર્ષની સખ્ત કેદની સજા ફટકારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ચાર વર્ષ પૂર્વે ભાવનગર શહેરના ધોબી સોસાયટી વિસ્તારમાં રહેતા ૨૭ વર્ષીય યુવાને એક સગીરા સાથે શારીરિક અડપલા કરી છેડતી કરનાર આરોપી સામેનો ગુનો સાબિત માની આરોપીને તકસીરવાર ઠરાવી જુદી જુદી કલમો હેઠળ પાંચ વર્ષની સખ્ત કેદની સજા અને રોકડ દંડ ફટકાર્યો હતો.

આ બનાવની જાણવા મળેલ વિગતો મુજબ આ કામના આરોપી શાહરૂખ ખાન મહોબતખાન પઠાણ ઉ.વ.૨૭, રહે. બોરતળાવ ધોબી. સોસાયટી રેલવે કૂવાની પાછળ ભાવનગર. વાળો આ કામના ફરિયાદીને અગાઉ અવાર નવાર ઇશારાઓ કરી બોલાવતો તેમજ ગઈ તા. ૨૦/૫/૨૦૨૨ ના કલાક ૧૫:૦૦ વાગ્યાના અરસામાં આ કામના ફરિયાદી કપડા ધોવા કપડાની બંન્ને ડોલો ભરીને જતા હતા ત્યારે આ કામનો આરોપીએ ફરિયાદીની સામે મળેલ તે વેળાએ આરોપીએ ફરિયાદીને પાછળથી આવી શારીરિક અડપલા અને છેડતી કરી હતી. આ વખતે ફરિયાદી એકદમ દેકારો કરવા લાગતા ફરી નો ભાઈ તથા ફરિયાદીઓના માતા તથા આજુબાજુના માણસો ભેગા થઈ જતા આ કામનો આરોપી શાહરૂખખાન ત્યાંથી દોડીને ભાગી જઈ ગુન્હો કરેલ હોય આ અંગે જે તે સમયે બોરતળાવ પોલીસ મથકમાં ઉપરોક્ત આરોપી સામે પોકસો કલમ હેઠળ ગુનો નોંધાયો હતો.

આ અંગેનો કેસ ભાવનગરના ૪થા એડિશ્નલ સેસન્સ જજ તથા સ્પે. પોકસો કોર્ટના જજશ્રી જે.જી.દામોદ્રા ની અદાલતમાં ચાલી જતા અદાલતે સરકારી વકીલ ગીતાબા પી. જાડેજાની અસરકારક દલીલો, આધાર, પુરાવા, સાક્ષીઓ, વિગેરે ધ્યાને રાખી આરોપી શાહરૂખખાન સામે ગુનો સાબિત માંની જુદી જુદી કલમો હેઠળ ૫ વર્ષની સખ્ત કેદની સજા અને રોકડ દંડ અદાલતે ફટકાર્યો હતો. ■

# કચ્છમાં ડીઝલની તીવ્ર અછતઃ કન્ઝ્યુમર પંપોના ઊંચા ભાવને કારણે રેગ્યુલર પંપો પર વાહનોની લાંબી કતારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં ડીઝલની ભારે અછત વર્તાઈ રહી છે, જેના કારણે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ અને માલવાહક વાહનોના પૈડાં થંભી જાય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. અંતરંગ સૂત્રોના જણાવ્યા અનુસાર, અગાઉ મોટી ટ્રાન્સપોર્ટ મંડળીઓ અને વ્યવસાયીઓ પોતાના 'કન્ઝ્યુમર પંપો' પરથી ઇંધણ મેળવતા હતા. જોકે, હાલમાં કન્ઝ્યુમર પંપો પર ડીઝલનો ભાવ વધીને પ્રતિ લિટર રૂ.૧૨૦ની આસપાસ પહોંચી ગયો છે. તેની સરખામણીએ રેગ્યુલર પેટ્રોલ પંપો પર ડીઝલ સસ્તું હોવાથી તમામ વાહનચાલકો ત્યાં વળ્યા છે. આ અચાનક વધેલા ધસારાને પહોંચી વળવામાં રેગ્યુલર પંપો નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે, પરિણામે મોટાભાગની ટ્રાન્સપોર્ટ મંડળીઓ અને કન્ઝ્યુમર પંપો અત્યારે બંધ સમાન હાલતમાં છે.

ડીઝલની મર્યાદિત આવકને કારણે પંપ સંચાલકો દ્વારા ચોક્કસ 'સેટિંગ' ધરાવતા અથવા સ્થાનિક મોટા ટ્રાન્સપોર્ટરોને જ પ્રાથમિકતા આપવામાં આવી રહી હોવાની પણ ફરિયાદો ઉઠી છે. આ સ્થિતિમાં જિલ્લા કે રાજ્ય બહારથી આવતા એકલ-દોકલ વાહનચાલકોને કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવા છતાં ડીઝલ મળી રહ્યું નથી. શહેરના આંતરિક વિસ્તારોમાં આવેલા પંપો પર ભારે વાહનોની કતારોને કારણે ટ્રાફિક જામની સમસ્યા ઊભી થઇ રહી છે.

તે ઉપરાંત અગાઉ પંપો પર ચાલતી 'ઉધારી'ની સિસ્ટમ બંધ કરી દેવામાં આવી છે, હવે રોકડા રૂપિયા હોવા છતાં વાહનચાલકોને ઇંધણ મેળવવા ફાંફા મારવા પડી રહ્યા છે. ■

# કચ્છમાં લૂ ઓકતા વાયરાઃ ભુજમાં પારો ૪૧ ડિગ્રીને પાર, આકરો ઉનાળો આકરો બન્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં ગરમીના પ્રકોપમાં સતત વધારો થઈ રહ્યો છે. લૂ ઓકતા ગરમ પવનોને કારણે જનજીવન આકુળ-વ્યાકુળ બની ગયું છે. એક દિવસના સામાન્ય ઘટાડા બાદ મહત્તમ તાપમાનનો પારો ફરી ૪૦ ડિગ્રીને વટાવી જતાં જિલ્લાવાસીઓએ ધોમધખતા તાપનો અનુભવ કર્યો હતો. જિલ્લા મથક ભુજમાં મહત્તમ તાપમાન ૪૧.૪ ડિગ્રી નોંધાયું હતું, જ્યારે અંજાર અને ગાંધીધામ સંકુલમાં પારો ૪૦ ડિગ્રીએ સ્થિર રહ્યો હતો. માત્ર તાપમાન જ નહીં, પરંતુ પવનની દિશા અને ગતિએ પણ લોકોની મુશ્કેલીમાં વધારો કર્યો છે. જિલ્લામાં સરેરાશ ૧૨ થી ૧૫ કિલોમીટરની ઝડપે ફૂંકાયેલા ગરમ પવનોને કારણે બપોરના સમયે રસ્તાઓ સૂમસામ ભાસતા હતા.

દિવસે દાહક ગરમી બાદ રાત્રિના સમયે પણ લોકોને રાહત મળી રહી નથી. લઘુતમ તાપમાન ૨૬ થી ૨૭ ડિગ્રીની આસપાસ નોંધાતા રાત્રિના ભાગે પણ લોકો અસહ્ય ઉકળાટ અને બફારાનો અનુભવ કરી રહ્યા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી બે દિવસ સુધી તાપમાન ઊંચું રહેવાની શક્યતા છે. જોકે, ત્યારબાદ પશ્ચિમી વિક્ષોભ (વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ)ની અસરને કારણે વાતાવરણમાં પલટો આવી શકે છે અને ગરમીમાંથી થોડી રાહત મળી શકે છે. પરંતુ, એકંદરે મે મહિના દરમિયાન તાપમાન સામાન્ય કરતા ઊંચું રહેવાની અને ગરમીનું જોર જળવાઈ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આકરા તાપને જોતા આરોગ્ય વિભાગ દ્વારા પણ બપોરના સમયે બિનજરૂરી બહાર ન નીકળવા અને પ્રવાહીનું વધુ સેવન કરવા નાગરિકોને અપીલ કરવામાં આવી છે. ■